# સાહિત્ય અંક

વી. ૨૪૫૫ શ્રા. પૂર્ણિમા

# ધી યંગમેન્સ જૈન સોસાયટી




No. 057703
LO 43.16

## જળજ્વાળા

॥ ॐ अर्हम् नमः ॥

ધી યંગ મૅન્સ જૈન સોસાયટી — અમદાવાદ.

# ::સાહિત્ય અંક::

શ્રાવણ શુદ ૧૫: વીર સંવત્ ૨૪૫૫: મંગલવાર.

સભાસદોને ભેટ

છુટક મૂલ્ય: રૂ.૦-૮-૦

: : પ્રકાશક : :
ધી યંગ મૅન્સ જૈન સોસાયટી.
માણેકચોક—અમદાવાદ.

પ્રથમાવૃત્તિ:
પ્રત: ૨૫૦૦.

: : મુદ્રક : :
મૂળચંદભાઇ ત્રીકમલાલ પટેલ.
સૂર્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસ.
: : અમદાવાદ. : :

# મારી સાર્થકતા.

વીર પુત્રો !

રાજઋદ્ધિને ઠોકરે મારી આત્મા અને જગત્‌ના ભલાને માટે ચારિત્ર લઈ અનેક અસહ્ય સંકટો વેઠી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના સિદ્ધાંતો સંપૂર્ણપણે જીવનમાં ઉતારી કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર પ્રભુ મહાવીરનાં આપણે સંતાનો છીએ. એકજ ધર્મપિતાના પુત્રો હોઈ ધર્મબંધુઓ છીએ.

મહાન્ વીતરાગ પ્રભુએ ઉપદેશેલું જૈનશાસન, ત્યાગમાં જેની જોડી નથી તેવા અકિંચન મુનિરાજો, સ્ત્રી સમાજના ભૂષણ રૂપ—ત્યાગ અને સંયમના આદર્શરૂપ સાધ્વીજીઓ, સમૃદ્ધ સાહિત્ય, અનેક તીર્થ સ્થળો, અને વડિલોએ અસાધારણ ત્યાગ, તપ અને પરિશ્રમથી મેળવેલી કીર્તિ તે આપણને મળેલો કિંમતી વારસો છે.

કાળના પ્રભાવથી, મનુષ્યસ્વભાવની નબળાઇથી, અગર અજ્ઞાનતાથી આ વારસો એક માંદા માણસને આપેલા સ્વાદિષ્ટ પુષ્ટિકારક ભોજનની જેમ આપણે પચાવી શક્તા નથી. તે વારસા માટે અભિમાન લઇ, તે જીવનમાં ઉતારી, આનંદ માણવાને બદલે, આપણામાંના કેટલાકને તે બંધન રૂપ લાગે છે, અને પોતાની નબળાઇઓને પોષવાની ખાતર પોતાને અનુરૂપ તેમાં ફેરફાર કરાવવા મથે છે.

આપણને મળેલા નિર્મળ વારસાને પોતાના સ્વાર્થ ખાતર મલિન કરવા મથે છે. મને તેમની આ પ્રવૃત્તિ અધમ અને અનિષ્ટકર લાગે છે.

માંદો માણસ પોતે પુષ્ટિકારક ખોરાક ખાઇ શકતો નથીઃ તેથી તેને તે ખોરાક બગાડવાનો જરાએ અધિકાર નથી. તેનું કર્ત્તવ્ય, યાતો પોતે તે ખોરાક પચાવવા જેટલો બળવાન્ થવાનું અગર બીજો જે માણસ પચાવી શકે તેના માટે તેને સારી રીતે રાખી મૂકવાનું છે.

તેજ રીતે આપણી નબળાઇઓને પોષવા વીરશાસનનાં અણમોલાં શાસનો, શિથિલ અગર મલિન કરવાનો આપણને જરાએ અધિકાર નથી. કહેવા દો કે એ પાપ છે.

આપણું કર્ત્તવ્ય તો વીરશાસનનાં બધાં ફરમાનો આનંદથી અમલમાં મૂકવા જેટલા બળવાન્ થવાનું અને તે ન બને તો તે શાસનને જરાએ ડાઘ લગાડ્યા સિવાય જેટલું છે તેટલું નિર્મળ, ભવિષ્યની પ્રજા માટે જાળવી, સારી સ્થિતિમાં રાખવાનું છે. આ આશયને મૂર્તસ્વરૂપ આપવું–તે દિશામાં પ્રગતિ કરવી, તે મારૂં ધ્યેય છે અને તેમાંજ મારી સાર્થક્તા છે.

લિ:

હું છું–

ધી યંગ મેન્સ જૈન સોસાયટી.

# ::: નિવેદન :::

સમગ્ર જૈન શાસ્ત્રનો સાર પંચપરમેષ્ટી. પંચપરમેષ્ટીનું મહત્ત્વ એટલાજ માટે કે તે ત્યાગની ઉત્તરોત્તર વિકાસ–ભૂમિકાનો આદર્શ રજુ કરે છે. કષાયના અગ્નિથી સળગી રહેલા જગતમાં નિઃસ્વાર્થ પ્રેમ અને ત્યાગની મૂર્તિઓ જેટલી વધારે તેટલી જગત્‌ની સુવ્યવસ્થા: તેટલીજ જગતની શાન્તિ !

આજે પશ્ચિમની સંસ્કૃતિના પ્રબળપૂરમાં તણાતો આપણો સમાજ અર્થ અને કામની વાસનામાં એ ત્યાગનું–એ ત્યાગી સંસ્થાનું મહત્ત્વ ઓછું આંકવા લાગ્યો છે: અરે એટલેથીજ નહિ અટકતાં, જો કોઈ નીડર સાધુ ત્યાગમાર્ગનો સચોટ ઉપદેશ કરે તો પણ તેમને આજના સમાજનો કેટલોક ભાગ અવગણે છે ને ઉલટો તેમના પર અનેક જાતના હલ્લા લઈ જાય છે.

જેમને કોઈ પણ જાતની સ્વતંત્ર વિચારશક્તિ છે, જેમનામાં ડહાપણનો કાંઈ પણ અંશ છે, તે હરગીઝ આ સ્થિતિને પસંદ નજ કરી શકે. આપણાથી ત્યાગમાર્ગ પર જઈ ન શકાય તો તેટલા અંશે દીલગીર, પણ તેની પ્રશંસા–તેની અનુમોદના તો કરવીજ જોઇએ.

આ વિચારોથી પ્રેરાઇને કેટલાક યુવકોને એક એવું મંડળ સ્થાપવાની જરૂર જણાઈ કે જે ત્યાગના અદ્‌ભૂત પાયા ઉપર રચાયેલા જૈનશાસન પર થતા દરેક જાતના આક્ષેપોનો રદીયો આપે અને શાસનની પ્રભાવના કરે: તે અનુસાર **વિ. સંવત્ ૧૯૮૩ના શ્રાવણ શુદ ૧૫ ના રોજ "ધી યંગ મૅન્સ જૈન સોસાયટી ઑફ ગૂજરાત"** એ નામથી એક મંડળની શરૂઆત થઇ.

શરૂઆતમાં એક વર્ષ સુધી આ સોસાયટીએ 'સમ્યક્ત્વ', 'સાચી કેળવણી', 'શ્રાવક ક્ષેત્ર' ને 'આધુનિક પરિસ્થિતિ' વગેરે વિષયો ઉપર ભાષણો રાખીને તેમજ નિબંધો લખાવીને વિચાર કેળવવાની શરૂઆત કરી અને આવા વિષેયોમાં રસ લેનારા વધે માટે તે લેખકોને યોગ્ય પારિતોષિકો પણ આપ્યાં.

આ વર્ષ દરમ્યાન અમદાવાદ મ્યુનીસીપાલીટીમાં કુતરાંને ખસી કરવાનો ઠરાવ આવ્યો, જેથી દયાળુ લોકોની લાગણી ખૂબ દુખાઈ. આ સંસ્થાએ એક જાહેર સભા બોલાવી અને મજકુર ઠરાવનો સખત વિરોધ કર્યો. પરિણામે એ ઠરાવ મ્યુનીસીપાલીટીમાં ઉડી ગયો.

બીજા વર્ષના આરંભમાં આ મંડળને મોટા પાયા પર મૂકવાનો વિચાર આવ્યો. અને તેથી તેનું આખું બંધારણ, ઉદ્દેશને કાયમ રાખીને ફરી ઘડવામાં આવ્યું. સભાસદોની લાયકાત માટે ચાર સિદ્ધાંતો નક્કી કરવામાં આવ્યા અને સંસ્થાનું નામ '**ધી યંગ મૅન્સ જૈન સોસાયટી**' (શ્રી જૈન યુવક સંઘ) રાખવામાં આવ્યું.

આ વખતે પોતાના ઉદ્દેશને વધારે ત્વરાથી પહોંચી વળવાને માટે **એક**

ખાસ "**પ્રચાર સમિતિ**" નીમવામાં આવી, કે જેણે જૈનશાસન પર થતા આક્ષેપોનો પોતાની શક્તિ અનુસાર પ્રતિકાર કરવો શરૂ કર્યો. આ ફેરફાર થયો તેટલામાંજ ગાંધીજીનું 'વાછરડા પ્રકરણ અને વાંદરા પ્રકરણ' ચાલ્યું, ને તેથી તેનો વિરોધ કરવા આ સમિતિએ 'અહિંસા પાખંડ પત્રિકા' શરૂ કરી. એના કુલ બેજ અંકો બહાર પડ્યા: જેમાં છેલ્લા અંકમાં ગાંધીજીને પોતાની કલ્પેલી અહિંસા સાબીત કરી આપવા આહ્વાન કરવામાં આવ્યું હતું. પણ તેમના તરફથી કાંઈ જવાબ ન મળતાં તેમજ પત્રિકાની વધુ જરૂર ન જણાવાથી એ પત્રિકા બંધ કરવામાં આવી.

ગાંધીજીના આ અયોગ્ય કૃત્યનો વિરોધ કરવા માટે અમદાવાદના દયા-પ્રેમી નાગરિકોની એક જાહેર સભા મળી હતી. જેમાં આ સોસાયટીએ અગ્ર-ગણ્ય ભાગ લીધો હતો.

ત્યારબાદ 'પ્રચાર સમિતિ'એ પોતાના ઉદ્દેશાનુસાર મોટા પાયા ઉપર પત્રવ્યવહાર શરૂ કર્યો. જેની જાવક સંખ્યા છેલ્લા દસ માસમાં ૧૩૦૦ સુધી પહોંચી છે. એ પત્રોના મુખ્ય વિષય નીચે પ્રમાણે છે:–

(૧) દહેરાસરોમાં થતા વિજળીના દીવા યોગ્ય છે કે કેમ?
(૨) જૈન પત્રકારોનું સંમેલન શક્ય છે કે કેમ?
(૩) સોસાયટીના ઉદ્દેશ અને સિદ્ધાંતની યોગ્યતા માટે મુનિરાજોની સહાનુભૂતિ તથા પત્રકારોના અભિપ્રાયો સંબંધી,
(૪) સુરતમાં રહેતા ગીરધરલાલ ડુંગરશી જેઓ 'જૈન' પત્રના અધિપતિના ભત્રીજા થાય છે, અને જેઓ "જૈન સાધુઓના રોમાંચક કીસ્સાઓ" નામનું પુસ્તક બહાર પાડવાના હતા, તેમની સાથે તે સંબંધી,
(૫) મહાસુખભાઇ ચુનીલાલ સાથે દીક્ષા સંબંધીના વિચારોની આપલે કરવા સંબંધી,
(૬) આબુ દેલવાડા તીર્થના વહિવટ સંબંધી,
(૭) બંડખોર 'પોલ પત્રિકા'માં આવતાં બિભત્સ લખાણ અટકાવવા સંબંધી,
(૮) ગૂજરાત કૉલેજમાં માગધી ભાષાનો કલાસ ચાલુ રાખવા સંબંધી,
(૯) સાહિત્ય અંક સંબંધી,

જેનાં પરિણામ નીચે મુજબ આવ્યાં છે:—

**(૧) સાત પરમપૂજ્ય આચાર્યોના જવાબ મળ્યા હતા: જેમાં બધાએ જણાવ્યું કે "દેરાસરમાં વીજળીના દીવા બાળવા યોગ્ય નથી."**
**(૨) આ સંબંધી કોઇ પણ પત્રકારે જવાબ આપ્યો ન હતો, એ અફસોસની વાત છે. કેટલાક સદ્‌ગૃહસ્થો તરફથી એની આવશ્યકતા જણાવતા જવાબ મળ્યા હતા. કેટલાકમાં તેની કાર્યદિશા પણ જણાવવામાં આવી હતી.**
**(૩) પૂ. આચાર્યાદિ ૧૮૦ મુનિ મહારાજાઓએ આ સોસાયટી તરફ સહાનુભૂતિ દર્શાવતા પત્રો મોકલેલા છે, જેને માટે સોસાયટી તેઓશ્રીનો હૃદયપૂર્વક આભાર માને છે.**

(૪) પત્રવ્યવહારનો છેવટે જવાબ ઉડાઉ મળ્યો હતો. તેમણે હજી સુધી તે પુસ્તક બહાર પાડેલ નથી.

(૪) આ ગૃહસ્થ વીસનગરના વતની છે અને તેઓ ગૃહસ્થાશ્રમ એજ આરાધ્ય વસ્તુ માનીને બેઠેલા છે. તેથી દીક્ષાની વિરૂદ્ધજ લેખો લખ્યા કરે છે. તેમની સાથે દીક્ષાને માનો છો કે કેમ ?, તે સંબંધી જાતે જઇને ચર્ચા કરી હતી. ચર્ચાની છેવટે તેમણે જણાવ્યું હતું કે 'જેને વધારે લોકમત અનુસરે તે સત્ય.' આ જવાબ સાંભળ્યા પછી તેમને કહેવામાં આવ્યું હતું કે તમારા લેખો નવકાર મંત્રની વિરૂદ્ધ છે, અને તેને સાબીત કરવા માટે અમે તૈયાર છીએ. પછી પોતાના ગામ જઇને પત્રવ્યવહારથી સમય નક્કી કરવા કહેલું અને તે સંબંધી પત્રવ્યવહાર કરતાં તેમણે છેવટે ઉડાઉ જવાબ આપ્યો છે.

(૬) જાહેર પત્રોમાં તેના સંબંધી ચર્ચા થતાં તેમની સાથે પત્ર વ્યવહાર કરેલો તથા ત્યારબાદ પ્રચાર સમિતિના મંત્રી જાતે મળ્યા હતા. એમને તેઓએ સુધારા કરવા સંબંધી તત્પરતા જણાવી હતી અને કયા સુધારા કરવા તે સંબંધી સૂચના માગી હતી; જેથી ૧૯ સૂચનાઓ કરવામાં આવી હતી 'જે સ્વીકારમાં આવશે' એ પ્રમાણે જવાબ મળ્યો હતો.

(૭) સંઘની આગેવાન વ્યક્તિયોનું ધ્યાન ખેંચવામાં આવ્યું હતું.

(૮) અમારા કાગળો ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવ્યું હતું અને માગધીનો કલાસ ચાલુ રાખવામાં આવ્યો છેઃ કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને આ માગધીના શિક્ષણનો લાભ લેવા વિનંતિ છે.

(૯) રજુ થતો આ સાહિત્ય અંક છે.

પત્ર વ્યવહાર ઉપરાંત એક વ્યાખ્યાનમાળા ગોઠવવાનો કાર્યક્રમ ઘડવામાં આવ્યો હતો: જેનું પ્રથમ વ્યાખ્યાન આગમોદ્ધારક પૂજ્ય આચાર્યશ્રી સાગરાનંદસૂરીશ્વરજીએ "આસ્તિકોનું કર્ત્તવ્ય" એ વિષય ઉપર આપ્યું હતું, જેમાં તેઓશ્રીએ આસ્તિક અને નાસ્તિકની શાસ્ત્રીય દૃષ્ટિએ ખૂબ વિદ્વત્તા પૂર્ણ ચર્ચા કરી હતી અને ચાલુ કેળવણીની સંસ્થાઓની ખામીયો દેખાડી તેમાં યોગ્ય સુધારા કરવા માટે સમાજનું ધ્યાન ખેંચ્યું હતું કે જે કેટલીક સંસ્થાઓએ અમલમાં મૂકયા છે. આ વ્યાખ્યાનનો એક અધુરો રિપૉર્ટ વર્ત્તમાન પત્રોમાં તા. ૧૪-૧૨-૧૯૨૮ ના રોજ પ્રસિદ્ધ થયો હતો. આ રિપૉર્ટ કોઈ ધર્મદ્વેષી માણસે સમાજ ઉંધે રસ્તે દોરાય તેવી ભાષામાં મોકલેલો હોવાથી તા. ૧૪-૧૨-૨૮ ના રોજ આખો સત્તાવાર રિપૉર્ટ વર્ત્તમાન પત્રો ઉપર મોકલી આપ્યો હતો: કે જેથી કોઇની ગેરસમજ થવા પામે નહિ. પરંતુ વ્યાખ્યાનના આ સત્તાવાર રિપૉર્ટ ઉપર ધ્યાન નહિ આપતાં મી. મોતીચંદ ગીરધરલાલ કાપડીયાએ તા. ૨૧-૧૨-૧૯૨૯ ના રોજ એક સાધારણ માણસના મોંઢામાં પણ ન છાજે તેવી ભાષામાં તેનો પ્રત્યુત્તર આપવા પ્રયત્ન કર્યો હતો,

ને તેમાં વ્યાખ્યાનકર્ત્તા શ્રી સાગરાનંદસૂરીશ્વરજીને તેમનું વ્યાખ્યાન સાબીત કરવા ચેલેંજ આપી હતી, જે વ્યાખ્યાનકર્ત્તાએ ઉપાડી લીધી હતી. પણ મી. મોતીચંદ સાબીત કરવા રૂબરૂ આવ્યા નહિ, તેથી આચાર્યશ્રીએ ભાઈ મોતીચંદને ઉદ્દેશીને ૧૬૦ ખૂલ્લા પ્રશ્નો પૂછ્યા હતા: જેમાંના એક પણ પ્રશ્નનો જવાબ ભાઈ મોતીચંદે હજુ સુધી વાળ્યો નથી, તેમજ જવાબ વાળવાની તૈયારી પણ બતાવી નથી.

**'આસ્તિકોનું કર્ત્તવ્ય'નું** વ્યાખ્યાન અમારી વિનંતિથી અપાએલું હોવાથી તેના અંગે ચાલેલી આખી ચર્ચાના સંચયરૂપે એક પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે, જે જિજ્ઞાસુને ભેટ મોકલવામાં આવે છે.

ત્યારબાદ 'અમદાવાદ યુવક સંઘ' તરફથી ઉજવાતા યુવક સપ્તાહમાં મી. મુન્શીકૃત 'પાટણની પ્રભુતા'માંથી તા. ૧૦–૧–૧૯૨૯ ના રોજ ઉદયન મંત્રીનું નાટક ભજવવાનું હતું તે જાણ થતાં મજકુર સંઘના પ્રમુખને મળી તે સંવાદ ઈતિહાસનું ખૂન કરનાર અને જૈન મંત્રી ઉદયનને હડહડતો અન્યાય કરતો હોઈ તે બંધ કરવા સૂચવ્યું હતું પણ તેઓએ સ્વીકાર્યું નહિ. તેથી તે ભજવાતું બંધ કરવા કૉર્ટથી મનાઇ હુકમ મેળવવામાં આવ્યો હતો. પાછળથી યુવકસંઘના કાર્યકર્ત્તાઓએ સમાધાની કરવાની ઈંતેજારી બતાવવાથી અયોગ્ય લખાણો અને ઐતિહાસિક પાત્રો બાદ કરીને ભજવવાની અનુમતિ કૉર્ટ પાસે અપાવી હતી: પણ આ સંવાદ તેમણે ભજવ્યો ન હતો. આ દશ્ય બંધ કરાવવામાં શેઠ અમૃતલાલ કાળીદાસ, શેઠ સારાભાઇ હઠીસીંગ, વકીલ નંદલાલ પ્રેમચંદ શાહ અને ભાસ્કરરાવ ઠાકોરે જે મદદ કરી હતી, તેને માટે તે સર્વેનો આભાર માનીએ છીએ.

આ પ્રસંગે અમને જણાયું કે ગુજરાતના જે ઇતિહાસો છે તેમાંના ઘણા ખરા ક્ષતિવાળા છે અને તેમાં જાણ્યે અજાણ્યે જૈનોને અન્યાય થયો છે. આથી અમને લાગ્યું કે ગુજરાતના એક સાચા અને પૂરેપૂરી માહીતી આપે તેવા ઈતિહાસની અત્યંત જરૂર છે, અને તેથી અમારી સંસ્થાએ આવો એક ગુજરાતનો ઈતિહાસ તૈયાર કરવાનું કાર્ય ઉપાડી લીધું છે, જે કાર્ય હાલ જોસભેર ચાલી રહ્યું છે. ભાગ્યેજ કહેવાની જરૂર છે કે ઐતિહાસિક સાધનો જેવાં કે જુના લેખો, કળાના નમુના, તામ્રપત્રો, સિક્કાઓ, હસ્ત લિખિત અપ્રસિદ્ધ ગ્રંથો વગેરે સાધનોની જેટલી વિપુલતા તેટલોજ ઈતિહાસ વધારે પ્રમાણિક અને વજનદાર બને. એટલે જે જે ભાઈઓ પાસે આવી સામગ્રી હોય તે અમને જણાવીને પૂરતો સહકાર આપે એવી અમારી વિનંતિ:છે.

આ ઉપરાંત છેલ્લા નવ માસ દરમ્યાન માસિક રૂા. ૫૦) ની સ્કોલરશીપ યોગ્ય વિદ્યાર્થીઓને વ્યવહારિક કેળવણી સાથે **ધાર્મિક કેળવણી લેવાની શરતે** આપવામાં આવી છે.

ચાલુ વર્ષ દરમ્યાન આ સોસાયટીની સુરત, મુંબઈ અને ખંભાત ખાતે શાખાઓ ખોલવાની માગણી થતાં તે ત્રણ સ્થળોએ શાખાઓ ખોલવામાં આવી છે. વાંચક આથી સોસાયટી પ્રત્યેની લોકચાહના સમજી શકે તેમ છે.

સંવત્ ૧૯૮૩ ના શ્રાવણ શુ. ૧૫ ને રોજ આ સોસાયટીની સ્થાપના થયા પછી પ્રતિવર્ષ તેના સભાસદોની સંખ્યા દેશભરમાં વધતીજ ગઈ છે. આજે સોસાયટીના સભાસદોની સંખ્યા લગભગ ૧૮૦૦ ની છે.

અમે દેશભરના ધર્મપ્રેમી સજ્જનો આગળ આ ઉગતી સંસ્થાની કાર્યવાહી મૂકી શાસનસેવાના અમારા કાર્યમાં સહકાર આપી તેમની શાસન પ્રત્યેની ફરજ અદા કરવા આગ્રહ ભરી વિનંતિ કરીએ છીએ.

આજના સમાજમાં અજ્ઞાન અને કલેશનું પ્રમાણ એટલું બધું વધી ગયું છે કે તે કોઈ પણ સારૂં કામ વિશુદ્ધ દષ્ટિથી જોઇ શકતો નથી, એટલે કે સમાજ ગમે તે સારા કામને પણ શંકા અગર પક્ષની દૃષ્ટિથીજ જુએ છે. આવો કડવો અનુભવ અમને પણ અમારી ટુંકી કારકીર્દિ દરમ્યાન થયો છે અને પરિણામે અમે શાસનસેવાના રચનાત્મક કાર્યોમાં ખરચવા ધારેલી કેટલીયે શક્તિયો દુ:ખભરી રીતે અમારે કેવળ પ્રતિકાર કરવામાં ખરચવી પડી છે. આ ભારે ખેદની વાત છે.

અમારો ઉદ્દેશ તો આજસુધી “ **મારી સાર્થકતા** ”ના લેખમાં જણાવ્યા મુજબ નિષ્પક્ષપાત રીતે સાચી શાસનસેવા કરવાનોજ રહ્યો છે. ગમે તેટલા મતભેદ હોવા છતાં પણ બધા મુનિ મહારાજો તથા સંઘની આગેવાન વ્યકિતયો સાથે અમોએ દરેક અગત્યના પ્રશ્નમાં પત્ર વ્યવહારદ્વારા સલાહો માગી છે, સહકાર માગ્યો છે, અને જરૂર જણાતાં જાતે પણ મળ્યા છીએ: છતાં દીલગીરી સાથે જણાવવું પડે છે કે આમાં અમને પૂરેપૂરો સહકાર કે સફળતા મળી નથી.

અમારી નમ્ર માન્યતા પ્રમાણે ઉપરના સમય દરમ્યાન જે જે વ્યક્તિયોએ અમોને સહકાર નથી આપ્યો તેનું કારણ કેટલેક અંશે તેમનું અમારા વિષેનું અજ્ઞાન છે. તેથી તેમને અમારી નમ્ર વિનંતિ છે કે અમારા ઉંડા સહવાસમાં આવી અમારી કાર્યપ્રણાલિકાથી તેઓ વાકેફ થાય: એમ થતાં અમોને ખાત્રી છે કે તેઓ અમોને સહકાર આપશે.

અમારી સોસાયટીની સ્થાપનાથી આજ સુધીમાં જે જે માનવંત ગૃહસ્થોએ પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, ખજાનચી ઑડીટર્સ તથા વ્યવસ્થાપક સમિતિના સભાસદ તરીકે પોતાની ફરજો સમજીને સોસાયટીની દરેક પ્રવૃત્તિમાં ઉત્સાહ અને ખંતથી કાર્ય કર્યું છે તેમનો તથા પ્રચાર, ઈતિહાસ, કાયદાકાનુન, ને સાહિત્ય અંકની સમિતિયોમાં સુંદર કામ કર્યું છે, તે સર્વેનો અમો અત્રે

અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. આશા છે કે તેઓ સર્વે ભવિષ્યમાં વખતોવખત પોતાનો બનતો ફાળો આપી સંસ્થાના ઉત્કર્ષમાં મદદ કરશે.

પશ્ચિમની પ્રજાના જડવાદના વાયરા આખાયે દેશની સાથે આપણા સમાજ ઉપર પણ વાયા છે. અને આપણા સમાજની કેટલીક વ્યક્તિયો ઉપર એ વાયરાએ ઉંડી અસર કરી તેમની ધર્મશ્રદ્ધાના પાયા હચમચાવી મૂક્યા છે. આવી રીતે જે વ્યક્તિયોની ધર્મશ્રદ્ધા ચલવિચલ થઇ છે, તે વ્યક્તિયો જો એક બાજુએ ખસી જઇ શાન્ત બેસી રહી હોત તો આજે આપણા સમાજમાં જે અશાન્તિ પ્રસરી રહી છે, તે પ્રસરવા પામી ન હોત: પરન્તુ તે વ્યક્તિયોએ તેમ ન કરતાં આપણા સમાજમાં એવું ક્લિષ્ટ અને ધર્મવિરૂદ્ધ વાતાવરણ ઉભું કરવા માંડયું છે કે જેના પરિણામે આજે આપણો આખોયે સમાજ અશાન્તિમય બની ગયો છે.

આ વિષમ સ્થિતિમાં દરેક સાચા શાન્તિચાહકે સમાજ સમક્ષ એવું સાહિત્ય ધરવું જોઇએ કે જે તેની ધર્મશ્રદ્ધા સુદૃઢ બનાવવામાં અને પોતે ગુમાવેલી શાન્તિ પાછી લાવવામાં માર્ગદર્શક થઈ પડે. એવી ભાવનાથી પ્રેરાઇ અમારી સંસ્થાએ કેટલાક દિવસ અગાઉ તેના "**તૃતીય વર્ષ પ્રવેશ**"ના માંગલિક દિવસે એક "**સાહિત્ય અંક**" બહાર પાડવાનું નક્કી કર્યું હતું, અને તે કાર્ય માટે નવ ગૃહસ્થોની એક ખાસ "**સાહિત્ય અંક સમિતિ**" નીમવામાં આવી હતી.

ઉક્ત સમિતિના અથાગ પરિશ્રમના પરિણામે ઘણીજ મહેનતથી તૈયાર થયેલો આ "**સાહિત્ય અંક**" સમાજ સમક્ષ ઘણાજ હર્ષપૂર્વક રજુ કરવા અમો આજે ભાગ્યશાળી થયા છીએ.

પ્રાન્તે–આ "**સાહિત્ય અંક**"માં પ્રમાદ દોષથી કિંવા અન્ય કોઇ દોષથી શાસ્ત્રવિરૂદ્ધ લખાણ પ્રસિદ્ધ થયું હોય, તે માટે અમો અત્રે વાંચકવર્ગની ક્ષમા યાચીએ છીએ.

શાસનસેવાનું કામ ઘણુંજ કપરૂં છે. તે માર્ગ મુશ્કેલીયોથી ભરેલો છે. સઘળી મુશ્કેલીયો સહન કરી તેમાં સફળતા મેળવવાનું સદ્‌ભાગ્ય શાસનદેવથી સર્વને પ્રાપ્ત થાઓ. એજ અભ્યર્થના. ૐ

**શાંતિ: શાંતિ: શાંતિ:**

શ્રાવણ પૂર્ણિમા: ૧૯૮૫
તા. ૨૦ : ઑગસ્ટ : ૧૯૨૯
**અમદાવાદ.**

મંત્રીયો:
**ધી. યંગ મૅન્સ જૈન સોસાયટી.**

# ઝવેરી કેશવલાલ મોહોલાલભાઈ સંઘવી.



અમારી સોસાયટીના માનનીય પ્રમુખ.

# આભાર દર્શન.

આ સાહિત્ય અંકમાં જે જે પૂજ્ય આચાર્યમહારાજોએ તથા પૂજ્ય મુનિમહારાજોએ અને અન્ય વિદ્વાન્ ભાઈયોએ અમારી વિનંતિને માન આપી લેખો મોકલી આપ્યા છે, તથા જે ભાઈયોએ આ અંક તૈયાર કરવામાં ખૂબ શ્રમ લઈ અમને મદદ કરી છે, તે માટે અમો તે સર્વના અત્યંત આભારી છીએ.

**સાહિત્ય અંક સમિતિ.**

| : લેખ : | : લેખક : | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧. परमात्म स्तुतिः ... ... | पू. श्रीदेवेन्द्रसूरिः ... ... | ૧૨ |
| ૨. शारदास्तोत्रम्... ... ... | पू. श्रीबप्पभट्टसूरिः ... ... | ૧૩ |
| ૩. संदेश— ... ... | पू. श्रीविजयलब्धिसूरिः ... | ૧૫ |
| ૪. નૂતન વર્ષાભિનંદન (કાવ્ય) | રા. ભીખાભાઇ છગનલાલ શાહ. ... | ૧૬ |
| ૫. સમ્યગ્ દર્શન. ... ... | પૂ. મુનિશ્રી ધર્મવિજયજી ... | ૧૭ |
| ૬. ધર્મમાં ક્રિયાનું સ્થાન. .. ... | પૂ. પં. શ્રી ક્ષાંતિવિજયજી ગણિ.... | ૩૫ |
| ૭. ક્ષમા (કાવ્ય). ... ... | પૂ. શ્રી વિજયલબ્ધિસૂરિજી.... ... | ૪૨ |
| ૮. આદર્શ શ્રાવક ... ... ... | પંડિત ભગવાનદાસ હરખચંદ દોશી | ૪૩ |
| ૯. સંદેશ— ... ... ... | પૂ. શ્રી. વિજયદાનસૂરિજી.... ... | ૫૩ |
| ૧૦. ભગવાન્ દેવર્દ્ધિ ગણીની— | | |
| —ગુરૂપરમ્પરા ... ... ... | પૂ. મુનિશ્રી કલ્યાણવિજયજી ... | ૫૫ |
| ૧૧. સંદેશ— ... ... ... | પૂ. શ્રી સાગરાનંદસૂરિજી ... ... | ૫૯ |
| ૧૨. ગૂજરાત અને જૈનો ... ... | રા. અમૃતલાલ મગનલાલ શાહ. | ૬૩ |
| ૧૩. સંદેશ— ... ... ... | પૂ. શ્રીવિજયસિદ્ધિસૂરિજી.... ... | ૬૯ |
| ૧૪. શ્રી રામવિજય ચરણે (કાવ્ય)... | રા. નિર્મળ. ... ... ... | ૭૧ |
| ૧૫. તીર્થરક્ષા. ... ... ... | રા. મધુકાન્ત. ... ... ... | ૭૩ |
| ૧૬. ત્યાગ ધર્મની ઉદ્ઘોષણા ... | પૂ. મુનિ શ્રી રામવિજયજી. ... | ૭૯ |
| ૧૭. માંગળિક પ્રાર્થના (કાવ્ય)... | રા. મનસુખલાલ ડાહ્યાભાઇ શાહ. ... | ૮૨ |
| ૧૮. કુબેરદત્તા (વાર્તા) ... | રા. શ્રીકાન્ત. ... ... ... | ૮૩ |
| ૧૯. શ્રી સિદ્ધાભિવંદન ... ... | રા. વાડીલાલ જીવાભાઇ ચોકશી. | ૯૬ |

૨૦. જાણો છો ? ... ... ... રા. અનુભવી. ... ... ... ૯૭
૨૧. ક્ષમાપના. ... ... ... પૂ. શ્રી વિજયલબ્ધિસૂરિજી ... ૯૯
૨૨. પશ્ચાત્તાપ. (કાવ્ય)... ... રા. મનસુખલાલ ડાહ્યાભાઇ શાહ.... ૧૦૪
૨૩. શું કરીશું ? ... ... રા. મુમુક્ષુ ... ... ... ૧૦૫
૨૪. સંદેશ— ... ... ... પૂ. શ્રી વિજયમોહનસૂરિજી.... ... ૧૦૭
૨૫. સાચી કેળવણી. ... ... પૂ. શ્રી સાગરાનંદસૂરિજી.... ... ૧૦૯
૨૬. સંદેશ— ... ... ... પૂ. પં. શ્રી ક્ષાન્તિવિજયજી ગણિ. ૧૧૭
૨૭. પ્રાપ્તનો સદુપયોગ (કાવ્ય) ... રા. ભીખાભાઇ છગનલાલ શાહ ... ૧૧૯
૨૮. રત્નમાલા. ... ... ... (સૂત્રોમાંથી ઉદ્ધૃત) ... ... ૧૨૪
૨૯. એક કરોડ હોય તો ? ... ... C. N. Shah... ... ... ૧૨૫
૩૦. સાહિત્યપ્રચાર અને જૈનો ... સાહિત્યપ્રેમી ... ... ૧૩૯
૩૧. ગુજરાતના જૈનોનું વસ્તિપત્રક... ... ... ... ... ૧૪૭
૩૨. બંધારણ. ... ... ... ધી યંગમેન્સ જૈન સોસાયટી ... ૧૫૨
... ... ઇત્યાદિ. ...

## ચિત્રો—

૧. જળજવાળા. (કવર ડીઝાઇન. રા. રવિશંકર રાવળની દ્વિરંગી કૃતિ)
૨. ઝવેરી કેશવલાલ મોહોલાલભાઈ સંઘવી. (સોસાયટીના પ્રમુખ.)
૩. પૂ. શ્રી. વિજયનેમિસૂરિજી અને પૂ. શ્રી સાગરાનંદસૂરિજી.
૪. પૂ. શ્રા વિજયસિદ્ધિસૂરીશ્વરજી.
૫. પાવાપૂરીજીના જલમન્દિરનું સુરમ્ય દશ્ય.
૬. પૂનિતતાના પંથે. (બાલ મુનિરાજો)
૭. હસ્ત લેખનનો કલાત્મક નમુનો—
૮. ગુજરાતનાં તીર્થોનો નકશો.

# ॥ परमात्म-स्तुतिः ॥



(राग-अनुष्टुप्)

जय देवाधिदेवाधि-व्याधि वैधुर्य नाशन ।
सर्वदा सर्वदारिद्र-मुद्राविद्रावणक्षम ! ॥१॥

अगण्यपुण्यकारुण्यपण्यापणवृषध्वज ! ।
जय संदेह संदोह-शैलदंभोलि संनिभः ॥२॥

स्फुरत् कषाय संताप-संताप शमनामृत ।
जय संसार कांतार-दाव पावक पावन ॥३॥

सदा सदागमांभोज-विबोधन दिन प्रभो ।
नत्वा न त्वां भवे भाविनः पतनं खलु ॥४॥

ये देव-देव! गंभीर-नाभे! नाभेय भूरिभिः ।
त्वद्गुणैः स्वं नियच्छन्ति ते मुक्ता स्युर्महाद्भुतं ॥५॥

देव त्वन्नाम सन्मंत्रो येषां चित्ते चकास्ति न।
मोहसर्प विषं तेषां कथं यातु क्षयं क्षणात् ॥६॥

परिस्पृशन्ति ये नित्यं त्वदीयं पदपंकजं ।
तेषां तीर्थेश्वरत्वादि-पदवी न दवीयसी ॥७॥

नमः सद्दर्शनज्ञान-वीर्यानंद मयायते ।
अनन्त जन्तु सन्तान-त्राणप्रवण चेतसे ॥८॥

एवं युगादितीर्थेशं ये स्तुवन्ति सदा नराः ।
"देवेन्द्र"वृन्दवन्द्यास्ते प्राप्नुवन्ति महोदयं ॥९॥

चतुर्दश-शताब्दिः } —देवेन्द्रसूरिः

# शारदा-स्तोत्रम्



द्रुतविलम्बितम्

कलमरालविहङ्गमवाहना, सितदुकूलविभूषणलेपना ।
प्रणतभूमिरुहामृतसारिणी, प्रवरदेहविभाभरधारिणी ॥
अमृतपूर्णकमण्डलुहारिणी, त्रिदशदानवमानवसेविता ।
भगवती परमैव सरस्वती, मम पुनातु सदा नयनाम्बुजम् ॥ १–२ ॥ युग्मम्

जिनपतिप्रथिताखिलवाङ्मयी, गणधराननमण्डपनर्तकी ।
गुरुमुखाम्बुजखेलनहंसिका, विजयते जगति श्रुतदेवता ॥ ३ ॥

अमृतदीधितिबिम्बसमाननां, त्रिजगतीजननिर्मितमाननम् ।
नवरसामृतवीचिसरस्वतीं, प्रमुदितः प्रणमामि सरस्वतीम् ॥ ४ ॥

विततकेतकपत्रविलोचने ! विहितसंसृतिदुष्कृतमोचने ! ।
धवलपक्षविहङ्गमलाञ्छिते ! जय सरस्वति ! पूरितवाञ्छिते ! ॥ ५ ॥

भवदनुग्रहलेशतरङ्गिता–स्तदुचितं प्रवदन्ति विपश्चितः ।
नृपसभासु यतः कमलाबला–कुचकलाललनानि वितन्वते ॥ ६ ॥

गतधना अपि हि त्वदनुग्रहात्, कलितकोमलवाक्यसुधोर्मयः ।
चकितबालकुरङ्गविलोचना, जनमनांसि हरन्तितरां नराः ॥ ७ ॥

करसरोरुहखेलन चञ्चला, तव विभाति वरा जपमालिका ।
श्रुतपयोनिधिमध्यविकस्वरो—ज्ज्वलतरङ्गकलाग्रहसाग्रहा ॥ ८ ॥

द्विरदकेसरिमारिभुजङ्गमा—सहनतस्कर राजरुजां भयम् ।
तव गुणावलिगानतरङ्गिणां, न भविनां भवति श्रुतदेवते ! ॥ ९ ॥

स्रग्धरा

ॐ ह्रीँ क्लीँ ब्लीँ ततः श्रीँ तदनु हसकलह्रीमथो ऐँ नमोऽन्ते
लक्षं साक्षाज्जपेद् यः करसमविधिना सत्तपा ब्रह्मचारी।
निर्यान्तीं चन्द्रबिम्बात् कलयति मनसा त्वां जगच्चन्द्रिकाभां
सोऽत्यर्थं वह्निकुण्डे विहितघृतहुतिः स्याद् दशांशेन विद्वान्॥१०॥स्रग०

शार्दूल०

रे रे लक्षण-काव्य-नाटक-कथा-चम्पू-समालोकने,
क्वायासं वितनोषि बालिश ! मुधा किं-नम्रवक्राम्बुजः ?।
भक्त्याऽऽराधय मन्त्रराजमहसाऽनेनानिशं भारती।
येन त्वं कवितावितानसविताऽद्वैतप्रबुद्धायसे॥ ११॥

चञ्चच्चन्द्रमुखी प्रसिद्धमहिमा स्वाच्छन्द्यराज्यप्रदा,
नायासेन सुरासुरेश्वरगणैरभ्यर्चिता भक्तितः।
देवी संस्तुतवैभवा मलयजालेपाङ्गरङ्गद्युतिः,
सा मां पातु सरस्वती भगवती त्रैलोक्यसंजीविना॥ १२॥

द्रुतविलम्बित्

स्तवनमेतदनेकगुणान्वितं,
पठति यो भविकः प्रमनाः प्रगे।
स सहसा मधुरैर्वचनामृतै—
र्नृपगणानपि रञ्जयति स्फुटम्॥ १३॥

नवमशताब्दिः } —बप्पभट्टसूरिः

# पू. श्रीमद् विजयलब्धिसूरीश्वरजी महाराजश्री का



# पवित्र संदेश.

**शासन के सुपुत्रों !**

**धर्मलाभ** !, इस के शिवा और कौन सा संदेश एक जैन साधु दे सकता है? जिस शासन में आ कर के प्रत्येक साधु को सम्यग् दर्शन, सम्यग् ज्ञान, और सम्यक् चारित्र का आराधन करना ही सिर्फ कर्त्तव्य है, वहाँ मैं शासन के सुभट जैसे सुपुतों को धर्मवीर बनने का ही सन्देश दे सकता हूँ। न भूलना कि जीवन क्षणभंगुर है, यौवन अस्थिर है, देह नाशवन्त है, कंचन–कामिनी कर्म के द्वार हैं और स्वजनप्रीति मिथ्या मोह का नशा है। उस में अपना जीवन बरबाद करने के पहिले सोचना। उस का परिणाम भवभ्रमण है।

यौवन एक साधन है। साधन का फल साधक के उपर निर्भर है। जिस साधन का सदुपयोग मुक्तिदाता हो सकता है, उसी साधन का दुरूपयोग दुर्गति का कारण भी बन सकता है। इस लिये प्रत्येक युवक को चाहिये कि वह अपना यौवन रूप साधन का उपयोग शासन सेवा में–धर्माराधन में करे। विश्वभर में उस से अच्छा कोई कार्य नहीं है, जिस में यौवन का सदुपयोग हो सके।

आज शासन अनेक विरोधियों व विद्रोहीयों का भोग हो चूका है। धर्म की पवित्र मान्यताओं को दफन करने का उद्योग आज चोमेर हो रहा है। जड का वायु चैतन्य से हरे भरे समाज को निर्मूल करने को वेग बढा रहा है। और समाजोद्धार जैसे मोहक नाम से आज कंइ सुधारक सामाज को विषपान करा रहे हैं। समयधर्म के नाम से सर्वज्ञ धर्म का ह्रास हो रहा है। इस लिये उन की यह दुराशा पूर्ण हो उस से पहिले—

**सेवाभावी नवजुवानों !**

—अपना कर्त्तव्य समालो ! आखों के सामने धर्मापमान देखने से, उस के निवारणार्थ मर मीटना अच्छा है। कृतनिश्चय, सहनशील और इन्द्रियनिग्रही बन कर मेदान में आओ ! धर्मप्रेम का क्वच तुम्हें सुरक्षित रखेगा। उद्दंडता और स्वाच्छन्द्य का परित्याग कर के समज लो कि शासनाज्ञाओं की परवशता ही कल्याणमार्ग है। बस इसी रास्ते पर निर्भयता से चलो !

## विजय तुम्हारा है !

# નૂતન વર્ષાભિનંદન.

હરિગીત

વીરના પુત્રો સદા વિભુ વીર આજ્ઞા પાળજો,
"વીર–શાસન" પર પ્રહારો થાય સઘળા ટાળજો;
શાસન–કુલાંગારો પ્રતિ દૃષ્ટિ અમીની સીંચજો,
શાંતિ પામે જો નહિ, નવકાર નીરને સીંચજો. ૧

મધ્યસ્થતાનો અર્થ કાયરતા કદી નહિ માનજો,
શાસન સદા જયવંત, તારક, ફરજ શી, શી, જાણજો;
તારક ગણ્યું તો મન વચન ધન શરીરને પણ હોમજો,
કરજો બચાવો, ધગશ શાસન, રૂધિર રોમે રોમ જો ૨

નૂતન વર્ષે નૂતન રવિ જ્યમ, ઉદયના માર્ગે વધો,
તિમિર ભેદી સત્યને ઝળકાવવા આગળ વધો;
જિનદેવ, ગુરૂ ત્યાગી, અને આગમ તણા દુશ્મન તણી,
પરવા ન ગણજો હૃદયમાં, બસ કૂચ, હો! હો! જય ભણી. ૩

ભીખાભાઈ છગનલાલ શાહ.

ॐ

॥ नमोनमः श्रीप्रवचनाय ॥

ऐन्द्र श्रेणिनतायं दोषहुतभुङ्नीराय नीरागता-
धीराजाद्रिभवाय जन्मजलधेस्तीराय धीरात्मने ।
गम्भीरागमभाषिणे मुनिमनोमाकन्दकीराय सन्-
नासीराय शिवाध्वानिस्थितिकृते वीराय नित्यंनमः ॥ १ ॥
॥ सर्वलब्धिसंपन्नाय ~ श्रीगौतमगणधराय नमोनमः ॥

# सम्यग्–दर्शनम्.

જન્મ જરા રૂપી જળથી ભરેલ, મિથ્યાત્વ તથા અવિરતિ વડે અત્યંત ગંભીર, રાગદ્વેષ રૂપી પવનથી ક્ષોભ પામેલ, અનેક પ્રકારના અનિષ્ટ સંયોગ તથા ઇષ્ટ વિયોગ રૂપી મોજાઓથી વ્યાપ્ત, દુઃખે કરી અવગાહી શકાય તેવા મોહ રૂપી આવર્તથી ભયંકર વિવિધ પ્રકારના શારીરિક, માનસિક દુઃખોના સમુહરૂપી પુષ્ટ જળતંતુઓથી ભરેલ ઉગ્ર કષાય રૂપી પાતાળ કળશાઓથી યુકત, અનેક પ્રકારના પ્રબલ મનોરથ રૂપી ભરતી ઓટથી આકુલ વ્યાકુલ એવા મહાદીર્ઘ સંસાર રૂપી સાગરનો પાર પમાડનાર જો કોઇ પણ હોય તો તે વીતરાગ ભગવંતે ભાખેલ શુદ્ધ ધર્મ રૂપી પ્રવરયાન પાત્ર છે. જે ધર્મનું આલંબન લઈ અનેક ભવ્યાત્માઓ મોક્ષમાર્ગને અતીત કાળમાં પામ્યા છે. વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં પામે છે. અને ભવિષ્યમાં પણ પામશે જે માટે કહ્યું છે કે "**सम्मत्तनाण चरणा मोक्खपदोवणिओ जिणिंदेहिं**"–"સમ્યગ્–દર્શન, સમ્યગ્ જ્ઞાન, અને સમ્યગ્ ચારિત્ર રૂપી ભાવ ધર્મને જીનેશ્વરોએ મોક્ષનો માર્ગ કહેલ છે" આ ત્રિપુટીમાં પણ મુખ્યતયા સમ્યગ્ દર્શનનેજ પ્રથમ કહેલું છે. કારણ કે સમ્યગ્ દર્શન હોય તોજ જ્ઞાન અને ચારિત્ર પોત પોતાનું સંપૂર્ણ ફળ આપવાને સમર્થ છે. તત્વાર્થ સૂત્ર પર ભગવાન ઉમાસ્વાતી મહારાજ પણ આ પ્રમાણે જણાવે છે કે—**सम्यग्दर्शन शुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति । दुःक्ख निमित्तमपीदं तेन सुलब्धं भवति जन्म॥१॥**

સમ્યગ્ દર્શન વિનાનું જ્ઞાન તત્ત્વથી અજ્ઞાન છે. "સમકિત વિણુ નવપૂર્વી અજ્ઞાની કહેવાય" તેમજ સમ્યગ્ દર્શન વિના સર્વ સાવદ્યના ત્યાગરૂપી સંયમ પણ માજોર સંયમ કલ્પ છે. એહિજ વાતને વિશેષ સિદ્ધ કરતાં શ્રુત કેવલી ભગવંત ભદ્રબાહુ સ્વામી મહારાજા શ્રી આચારાંગ સૂત્રની ચતુર્થ સમ્યક્ત્વનામા ધ્યયનની નિર્યુક્તિમાં આ પ્રમાણે જણાવે છે–
"**कुणमाणोऽवि य किरियं परिच्चंयतोऽवि सयण घणभोए दिंतोऽवि दुहस्स उरं न जिणइ अंधो पराणोयं**" ॥१॥

(ભાવાર્થ—નાના પ્રકારની ક્રિયાઓને કરતો, સ્વજન-ધન-ભોગનો ત્યાગ કરતો દુઃખને પણ નહિ ગણતો એવો પણ અંધો પર સૈન્યને જેમ જીતી શકતો નથી) એ પ્રમાણે દષ્ટાંત આપી દાષ્ટાંતિકની યોજના કરે છે. **कुणमाणोऽवि निवित्तं, परिच्चयंतोऽवि सयण घणभोए। दिंतोऽवि दुहस्स उरं मिच्छादिट्ठि न सिज्झइ ॥ १ ॥** અન્ય દર્શનમાં કહેલ પંચ નિયમ તથા પાંચયમ રૂપી નિવૃત્તિમાર્ગનું સેવન કરતો, સ્વજન-ધન-ભોગ વગેરેનો ત્યાગ કરનાર પંચાગ્નિ વિગેરેના દુઃખને પણ નહિ ગણકારતો એવો પણ મિથ્યાદષ્ટિ સમ્યક્‌ત્વ રહિત હોવાથી પરિણામે સિદ્ધ પદને પ્રાપ્ત કરી શકતો નથી.

સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપી રત્નત્રયીમાં સમ્યગ્ દર્શનનીજ પ્રધાનતા છે. તે જાણવા માટે એક અંધ કુમારનું દષ્ટાંત ખાસ જાણવા લાયક છે. એક નગરીમાં ઉદયસેન નામે રાજાને વીરસેન તથા શૂરસેન નામે બે કુમારો છે. વીરસેન કુમાર અંધ છે. અને પોતાને લાયક-ગાયન-ગાંધર્વ કળામાં નિપુણ છે શુરસેન કુમાર દેખાવડો છે. ધનુ-વિદ્યામાં ઘણોજ હુશીઆર છે. અને પોતાના ગુણોથી પ્રજામાં પ્રશંસાને પાત્ર છે. સ્વબંધુની અત્યંત ધનુષ્કળા સંબંધી પ્રશંસા સાંભળી વીરસેન કુમારને પણ તે વિદ્યા ભણવાનું મન થયું. અને તેથી રાજા પાસે માગણી કરી. રાજાએ પણ તેના અતિ આગ્રહથી તેની માગણીનો સ્વીકાર કર્યો. ઉત્તમ ઉપાધ્યાયના યોગથી તેમજ સ્વબુદ્ધિ બલથી શબ્દના અનુંસારે નીશાન તાકનારો શબ્દવેધી થયો. શત્રુ સૈન્ય સામે લડવા માટે વીરસેન કુમારના વિશેષ આગ્રહથી રાજાએ પણ અનુજ્ઞા આપી. રણસંગ્રામમાં જઇ શબ્દને અનુસારે બાણ મારી અનેક શત્રુઓને ઘાયલ કર્યા. દૂતદ્વારા શત્રુ સૈન્યને ખબર પડી કે વીરસેન કુમાર અંધ છે, અને શબ્દવેધી હોવાથી શબ્દના અનુસારે બાણ મારે છે એમ જાણી મૌનપણું સ્વીકારી ધીમે ધીમે નજીક જઇ વીરસેન કુમારને પકડી લીધો. પર સૈન્યે પોતાના બાંધવને કેદ કર્યો છે એ પ્રમાણે શૂરસેન કુમારને ખબર થતાં તુર્તજ રણસંગ્રામમાં આવી સ્વપરાક્રમ વડે પરસૈન્યનો પરાજય કરી પોતાના બંધુને છોડાવ્યો. આ પ્રમાણે વીરસેન કુમાર ધનુર્વિદ્યામાં અત્યંત નિપુણ હોવા છતાં પણ ચક્ષુરહિત હોવાથી જેમ ઇષ્ટ સિદ્ધિને સાધી શકયો નહિ તે પ્રમાણે ભાવથી અંધ મિથ્યાદષ્ટિ ક્રિયાકાંડને રૂડી રીતે કરે સ્વજના દિકનો ત્યાગ કરે છતાં પણ મોક્ષને પામી શકતો નથી.

સિદ્ધિ માર્ગના મૂલ કારણ ભૂત સમ્યગ્ દર્શન વિના કદી પણ કર્મક્ષય હોઇ શકતો નથી માટે કર્મ શત્રુનો પરાજય હોવાની ઇચ્છાવાળાએ સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરવો જોઇએ. કહ્યું છે કે-" **तम्हा कम्माणीयं जेउमणो दंसणम्मि पयइज्जा। दंसणवओ हि सफलाणि हुंति तवनाण चरणाइं ॥१॥** અર્થાત સમકિતવંત જીવનાજ તપ-જ્ઞાન અને ચારિત્ર સફળ છે. એ પ્રમાણે શ્રી ભદ્રબાહુ સ્વામી મહારાજનું વચન છે. એટલુંજ નહિ પરંતુ મોક્ષ મહેલ ઉપર ચઢવા માટે ઉત્તરોત્તર વધતી ગુણની ભૂમિકાઓ રૂપી જે ૧૧) ગુણ શ્રેણીઓ છે. તેમાં મૂળભૂત આદ્યશ્રેણી સમ્યક્‌ત્વોત્પત્તિ રૂપજ દર્શાવેલ છે. આ સમ્યગ્ દર્શનની મહત્તા વર્ણવતાં ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ અપેક્ષાએ સમ્યગ્ દર્શનને કેવલ જ્ઞાન સમાન વર્ણવે છે, તે આ પ્રમાણે-- " **जह केवलम्मि पत्ते तेणेव भवेण वण्णिओ मोक्खो। पगरिसगुणभावातो तह सम्मतेऽवि सोसमओ ॥१॥** જેમ કેવળ જ્ઞાન પ્રાપ્ત થાય કે તેહિજ ભવમાં જીવ મોક્ષ

પદને પ્રાપ્ત કરે છે. તેમ પ્રકર્ષણ ગુણ પણાએ પ્રાપ્ત થએલ સમ્યકત્વથી મોક્ષ પ્રાપ્તિ દુર્લભ નથી. કારણ કે પ્રકર્ષ કોટીને પામેલ દ્રવ્ય સંયમથી પણ સિદ્ધાંતકાર સમ્યકત્વને અધિક માને છે. જે માટે કહ્યું છે કે—**सव्वजियाणं चिय जंसुत्ते गेविज्जगेसु उववाओ भणि ओं नय सो एयं लिंगं मोत्तुं ॥ १ ॥** એટલે કે સર્વ વ્યવહાર રાશિગત જીવોનો નવમા ગ્રૈવયક સુધી ઉપપાત (ઉત્પત્તિ) કહેલ છે. અને તે ઉપપાત પ્રકર્ષ ભાવના દ્રવ્ય સંયમ સિવાય હોઇ શકેજ નહિ અર્થાત્ વ્યવહાર રાશિમાં વર્તતા સર્વ જીવોએ દ્રવ્ય સંયમ પ્રાપ્ત કરેલ છે. પરંતુ સર્વ જીવોએ સમ્યકત્વ પ્રાપ્ત કરેલ નથી **सो दव्व संजमेणं पगरिसरूवे जिणुवदिट्ठेणं। तब्भावोऽविन सम्मं एवमिदं पगरिस गुणोत्ति॥१॥**

સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા બાદ વધારેમાં વધારે નિશ્ચયથી પ્રાણી અપાર્ધ પુદ્ગલ પરાવર્તન કાળથી વધારે સંસારમાં ભ્રમણ કરતો નથી. તે અપાર્ધ પુદ્ગલ પરાવર્તન સંસાર સર્વ જીવોને શેષ હોઇ શકતો નથી પરંતુ દ્રવ્ય સંયમતો સર્વ (વ્યવહાર રાશી) જીવોએ ફરસેલ છે. એથીજ ઉત્કર્ષ ભાવના દ્રવ્ય સંયમ કરતાં પણ સમ્યકત્વને બહુ ઉચ્ચ કોટીમાં ગણેલ છે કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી જીવ તેજ ભવને વિષે મોક્ષ પદને જેમ પ્રાપ્ત કરે છે તેજ પ્રમાણે સમ્યકત્વ ગુણ એક વખત પણ આત્મામાં ઉત્પન્ન થયા પછી પરિમિત કાળે અવશ્ય શિવપદને પામે છે. અને તે અપેક્ષાએજ જ્ઞાન-ચારિત્ર સમ્યકત્વને ઉત્તમ કહેલ છે. પરંતુ મિથ્યાત્વ ઝેરથી દૂષિત જ્ઞાન અને ચારિત્ર પણ ઉત્તમ નથી. જે માટે કહ્યું છે કે-**श्लाघ्यं हि चरणज्ञान-वियुक्तमपि दर्शनम्। न पुनर्ज्ञानचारित्रे मिथ्यात्व विषदूषिते ॥ १ ॥ ज्ञानचारित्रहिनोऽपिश्रूयते श्रेणिकः किल। सम्यग्दर्शन महात्म्यात् तीर्थकृत्त्वं प्रपत्स्यते ॥ २ ॥** જ્ઞાન ચારિત્ર રહિત એવા પણ શ્રેણિક મહારાજા શુદ્ધ સમ્યગ્ દર્શનના પ્રભાવે આગામી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર થશે. દેવોનું સ્વામીપણું પ્રાપ્ત થવું સુલભ છે. ઇંદ્રપદવી પણ સુલભ છે પરંતુ મોક્ષના પ્રધાન કારણભૂત સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું તે મહા દુર્લભ છે જે સમ્યકત્વને પામી વૈમાનિક સિવાય બીજા આયુષ્યનો બંધપણ મનુષ્યપણામાં થતો નથી. (**सम्मत्तम्मि उ लद्धे विमाणवज्जं न बंधए आउं**) ચિંતામણિ રત્નથી પણ વિશેષ મહત્તાવાળા અને કલ્પવૃક્ષથી પણ અધિક ફળદાયી તત્ત્વાર્થ શ્રદ્ધાનાત્મક સમ્યગ્દર્શન પામી જીવો નિર્વિઘ્ન પણે મોક્ષપદને પામે છે જે માટે ઉવસગ્ગહરં સ્તોત્રમાં નિરંતર આપણે બોલીએ છીએ કે **तुह सम्मत्ते लद्धे चिंतामणिकप्पपायवब्भहिए। पावंति अविग्घेणं जीवाऽयरामरंठाणं ॥ १ ॥** ટુંકમાં એ સમ્યગ્દર્શનની જેટલી મહત્તા વર્ણવીએ તે સર્વ ઓછીજ છે.

આવા ઉત્તમોત્તમ સમ્યગ્દર્શનનુંમહાત્મ્ય યત્કિંચિત્ લખીને એ સમ્યગ્દર્શનનું શું સ્વરૂપ છે? જીવો સમ્યગ્દર્શનને કેવા પ્રકારથી પ્રાપ્ત કરે છે એ સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાથી કેવા પ્રકારના ફળની પ્રાપ્તિ થાય છે તે સમજવા માટે શાસ્ત્રદ્વારા યત્કિંચિત ઉહાપોહ કરવો જોઇએ. સમ્યગ્દર્શનનું સ્વરૂપ જાણવું એ ખાસ આવશ્યક છે કારણ કે જ્યાં સુધી સમ્યગ્દર્શનના સ્વરૂપને આત્મા સમજે નહિ એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો ક્રમ જ્યાં સુધી જાણવામાં આવે નહિ ત્યાં સુધી આત્મા યથાર્થ રીતે તેમાં પ્રગતિ પણ કરી શકે નહિ માટે એ સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજવા આપણે કેટલાક દ્વાર બાંધીશું અને ક્રમશઃ એકએક દ્વારનું વિવેચન કરીશું. તે આ પ્રમાણે-

૧ સમ્યક્ત્વની પ્રાપ્તિનો ક્રમ કેવા પ્રકારનો છે?
૨ સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં કેટલા કારણુ છે?
૩ સમ્યગ્દર્શન ક્યારે અને કોને પ્રાપ્ત થઇ શકે છે?
૪ સમ્યગ્દર્શનના પ્રકાર કેટલા છે!
૫ સમ્યગ્દર્શન એ આત્મભાવ છે કે પરભાવ?
૬ સમ્યગ્દર્શન મારા આત્મામાં છે કે નહિ તે જાણવાનાં લક્ષણો ક્યાં ક્યાં છે?
૭ સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી આત્મા કેવા પ્રકારના ફળનો ભોક્તા થાય છે.

૧ સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં ત્રણુ કારણો મુખ્યત્વે કરીને ખાસ ધ્યાનમાં રાખવા લાયક છે. યથા પ્રવૃત્તિ કરણુ ૧ અપૂર્વ કરણુ ૨ અનિવૃત્તિ કરણુ એ ૩ ત્રણુ (આત્માના અધ્યવસાય વિશેષરૂપ) કરણો ક્રમશઃ જીવને કેવી રીતે પ્રાપ્ત થાય છે તે દર્શાવે છે. અનાદિ કાળથી સંસારચક્રમાં પરિભ્રમણુ કરનારો જીવ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવાદિની સામગ્રીના અનુસારે ભવ્યત્વ દશાનો પરિપાક થવાથી એવા પ્રકારના શુભ અધ્યાવસાયોને પ્રાપ્ત કરે છે કે જે અધ્યવસાયો વડે આત્મા સત્તામાં રહેલ દીર્ઘ સ્થિતિવાળા કર્મો અલ્પ સ્થિતિવાળા થઇ પલ્યોપમના અસંખ્યાતમા ભાગવડે ન્યુન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણુ સ્થિતિ વાળા થાય છે એટલે કે જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ, વેદનીય તથા અંતરાય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમ પ્રમાણુ છે. મોહનીય કર્મની સીતેર કોડાકોડી સાગરોપમ પ્રમાણુ જે સ્થિતિ છે. નામ અને ગોત્ર કર્મની જે વીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણુ સ્થિતિ સિદ્ધાંતમાં દર્શાવેલ છે. તેવી દીર્ઘ સ્થિતિવાળા આત્મસત્તામાં રહેલા કર્મદલિકોને જે અધ્યવસાયના સમૂહની વિશુદ્ધિ વડે અપવર્તના કરણદ્વારા પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યુન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણુ સ્થિતિવાળા કરે એટલું જ નહિ પરંતુ પ્રથમ તે તે પ્રકારના અશુભ અધ્યવસાય વડે જે શુભ પ્રકૃતિનો દ્વિસ્થાનિકાદિ રસ અને અશુભ પ્રકૃતિનો ચતુસ્થાનિકાદિ રસ બાંધતો હતો તે રસ બંધને અટકાવીને શુભ પ્રકૃતિ (પુણ્યપ્રકૃતિ) નો ચતુરસ્થાનિક અને અશુભ (પાપ) પ્રકૃતિનો દ્વિસ્થાનિક રસ બંધ કરે તે અધ્યાવસાયોના સમૂહ વિશેષનું નામ **યથાપ્રવૃત્તિ** કરણુ કહેવામાં આવે છે. આ **યથાપ્રવૃત્તિ કરણુ**નો કાળ અંતર્મૂહુર્ત પ્રમાણે છે. અંતર્મુહુર્તમાં પ્રત્યેક સમયે જે જે અધ્યવસાયો હોય છે તે અધ્યવસાયો પૂર્વ પૂર્વ સમયવર્તી અધ્યવસાયની અપેક્ષાએ અનંત ગુણુ વિશુદ્ધિવાળા હોય છે. **યથાપ્રવૃત્તિ** કરણવડે દીર્ઘ સ્થિતિવાળા આત્મસત્તામાં રહેલા કર્મદલિકોને લઘુસ્થિતિવાળા કરવાનું પ્રયોજન એ છે કે જેમ વસ્ત્ર ઉપર લાગેલો ભીનો ડાઘ જ્યાં સુધી તે ડાઘની ઉપર ચોંટેલ રજ દુર કરવામાં ન આવે ત્યાં સુધી દેખી શકાતો નથી તેમ ઉપર જણાવ્યા પ્રમાણે કર્મની લઘુતા થયા વિના જે રાગદ્વેષની નિવિડ ગ્રન્થિનો ભેદ કરી સમ્યક્ત્વગુણ પ્રાપ્ત કરવાનો છે તે અંતઃસ્થગ્રન્થી સ્થાન પ્રગટ થતું નથી.

જેમ **યથાપ્રવૃત્ત** કરણનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણે છે તેવી રીતે આગળ કહેવાતા **અપૂર્વકરણ** તથા અનિવૃત્તિ કરણનો કાળ પણ અંતર્મુહૂર્ત પ્રમાણે છે અને સમુદિત ત્રણે કારણનો કાળ પણુ અંતર્મુહૂર્ત પ્રમાણે છે. પરંતુ તે અંતર્મુહૂર્ત દરેકના કરતાં મોટું છે. આ **યથાપ્રવૃત્તિ** કરણુ તો ભવ્ય અને અભવ્ય બન્ને પ્રકારના જીવો પ્રાપ્ત કરી શકે છે.

કર્મસ્થિતિની અપવર્તના (લઘુતા) કરવાના સબંધમાં શાસ્ત્રમાં ધાન્યના પ્યાલાનું દૃષ્ટાંત બતાવેલ છે. જેમ કોઈ માણસ ધાન્યથી ભરેલા પ્યાલામાંથી ઘણું અનાજ બહાર કાઢતો જાય અને થોડું થોડું નાખતો જાય એમ કરતાં કેટલાક કાળે તેમાં ઘણું અલ્પ ધાન્ય રહે છે. તે પ્રમાણે ભવ્ય જીવ પણ અનાભોગ સ્વરૂપ **યથાપ્રવૃત્ત** કરણ વડે ઉત્પન્ન થયેલ નિજ વીર્યોલ્લાસથી દીર્ઘ સ્થિતિનો નાશ અને અલ્પસ્થિતિનો બંધ કરે છે એ પ્રમાણે કરતાં નિકટ મોક્ષગામી કોઇ ભવ્ય જીવ અનુક્રમે ગ્રંથી સ્થાનની સન્મુખ આવે છે. રાગદ્વેષની ચીકાશ રૂપી નિબિડ ગ્રંથિના સન્મુખ અભવ્ય જીવો પણ **યથાપ્રવૃત્તિ** કરણ વડે કર્મ સ્થિતિની લઘુતા કરી અનંતીવાર આવે છે પરંતુ અભવ્યત્વના યોગે ગ્રંથિસ્થાનનો ભેદ કરી શકતા નથી કારણ કે ગ્રન્થીસન્મુખ થયા પછી ગ્રન્થીનો ભેદ કરવાને યોગ્ય વિશુદ્ધ વિશુદ્ધતર અધ્યવસાયો તેમને પ્રાપ્ત થઇ શકતાજ નથી. અને તેથીજ ગ્રન્થીભેદના અભાવે મિથ્યાત્વ મોહનીયની સર્વોપશમના નહિ કરી શકવાથી ઔપશમીક સમ્યકત્વને પણ પ્રાપ્ત કરી શકતા નથી. તે સ્થળે તેઓ સંખ્ય અથવા અસંખ્ય કાળ પર્યંત રહે છે તેમાં કોઇ અભવ્ય જીવ ઉત્તમ મુનિમહાત્માઓનો ચક્રવર્તિ વિગેરે રાજાઓ તરફથી થતો ભકિત-પૂજા વિગેરે સત્કાર જોઈને અથવા તો તીર્થંકર ભગવંતની સમવસરણ વગેરે સમૃદ્ધી દેખીને અથવા સ્વર્ગાદિક સુખની અભિલાષાથી દ્રવ્ય ચારિત્રનો સ્વીકાર કરે છે. એટલુંજ નહિ કિંતુ લોકમાં પૂજાવાની બુદ્ધિથી પ્રતિક્રમણ,-પ્રતિલેખના, પ્રમાર્જનાદિ ક્રિયા કાંડનું પણ રૂડી રીતે આચરણ કરે છે. તેથી આયુષ્ય સંપૂર્ણ થયે ઉત્કૃષ્ટ દ્રવ્ય ચારિત્રના પ્રભાવે નવમા ગ્રૈવેક સુધી પણ ઉત્પન્ન થાય છે. દ્રવ્ય ચારિત્રનો મહિમા પણ અપૂર્વ છે. પંચાશકની ટીકામાં કહ્યું છે કે—**सव्वजीयाणं जम्हा, सुत्तेगेविज्जगेसु उववाओ । भणिओ जिणेहिं सोनय लिंग मोत्तुंजओ भणियं ॥१॥ जे दंसणवावन्ना लिङ्गगहणं करिंति सामन्ने । तेसिंपिय उववाओ उक्कोसो जाव गेविज्जा ॥२॥** એજ પ્રમાણે કેટલાક અભવ્ય જીવો નવ પૂર્વ સુધીના સૂત્ર પાઠને જાણી શકે છે જેથી તે શ્રુત સામાયિકના અધિકારી પણ થઇ શકે છે. કહ્યું છે કે—"**तित्थंकराइपूअं दट्टुणपण्णेण वाविकज्जेण । सुंयसामाइय लाहोहोइ अभव्वस्स गंठिम्मि॥१॥**ને અભવ્યો પૂર્વધરની લબ્ધિના અભાવે અર્થ જાણતા નથી. તેમજ સમ્યગ્દર્શનથી રહિત હોય છે તેથી તેઓનું શ્રુત પણ દ્રવ્ય શ્રુત કહેવાય છે.

ગ્રન્થિ દેશની સન્મુખ આવેલા કેટલાક ભવ્યજીવો પણ રાગાદિક શત્રુઓથી પરાભવ પામી પુનઃ અધસ્થાનમાં ઉતરી પૂર્વની માફક દીર્ઘ સ્થિતિવાળા કર્મ ઉપાર્જન કરે છે. કેટલાક ભવ્યજીવો અવસ્થિત પરિણામવાળા થયા થકા તેજ સ્થલે અમુક કાળ સુધી ટકી રહે છે જ્યારે અપાર્ધ પુદ્ગલ પરાવર્તનમાં નિયમા જેઓનો મોક્ષ છે એવા ચતુર્ગતિક સંજ્ઞિ પર્યાપ્ત પંચેંદ્રિય જીવો કુહાડાની તીક્ષ્ણ ધારા સમાન અપૂર્વ કરણાન્તર્ગત નવીન શુભતર અધ્યવસાયો વડે ગ્રન્થિસ્થાનનો ભેદ કરે છે. જેમ કોઈ ત્રણ માણસો એક ગામથી ઇચ્છિત નગરે જવા માટે એક સાથે નીકળ્યા. ચાલતા ચાલતા માર્ગને ઘણો ઓછો કરી અનુક્રમે એક ચોરથી ભરેલી અટવીમાં આવી પહોંચ્યા. ચોરના ભયથી ભયભીત થઇ ત્રણ મનુષ્યોમાંથી એક પુરૂષ તો ત્યાંથી પાછો જ હઠી ગયો. બીજા એકને ચોરોએ પકડી લીધો. જ્યારે ત્રીજો પુરુષ અત્યંત બલિષ્ટ હોવાથી ચોરોને હરાવી અટવીનો પાર પામી પોતાના

ઇષ્ટ નગરે પહોંચી ગયો. દષ્ટાંતનો ભાવાર્થ આ પ્રમાણેઃ—ત્રણ માણસ તે સંસારી જીવો સમજવા, અટવી તે સંસાર સમજવો. લાંબો માર્ગ તે કર્મની દીર્ઘતા સમજવી. ચોરોના ભયથી ભયંકર અટવી સ્થાન તે ગ્રન્થિદોષ જાણવો. બે ચોરો તે રાગદ્વેષ સમજવા ચોરના ભયથી પાછો નાસી જનાર મનુષ્ય તે ગ્રન્થિસ્થાનની સન્મુખ આવી ક્લિષ્ટ અધ્યવસાયના યોગે સપડાયેલ તે અવસ્થિત પરિણામી જાણવો તેમજ ઇષ્ટ નગરે પહોંચનાર બલવાન મનુષ્ય તે શુભ અધ્યાવસાયાત્મક અપૂર્વ કરણ વડે ગ્રન્થિદેશનો ભેદ કરી ઔપશમિક સમ્યકત્વને પ્રાપ્ત કરનાર જાણવો.

એ પ્રમાણે આત્મસત્તામાં રહેલ દીર્ઘ સ્થિતિવાળા કર્મ પ્રદેશોને અપવર્તના સંક્રમ દ્વારા હ્રસ્વ સ્થિતિવાળા (પલ્યોપમનો અસંખ્ય ભાગ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ) કરવા, નવીન કર્મબંધ પણ અંતઃ કોડાકોડી સાગરોપમથી વિશેષ કરવો નહિ. પુન્ય પ્રકૃતિનો ચતુઃસ્થાનિક તથા પાપ પ્રકૃતિનો દ્વિ સ્થાનક રસ બંધ કરવો. પૂર્વપૂર્વના સમયની અપેક્ષાએ આગળ આગળના સમયે પલ્યોપમના અસંખ્ય ભાગ ન્યૂન ન્યૂન સ્થિતિબંધ કરવો અને ગ્રંથિદેશની સન્મુખ આવવું. એ **યથાપ્રવૃત્તિ** કારણનું કાર્ય છે. હવે અપૂર્વ કરણવડે ગ્રંથિભેદ કરી અનિવૃત્તિ કરણવડે અંતર કરણ કરી કેવી રીતે ઔપશમિક સમ્યકત્વ પ્રાપ્ત કરે છે તે ક્રમ કહેવામાં આવે છે.

પ્રથમ કોઇ વખતે પણ નહિ કરેલા એવા અપૂર્વ સ્થિતિઘાત–રસઘાત–ગુણશ્રેણી અને અભિનવસ્થિતિ બંધ એ ચાર ક્રિયાઓ જે વિશિષ્ટ અધ્યાવસાયોથી થઇ શકે છે તે નવીન અધ્યવસાયોના સમૂહનું નામ **અપૂર્વકરણ** છે. જીવને પોતાના નિબિડ દુષ્કર્મથી ઉત્પન્ન થયેલ, લાંબા કાળની ઉગેલ ગુપ્ત વાંસની ગાંઠ જેવી કઠોર દુઃખે કરીને ભેદી શકાય તેવી અને અત્યાર સુધી પૂર્વે કોઇ વખતે પણ નહિ ભેદેલી એવી રાગદ્વેષના નિબિડ પરિણામ રૂપી ગ્રંથિ છે આ ગ્રથીનો ભેદ કરવો તે અપૂર્વ કરણનું ફળ છે. આ અપૂર્વ કરણનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. પૂર્વે કહ્યા પ્રમાણે આ કરણમાં સ્થિતિ ઘાતાદિ ચાર અપૂર્વ કાર્યો કરે છે. એ સ્થિતિ ઘાતાદિનું સ્વરૂપ આ પ્રમાણે સ્થિતિઘાત–સિધી લાઇનરૂપ સત્તામાં રહેલ અંતઃ કોડાકોડી પ્રમાણ સ્થિતિ સંબંધી ઉપરના ભાગમાંથી વધારેમાં વધારે સેંકડો સાગરોપમ પ્રમાણ અને ઓછામાં ઓછો પલ્યોપમના સંખ્યાત ભાગ પ્રમાણ સ્થિતિ ખંડને ઉકેરે છે.. અર્થાત તે ભાગમાં રહેલ પૂર્વોક્ત સ્થિતિવાળા કર્મદલિકને ત્યાંથી ઉઠાવે છે. અને તેઓને નીચેની પ્રથમ સ્થિતિ કે જેમાં રહેલા દલિકો વર્તમાનમાં અનુભવાતાં નથી તે સ્થિતિમાં ગોઠવે છે. આ ક્રિયા અંત મુંહૂર્ત સુધી ચાલુ રહે છે. ત્યારબાદ સમાપ્ત થાય છે. તે વાર પછી પ્રથમ સ્થિતિખંડની અનંતર રહેલા પલ્યોપમના સંખ્યાત ભાગ પ્રમાણ બીજા સ્થિતિ ખંડને અંતર્મુહૂર્તમાં ઉકેરે છે. અને પૂર્વની માફક પુનઃ નીચેના સ્થિતિ ખંડમાં દલિક પ્રક્ષેપ કરે છે, એ પ્રમાણે અપૂર્વ કરણના અંતર્મુહૂર્ત પ્રમાણ કાળમાં હજારો હજારો સ્થિતિ ખંડના દલિકો ઉઠાવી નીચેની સ્થિતિમાં દાખલ કરે છે–અને તેમ કરતાં અપૂર્વ કરણના પ્રથમ સમયની સ્થિતિમાંથી સંખ્યગુણ હીન સ્થિતિ થાય છે. એટલે તેટલા પ્રમાણ સ્થિતિવાળા દલિકોથી તે ભાગ ખાલી થાય છે.

**રસઘાત**:—આત્મ સત્તામાં રહેલ અશુભ પ્રકૃતિઓના રસવિભાગોના અનંત ભાગ કરી તેમાંથી એક ભાગ છોડી દઇ બાકીના રસાણુઓનો અંતર્મુહૂર્ત કાળમાં નાશ કરે છે. તે વાર પછી છોડી દીધેલ એક અનંતમાં રસાવિભાગના પુનઃ અનંતા વિભાગ કરી તેમાંથી એક ભાગ બાકી રાખી પુનઃ અંતર્મુહૂર્તમાં શેષ સર્વ રસાણુઓનો વિનાશ કરે છે. એ પ્રમાણે વિવક્ષિત સ્થિતિઘાતના કાળમાં હજારો રસઘાત થાય છે. અને એવા હજારો સ્થિતિ ઘાતો અપૂર્વ કરણમાં થાય છે.

**ગુણશ્રેણિ**–ઉપરની સ્થિતિમાંથી ઉઠાવેલ દલિકોને પૂર્વ પૂર્વ સમય કરતાં ઉત્તરોત્તર સમયોમાં અસંખ્યેય ગુણવૃદ્ધિ એ દાખલ કરવા તેનું નામ ગુણશ્રેણિ છે. **અભિનવસ્થિતિબંધ**;–આ અપૂર્વકરણમાં પ્રથમથીજ દરેક સમયે પ્રથમ નહિ કરેલ એવો પલ્યોપમના અસંખ્યેય ભાગહીન સ્થિતિબંધ કરવો તે **અભિનવસ્થિતિબંધ** કહેવાય છે.

એ પ્રમાણે સ્થિતિઘાતાદિ ચાર કાર્યો વડે ગ્રન્થિભેદ કરી અનિવૃત્તિકરણમાં આત્મા પ્રવેશ કરે છે.

**અનિવૃત્તિકરણ**;–આ કરણ એકી સાથે પ્રાપ્ત કરનાર વિવક્ષિત સમયે ત્રિલોકવર્ત્તી જીવોના પરિણામમાં કોઇ પણ જાતનો ફેરફાર નહિ હોવાથી આ કરણનું નામ **અનિવૃત્તિકરણ** છે, પૂર્વ પૂર્વ સમયના અધ્યવસાયોની વિશુદ્ધિની અપેક્ષાએ અગ્રવર્તી સમયના અધ્યવસાયો અનંતગુણ વિશુદ્ધ હોય છે પરંતુ એક સાથે પાંચ–દશ–પંદર–અથવા પચાસ માણસોના અધ્યવસાયો વિવક્ષિત સમયે સરખાજ હોય છે. તેમજ આકરણનું નામ અનિવૃત્તિ પાડવાનું એ પણ કારણ છે કે તે કારણાન્તર્ગત અધ્યવસાયો આત્માને સમ્યક્ત્વ ગુણનો લાભ પ્રાપ્ત કરાવ્યા વિના પાછા ફરતાજ નથી. ઉપર કહ્યા પ્રમાણે ત્રણે કરણોની અનુક્રમે પ્રાપ્તિ થાય છે. તેમાં અનિવૃત્તિ કરણના જેટલા સમયો છે, તેટલાજ તેના અધ્યવસાયો છે અને પૂર્વ પૂર્વ અધ્યવસાયની અપેક્ષાએ અગ્રિમ અધ્યવસાય અનંત ગુણ વિશુદ્ધ હોય છે. પૂર્વે કહેલા યથા પ્રવૃત્તિ તેમજ અપૂર્વકરણના અધ્યવસાયો અસંખ્ય લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે. અપૂર્વ કરણ કાળમાં પ્રારંભથીજ જેમ સ્થિતિ ઘાતાદિ ચાર કાર્યો થાય છે તે પ્રમાણે આ અનિવૃત્તિ કરણમાં પણ તેનાથી અધિક બળવાળા તે ચારે કાર્યો સમજવા.

અનિવૃતિ કરણનો અંતર્મુહુર્ત પ્રમાણ જે કાળ પ્રથમ દર્શાવેલ છે, તેના સંખ્યાત ભાગમાંથી ઘણા ભાગો વ્યતિત થઇ ગયા બાદ એક સંખ્યાતમો ભાગ જ્યારે શેષ રહે છે ત્યારે સીધી લાઇન સરખી મિથ્યાત્વની સ્થિતિમાંથી નીચેનો ( અનિવૃતિ કરણ તરફનો ) અંતર્મૂહુર્ત પ્રમાણ ઉદયાવલિકાનો ભાગ છોડી દઈ શેષ ભાગમાં અંતરકરણ કરે છે. અંતર કરણનો ભાગ એ છે કે " અંતર્મુહુર્ત સુધી ભોગવી શકાય તેટલા મિથ્યાત્વના દલિકોનો પ્રથમ સ્થિતિ તથા દ્વિતીય સ્થિતિમાં (આગળ પાછળની સ્થિતિમાં) પ્રક્ષેપ કરવા રૂપ જે ક્રિયા અથવા તેને લાયક જે અધ્યવસાયો તેને અંતર કરણ કહેવાય છે. તથા ભવીષ્યમાં પ્રાપ્ત થવા વાળું જે ઔપશમિક સમ્યક્ત્વ–તે સમ્યક્ત્વાવસ્થામાં મિથ્યાત્વ મોહનીયના પુદ્દગલો કોઇપણ જાતનું વિઘ્ન ન કરે તે માટે તેમજ અંતર્મુહુર્ત પ્રમાણ ઔપશમિક સમ્યગ્-દર્શનને આત્મા નિરાબાધપણે ફરસી શકે તેટલા માટે તેટલા દલિકોથી રહિત તે ભાગ કરવામાં આવે છે. એમ થવાથી મિથ્યાત્વની સ્થિતિના બે વિભાગ થાય છે. ( ૧ ) પ્રથમસ્થિતિ. ( ૨ ) દ્વિતીય સ્થિતિ. પ્રથમ સ્થિતિ અંતર્મુહુર્ત પ્રમાણે

છે. જ્યારે દ્વિતીય સ્થિતિ અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. પ્રથમ સ્થિતિમાં રહેલ મિથ્યાત્વના દલિકોનો અનુભવ કરતો મિથ્યાદષ્ટિ જીવ ઉદીરણા કરણવડે (પ્રથમ સ્થિતિ કેગત) દલિકોને ખેંચી ઉદયાવલિકામાં દાખલ કરે છે તેનું નામ ઉદીરણા કહેવાય છે અને ત્યાંને ત્યાંજ રહેલ તે જીવ દ્વિતીય સ્થિતિ ( અંત કોડાકોડી સાગરોપમ પ્રમાણાત્મક ) માંથી દલિકોનું તેજ ( ઉદીરણા ) પ્રયોગ વડે આકર્ષણ કરી ઉદયાવલીકામાં પ્રક્ષેપ કરે છે તેને "**आगाल**" કહેવામાં આવે છે. આગાલ પણ ઉદીરણાનો એક ભેદ વિશેષ છે. ઉદય અને ઉદીરણાનો અનુભવ કરતાં અંતર્મૂહુર્ત પ્રમાણ પ્રથમ સ્થિતિ બે આવલિકા પ્રમાણ શેષ રહે ત્યારે **आगाल** રૂપ ઉદીરણા પ્રવર્તતી નથી. એ પહેલાં આગાલ અને ગુણશ્રેણિ બન્ને પ્રવર્તે છે. પૂર્વે જણાવ્યા પ્રમાણે બે આવલિકા માત્ર શેષ રહે ત્યારે તો ફક્ત મિથ્યાત્વનો સ્થિતિ ધાત, રસધાત અને ઉદીરણાજ ચાલુ રહે છે. બે આવલિકામાંથી જ્યારે એક આવલિકા શેષ રહે ત્યારે સ્થિતિ ધાત, રસધાત, અને ઉદીરણા પણ બંધ થઇ જાય છે. તે આવલિકામાં રહેલ દલિકોને ઉદય વડેજ ભોગવે છે. જ્યાં સુધી પ્રથમ સ્થિતિમાં રહેલા મિથ્યાત્વના દલિકોને જીવ ભોગવતો હોય ત્યાં સુધી મિથ્યાદષ્ટિ ગણાય છે. મિથ્યાત્વની પ્રથમ સ્થિતિના ચરમ સમયમાં એટલે કે અનિવૃત્તિ કરણના છેલ્લા સમયે બીજી સ્થિતિમાં ( અંતર કરણથી ઉપરની ) રહેલ મિથ્યાત્વના દલિકોના મદન કોદ્રવાના દૃષ્ટાંતે રસની તરતમતાવાળા ત્રણપુંજ કરે છે. કહ્યું છે કે–**तं कालं वीयठिइं तिहाणु भावेण देसघीइत्थ। सम्मत्तं सम्मिसंमिच्छत सव्व घीइत्थो॥१॥** અર્થઃ–તે કાલે એટલે જે સમયથી અનન્તર સમયે ઉપશમ સમ્યકત્વ પામશે તે સમયે મિથ્યાત્વભાવમાં રહ્યો થકો બીજી સ્થિતિમાં રહેલ મિથ્યાત્વ મોહનીયના દલિકોને અનુભાગ વડે શુદ્ધ, અર્ધશુદ્ધ અને અશુદ્ધ એમ ત્રણ વિભાગવાળા કરે છે. તેમાં જે શુદ્ધ પુંજ છે તે સમ્યકત્વ મોહનીયનો પુંજ જાણવો. અને તે સમ્યકત્વ મોહનીયમાં રહેલ રસ વિશિષ્ટ શ્રદ્ધાનરૂપ આત્મગુણને દેશથી અટકાવે છે. એટલે તે દેશઘાતિ પ્રકૃત્તિ છે. તથા અર્ધશુદ્ધ તે મિશ્રમોહનીય અને અશુદ્ધને મિથ્યાત્વ મોહનીયનો પુંજ સમજવો તે બન્ને શ્રદ્ધાનરૂપ આત્મગુણનો સર્વાંશે વિઘાતક હોવાથી સર્વઘાતી પ્રકૃતિ છે.

એ પ્રમાણે અનિવૃત્તિ કરણના છેલ્લા સમય સુધી પ્રથમ સ્થિતિમાં વર્તતા મિથ્યાત્વ મોહનીયના દલિકોને ભોગવી જ્યારે આત્મા અંતરકરણમાં પ્રવેશ કરે છે ત્યારે ( અંતર કરણના પ્રથમ સમયેજ ) ઔપશમિક સમ્યકત્વને પ્રાપ્ત કરે છે. સેનાધિપતિ દુર્જય શત્રુઓનો પરાભવ કરી વિજય મેળવવાથી જેવા આલ્હાદનો અનુભવ કરે છે તેનાથી પણ અવર્ણનીય આનંદનો અનુભવ રાગદ્વેષ રૂપી દુર્ધર શત્રુઓનો પરાજય કરવાથી આત્માને થાય છે. આ ઔપશમિક સમ્યગ્દર્શન તે ભાવ સમ્યકત્વ છે. કારણ કે અનન્તાનું બંધિ ચતુષ્ટય તેમજ સમ્યકત્વ મોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય એ ત્રણ દર્શનત્રિકમાંથી કોઇ પણ પ્રદેશોદય તેમજ વિપાકોદય હોતો નથી. સિદ્ધાંતમાં પણ એજ કારણથી ક્ષાયિક તેમજ ઔપશમિક સમ્મગદર્શનને અપોદ્‌ગલિક ભાવ સમ્યકત્વ તરીકે સ્વીકારેલ છે. આ પ્રમાણે અનાદિ મિથ્યાદષ્ટિ ભવ્ય જીવ સર્વથી પ્રથમ ઔપશમિક સમ્યગદર્શનને પામે છે. (સિદ્ધાંતિક મત પ્રમાણે ત્રણ પુંજ પ્રથમ કરેલ હોવાથી ક્ષયોપશમ પણ પામે.) એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કાળમાં કોઇ વિશુદ્ધ પરિણામી જીવ દેશ વિરતિ તથા સર્વ વિરતીપણાને

પણ પ્રાપ્ત કરે છે. જે માટે કહ્યું છે કે " उवसमसम्मद्दिट्ठि अंतरकरणेठिओ कोइ। देस विरइं पि लहेइ पमत्तापमत्तभावंपि, सासायणो पुण न किंपि लहेइ ॥ આ પ્રમાણે પૂર્વોક્ત રીતિએ નિકટ કલ્યાણકારી અપાર્ધ પુદ્‌ગલ વર્તનમાં નિશ્ચયથી મોક્ષગામી કોઇક ભવ્ય જીવ અપૂર્વ વીર્યોલ્લાસ વડે વૃદ્ધિ પામતો ગ્રન્થિ ભેદ કરી સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ કરે છે.

૨. સમ્યગ્ દર્શનની પ્રાપ્તિમાં કેટલાં કારણો છે ? એ પ્રશ્નના સંબંધમાં વાચકવર્ય શ્રીમાન્ ઉમાસ્વાતિજી મહારાજ તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં આ પ્રમાણે જણાવે છે કે "तन्निसर्गादधिगमाद्वा" સમ્યગ્ દર્શન આત્માને બે પ્રકારથી પ્રાપ્ત થાય છે. પ્રથમ નિસર્ગ (બીજાના ઉપદેશાદિ કારણ વિના સ્વાભાવિક રીતે) થી, બીજું અન્ય પુરૂષોના ઉપદેશાદિ નિમિત્ત રૂપ અધિગમથી સમ્યગ્ દર્શનનો લાભ થાય છે. તે બન્ને પ્રકાર અનુક્રમે દર્શાવાય છે. આ સંસારચક્રમાં કર્મ-વશવર્તી જીવ સ્વકર્માનુસારે ચારે ગતિમાં પરિભ્રમણ કરતો નાના પ્રકારનાં સુખદુઃખોનો અનુભવ કરતો અકામ નિર્જરા વડે આત્મસત્તામાં રહેલ કર્મ પરમાણુઓનો પરિશાટ કરતો શુભાશુભ અધ્યવસાયના યોગે પુનઃ નવિન કર્મને ઉપાર્જન કરતો છતો પાણીના રેંટની માફક સંસારમાં પરિભ્રમણ કરે છે. એ પ્રમાણે અનન્તા પુદ્‌ગલ પરાવર્તન સુધી અવ્યવહાર રાશિમાં સૂક્ષ્મ નિગોદાદિમાં પરિભ્રમણ કરીને જન્મ મરણાદિના અસહ્ય પરિતાપને ભોગવતો અકામ નિર્જરાવડે કર્મક્ષય કરતો કરતો અનુક્રમે વ્યવહાર રાશિમાં આવે છે. એ વ્યવહાર રાશિમાં પણ પુન્યના ઉદયથી પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયપણું પ્રાપ્ત થાય ત્યારે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવની શુભ સામગ્રીને પામી ભવ્યત્વના યોગે પૂર્વે જણાવ્યા પ્રમાણે યથાપ્રવૃત્તિ કરણ વડે કર્મ લાઘવ કરે છે અને અપૂર્વ કરણાદિ સામગ્રીને પ્રાપ્ત કરી ક્રમશઃ ઔપશમિક સમ્યક્ત્વને પામે છે. આ " **निसर्ग सम्यग्दर्शन** " કહેવાય છે. અર્થાત્ તીર્થંકરાદિનો ઉપદેશ, જિનબિંબનાં દર્શન, વગેરે સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનાં નિમિત્તો વિનાજ સ્વાભાવિક રીતે ભવ્ય પ્રાણીને જે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે તે નિસર્ગ સમ્યગ્ દર્શન છે. તત્ત્વાર્થ ભાષ્યમાંજ જે માટે કહ્યું છે "**तस्यानादौ संसारे परिभ्रमतः कर्मत एव कर्मणः स्वकृतस्य बन्धनिकाचनोदयनिर्जरापेक्षं नारकतिर्यग्योनिमनुष्यामरभवग्रहणेषु विविधं पुण्यपापफलमनुभवतो ज्ञानदर्शनोपयोगस्वाभाव्यात् तानि तानि परिणामध्यवसायस्थानान्तराणि गच्छतोऽनादि मिथ्यादृष्टेरपि सतः परिणामविशेषादपूर्वकरणं तादृग् भवति येनास्यानुपदेशात् सम्यग्दर्शनमुत्पद्यते इत्येतत् निसर्गसम्यग्दर्शनम्** ॥ "

હવે બીજો પ્રકારઃ—ગુરૂપદેશાદિ કોઇપણ બાહ્ય નિમિત્તથી આત્મામાં ઉત્પન્ન થયેલ તથાપ્રકારના શુભ અધ્યવસાય વડે મિથ્યાત્વ મોહનીયનો જે ઉપશમાદિ થવો અને તેથી આત્માને જે ઔપશમિકાદિ સમ્યક્ત્વની પ્રાપ્તિ થવી તેનું નામ "**अधिगमसम्यक्त्व**" છે. અહિં એટલું ખાસ લક્ષમાં રાખવાનું છે કે પ્રથમ જણાવેલ 'નિસર્ગ સમ્યક્ત્વ' તેમજ આ 'અધિગમ સમ્યક્ત્વ' મિથ્યાત્વ મોહનીયનો ઉપશમ (અથવા ક્ષયોપશમ) થવાથીજ પ્રાપ્ત થાય છે: પરંતુ તે ઉપશમ કેટલાક ભવ્ય જીવોને કોઇપણ બાહ્ય નિમિત્ત વિના સ્વાભાવિક રીતે પૂર્વે જણાવ્યા પ્રમાણે થાય છે. જ્યારે કેટલાક જીવોને બાહ્યના શુભ નિમિત્તથી ઉપશમ થાય છે. અર્થાત્ ઔપશમિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ મિથ્યાત્વ મોહનીયના ઉપશમથીજ થાય છે. પરંતુ તે ઉપશમ બે પ્રકારે થતો હોવાથી સમ્યગ્દર્શન પણ બે પ્રકારનું કહેવાય છે. તીર્થંકર ગણધર મહારાજાઓનો સદુપદેશ, સમવસરણાદિ સામગ્રીનું દર્શન—જિનબિંબ, રથયાત્રા,

તીર્થના સંઘ-ઉપધાન-ઉદ્યાપનાદિ શાસન પ્રભાવનાનાં કાર્યો દેખવાથી ભાવિક ભવ્ય પ્રાણીઓના હૃદયમાં ધર્મની એકાંત અનુમોદના થવાથી તેમજ આત્મામાં શુભ પરિણામ જાગૃત થવાથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. જેથી ઉત્કૃષ્ટપણાએ કરીને પણ અપાર્ધ પુદ્ગલ પરાવર્તનમાં નિશ્ચયથી પ્રાણી શિવપદને પામે છે. વર્તમાનમાં સ્વધર્મી બંધુઓના ઉદ્ધારના નામે તેમજ દ્રવ્ય, ક્ષેત્રાદિકના નામે રથયાત્રા-ધાર્મિક વરઘોડાઓ, ઉપધાન, ઉદ્યાપનાદિ કાર્યોમાં ધનવ્યય નહિ કરવા માટે ઉપદેશ આપવાની માન્યતાને કેટલાક વિદ્વાનો ધરાવે છે; અને શક્ય હોય ત્યાં સુધી તેઓ ઉપદેશ આપવાની પ્રવૃત્તિ પણ વિશેષ રાખે છે, તે યોગ્ય છે કે કેમ ?, તે સમ્યગ્દર્શનની પ્રાપ્તિનાં સિદ્ધાંતમાં દર્શાવેલાં કારણોનો વિચાર કરવાથી સ્વયમેવ જણાઇ આવશે. જૈનદર્શનમાં પ્રવચન (શાસન) ના આઠ પ્રકારના પ્રભાવક કહ્યા છે અને તે પ્રકારમાં વિશિષ્ટ ગુણયુક્ત મુનિ મહાત્માઓનાં નિદર્શન આપ્યાં છે. તે પ્રમાણે શ્રી જિનેશ્વરસૂરિ મહારાજ શ્રી અષ્ટકજીની ટીકામાં શાસનની પ્રભાવના કરનાર શ્રાવકને પણ પ્રવચનના પ્રભાવક તરીકે ગણવાનો ઉલ્લેખ કરે છે. માટે તીર્થના સંઘ, રથયાત્રાદિ કાર્યો, સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં કારણભૂત હોવાથી કરવાં આવશ્યક છે. એથી જે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તે " **अधिगम सम्यक्त्व** " કહેવાય છે.

૩. સમ્યગ્દર્શન કયારે અને કોને પ્રાપ્ત થઈ શકે ?, તે સંબંધે સમ્યગ્દર્શનની પ્રાપ્તિના ક્રમવર્ણન પ્રસંગે આવી ગયેલ છે. છતાં ટુંકમાં એટલું સમજવું કે વધારેમાં વધારે અપાર્ધ પુદ્ગલ પરાવર્તન કાળમાં નિયમા જેનો મોક્ષ હોય એવા સંજ્ઞી પર્યાપ્ત પંચેન્દ્રિય ભવ્ય પ્રાણીનેજ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છેઃ પરંતુ ઉપર જણાવેલ કાળથી વધારે સંસારમાં પરિભ્રમણ કરનાર ભવ્યને તેમજ અભવ્યને (સદા કાળ) એ સમ્યક્ત્વગુણ પ્રાપ્ત થતોજ નથી.

**૪. સમ્યગ્દર્શનના પ્રકારઃ**-શ્રીમાન્ હરિભદ્રસૂરિ મહારાજા ધર્મસંગ્રહણીમાં સમ્યક્ત્વ વર્ણન પ્રસંગે તેના પ્રકાર દર્શાવતાં જણાવે છે કે "**सम्मत्तंपि य तिविहं खओवसमियं तहोवसमियं च । खइयं च कारयादि य पन्नतं वीयरागेहिं ॥ १ ॥** " મુખ્યત્વે કરીને સમ્યક્ત્વના ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિક ત્રણ પ્રકાર છે, તેમજ કારક, રોચક, અને દીપક એમ પણ સમ્યક્ત્વના ત્રણ ભેદ છે. પ્રથમ ક્ષાયોપશમિકનું યત્કિંચિત્ સ્વરૂપ કહેવામાં આવે છે. મિથ્યાત્વ મોહનીયનો પ્રદેશોદય તથા સમ્યક્ત્વ મોહનીયનો વિપાકોદય જે અવસ્થા વિશેષમાં વર્તતો હોય તેનું નામ ક્ષયોપશમ સમ્યક્ત્વ છે. અર્થાત્ ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતી વખતે ( કાર્મગ્રંથિક મત પ્રમાણે ) ( સિદ્ધાંતિક મત પ્રમાણે અપૂર્વકરણાવસ્થામાં ) આત્મસત્તામાં રહેલ મિથ્યાત્વ મોહનીયના દલિકોના શુદ્ધ, અર્ધશુદ્ધ અને અશુદ્ધ એવા રસની તરતમતાવાળા ત્રણ વિભાગ કરે છે. તેમાં જે શુદ્ધ પુંજ છે, તેને સમ્યક્ત્વ મોહનીય કહેવાય છેઃ તેનો જ્યારે ઉદય વર્તતો હોય ત્યારે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય છે. જે માટે કહ્યું છે કેઃ " **मिच्छत्तं जमुइन्नं तंखीणं अणुदियं च उवसंतं । मीसीभावपरिणतं वेइज्जंतं खओवसमं ॥ १ ॥**" ભાવાર્થઃ—જેટલા મિથ્યાત્વ મોહનીયના દલિકો મિથ્યાત્વ સ્વભાવે ઉદયાવલિકામાં પ્રવિષ્ટ થઇ ભોગવટામાં આવ્યા તેટલા પ્રમાણથી તે મિથ્યાત્વમોહનીય કર્મનો ક્ષય થયો. જે દલિકો ઉદયમાં નથી આવ્યા તે (માંથી કેટલાક) દલિકો ઉપશાંત ભાવને પામ્યા. એટલે જે મિથ્યાત્વ મોહનીય કર્મ મિથ્યાત્વ સ્વભાવે ઉદયમાં આવતું હતું તે ઉદય અટકાવી તે

(કેટલાક) દલિકોમાં રહેલ મિથ્યાત્વના રસને [illegible] કરી (અપૂર્વકરણ અવસ્થામાં અથવા ઉપશમ-પ્રાપ્તિ કાલમાં) મદન કોદ્રવાના ઉદાહરણ પ્રમાણે તે દલિકોને શુદ્ધ કર્યો. અર્થાત્ કર્મ પરમાણુમાં ઉત્પન્ન થયેલ મિથ્યાત્વ સ્વભાવને દૂર કરી સમ્યક્ત્વ સ્વભાવ ઉત્પન્ન કર્યો. જે માટે પૂર્વોકત ગાથાની ટીકામાંજ શ્રીમાન્ મલયગિરિજી મહારાજ સ્પષ્ટ રીતે જણાવે છે કે–"**उपशान्तं नाम विष्कम्मितोदयमपनीतमिथ्यात्त्वस्वभावं च, तत्र विष्कम्मित्तोदयं–भस्माछन्नाग्निरिवानुद्रिक्तावस्थं, अपनीत मिथ्यात्व स्वभावं–मदनकोद्रवोदाहरणेनापादित सम्यक्त्व स्वभावम् ।**" એ પ્રમાણે પૂર્વોકત રીતે ક્ષયોપશમ ભાવને પામેલા અને મિશ્રભાવે (અણુઓ મિથ્યાત્વનાં, રસ સમ્યક્ત્વનો) પરિણમેલા સમ્યક્ત્વ મોહનીયના દલિકો ઉદયમાં આવે ત્યારે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે. વિશેષ ટીકા દ્વારા જાણવું.

આ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ચતુર્થ ગુણસ્થાનકથી લઇને સપ્તમ ગુણસ્થાનક સુધી હોય છે. તેનો ઉત્કૃષ્ટકાળ ૬૬ સાગરોપમથી કાંઈક અધિક છે અને જઘન્યકાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. આખા ભવચક્રમાં ક્ષયોપશમ સમ્યક્ત્વ જીવને અસંખ્યવાર પ્રાપ્ત થાય છે. ઉપશમ તથા ક્ષાયિક સમ્યક્ત્વમાં જેવા પ્રકારથી પ્રકર્ષપણે શ્રદ્ધાનાત્મક આત્મગુણ પ્રગટ થયેલ હોય છે, તે કરતાં કાંઇક ન્યૂનપણાએ આ ક્ષયોપશમ સમ્યક્ત્વથી શ્રદ્ધાનાત્મક આત્મગુણ પ્રગટ થયેલ હોય છે. કારણ કે ક્ષયોપશમ સમ્યક્ત્વ પૌદ્ગલિક છે. જ્યારે ઉપશમ તથા ક્ષાયિક અપૌદ્ગલિક છે. **औपशमिक सम्यक्त्व**—આ સમ્યક્ત્વ પ્રાણી કેવી રીતે પ્રાપ્ત કરે છે, તે સંબંધી પ્રથમ સારી રીતે જણાવેલ છે. જે અવસ્થા વિશેષમાં અનન્તાનુબંધી ચતુષ્ક તથા દર્શનત્રિક એ સાત પ્રકૃતિનો પ્રદેશોદય તેમજ વિપાકોદય પણ ન વર્તતો હોય તેનું નામ ઔપશમિક સમ્યક્ત્વ છે. આ ઔપશમિક સમ્યક્ત્વ ચતુર્થ ગુણસ્થાનકથી લઇને અગીઆરમા ગુણસ્થાનક સુધી હોય છે. આ સમ્યક્ત્વ બે પ્રકારનું છે. એક તો અનાદિ મિથ્યાદષ્ટિ ભવચક્રમાં પરિભ્રમણ કરતાં સર્વથી પ્રથમ જે સમ્યગ્દર્શનનો લાભ પ્રાપ્ત કરે તે. અને બીજું ઉપશમ શ્રેણિગત હોય છે. બન્ને પ્રકારનાં (અનાદિ મિથ્યાદષ્ટિ સંબંધી તેમજ શ્રેણિગત) સમ્યક્ત્વનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. સમગ્ર ભવચક્રમાં ઔપશમિક સમ્યક્ત્વ વધારેમાં વધારે પાંચ વખત પ્રાપ્ત થાય છે.

**क्षायिक सम्यक्त्व**—સમ્યક્ત્વ મોહનીય,[૧] મિશ્રમોહનીય,[૨] તથા મિથ્યાત્વમોહનીય[૩] તેમજ અનન્તાનુબંધી ક્રોધ,[૪] માન,[૫] માયા,[૬] લોભ,[૭] એ સાત પ્રકારનો ક્ષય થવાથી આત્મામાં ઉત્પન્ન થતો પ્રકર્ષશ્રદ્ધાનાત્મક જે ગુણ તેને ક્ષાયિક સમ્યક્ત્વ કહેવાય છે. જે માટે કહ્યું છે કે "**खीणेदसणमोहे तिविहम्मिविभवणिद्दाण भूयंमि । निप्पच्चवाग्म तुलं सम्मत्तं खाइगं होई**" ॥૧॥ ત્રણે પ્રકારના સમ્યક્ત્વમાં ક્ષાયિક સમ્યક્ત્વ સર્વથી શ્રેષ્ઠ છે. ઔપશમિક સમ્યક્ત્વ તથા ક્ષાયિક સમ્યક્ત્વમાં દર્શનસપ્તક (દર્શન ત્રિક–અનન્તાનુબંધિચતુષ્ક) નો અનુદય હોવાથી ઉદયાભાવની અપેક્ષાએ બન્ને સરખાં છે. પરંતુ જેમ ક્ષાયિક સમ્યક્ત્વ દર્શનસપ્તકનો નિર્મૂલ ક્ષય થવાથી ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે ઔપશમિક સમ્યક્ત્વ નહિ હોવાથી-ઉપશમ થયેલો હોવાથી આત્મસત્તામાં દર્શનસપ્તકનું અસ્તિત્વ છે. કારણ પ્રાપ્ત થયે (અનંતાનુબંધિનો ઉદય થવાથી) અવશ્ય મિથ્યાત્વનો ઉદય થાય છે. પાણીથી ભરેલા બે પ્યાલા વર્તે છે. એક પ્યાલામાં બીલકુલ રજનો અભાવ

છે, જ્યારે બીજામાં રજ છે, પરંતુ તદ્દન તળીએ જઇને બેઠેલી હોવાથી ઉપરથી પાણી નિર્મળ દેખાય છે. રજરહિત નિર્મળ પાણીના પ્યાલાને ગમે તેટલો હલાવીએ છતાં તે પાણી જરા પણ ડોળાશે નહિં કિંતુ સ્વચ્છજ રહેશે. પરંતુ જે પ્યાલામાં અધોભાગે ધૂળ બેઠેલી છે તેને સ્હેજ હલાવતાં ઉપરથી નિર્મળ દેખાતું પાણી પણ તૂર્તજ ડોળાઇ જશે. તેવી રીતે ઔપશમિક સમ્યગ્દર્શનમાં પણ આત્મસત્તામાં મિથ્યાત્વમોહનીયનાં અણુઓ રહેલાં હોવાથી સ્વોદય હેતુ પ્રાપ્ત થયે અવશ્ય તેનો ઉદય પ્રાપ્ત થાય છે. જ્યારે ક્ષાયિક સમ્યક્ત્વમાં પૂર્વે જણાવ્યા મુજબ મિથ્યાત્વમોહનીયનો સર્વથા ક્ષય થયેલો હોવાથી તેમજ એ મિથ્યાત્વ બંધમાં હેતુભૂત અનન્તાનુબંધી કષાયનો પણ ક્ષય થયેલ હોવાથી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી કદિપણ મિથ્યાત્વોદયનો પ્રસંગ પ્રાપ્ત થતોજ નથી. એટલે કે દર્શનસપ્તકના અનુદયની અપેક્ષાએ બન્ને સરખાં છે. પરંતુ બન્નેમાં બીજા ઘણા તફાવતો છે. ક્ષાયિક અપ્રતિપાતી છે. જ્યારે ઔપશમિક પ્રતિપાતિક છે. ક્ષાયિકથી તેજ ભવમાં અથવા ત્રીજે ચોથે ભવે મુક્તિપદ પ્રાપ્ત થાય છે જ્યારે ઔપશમિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી ઉત્કૃષ્ટપણાએ કરીને અપાર્ધ પુદ્ગલ પરાવર્તન પ્રમાણ કાળમાં શિવપદ પામે છે. ઔપશમિક સાદિસાન્ત છે, જ્યારે ક્ષાયિક આદિ અનંત છેઃ ઇત્યાદિ તરતમતા ગન્થાન્તરથી જાણી લેવી.

ક્ષાયિક સમ્યક્ત્વ એ એટલી ઉચ્ચ હદનો આત્મિક ગુણ છે કે પરભવ સંબંધી આયુષ્યનો બંધ થયા પહેલાં જો એ ગુણ આત્મામાં ઉત્પન્ન થાય છે તો અનુક્રમે તે આત્મા તેજ ભવને વિષે ક્ષપકશ્રેણિ ઉપર ચઢી ઘનઘાતી ચાર કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન—કેવળદર્શનને પ્રાપ્ત કરી, સર્વ કર્મથી રહિત થઇ પરિણામે મુક્તિપદને પામે છે. પરભવના આયુષ્યનો બંધ થયા પછી એ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય તો ત્રીજે અથવા ચતુર્થ ભવે પ્રાણી અવશ્ય શિવસુખનો ભોક્તા થાય છે. ક્ષયોપશમિક તથા ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી પરિમિત કાળ સુધીજ રહે છે પરંતુ ક્ષાયિક સમ્યક્ત્વ એક વખત પ્રાપ્ત થયા બાદ કદાપિ પણ નાશ પામતું નથી. એટલુંજ નહિ પરંતુ ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે નરકાદિક ગતિનો બંધ થયેલ હોવાથી પ્રાણી (શ્રેણિક તથા કૃષ્ણ મહારાજાની માફક) નરક ગતિમાં ઉત્પન્ન થાય તો ત્યાં પણ ક્ષાયિક સમ્યક્ત્વ સહિતજ ઉત્પન્ન થાય છે. અર્થાત્ ક્ષાયિકસમ્યક્ત્વગુણ અપ્રતિપાતી તેમજ આદિ અનંત છે. (ક્ષાયોપશમિક, ઔપશમિક તથા ક્ષાયિકસમ્યક્ત્વનું સ્વરૂપ અહિં ઘણુંજ સંક્ષેપમાં દર્શાવેલ છે. વિશેષ જાણવાની અભિલાષા ધરાવનારાઓએ કર્મગ્રન્થાદિ શાસ્ત્રો જોવાં.)

સિદ્ધાંતમાં ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિક સ્વરૂપે સમ્યગ્દર્શનના જેમ ત્રણ ભેદ બતાવ્યા છે, તે પ્રમાણે કારક, રોચક અને દીપકના ભેદથી પણ ત્રણ પ્રકાર દર્શાવ્યા છે. તેનું પણ સંક્ષિપ્ત સ્વરૂપ અહિં આપવામાં આવે છે. જગદ્બંધુ મહાનુભાવ તીર્થંકરોએ ષટ્કાયની ત્રિકરણયોગે રક્ષા કરવા રૂપે શિવપૂરનો ચારિત્રસ્વરૂપ જે માર્ગ દર્શાવેલ છે. જ્યાં સુધી ભવ્ય પ્રાણી સંસારના મોહપાશને ભેદીને સર્વસાવદ્યના ત્યાગરૂપી સંયમમાર્ગનું અવલંબન કરશે નહિ, ત્યાં સુધી કદાપિ પણ તે કર્મક્ષય કરી અવ્યાબાધ અનન્તુ સુખ પ્રાપ્ત કરશેજ નહિ.

**'सव्वे पाणा सव्वे भूआ सव्वे जीवा सव्वे सत्ता नो हंतव्वा'** એવું જે શ્રી આચારંગ સૂત્રનું ફરમાન છે, તે મુજબ સર્વસાવદ્ય વ્યાપારનો ત્યાગ કરી સર્વાવરતિનો આદર

કરી, ષટ્કાયના જીવોનું રક્ષણ કરનાર છઠ્ઠા સાતમા ગુણસ્થાનકના સ્વામિનેજ કારક સમ્યકૃત્વ હોય છે; જે માટે કહ્યું છે કે **"जं जह भणियं तं तह, करेइ सइ जम्मि कारगं तं तु"**

**રોચક સમ્યકત્વ**—આ સમ્યકૃત્વ ગુણ આત્મભુવનમાં જાગૃત થવાથી યદ્યપિ જિનેશ્વરોએ પ્રરૂપેલા માર્ગનું આરાધન આત્મા કરી શકતો નથી પરંતુ સંપૂર્ણ રૂચિ ધરાવે છે. વીતરાગ ભગવંતે સંયમની સાધનાથીજ શિવરમણીનો સંયોગ કહેલ છે. જ્યાં સુધી એ સંયમને હું સાધીશ નહિ ત્યાં સુધી આશ્રવનિરોધક સંવર તત્ત્વનું પણ હું સેવન કરવા સમર્થ થઈશ નહિ ને જ્યાં સુધી સંવરની સેવના થશે નહિ ત્યાં સુધી નવિન કર્મનો બંધ પણ અટકશે નહિ અને પરિણામે એકાન્તિક સુખના સંદોહરૂપ મહાનન્દપદને પણ પ્રાપ્ત કરવા માટે મારો આત્મા ભાગ્યશાલી થશે નહિ. માટે જિનેશ્વરોએ શિવપૂરનો જે સત્ય સંયમમાર્ગ પ્રદર્શિત કરેલો છે, તે માર્ગજ યથાર્થ છે. આવી ભાવના આત્માને જાગે, સંપૂર્ણતયા સંયમ માર્ગનું સેવન કરવા રૂચિ પણ થાય, પરંતુ આદર કરી શકે નહિ. શ્રીમાન્ હરિભદ્રસૂરિ મહારાજા પણ કહે છે–" **रोयग सम्मत्तं पुण रुइ मित्तकरं मुणेयव्वं**"

**દીપકસમ્યકૃત્વ**—દીપક જે પ્રમાણે અંધકારમાં રહેલા પદાર્થોને પ્રકટ કરી બીજા પ્રાણીઓને તેનો (સ્વપ્રકાશનો) લાભ આપે છે પરંતુ પોતાની પાછળ જેમ અંધારૂં હોય છે તેવી રીતે દીપક સમ્યકૃત્વને ધારણ કરનાર પ્રાણી તથાપ્રકારના પોતાના પ્રજ્ઞાતિશયના બલ વડે બીજા અનેક જીવોને બોધ આપી સમ્યકૃત્વ–દેશવિરતિ–સર્વવિરતિ આદિ સદ્‌ગુણોના લાભની પ્રાપ્તિ કરાવે છે. પરંતુ પોતાના આત્મભુવનમાં તો મિથ્યાત્વાંધકાર છવાએલો હોય છે. અર્થાત્ સ્વયં તો મિથ્યાદષ્ટિજ હોય છે. વસ્તુતઃ દીપક સમ્યકૃત્વ એ સમ્યકૃત્વ છેજ નહિ પરંતુ અન્ય જીવોની સમ્યગ્‌દર્શન આદિ ગુણોની પ્રાપ્તિમાં તે કારણભૂત હોવાથી કારણમાં કાર્યબુદ્ધિ માનવાથી તે સમ્યકૃત્વ કહેવાય છે. તાત્ત્વિક રીતે તો તે મિથ્યાત્વ છે. **"सयमिहमिच्छद्दिट्ठि धम्मकहाईहिं दीवइ परस्स । सम्मत्तमिणं दीवग–कारण फलभावओ ने यं ॥१॥"** આ સમ્યકૃત્વ સંબંધી અંગારમર્દકાચાર્યનું દૃષ્ટાંત ગ્રંથાન્તરથી જાણવું.

એ પ્રમાણે ક્ષાયોપશમિક, ઔપશમિક, ક્ષાયિક, કારક, રોચક, દીપક–ઇત્યાદિ સમ્યગ્‌દર્શનના ભેદોનું યત્કિંચિત્ સ્વરૂપ જણાવ્યું. તે શિવાય, સાસ્વાદન, વેદક–ઈત્યાદિ બીજા પણ અનેક ભેદો છે, જે ખાસ જાણવા લાયક છે.

### ૫. સમ્યગ્‌દર્શન, એ આત્મભાવ સ્વભાવ છે કે પરભાવ છે?

સમ્યગ્‌દર્શન એ આત્માનો સ્વભાવ છે કિન્તુ પર સ્વભાવથી જે પ્રમાણે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર અને અનંતવીર્યાદિ ગુણો આત્મસત્તામાં સ્વસ્વભાવે રહેલા છે અર્થાત્ જ્ઞાનાદિ ગુણોથી આતમા અભિન્ન છે. પરંતુ જ્યાં સુધી ચિદાનન્દમય આત્મા જ્ઞાનાવરણીયકાદિ કર્મપરમાણુઓથી યુકત છે, ત્યાં સુધી આત્મામાં સ્વસ્વભાવે રહેલા એવા જ્ઞાનાદિ ગુણો સંપૂર્ણપણે પ્રગટ થઈ શકતા નથી. તે પ્રમાણે જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલા તત્ત્વોનો યથાર્થશ્રદ્ધાનાત્મક સમ્યકૃત્વ ગુણ પણ આત્મામાં સ્વસ્વભાવથીજ રહેલ હોય છે. કિંતુ જ્યાં સુધી એ સમ્યકૃત્વ ગુણ આચ્છાદિત કરનાર મિથ્યાત્વમોહનીયનો ક્ષયોપશમ અથવા ઉપશમ થતો નથી ત્યાં સુધી એ સમ્યગ્‌દર્શન ગુણ આત્મભુવનમાં ઉત્પન્ન થતો નથી તેમજ તદ્‌ભાવે જિનેશ્વરોએ કહેલા તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન પણ પ્રાણીને થઇ શકતું નથી. વસ્તુતઃ દરેક ભવ્ય પ્રાણીઓમાં ભવ્યત્વના યોગે સમ્યકૃત્વ ગુણ પ્રગટ થવાની યોગ્યતા અવશ્ય રહેલી જ

છે. જ્યારે ભવ્યત્વના યોગે અપૂર્વવીર્યોલ્લાસ વડે શુભ અધ્યવસાયપૂર્વક (પ્રથમ જણાવ્યા મુજબ) ગ્રંથિભેદ કરે છે ત્યારે એ સમ્યક્ત્વગુણ પ્રકટ થાય છે. માટે સમ્યગ્દર્શન એ આત્મસ્વભાવ છે.



એક અપેક્ષાએ વિચાર કરીએ તો એ ગુણ પર (પુદ્ગલ) જન્ય પણ સંભવી શકે છે. કારણ કે ઔપશમિક તથા ક્ષાયિક સમ્યક્ત્વ આત્માના સ્વભાવેજ છે. પરંતુ ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં શુદ્ધ થયેલ મિથ્યાત્વનાં દલિકો (સમ્યક્ત્વ મોહનીય) નો ઉદય હોવાથી શ્રદ્ધાનાત્મક ગુણ પ્રગટ થાય છે. યદ્યપિ **"जं जिणेहिं पवेइयं तमेव निस्संकं सच्चं" "तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्"** જિનેશ્વરોએ પ્રરૂપેલા જીવાજીવાદિ તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન, તત્ત્વરૂપ સમ્યગ્દર્શન છે અને તે શ્રદ્ધાન મતિજ્ઞાનનો અપાયાંશ હોવાથી તેમજ જ્ઞાન પણ આત્મગુણ હોવાથી આત્મજન્ય છે પરંતુ પર (પુદ્ગલ) જન્ય નથી પરંતુ મતિજ્ઞાનના અપાયાંશાત્મક શ્રદ્ધાન ગુણને ઉત્પન્ન કરાવનાર સમ્યક્ત્વ મોહનીયનાં પુદ્ગલો હોવાથી તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પૌદ્ગલિક છે અર્થાત્ ક્ષાયોપશમિક સમ્યક્ત્વતાવસ્થામાં ઉત્પન્ન થતો શ્રદ્ધાનાત્મક ગુણ પુદ્ગલજન્ય હોવાથી પરજન્ય છે. પરંતુ આત્મસ્વભાવ નથી. મિથ્યાત્વ મોહનીયના ક્ષય થકી તેમજ ઉપશમ થકી ક્ષાયિક તથા ઔપશમિક સમ્યક્ત્વાવસ્થામાં ઉત્પન્ન થતો મતિજ્ઞાનના અપાયાંશરૂપી તત્વાર્થશ્રદ્ધાનાત્મક સમ્યગ્દર્શન ગુણ કર્મોદયના અભાવે આત્મસ્વભાવજ ગણાશે. જ્યારે સમ્યક્ત્વમોહનીયના ઉદયથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વાવસ્થામાં ઉત્પન્ન થતો મતિજ્ઞાનના અપાયાંશરૂપી તત્ત્વાર્થશ્રદ્ધાનાત્મક ગુણ કર્મોદયજન્ય હોવાથી પૌદ્ગલિક છે. તાત્ત્વિક દૃષ્ટિથી વિચારીએ તો આત્માનું જે શુભ પરિણામ તેનુંજ નામ સમ્યગ્દર્શન. જે માટે પૂજ્યપ્રવર શ્રીમાન્ દેવગુપ્તસૂરિમહારાજા જણાવે છે કેઃ—

**" सम्मं च मोक्खबीयं तं पुण भूयत्थ सद्दहणरूवं ।**
**पसमाइ लिङ्गगम्मं सुहाय परिणाम रुवंतु ॥ १ ॥ "**

**૬. આત્મામાં સમ્યક્ત્વ ઉત્પન્ન થયું છે કે નહિ તે જાણવાનાં લક્ષણોઃ—**

ધ્વજના ચિહ્નથી જેમ મંદિરનું, ધૂમ્રના ચિહ્નથી જેમ અગ્નિનું અનુમાન થાય છે, તે પ્રમાણે આગળ કહેવાતા પ્રશમ સંવેગાદિ લક્ષણોથી આત્મામાં સમ્યક્ત્વગુણ છે, કે નહિ તેનું અનુમાન થાય છે. વર્તમાન કાળમાં ભરતક્ષેત્રમાં તીર્થંકર ભગવંત કેવળજ્ઞાની–ગણધર મહારાજા વિગેરે અતીંદ્રિય જ્ઞાની પુરૂષોના અભાવે હું સમ્યગ્દૃષ્ટિ છું, એવો સર્વથા નિશ્ચય તો નજ થઈ શકે. પરંતુ આગળ કહેવાતા પ્રશમ સંવેગાદિ લક્ષણો મારા આત્મામાં વર્તે છે કે નહિ તત્સંબંધી આત્મસાક્ષીએ વિચારણા કરે. વિચારણા કરતાં એ લક્ષણો જો ઘટી શકતાં હોય તો સમ્યક્ત્વ ગુણ પ્રગટ થયાનું પણ અનુમાન અવશ્ય થઇ શકે છે. માટે તે લક્ષણોનું સ્વરૂપ કહેવાય છે.

**પ્રશમ**–"કષાયની કલુષિત વાસિનામાં વસિત થયેલ પ્રાણી કષાયિક અશુભ અધ્યવસાયના યોગે અંતર્મુહૂર્ત પ્રમાણ કાળમાં જે અશુભકર્મ ઉપાર્જન કરે છે તે કર્મ કોડાકોડી સાગરોપમ સુધી ભોગવતાં પણ આત્મપ્રદેશથી પૃથગ્ભાવને પામતું નથી, એવો કર્મનો વિષમ વિપાક સમજીને તેમજ સમ્યક્ત્વજન્ય તથાપ્રકારના ઉપશમસ્વભાવવડે અપરાધી પ્રાણી પ્રત્યે પણ ક્રોધ ન કરવો. કિંતુ સદાકાળ આત્માને ઉપશમ ભાવમાં સ્થાપન કરવો. તેનું નામ **પ્રશમ** છે. જે માટે શ્રીમાન્ હરિભદ્રસૂરિ મહારાજા જણાવે છે કેઃ—

**पयइए व कम्माणं वियाणिउं वा विवागमसुहंति ।
अवरद्धेऽवि न कुप्पइ उवसमतो सव्व कालं पि ॥ १ ॥**

સમ્યગ્દર્શનજન્ય સ્વભાવથીજ તેમજ કર્મના દારૂણ વિપાકને જાણવાથી અપરાધી ઉપર પણ ક્રોધ ન કરે કિંતુ સદાકાળ ક્ષમાને ધારણ કરે તેનું નામ **પ્રશમ** છે "

**संवेग**—"પુન્ય નામક શુભકર્મના ઉદયથી ઉત્પન્ન થતું ચક્રવર્તીપણાનું તથા દેવેન્દ્ર પણાનું સુખ કર્મોદયજન્ય હોવાથી પૌદ્‌ગલિક છે, સાવસાન છે, અશાશ્વત છે. જ્યાં સુધી પુન્યનો ઉદય વર્તતો હોય ત્યાં સુધી પૂર્વોકત પૌદ્‌ગલિક સુખનો ક્ષણિક આનંદ અનુભવાય છે. પરંતુ એ શુભ કર્મનો ઉદય સમાપ્ત થયે જ્યાં અશુભનો ઉદય થયો કે તૂર્ત નવા પ્રકારનાં તીવ્ર દુઃખો ભોગવવાં પડે છે, જે જગપ્રસિદ્ધ છે. અતએવ ચક્રવર્તિત્વાદિ પૌદ્‌ગલિક સુખો વાસ્તવિક રીતે સુખાત્મક નથી. તાત્ત્વિક સુખ જો કોઇપણ ઠેકાણે હોય તો કેવળ મોક્ષમાંજ છે. ત્યાં ગયા પછી કદાપિ કાળે તે સુખનો વિનાશ થવાનો નથી, જે સ્થાનમાં જન્મ મરણાદિ દુઃખોનો અભાવ છે. એથીજ આત્મિક સચ્ચિદાનન્દમય સુખ હોય તો ત્યાંજ છે. આ પ્રમાણે જ્ઞાનદૃષ્ટિ દ્વારા વિચારણા કરી ઐહિક પૌદ્‌ગલિક સુખની અભિલાષા નહિ રાખતાં કેવળ અવ્યાબાધ અનંત શાંતિસ્થાન સ્વરૂપ મોક્ષ સુખની જે ઇચ્છા રાખવી તેનું નામ **संवेग** છે. જે માટે કહ્યું છે કેઃ—

**" नरविबुहेसरसोक्खं दुक्खं चिय भावतो तु मन्नंतो ।
संवेगतो नमो क्खं मोत्तूण किंचि पत्थेइ ॥ १ ॥ "**

**અર્થ**:—નરેન્દ્ર તથા દેવેન્દ્રનું સુખ સાવસાન હોવાથી દુઃખાત્મક હોય છે પરંતુ વાસ્તવિક સુખ નથી, એ પ્રમાણે ભાવથી માનતો છતો સંવેગથી મોક્ષ સુખ વિના બીજા કોઇપણ સુખની અભિલાષા પણ કરતો નથી."

**निर्वेद**—"નરક પ્રભુતિ ચતુર્ગતિક સંસાર કેવળ દુઃખમય છે. સ્વકૃતકર્મને પરાધીન પડેલા જીવો સંસારમાં અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે. નરક ગતિમાં પરમાધામીકૃત વેદનાઓ તેમજ ક્ષેત્ર આદિ વેદનાઓ એવા પ્રકારની ભયંકર હોય છે કે જે શાસ્ત્ર સિદ્ધાંતો માં તે સંબંધી વર્ણન વાંચતાં પણ હૃદય કમકમી ઉઠે છે. તિર્યંચગતિમાં પણ પરાધીનતા, ક્ષુધાપિપાસાદિનું દુઃખ પ્રત્યક્ષ જોવામાં આવે છે. મનુષ્યગતિમાં પણ દાસત્વાદિ દુઃખો પ્રત્યક્ષ અનુભવાય છે. દેવગતિમાં પણ પરસ્પર ઇર્ષાના કારણે નિરંતર સુખનો અભાવજ છે. મનુજગતિ તથા દેવગતિમાં જે યત્કિંચિત્ પૌદ્‌ગલિક સુખ દશ્યમાન થાય છે, તે પણ પ્રાંતે વિનાશી હોવાથી સુખ પણ દુઃખરૂપેજ ગણાય છે. એકાંત સુખ શિવપદ શિવાય બીજે ક્યાંય પણ નથી. દુઃખથી ભરેલો આ ચતુર્ગતિક સંસાર કારાગૃહ સમ ભાસે છે. એ અસાર સંસારસાગરમાં સાચું શરણ હોય તો વીતરાગ ભગવંતે પ્રરૂપેલા શુદ્ધ ધર્મ રૂપી પ્રવહનના આલંબનનુંજ શરણ છે. એવા પ્રકારની આત્મિક શુદ્ધ જે ભાવના તેનું નામ નિર્વેદ છે. એજ ભાવાર્થ જણાવતાં શાસ્ત્રકાર પ્રમાણ આપે છે કેઃ—

**" नारयतिरियनरामर भवेसु निव्वेदतो वसति दुःखं ।
अकयपरलोकमग्गो ममत्तविसवेगरहितोऽवि ॥ १ ॥"**

**अनुकम्पा**—બે પ્રકારની છે. દ્રવ્યાનુકમ્પા તથા ભાવાનુકમ્પા. જગતમાં દુઃખી દીન પ્રાણીઓને દેખતાંજ હૃદયકમળમાં દયાની ભાવના વિકસ્વર થવી અને યથાશક્તિ દાનાદિવડે તેને સહાય કરી દુઃખથી રહિત કરવા ઉપાયો યોજવા, તેનું નામ દ્રવ્ય દયા છે.

અર્થાત્ "**सव्वे जीवावि इच्छंति जीवउं न मरिज्जिउं**" ઇત્યાત્મક શ્રી શય્યંભવસૂરિ મહારાજાનું કથન સ્મરણ લાવી સર્વે જીવોની રક્ષામાં યથાશક્તિ પ્રવૃતિ કરવી, તે દ્રવ્યાનુકમ્પા છે. જે જીવો જિનેશ્વર ભગવંતે ભાખેલા શુદ્ધ સ્યાદ્વાદ માર્ગથી રહિત છે, તેઓને સ્યાદ્વાદનું રહસ્ય સમજાવી તે માર્ગમાં જોડવા તે ભાવદયા છે. એટલે કે સંસારસમુદ્રમાં કર્મથી પરવશ થયેલો શુદ્ધ ધર્મના સ્વરૂપને નહિ સમજતો, છતાં મેં અંગિકાર કરેલો ધર્મ (ભલે શુદ્ધ ન હોય તોપણ) સત્ય જ છે, એમ સમજી તે ધર્મનું શરણુ લઇ સંસારસમુદ્રનો પાર પામવાની ઇચ્છા કરે છેઃ પરંતુ સમુદ્રમાં ડૂબતો પ્રાણી તરવાની ઇચ્છાથી ખરાબાનો આશ્રય લેતો તેમને પણ ખરાબા સદૃશ કુધર્મનું શરણુ કરતો હોવાથી સંસારસાગરને તરતો નથી પરંતુ વિશેષ ડૂબે છે. એવા જીવોને સદ્ધર્મનું શરણુ પ્રાપ્ત કરાવવું અને પરંપરાએ સંસારસાગરનો પાર પમાડવા પ્રયત્ન કરવો. '**सवि जीव करुं शासनरसी**' નો મંત્ર નસેનસમાં ઉતારી તે પ્રમાણે કરવા ઉજમાળ થવું, તેનું જ નામ **भावदया** છે.

"**दट्ठूण पाणि निवहं भीमे भवसागरम्मिदुकक्खत्तं ।**

**अविसेसतोऽणुकम्पं, दुहावि सामत्थतो कुणइ ॥१॥**"

( ભયંકર ભવસમુદ્રમાં દુઃખાર્તજીવોને દેખી નિર્વિશેષપણાએ દ્રવ્યભાવથી યથાશક્તિ અનુકમ્પા કરવી.)

**आस्तिक्य—**મહાનુભાવ તીર્થંકરોને સૂક્ષ્મસંપરાય નામક દશમા તથા ક્ષીણમોહ-નામક બારમા ગુણસ્થાનકના અંતે જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતિકર્મનો ક્ષય કરી લોકાલોકના ભાવને યથાર્થ જણાવનારૂં કેવળજ્ઞાન, કેવળદર્શન જ્યારે ઉત્પન્ન થાય છે, ત્યારેજ દેવ નિર્મિત સમવસરણમાં બેસી દ્વાદશ પર્ષદા મધ્યે યોજનગામિની વાણી વડે પાંત્રીશ ગુણયુક્ત ભવ્ય દેશના આપે છે. એ પ્રભુની સ્યાદ્વાદ–અનેકાંતશૈલિથી ભરેલી દેશના સાંભળી **उपन्नेइ वा विगमेइ वा, धूओइ वा** સ્વરૂપ ત્રિપદી પામી બીજબુદ્ધિના ધણી ગણધર મહારાજા શ્રી દ્વાદશાંગીની રચના કરે છે. રાગદ્વેષ રહિત તીર્થંકર ભગવંતની વાણીમાં તેમજ મહાપ્રજ્ઞાશાળી ગણધર મહારાજ સરખા આપ્ત પુરૂષોના વચનમાં કદિ પણ પૂર્વાપર વિરોધ યા વિસંવાદ હોઇ શકે જ નહિ. પૂર્વે થઇ ગયેલા મહર્ષિઓએ ભગવંતની વાણીના અનુસારે અથવા તો શ્રી દ્વાદશાંગી પ્રમાણે જે સૂત્રાદિની રચના કરેલ છે—જીવાજીવાદિ તત્ત્વોનું જે પ્રમાણે સ્વરૂપ વર્ણવેલ છે, તે તે પ્રમાણે હોઇ શકે. તેમાં લવલેશ પણ શંકાનું સ્થાન હોઇ શકે જ નહિ. એવી જે આત્માની સચોટ શ્રદ્ધા તેનુંજ નામ **आस्तिक्य** છે. ચાલુ જમાનામાં જડવાદીઓના વિશેષ જોરથી પંડિતમન્ય પુરૂષો નવિન નવિન કલ્પના દ્વારા કુયુક્તિઓ કરી આપ્ત પુરુષોના યુક્તિયુક્ત વચનને પણ '**आग्रही बत निनीषति युक्तिं तत्र यत्र मतिरस्य विनिष्टा**' ઇત્યાત્મક કવિઓના કથન પ્રમાણે પોતાના મત તરફજ ખેંચી જાય છે, એટલું જ નહિ કિંતુ વીતરાગ ભગવંતના માર્ગનું આરાધન કરનાર ભાવિક ભદ્રિકોને વિતંડાવાદનું સેવન કરી સ્વમતમાં સ્થાપન કરવા અથાગ ઉદ્યમ સેવે છે. તેવે પ્રસંગે જો હૃદયમાં "પ્રભુનો માર્ગ એહિજ સાચો પરમ કલ્યાણકારી માર્ગ છે" એ પ્રમાણે સચોટ ભાવના થએલ હોય તો વિતંડાવાદી ગમે તેટલો વિતંડાવાદ કરે પરંતુ તે તેની જાળમાં ફસાશે નહિ, બલ્કે ત્યાં સુધી પણ હાલના જમાનામાં જોવામાં આવે છે કે તેવી કુયુક્તિઓની જાળમાં ફસાવનારાઓને પણ એવા જડબાતોડ યથાર્થ જવાબ આપનારા

### ધર્મ ને નીતિના સંસ્કારો

રેડતાં--તદ્દન સરલ ભાષામાં લખાયેલાં આપણા મહાન પુરુષોનાં જીવન ચરિત્રો-આપ આપના ઘરમાં વસાવવાનું ચૂકતા નહિ.

## બાળ ગ્રંથાવળી પ્રથમ શ્રેણીમાં-

(૧) શ્રી રીખવદેવ (૨) નેમરાજુલ (૩) શ્રી પાર્શ્વનાથ (૪) શ્રી પ્રભુ મહાવીર (૫) વીરધન્નો (૬) મહાત્મા દ્રઢપ્રહારી (૭) અભયકુમાર (૮) રાણી ચેલ્લણા (૯) ચંદન બાળા (૧૦) ઇલાચી કુમાર (૧૧) જંબુસ્વામી (૧૨) શ્રીપાળ (૧૩) મહારાજા કુમારપાલ (૧૪) પેથડકુમાર (૧૫) વિમળશાહ (૧૬) વસ્તુપાળ તેજપાળ (૧૭) ખેમા દેદરાણી (૧૮) જગડુશાહ (૧૯) ધર્મને માટે પ્રાણ આપનારા મહાત્માઓ

એમ એ.ગણીશ પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. કાગળો ઉંચા એન્ટીક એકદમ મનોહર પુંઠા ને સુંદર ટાઇપ છતાં મૂલ્ય રૂ. દોઢ. વી. પી. પોસ્ટેજ ૭ આના અલગ.

## બાળ ગ્રંથાવળી બીજી શ્રેણી-

**સંવત ૧૯૮૬ના કારતક સુદી ૧૩ ને દિવસે પ્રકટ થાય છે.**

**જેમાં પ્રથમ શ્રેણીની શૈલિએજ નીચેનાં ૨૦ સુંદર જીવન ચરિત્રો રજુ થશે.**

| | |
|---|---|
| ( ૧ ) ભરત-બાહુબલી | ( ૧૧ ) રાજર્ષિ પ્રસન્નચંદ્ર |
| ( ૨ ) ચક્રવર્તી સનતકુમાર | ( ૧૨ ) ચંદન મલયાગિરિ |
| ( ૩ ) મહારાજા શ્રેણિક | ( ૧૩ ) મૃગાંકલેખા |
| ( ૪ ) પ્રદ્યુમ્ન કુમાર | ( ૧૪ ) મુનિશ્રી હરિકેશ |
| ( ૫ ) ગણધરશ્રી ગૌતમસ્વામી | ( ૧૫ ) કપિલ કેવળી |
| ( ૬ ) આર્દ્ર કુમાર | ( ૧૬ ) સેવામૂર્તિ નંદિષેણ |
| ( ૭ ) વીર ભામાશાહ | ( ૧૮ ) શ્રીસ્થૂલિભદ્ર |
| ( ૮ ) મહામંત્રી ઉદાયન | ( ૧૮ ) આઠ પ્રભાવકો |
| ( ૯ ) મહાસતી અંજના | ( ૧૯ ) પ્રભુ મહાવીરના દશ શ્રાવકો |
| (૧૦) મદનરેખા | ( ૨૦ ) બાળ સજ્ઝાયમાળા |

## લવાજમ આજેજ મોકલી આપો.

સંવત ૧૯૮૫ ના આસો વદી ૦)) સુધીમાં જેઓ રોકડા પૈસા મોકલી આપશે તેમનું લવાજમ પોસ્ટેજ સહિત રૂા. દોઢ.

પછીથી સેટ ખરીદનારને પોસ્ટેજ સહિત રૂ. બે.

( વી. પી. ના ઓર્ડરથી દોઢ રૂા. ના લવાજમનો લાભ મળી શકશે નહિ.)

**વ્યવસ્થાપક, બાળ ગ્રંથાવળી કાર્યાલય,**

**ખાનપૂર-અમદાવાદ.**

## શેઠ. સુબાજી રવચંદ જયચંદ જૈન વિદ્યાશાળામાંથી મળતાં શેઠ. દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ તથા આગમોદય સમિતિનાં પુસ્તકો ખરીદનારને સેંકડે ૨૫ ટકા કમીશન મળશે.

| | | | |
|---|---|---|---|
| ૫૪ જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સટીક ઉત્તરાર્ધ | ૨—૦—૦ | ૬૫ લોકપ્રકાશ ભાગ ૧ લો | ૨—૦—૦ |
| ૫૬ શ્રીપાલચરિત્ર સંસ્કૃત. | ૦—૧૪—૦ | ૭૪ ,, ભાગ ૨ જો | ૨—૮—૦ |
| ૫૭ સૂક્ત મુક્તાવલી. | ૨—૦—૦ | ૩૪ વિશેષાવશ્યકગાથા વિષયક્રમ | ૦—૫—૦ |
| ૫૯ તંદુલ વેયાલીય પયન્ના | ૧—૮—૦ | ૩૫ વિચારસાર પ્રકરણ. | ૦—૮—૦ |
| ૬૦ વિંશતિસ્થાનક ચરિત્ર. | ૧—૦—૦ | ૩૬ ગચ્છાચાર પયન્ના. | ૦—૬—૦ |
| ૬૨ સુબોધ સમાચારી | ૦—૮—૦ | ૩૭ ધર્મબિંદુ પ્રકરણ | ૦—૧૨—૦ |
| ૬૩ શ્રીપાલ ચરિત્ર પ્રાકૃત. | ૧—૪—૦ | ૪૩ અનુયોગદ્વારસૂત્ર સટીક, | ૨—૮—૦ |
| ૫૮ પ્રવચન સારોદ્ધાર સટીક પૂર્વાર્દ્ધ. | ૩—૦—૦ | ૪૬ દશપયન્ના છાયાયુક્ત. | ૨—૦—૦ |
| ૬૪ ,, ,, ,, ઉત્તરાર્દ્ધ. | ૪—૦—૦ | ૪૭ પંચસંગ્રહ સટીક. | ૨—૮—૦ |
| ૬૭ તત્ત્વાર્થાધિગમ સૂત્ર ભાષ્ય ટીકાયુક્ત પૂર્વાર્દ્ધ | ૬—૦—૦ | ૩૮ વિશેષાવશ્યક ભાષ્ય મૂલ તથા ગુજરાતી ભાષાંતર ભાગ૧લો. | ૨—૦—૦ |
| ૬૮ નવપદ પ્રકરણ લઘુવૃત્તિ. | ૧—૦—૦ | | |
| ૬૯ પંચ વસ્તુક ગ્રંથ સટીક. | ૩—૦—૦ | ૪૮ ,, ,, ભાગ ૨ જો. | ૩—૦—૦ |
| ૭૧ આચાર પ્રદીપ. | ૧—૮—૦ | ૫૦ જીવસમાસ સટીક. | ૧—૮—૦ |
| ૭૩ નવપદ પ્રકરણ બૃહદ્વૃત્તિ. | ૪—૦—૦ | ૫૫ નંદ્યાદિસપ્ત સૂત્રગાથા વિષયાનુક્રમ. | ૨-૦-૦ |
| ૫૬ આવશ્યક સૂત્ર સટીક પૂર્વાર્દ્ધ. | ૪—૦—૦ | ૫૨ ચતુર્વિંશતિકા સચિત્ર. શોભન મુનિકૃત | ૬—૦—૦ |
| ૫૭ લોક પ્રકાશનું ગુજરાતી ભાષાંતર ભાગ ૧ લો. | ૩—૮—૦ | ૫૩ ,, ,, બપ્પભટ્ટિકૃત ટીકા. | ૬—૦—૦ |
| ૪૫ ભક્તામર સ્તોત્ર પાદપૂર્તિ કાવ્ય સંગ્રહ ટીકા ભાષાંતરયુક્ત ભા.૧લો. | ૩—૦—૦ | ૫૯ ચતુર્વિંશતિ જિનાનંદ સ્તુતિ. પં-મેરૂવિજયકૃત. | ૬—૦—૦ |
| ૫૪ ,, ,, ભાગ ૨ જો | ૩—૮—૦ | | |

આ સિવાય કેશર, કસ્તુરી, અંબર, બરાશ, અગરબત્તા, સોનારૂપાના વરખ, વાસક્ષેપ, ધૂપ, સુખડ, વાળાકુંચી, અગર તથા ઉજમણાનો બધો સામાન જેવો કે-પાતરાજોડ, તરપણી, ઓઘાની તથા ચરવળાની દશી, કટાસણા, બનાત, વિગેરે બધી વસ્તુઓ, શુદ્ધ અને કિફાયત ભાવે મળી શકશે. જિનેશ્વર ભગવાનનાં મંદીરમાં વપરાતી વસ્તુઓ ભેળસેળ વિનાની શુદ્ધ મલી શકે એ હેતુથીજ આ ખાતુ અમારી સંસ્થા તરફથી સં. ૧૯૮૫ ની સાલથી ખોલવામાં આવેલું છે. આ શિવાય અમારી તરફથી પ્રસિદ્ધ થયેલાં બીજાં પણ પુસ્તકો મળશે. વધુ પુસ્તકો લેનારને વધુ કમીશન આપવામાં આવશે-રૂબરૂ મળવાથી.

શેઠ સુબાજી રવચંદ જેચંદ.

જૈન વિદ્યાશાળા, ડોશીવાડાની પોળ—અમદાવાદ.

# જાહેર ઢંઢેરો.

**નકલીયાઓથી અને ભળતા નામની દુકાનથી સાવચેત.**

તમારૂં કીંમતી કાપડ સસ્તા અને બીન અનુભવી કટરોને
આપી કામ બગાડવા કરતાં અમારા જુના ને હોંશિયાર
અનુભવી કટરોને હાથે અપટુડેટ સીલાઇ કરાવો,

## —:ખાસ સૂચના:—

સસ્તા ભાવોથી લલચાશો નહિં પણ રીચીરોડ ઉપર આવેલી
ફુવારા સામેની અમારી પ્રખ્યાત,

# ધી રોયલ ટેલરીંગ વર્કસમાં

તમારાં કપડાં અપટુડેટ પદ્ધતિથી શીવડાવી સંતોષકારક કામ
મેળવો. શ્રીમંતો, ગૃહસ્થો, યુવાનો, ભણેલા સર્વેને અમારા
ટેલરીંગ વર્કસમાં એક વખત પધારી ખાત્રી કરવા
ખાસ ભલામણ છે.

લી. આપનો.

જીણાભાઇ અંબારામ.

# ॥ શ્રી દૈવી પ્રભાવ. ॥

આજકાલ મનુષ્યનું જીવન દિન પ્રતિદિન નબળું થતું જાય છે, તેનો મુખ્ય ઉદ્દેશ માત્ર અબ્રહ્મચર્યનું જ કારણ, અને બ્રહ્મચર્ય એજ શારીરિક સુખનું સાધન છે તે નષ્ટ થવાથી મહાન્ ભયંકર રોગો ઉત્પન્ન થઈ જીવનનો નાશ કરે છે. દેહનું બંધારણ માત્ર વીર્ય છે અને તે ઉત્પન્ન થતાંની સાથેજ વિનાશ પ્રવૃતિના સાધનોના સંસર્ગથી રાજયક્ષ્મા ( ક્ષય ) જેવા અસાધ્ય રોગ આજકાલ ઘણા જ પ્રમાણથી ઉત્પન્ન થઈ આશાજનક સુંદર ઉગતા વયના દેહનો પરાભવ કરે છે. દરદથી રીબાતા, મરણના મુખમાં આવી રહેલા, જીવન આશા છોડી હતાશ બનેલાઓને માટે અમૃતમય ઉપાય અમોએ આયુર્વેદ આધારે શોધન કરી ક્ષયરૂપ મદોન્મત હસ્તીના કુંભસ્થલને ચીરી નાખનાર અમારા પાંચ વર્ષથી સુપ્રસિદ્ધ થયેલ " **શ્રી ચાંપબાઈ (શક્તિ) ઔષધાલય.** " માં અનુભવસિદ્ધ બનાવેલ " **ક્ષય કેશરી રસ** " વાપરવા અમો ખાસ ભલામણ કરીએ છીએ. ઘણી દવાઓ ખાઈ કંટાળી ગયેલા હો તો અમારી મુલાકાત લઈ આ દવાનો ખાસ પ્રયોગ કરવા ચુકશો નહી. ઈશ્વર કૃપાથી થોડા દીવસમાં ઉપરના વ્યાધીથી મુક્ત થશો. પ્રમાણ પત્રો વાંચવાં હોય તો મોજુદ છે.

**વૈદ્યશાસ્ત્રી અમૃતલાલ. કે. રાવળ.**

" હરેક રોગના ખાસ અનુભવી "

ટંકશાળના નાકે. **અમદાવાદ.**

મળે છે કે પરિણામે તેને પણ પાછું જ હઠવું પડે છે. પ્રભુ મહાવીર મહારાજાના માર્ગ ઉપર આત્માની જે આવી નિશ્ચળ શ્રદ્ધા તેને **આસ્તિકય** કહેવામાં આવે છે."



એ પ્રમાણે જણાવેલાં પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા અને આસ્તિકય રૂપી પાંચ લક્ષણો જેના આત્મભુવનમાં વર્તતાં હોય, એમ આત્મિકસાક્ષીએ તથા બાહ્યાચારથી અનુમાન થતું હોય તો તેના આત્મભુવનમાં સમ્યક્ત્વરૂપી દીપક પ્રકાશ કરી રહેલો છે એમ અનુમાન અવશ્ય થઇ શકે છે.

### ૭. સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી આત્માને શું ફળની પ્રાપ્તિ થાય ?

પૂર્વના મહાન પુરુષો એહિજ જવાબ આપે છે કે સમ્યગ્ દર્શનની પ્રાપ્તિથી પ્રાણી પરિમિત કાળમાં શિવવધૂની વરમાળાને ધારણ કરી અખંડ સુખનો ભોક્તા થાય છે. કારણ કે જ્યારે આત્મામાં સમ્યક્ત્વ ગુણ ઉત્પન્ન થાય છે ત્યારે જ જિનેશ્વરોએ પ્રદર્શિત કરેલાં તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન થાય છે. પ્રભુનો માર્ગ એહિજ શિવપુરીનો સાચો માર્ગ છે, એમ નિશ્ચય થવાથી તેમ જ સમ્યગ્દર્શનના સહયોગથી અજ્ઞાન પણ જ્ઞાન સ્વરૂપે થવાથી **ज्ञानस्य फलं विरतिः** એ આપ્ત વાકયને યથાર્થ કરવાની પ્રબળ ઇચ્છા પ્રગટ થાય છે. એ પ્રમાણે આંતર અભિલાષ થવાથી પ્રાણી શિવપૂરીને સત્યપંથે પ્રયાણ કરી વિરતિ વડે સંવર તત્ત્વનું સેવન કરી નવિન કર્મબંધનો રોધ કરી બાહ્યાભ્યંતર તપના આલંબનથી ક્રમશઃ નિર્જરાતત્ત્વનો આશ્રય કરતો છતો આત્મપ્રદેશ સાથે ક્ષીરનીરની માફક એકમેકપણાને પામેલાં કર્મપરમાણુંઓનો પરિશાટ કરી ઘાતિકર્મનો ક્ષય થવાથી કેવળજ્ઞાન, કેવળદર્શનરૂપી આત્મિક લક્ષ્મીને પામી સર્વસંવરચારિત્રનું સેવન કરતો થકો પ્રાંતે કર્મરહિત થઈ પરમાનંદ પદને પ્રાપ્ત કરે છે. અર્થાત્ પરમાનંદની પ્રાપ્તિમાં મૂલ કારણ સમ્યગ્દર્શન છે. એ મુખ્ય ફળ સાથે બીજાં અનેક ફલોની પ્રાપ્તિ અવસ્ય હોય છે. એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી પ્રાણીને શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મ ઉપર અવિહડ રૂચિ પ્રગટ થાય છે. શ્રીમાન્ રત્નશેખર સૂરિજી મહારાજા ગુણસ્થાનક ક્રમારોહમાં આ પ્રમાણે દિગ્દર્શન કરાવે છે—" **देवे गुरौ च संघे च सद्भक्तिं शासनोन्नतिं । अव्रतोऽपि करोत्येव स्थितस्तुर्ये गुणालये** " ॥ ૯ ॥ અવિરત સમ્યગ્દૃષ્ટિ નામા ચતુર્થગુણસ્થાનકમાં વર્તતો પ્રાણી વિરતિરહિત હોય છતાં પણ રાગદ્વેષરહિત શુદ્ધ દેવ, પંચ મહાવ્રતના પાલક શુદ્ધ ગુરુ, પ્રભુઆણાધારક શ્રી ચતુર્વિધ સંઘની સુંદર ભકિત કરે છે, એટલું જ નહિ પરંતુ જે શાસનને પ્રાપ્ત કરી સુલસાદિ નવ વ્યકિતઓએ ત્રિભુવનને પૂજ્ય તીર્થંકર નામગોત્રકર્મ ઉપાર્જન કર્યું, જે શાસનને પ્રાપ્ત કરી સંપ્રતિ મહારાજાએ વસુંધરાને જિન મંદિરોથી વિભૂષિત કરી, જે શાસન ઉપર નિબિડ તથા તથ્ય સ્નેહને અંગે પરમાર્હત્ કુમારપાળ મહારાજાએ હિંસક કંટેશ્વરી દેવીના ત્રિશુલના પ્રહારો સહ્યા–શરીર ઉપર થતા ઘોર ઉપસર્ગો ક્ષમા ભાવથી સહન કર્યા–પ્રાણાંત કષ્ટ સહન કરી જીવદયા પાળી–એટલું જ નહિ પરંતુ શાસનની અપભ્રાજના થવા દેવી તેના કરતાં ચીતામાં બળી મરવું પણ વિશેષ પસંદ કર્યું, જે શાસનના સિદ્ધાંતોના રહસ્યનો ખ્યાલ કરી શય્યંભવસૂરિ–હરિભદ્રસૂરિ–સિદ્ધસેન દિવાકર વિગેરે મહાન્ બ્રાહ્મણ પંડિતોએ પણ સ્વધર્મનો ત્યાગ કરી ભગવંતના માર્ગનો આશ્રય લીધો, એવા ઉત્તમોત્તમ દેવેન્દ્રોને પણ દુર્લભ ભગવંત મહાવીર દેવનું શાસન ભવચક્રમાં ભ્રમણ કરતાં મહાન્ પુન્યોદયથી મને પ્રાપ્ત થયું છે. હું એ શાસનની અનેક પ્રકારે

ઉન્નતિ કરૂં, શાસન પ્રભાવના કરૂં, એમ વિચારો થવાથી યથાશકિત સમ્યગ્દૃષ્ટિ જીવ શાસન-પ્રભાવક થાય છે. હે ભવ્ય પ્રાણી! તું પણ મોક્ષના મૂલ કારણભૂત બોધિબીજની પ્રાપ્તિ કરવામાં ઉજમાળ થા, પ્રભુના શાસનનો સંરક્ષક બની શાસનોન્નતિ કરવા પ્રયત્ન કર! ભગવંતના શાસનનું આરાધન એહિજ કલ્યાણકારક છે–પ્રાંતે મોક્ષપદ પ્રાપ્ત કરાવનાર છે; એમ સમજી " **जिनधर्मविनिर्मुक्तो मा भूवं चक्रवर्त्यपि । स्यां चेटोऽपि दरिद्रोऽपि जिन धर्माधिवासितः** " ॥ ९ ॥ એ કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરિ મહારાજની પૂર્વોકિત સૂકિતનું રહસ્ય સમજી ભવોભવ ભગવંતના શાસનની જ ઇચ્છા કર.

અંતમાં એટલું જણાવવું યોગ્ય છે કે આ સમ્યગ્દર્શન સંબંધી જેટલું લખાણ કરીએ તેટલું ઓછું જ છે. કારણ કે એ સમ્યગ્દર્શનનું યથાર્થ સ્વરૂપ જ્યાં સુધી જાણવામાં આવે નહિ, ત્યાં સુધી તે પદાર્થનું યથાર્થ દિગ્દર્શન કરાવી શકાય નહિ. સંપૂર્ણ સ્વરૂપને જણાવનાર કેવળજ્ઞાન–કેવળદર્શનનો તો વર્તમાનકાળે ભરત ક્ષેત્રમાં અભાવ છે. છતાં જિનેશ્વરોના આગમ દ્વારા યથાશક્તિ તેનું સ્વરૂપ સમજી ટુંકાણમાં બોધ થઇ શકે તેવા પ્રકારથી લખેલ છે. સમ્યગ્દર્શન એ મોક્ષનું મૂલ કારણ છે અથવા અપેક્ષાએ એ મોક્ષના મુખ્ય કારણભૂત ચારિત્રનું પ્રધાન કારણ છે. એવું ઉત્તમોત્તમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને ભવ્ય પ્રાણીએ જરા પણ પ્રમાદ કરવો નહિ. શ્રીમાન્ પૂજ્યવર્ય શીલાંકાચાર્ય મહારાજ શ્રી આચારાંગજીની ટીકામાં જણાવે છે કે–" **अवाच्य भवशत दुरापं कर्मविवरभूतं सम्यक्त्वं क्षणमप्येकं तत्र न प्रमादवता भाव्यम्** " ॥ १ ॥ " સેંકડો ભવોમાં દુઃખેથી પ્રાપ્ત થઇ શકે તેવા કર્મના વિવરભૂત સમ્યક્ત્વરત્નને પ્રાપ્ત કરીને ભવ્ય પ્રાણીઓએ ક્ષણ માત્ર પણ પ્રમાદ ન કરવો." પ્રાપ્ત થયેલ સમ્યગ્દર્શન સવિશેષ તથા દૃઢ થાય તેવા પ્રકારના પ્રયત્નો આદરવા. " **अरिहंतो महदेवो जावज्जीवं सुसाहुणो गुरुणो । जिणपन्नतं तत्तं इय सम्मत्तं मए गहियं** ॥ १ ॥ રાગ દ્વેષ રહિત અરિહંત પરમાત્મા મારા શુદ્ધ દેવ છે, યાવજ્જીવ પર્યંત પંચ મહાવ્રતના પાલક સુસાધુ એહિજ મ્હારા ગુરુ છે, અને જિન પ્રજ્ઞપ્ત તત્ત્વો એહિજ મારો ધર્મ છે, એવા પ્રકારનું સમ્યક્ત્વ યાવજ્જીવ પર્યંત મેં ગ્રહણ કરેલું છે," એ પ્રમાણે સમ્યગ્દર્શનગુણજન્ય દેવ–ગુરુ–ધર્મ ઉપર થતી અચલ શ્રદ્ધાને વિશેષ મજબૂત કરવી જોઇએ. જેથી અનુક્રમે ભવ્ય પ્રાણી દેવ–ગુરુ–ધર્મનું આરાધન કરતો સમ્યક્ત્વ ગુણને વિશુદ્ધ કરતો થકો સર્વવિરતિ વિગેરે સદ્ધર્મનો સ્વીકાર કરી ગુણસ્થાનકોની શ્રેણિ ઉપર ચઢી ઘાતિકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કરી પરંપરાએ શિવપદને પ્રાપ્ત કરી મંગલિક માલા પામે છે.

છાણી, —મુનિ ધર્મવિજય.

# ધર્મમાં ક્રિયાનું સ્થાન.

: : લેખક : :

પૂ. પં. શ્રી ક્ષાંતિવિજયજી ગણિ.

" नाण किरिया या हिं मु खो "

સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ક્રિયામાંજ મોક્ષનું સુખ છે. સામાન્ય રીતે વ્યાકરણના પ્રાથમિક સિદ્ધાંત ભણનારો નિશાળીઓ પણ સમજી શકે છે કે, ક્રિયા સિવાય વાકયની પૂર્ણાહુતિ નથી થતી. " છોકરો રોટલી " "છોકરો નિશાળે " એ વાકયો અપૂર્ણ છે. એમને બરાબર સમજવા માટે એ વાકયોને પૂરાં કરવાં પડે છે. જેમકે છોકરો રોટલી ખાય છે. છોકરો નિશાળે જાય છે. તેવીજ રીતે ધર્મમાં પણ આત્મિક ધર્મની સંપૂર્ણતા પૂરી કરવા માટે ક્રિયાની જરૂર સ્વીકારવી પડે છે. સમ્યગ્દર્શન શિવાયનાં દર્શનોએ પણ ક્રિયાની આવશ્યકતા લેખી છે, ત્યારે સમ્યક્ ક્રિયાના આવશ્યક અંગની બીના સમ્યગ્દર્શનમાં રહેનાર ભૂલી ન જાય, એટલા માટે મારો પ્રયત્ન છેઃ જેને વાંચકો સહર્ષે વધાવી અમલમાં મૂકે, એ મહેચ્છા આ લેખના વિચારો મૂકવામાં હું રાખું છું.

સર્વજ્ઞ ભગવંતોએ જ્ઞાન અને ક્રિયા એ બેથીજ અનાદિ સંસારથી છુટવાનો અને શિવરમણીને વરવાનો માર્ગ માનેલો છે. જેને સમ્યગ્જ્ઞાન હોતું નથી તે પોતે પોતાની પ્રશંસા કરે છે, પોતાનામાં ગુણ ન હોય છતાં ગુણનો આરોપ કરે છે અને પરના ગુણનો અપલાપ કરે છે. વળી જિનવચનથી વિપરીત વર્તન કરે છે અને વિપરીત ઉપદેશ કરે છે. માટે સમ્યગ્જ્ઞાનની આવશ્યકતા છે. સમ્યગ્જ્ઞાન હોવા છતાં પણ ક્રિયા વિના મુક્તિ નથી. સમ્યગ્જ્ઞાની આત્માનું ધ્યેયબિંદુ સમ્યક્ ક્રિયા પ્રતિ ચોટેલુંજ રહે છે. જેમ જેમ આત્મા સમ્યગ્જ્ઞાનની સંપૂર્ણતા પ્રતિ પહોંચતો જાય તેમ તેમ સમ્યક્ ક્રિયા પ્રતિ વિશેષ વિશેષ પ્રકારે તેને અભિરૂચિ થતી જાય. ક્રિયા એ આત્માની કરણી છે, જ્ઞાન એ આત્માનું જાણ-પણું છે—આત્મા જ્યારે જાણે છે—આત્મા જ્યારે હેય–જ્ઞેય અને ઉપાદેય પદાર્થોની માહિતી મેળવે છે, ત્યારે કરણીય વસ્તુઓ તરફ તે વધુ અને વધુ વળતો જાય છે. જો કરણીય વસ્તુઓ તરફ તેનું વલણ ન દેખાતું હોય તો અનુભવ કહે છે કે તે સમ્યગ્જ્ઞાનથી દૂર છે. ક્રિયા તરફ દુર્લક્ષ સમ્યગ્જ્ઞાની કદાપિ પણ કરતોજ નથી. એનાં અનેક દૃષ્ટાંતો જૈન શાસ્ત્રોમાંથી નિહાળી શકીએ છીએ.

ક્રિયા વિનાનું જ્ઞાન નકામું છે, નિષ્ફળ છે. જેઓ ક્રિયાને ઉત્થાપે છે, તેઓને શાસ્ત્ર-કારોએ નિર્લજ–ભામટા–કુમતિ કહ્યા છે. ક્રિયાને–અનુષ્ઠાનને છોડનારા જ્ઞાનને ટકાવી શકતા નથી. શુદ્ધ જ્ઞાની આત્મા શુભ પ્રવૃતિથી જ–શુભ ક્રિયાથીજ જ્ઞાનને શુદ્ધ–શુદ્ધતર બનાવી શકે છે. અને અગ્નિના તાપથી જેમ સોનાની પરીક્ષા થાય તેમ શુદ્ધ ક્રિયાથી જ સમ્યગ્જ્ઞાનની પરીક્ષા થઇ શકે છે; સમ્યક્ ક્રિયા વિના જ્ઞાન ટકી શકતું નથી. ક્રિયા–અનુષ્ઠાનને તજવાથી પ્રમાદી બનાય, અને પ્રમાદથી પૂર્વધરોનું જ્ઞાન પણ ચાલ્યું જાય છે. માટે જે સમયે જે ક્રિયા કરવાની કહી છે તે સમયે તે ક્રિયા કરવાથી જ જ્ઞાન ટકે છે, અને નિર્મળ થાય છે યા વધે છે. સર્વવિરતિ ચારિત્રના અભાવે દેશવિરતિ ચારિત્રની

ક્રિયા પણ કલ્યાણકારી છે. સર્વવિરતિ ચારિત્રની ભાવનાવાળો દેશવિરતિ ચારિત્રની ક્રિયા કરી શકે છે. સાધુભક્તિ, જિનપૂજા, દાન–શીયલ–તપ–ભાવ–ધર્મે કરીને પણ શુભ ક્રિયાવાળોજ પ્રશંસનીય છે. પ્રીતિ–ભક્તિથી કેટલીક દ્રવ્યક્રિયા પણ માર્ગ સન્મુખ કરનાર છે. પ્રભુની આજ્ઞા પ્રમાણે લોચાદિ ક્રિયા કરવી, ઉઘાડા પગે અને ઉઘાડા માથે ચાલવું, અસાવદ્ય ભીક્ષાવૃત્તિથી નિર્વાહ કરવો–ઇત્યાદિ ક્રિયા હોય તોજ પૂર્વાદિ સૂત્ર જ્ઞાન સફલ થાય. ક્રિયા વિના જ્ઞાન કાંઇજ ન કરી શકે.

પાણીમાં તરતાં આવડતું હોય–તરવાનું કાર્ય જાણતો હોય તો પણ પાણીમાં હાથ પગ હલાવવા રૂપ ક્રિયા ન કરે તો તરી ન શકે, માટે ગીતાર્થનાં વચનને અનુસારે ક્રિયા કરનારનું જ્ઞાન સફળ છે. વળી વિષયના ફલરૂપ ક્રિયા–ગુરૂશુશ્રૂષા કરવાથીજ જ્ઞાન મળે છે. ભૂતાર્થભાષી વાચકવર ઉમાસ્વાતિ મહારાજ કહે છે કેઃ—

**" विनयफलं शुश्रूषा, गुरुशुश्रूषाफलं श्रूतज्ञानम् ।**
**ज्ञानस्य फलं विरतिः विरतिफलं चाश्रवनिरोधः ॥**
**आश्रवरोधाद् भवसंततिक्षयः संततिक्षयान्मोक्षः ।**
**तस्मात्कल्याणानां, सर्वेषां भाजनं विनयः ॥ "** —**प्रशमरतिः।**

વલી વૈયાવચ્ચ રૂપ ક્રિયા કરે તો પાપ તુટે. કહ્યું છે કેઃ—

**" वेयावच्चेणं भंते । जीवे किं जणइ ?**
**वेयावच्चेणं तित्थयरनामगोयंकम्मं निबंधइ"** —**उत्तराध्ययने २९ ॥**

વળી જેઓ પ્રભુની પ્રતિમાજીની પૂજા રૂપ ક્રિયા, યોગની ક્રિયા, ઉપધાનની ક્રિયા, ગુરૂનો વાસક્ષેપ માથે નંખાવવાની ક્રિયા નથી કરતા તેને શાસ્ત્રકારો પાપી કહે છે. જુઓઃ

**" પ્રતિમા લોપે પાપીયા, યોગ અને ઉપધાન;**
**જિનજી વાસ નવી શિરે ધરે, માયાવી અજ્ઞાન,**
**જિનજી તુજ વયણે મન રાખીએ. "**

**—ઉ૦ યશોવિજયજી મહારાજ.**

શ્રી સમવાયાંગસૂત્ર, શ્રી ભગવતીસૂત્ર, શ્રી જ્ઞાતાસૂત્ર, શ્રી ઉપાશકદશાંગસૂત્ર, શ્રી રાયપસેણીસૂત્ર, શ્રી જીવાભિગમસૂત્ર, શ્રી જંબુદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર, વગેરેમાં પ્રતિમાપૂજા કરવી કહી છે. તથા નંદીસૂત્ર, અનુયોગદ્વારસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર, ઠાણાંગસૂત્ર, વિગેરેમાં યોગની ક્રિયા કરવા ફરમાવ્યું છે, તથા મહાનીશિથ પ્રમુખ સિદ્ધાંતોમાં ઉપધાનની ક્રિયા કરવાનું વિધાન છે, સમવાયાંગસૂત્ર, અનુયોગદ્વારસૂત્ર, અને આવશ્યકનિર્યુક્તિમાં ગુરૂનો વાસક્ષેપ લેવાનું કહ્યું છે. આ સર્વે ક્રિયાઓ મોક્ષસાધક છે. વલી શુભયોગની પ્રવૃત્તિ અને અશુભ યોગની નિવૃત્તિ રૂપ સામાયિક ચારિત્રની ક્રિયા જાવજજીવ સુધી કરવાની પ્રતિજ્ઞાવાળા સર્વવિરતિ ચારિત્રનું પાલન કરનારા સંપૂર્ણ જ્ઞાનને–ચૌદ પૂર્વને મેળવી શકે છે. જ્યાં સુધી ઉપરની ક્રિયા ન કરે તેને ચૌદ પૂર્વનું જ્ઞાન મળતું નથી, એવી સર્વજ્ઞની આજ્ઞા છે. ઉપરની ક્રિયા કરનાર સર્વજ્ઞોનાં આગમો ભણી શકે છે. જે લોકો તે ક્રિયા કરતા નથી અને આગમને ભણે છે, તે પ્રભુની આજ્ઞાનું અપમાન કરે છે. કારણ કે, નિશીથ–ઠાણાંગ, સુયગડાંગ, વ્યવહાર, ઉપાશક–પ્રમુખ આગમોમાં ગૃહસ્થને આગમ ભણાવવાની મનાઇ કરેલ છે, અને તેજ ક્રિયાની આવશ્યકતા સૂચવે છે.

શ્રુત કેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુ સ્વામિ કહે છે કેઃ—

**सुयनाणं मिवि जीवो, वट्टंतो सो न पाउणइ मोक्खं।**
**जो तव संजम मइए, जोए न चएइ वोढुं जे ॥ ९४॥**

શ્રુત જ્ઞાનમાં અપિ શબ્દથી મતિ અને અવધિજ્ઞાનમાં વર્તતો જીવઃ તપ-સંયમ રુપ યોગો ( સત્ ક્રિયાઓ ) જે કરતો નથી તે "પોતાના દેશ જવાની અભિલાષાવાળા માર્ગને જાણનારા ગમનની ક્રિયા વિનાના પુરૂષની માફક" મોક્ષે જઈ શકતો નથી. તથા—

**जह छेय लद्ध निज्जामओ वि, वाणि य गइच्छियं भूमिं ।**
**वाएण विणा पोओ, न चएइ महण्णवं तरिउं ॥ ९५ ॥**
**तह नाणलद्ध निज्जा—मओवि सिद्धि वसहिं न पाउणइ।**
**निउणो विजीव पोओ, तव संयम मारुअ विहूणो ॥ ९६ ॥**

જેમ જેનો ખલાસી ( નિર્યામક ) ડાહ્યો છે તથા ધ્રુવ તારો જોનાર ( કર્ણધાર ) પણ સારો છે, એવું વ્હાણ વાયુ વિના મહાસમુદ્ર તરીને વેપારીને ઇષ્ટભૂમિ પ્રત્યે પામવાને સમર્થ નથી થતું. તેમ શ્રુતજ્ઞાનરૂપ નિર્યામકવાળું, મતિજ્ઞાનરુપ કર્ણધારયુક્ત, નિપુણ એવું જીવરૂપ વ્હાણ તપ સંયમ ક્રિયારૂપ પવન વિના સિદ્ધિરૂપ ઇષ્ટ સ્થાનકને મેળવવા શક્તિવાળું થતું નથી—તે માટે તપ-સંયમરુપ અનુષ્ઠાન ( ક્રિયા ) અપ્રમાદિપણાયે કરવુંજ જોઇએ. એ માટે શ્રી ભદ્રબાહુ સ્વામિ ઉપદેશે છે કેઃ—

**संसार सागराओ, उव्वुड्डो मापुणो नि ुड्डिज्जा ।**

**चरणगुण विप्पहीणो, बुड्डइ सुबहुं पि जाणंतो ॥ ९७॥**

જેમકે કોઇક કાચબો ( પાણીમાં રહેનાર જળચર પ્રાણી ) ઘણાં તૃણપત્રરુપ નિશ્છિદ્ર પડલોથી ઢંકાયેલા પાણીવાળા અંધકારમય મોટા દ્રહની અંદર તેમાં રહેલ અનેક જળચર પ્રાણીઓની અથડામણ વિગેરે કષ્ટોથી દુઃખિત મનવાળો ભમતો ભમતો કોઇક પ્રસંગમાં પાણી ઉપરનાં પડલોમાં છિદ્ર દેખાવાથી બહાર નિકળી શરદ્ઋતુના ચંદ્રકિરણના સ્પર્શનો આનંદ અનુભવીને ફરીથી પોતાના કુટુંબીઓના સ્નેહથી ખેંચાયેલો "અંધકારમાં કષ્ટ પામતા એવા તેઓને દેવલોક જેવું આ દેખાડું" એવું વિચારી પાછો તેજ છિદ્રથી અંદર ગયો, પછી બન્ધુવર્ગને લઇ પાછો તે છિદ્રથી નિકળવા આવ્યો, પણ છિદ્ર ( પૂરાઇ ગયું હોવાને લીધે ) ન મલવાથી તેણે મહાદુઃખદાયક વિપદાને અનુભવી, એમ આ જીવરૂપી કચ્છપ અનાદિકાળથી સંબદ્ધ કર્મની પરંપરા રૂપ પડલથી ઢંકાએલા, મિથ્યારૂપ અંધકારવાળા અનેક પ્રકારનાં શારીરિક માનસિક, નેત્રવેદના-જ્વર-કોઢ-ભગંદર-ઇષ્ટવિયોગ-અનિષ્ટ સંયોગ વિગેરે દુઃખોરૂપ જલચરોથી સહિત એવા સંસારમાં ભમતાં ભમતાં કોઇક પ્રસંગથી મનુષ્યત્વ પામવા લાયક કર્મરૂપ છિદ્રથી મનુષ્યપણાની પ્રાપ્તિથી ઉંચો આવીને જિનેશ્વરના રૂપચંદ્રના વચનરૂપ કરણોનો બોધ પામી-અનુભવીને આ મનુષ્યભવ દુર્લભ છે એ જાણતો છતો પણ સ્વજનના સ્નેહ અને વિષયવાસનાથી ફરીથી કાચબાની માફક તેજ સંસારમાં ચારિત્ર ( ક્રિયા ) વિનાનો હોય તો, જ્ઞાન ઘણું હોય તો પણ ડૂબે છે, માટે ક્રિયાની આવશ્યકતા જરૂરની છે. નિશ્ચય નય તો ક્રિયારૂપ ફલ ન હોવાથી તેને અજ્ઞાનીજ કહે છે. ફરી પણ નિર્યુક્તિકાર ભગવાન્ ભદ્રબાહુ સ્વામી જણાવે છે કેઃ—

सुबहुंपि सुयम हीयं, किंकाही ? चरण विप्प हीणस्स।
अंधस्स जह पलित्ता, दीव सयसहस्स कोडी वि ॥ ९८ ॥
अप्पंपि सुयमहीयं, पयासयं होइ चरण जुत्तस्स।
इक्कोवि जह पइवो, सचक्खुअस्स पयासेइ ॥ ९९ ॥



ઘણું પણ ભણેલું શ્રુત–ચારિત્ર ( ક્રિયા ) હીનને શું ( પ્રકાશ–ઉપકાર ) કરે ? ન જ કરે ! જેમ અંધની આગળ લક્ષ યા કોટી દીપક કરવામાં આવે તો શું કામના ? નકામાજ. થોડું ભણેલું પણ ક્રિયાયુક્ત જ્ઞાન પ્રકાશકારી હોય છે. જેમ એક દીવો ચક્ષુવાળાને પ્રકાશ કરે છે તેમ વળી ક્રિયા વિનાનું જ્ઞાન સિદ્ધિ ગતિની અપેક્ષાએ તો નિરર્થકજ છે. જેને માટે કહે છે કેઃ—

जहा खरो चंदन भारवाही,
भारस्स भागी न हु चंदणस्स।
एवं खु नाणी चरणेण हीणो,
नाणस्स भागी न हु सुग्गइ ए ॥ १०० ॥

જેમ ચંદનનાં લાકડાંના ભારાઓને ઉપાડનાર ગધેડો ભારનો ભોગી છે પણ ચંદનનો ભોગી નથી, તેમ ક્રિયા રહિત જ્ઞાની જાણપણાનોજ ભાગી છે પણ મોક્ષગતિનો ભાગી નથીજ બનતો.

આ ક્રિયાની પુષ્ટિ ઉપરથી જ્ઞાનમાં અનાદર કરવો નહિ, કારણ કે સુજ્ઞાનવાળીજ ક્રિયા ખાસ જરૂરની છે. અને જ્ઞાન પણ ક્રિયાવાળુંજ જોઇએ, એટલા માટે ભગવાન્ ભદ્રબાહુ સ્વામિજી કહે છે કેઃ—

हयं नाणं क्रियाहीणं, हया अन्नाण ओ किया।
पासंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधओ ॥ १०१ ॥

એક નગરમાં અગ્નિ લાગ્યો. તેમાં અનાથ એવા એક આંધળો અને એક પાંગળો રહેતા હતા. તેઓ નગરના લોકોને અગ્નિથી ભય પામેલા નાશભાગ કરતા જાણીને પાંગળો ચાલવાની ક્રિયા ન કરી શકવાથી નાશવાના માર્ગને જાણવા છતાં (જ્ઞાન હોવા છતાં) પણ, અનુક્રમે પાસે આવેલા અગ્નિથી બળ્યો, અને અંધ હતો તે ચાલવાની ક્રિયા કરનારો હોવા છતાં પણ, નાશવાના માર્ગને નહિ જાણતો હોવાથી જે તરફ અગ્નિ સળગતો હતો તે તરફ જવાથી અગ્નિની ખાડમાં પડવાથી જલ્દી બળી ગયો. એવી રીતે જ્ઞાની પણ ક્રિયાહીન કર્મરૂપી અગ્નિથી બચી શકતો નથી, અને જ્ઞાનવિનાનો ક્રિયા કરવાથી પણ કર્મરૂપ અગ્નિથી છુટી શકતો નથી. એટલા માટે નિર્યુક્તિકાર કથે છે કેઃ—

संयोग सिद्धिइ फलं वयंति हुण्ण चक्केणरहो पयाइ।
अंघोय पंगूय वणे समिच्चा, ते संपऊत्ता नगरं पविठा ॥ १०२ ॥

એક જંગલમાં રાજ્યના ભયથી નગર છોડીને લોકો રહ્યા હતા. જંગલમાં પણ એક વખત ધાડનો ભય થવાથી વાહન વિગેરે છોડીને લોકો નાશી ગયા. ત્યાં અનાથ એવા આંધળો અને પાંગળો રહી ગયા. ધાડપાડુઓ ગયા પછી તે લોકોએ કરેલ અગ્નિ વાયુથી વનમાં ફેલાયો–વનને બાળવા લાગ્યો. અંધો અને પંગુ ભય પામ્યા. અગ્નિ તરફ દોડતા આંધળાને પાંગુએ કહ્યુંઃ "તે તરફ ન જા, તે બાજુ અગ્નિ સળગે છે." અંધ બોલ્યોઃ "ત્યારે કયી

બાજુ જાઉં ?" પાંગલો બોલ્યોઃ " હું પણ અતિ દૂર હોવાથી માર્ગ દેખાડી શકું તેમ નથી, અને પંગુ હોવાથી ચાલીને ત્યાં આવી શકુ તેમ નથી, માટે મને તારા સ્કંધ ઉપર બેસાડીને ચાલ. એટલે સર્પ-કાંટા આદિ ઉપદ્રવોથી પણ બચાવીને, તેને આગ્ન વિનાના માર્ગથી સુખેથી ગામમાં પહોચાડું." તેણે તે વાત સ્વીકારી. તેમ કર્યું. તેથી બંને જણા સુખેથી નગર પ્રત્યે પહોંચી ગયા. તેમ જ્ઞાનવાલી ક્રિયા મોક્ષે પહોંચાડે છે. તથા—

**नाणं पयासगं सो-हओ तवो संजमो य गुत्तिकरो।**
**तिण्हंपि समायोगे, मोरको जिणसासणे भणिओ ॥ १०३ ॥**

કચરાથી ભરેલ મોટા ઘરને શોધન કરવામાં દીપક અને પુરૂષાદિના વ્યાપારની માફક, કર્મરૂપ કચરાથી ભરેલ જીવરૂપ ઘરને શોધન કરવામાં જ્ઞાન, તપ અને સંયમનો વ્યાપાર ઉપયોગી છે-શક્તિમાન છે. ઘરમાં મેલ કાઢવા માટે, પ્રકાશ કાઢવા માટે જેમ દીપકની જરૂર પડે છે તેમ જીવ રૂપ ઘરમાંથી કર્મ મેલને કાઢવા જ્ઞાનરૂપ દીપકની જરૂર છે. તથા તપ અને સંયમ એ ક્રિયા છે, તેમાં ઘરના કચરાને ફેંકવાની માફક તપ-ક્રિયા જુનાં કર્મોને નિર્જરે છે,-આત્માથી છુટાં પાડે છે-દૂર ફેંકે છે.

જ્યારે ગોખ, ઝરૂખો, બારીયો બંધ કરેલા ઘરમાં માનવી જેમ નવિન કચરો ન આવવા દે, તેમ સંયમ-સંવર ક્રિયા નવિન કર્મોને આવતાં અટકાવે છે. એટલે કે ક્ષાયક ભાવનું જ્ઞાન અને ક્ષાયકભાવના તપ-સંયમ (ક્રિયા)નો સંયોગ મોક્ષ આપે છે, એમ જિનશાસનમાં-જિનપ્રવચનમાં કહ્યું છે.

એ પ્રમાણે દર્શનાન્તરમાં પણ માનેલું છે. જેમકે-કુમારપાલ પ્રબંધમાં શ્રી જિનમંડળ-ગણિના લખાણ પ્રમાણે મહાભારતમાં નીચેની મતલબનું લખાણ આવે છે કે-"સુપાત્રની પરીક્ષામાં ભીમ કહે છે કેઃ—

**मूर्खस्तपस्वी राजेन्द्र !, विद्वांश्च वृषलीपतिः ।**
**उभौ तौ तिष्ठतो द्वारे, कस्य दानं प्रदीयते ॥ १ ॥**

મતલબ એવી છે કે હમેશાં યુધિષ્ઠરને દાન દેવાની પ્રતિજ્ઞા હતી. પ્રાતઃકાલમાં નિદ્રા ખૂલતાંજ પ્રથમ દાન કર્યા બાદ અન્ય કાર્યો કરતા હતા. હંમેશાં જે બ્રાહ્મણ દક્ષિણા લેવા આવે તેને પ્રથમ દાન કર્યા બાદજ બીજું કાર્ય કરે. એક દિવસ યુધિષ્ઠર રાજા પ્રાતઃકાલમાં ઉઠયા, તેજ વખતે ભીમ દક્ષિણા દેવાને દરવાજે આવ્યો તો બે બ્રાહ્મણો એકી સાથે દક્ષિણા લેવા આવ્યા. ભીમે વિચાર કર્યોઃ " કોને આપવી ?" બંનેને હકીકત પૂછી. એકે કહ્યું-"હું બ્રાહ્મણ છું, કાંઇ પણ ભણ્યો નથી. માત્ર કુલપરંપરાથી દેખેલી તપ-ક્રિયા કરૂં છું." જ્યારે બીજે કહ્યું કે " હું બ્રાહ્મણ છું. સર્વ વેદાદિ શાસ્ત્રો ભણેલો છું. પરંતુ નીચ કુલની દાસી સાથે સંબંધિત થવાના કારણે જ્ઞાતિથી દૂર થએલ હોવાથી પરદેશમાં રહું છું. બ્રાહ્મણની સર્વ ક્રિયાઓ છોડી દીધી છે." તે સાંભળી ભીમ યુધિષ્ઠિરને પૂછે છે કે "હે રાજેન્દ્ર ! એક તપસ્વી (ક્રિયાવાન) છે, પણ મૂર્ખ છે અને વિદ્વાન્ છે તે દાસીપતિ (ક્રિયાભ્રષ્ટ) છે. બન્ને જણા દરવાજામાં ઉભા છે, કોને દાન આપવું ?" તેના ઉત્તરમાં યુધિષ્ઠિર બોલ્યા—

**सुखासेव्यं तपो भीम !, विद्याकष्टदुरा सदा ।**
**विद्वांसं पूजयिष्यामि, तपोभिः किं प्रयोजनम् ? ॥ २ ॥**

હે ભીમ ! તપ–ક્રિયા તો સુખસમાધિથી થઇ શકે છે, પણ વિદ્યા ઘણી દુઃસાધ્ય છેઃ માટે વિદ્વાનને પૂજીશ, તપનું શું કામ છે ?" તે સાંભળી અર્જુન બોલ્યા–



**श्वानचर्मगता गंगा, क्षीरं मद्यघटस्थितम् ।**
**अपात्रे पतिता विद्या किं करोति ? युधिष्ठिर ! ॥ ३ ॥**

"કુતરાના ચામડામાં પડેલું ગંગાજળ ને દારૂના ઘડામાં રહેલ દૂધ, જેમ કાંઇજ કામનું નથી, તેમ અપાત્રમાં રહેલી વિદ્યા શું કામની છે ?" અર્થાત્ નકામી છે. આ પ્રમાણે વિવાદ ઉપસ્થિત થતાં તેનો નિર્ણય કરવા દ્વિપાયન બોલ્યાઃ—

**न विद्यया केवलया, तपसा चापि पात्रता ।**
**यत्र विद्या चारित्रं च तद्धि पात्रं प्रचक्षते ॥ ४ ॥**

દાન સુપાત્રમાં અપાયેલ હોય તેજ સુકૃત થાય છે—પરંપરાએ મોક્ષનું કારણ થાય છે. તે સુપાત્ર કોણ ? **पापात्-संसाराद्वा त्रायते स्वपरान् इति पात्रम् ।** જે પાપથી અગર સંસારથી પોતાના આત્માને અને પરને રક્ષે–મોક્ષે પહોંચાડે તેજ પાત્ર. તેવું પાત્ર કોણ ? મોક્ષે જનાર અને મોક્ષે પહોંચાડનાર કોણ ? તેનું પ્રતિપાદન આ શ્લોકમાં કહે છે કે—"ફક્ત વિદ્યા (ક્રિયા વિનાના જ્ઞાનના સદ્‌ભાવથી જ, ક્રિયા) અથવા કેવલ તપસ્યાથી (જ્ઞાન વિનાની) જ, પાત્રપણું પ્રાપ્ત થતું નથી. પણ જેમાં તે બંને વસ્તુઓ હોય, તે જ વસ્તુ પાત્ર કહી શકાય." આમાં પણ જ્ઞાન અને ક્રિયા બંને ફલ આપનાર બતાવ્યાં છે, એટલે એકલું જાણીને બેસી રહેવાથી જ કોઇ પ્રકારનું સાધી શકાતું નથી, પણ ક્રિયા કરે તો જ સાધી શકાય.

શાસ્ત્રકાર મહારાજાઓએ ક્રિયાને અગત્યતાવાળી બતાવી છે, તેમાંથી અંશે આ લેખમાંથી જૈન જનતાને પ્રાપ્ત થઇ શકશે. સંસારમાં જેમ કોઇ પણ પ્રકારની ક્રિયા વગર સાંસારિક સાધ્યબિંદુ પ્રાપ્ત કરી શકાતું નથી તેમ મુક્તિની પ્રાપ્તિમાં સમ્યક્ ક્રિયા શિવાય મુક્તિનું સાધ્યબિંદુ પ્રાપ્ત કરી શકાતું નથી; ઉત્તરોત્તર કરણી, એ સાધ્યબિંદુએ પહોંચી જવા ઘણી જ સહાયક થઇ પડે છે. ખાવાપીવામાં, હરવાફરવામાં, જેમ કરણી શિવાય બની શકતું નથી, તેમ મુક્તિને ચાહનારાઓને ધર્મક્રિયા શિવાય ચાલી શકે એમ નથી. આજની જડમાં જડાઇ જતી પ્રજા ! એક વખત વિચારો કે પોતાને આ દુનીયાના વિનાશી પદાર્થો પ્રાપ્ત કરવાને કેટલી તકલીફ વેઠવી પડે છે ? કેટલી જી–હજુરી–તાબેદારી–પરતંત્રતા–ગુલામી અને વિનયીપણું ભોગવવું પડે છે ? આજના જડવાદમાં ઉછરી મરી જતી પ્રજા જો એક વખત વિચારે કે નિષ્ફલતા મલતાં છતાં રાંક હૃદયે પુનઃ પુનઃ એક વાત કેટલી કેટલી વખત કરવી પડે છે, તો મુક્તિ મેળવવા માટે અવિનાશી સ્થાન મેળવવા માટે–આત્મિક ધર્મ પ્રાપ્ત કરવા માટે એક અને એક ધાર્મિક અનુષ્ઠાન પુનઃ પુનઃ કરવું પડે તેમાં આશ્ચર્ય નથી. શ્રી અને સંસારિક સરસ્વતિ જેમ અતુલ પ્રકારના બલિદાન પછી પ્રાપ્ત થાય છે તેમ ધર્મનાં પગથીયાંઓની પ્રાપ્તિ કરવાને કેટલી મહેનત જોઇએ ? અનાદિનાં ઠાંસી ઠાંસી આત્મ-પ્રદેશો સાથે જડાએલાં પરમાણુઓને ખસેડવા કેટલાં બલિદાન દેવાં પડે ? અણુ-છુટકે પણ ફરજ તરીકે છેવટે ક્રિયા કરવાની શરૂઆત થતી હોય તો ધર્મની પ્રાપ્તિ થઇ શકે. આજની જડમાં ઝુકતી, ભક્ષ્યાભક્ષ્યને ખીંટીએ લટકાવી મૂકતી પ્રજા સમજે કે હોટેલ આદિના ખાણામાં પણ ગૃહેથી ચાલીને દોઢ માઇલ જવું પડે છે, એ આસ્વાદને લેવા

કરણી કરવી પડે છે, લેમનના પ્યાલામાં બરફ નાંખવાની કરણી કરવી પડે છે, ચા પાણીના રેસ્ટોરામાં કલાકના કલાક સુધી ટાંપવું પડે છે, ત્યારે ધાર્મિક ક્રિયાઓની કરણીમાં મુક્તિમાર્ગના અવિનાશી પંથની પ્રાપ્તિ સારૂ શ્રી જિનેશ્વર દેવોના શાસનમાં યોજાયેલાં અનુષ્ઠાનો દ્વારા એ ધર્મની જાગૃતિ કરવા માટે,-અસંસ્કારોને કાપવા માટે આત્માએ ભારી મર્દાનગી વાપરવાની જરૂર છે. આજની જડમાં જડાઇ જતી પ્રજાને એટલી સૂચના આપવાની ફરજ છે કે-ધર્મજાગૃતિ સારૂ ધાર્મિક ક્રિયાઓના દીપકો પ્રદીપ્ત કરો ! **જિનપૂજા, સામાયિક, ગુરુવંદન, વ્યાખ્યાન-શ્રવણ, પ્રતિક્રમણ, પૌષધ-રાત્રિભોજન ત્યાગ, આયંબિલ,** ઉપવાસાદિક **ક્રિયાઓના** દીપકો પ્રદિપ્ત કરવામાં-સાંસારિક તુચ્છ ઝાંખા દીવડાઓ જેમકે **પ્રમાદ, ટહેલવું, રાત્રિભોજન, કંદમૂલ, અભક્ષ્ય અનંતકાયની** વપરાશ વિગેરે બુઝાઇ જશે. વિશ્વના ગમે તેવા ભાગમાં-ગમે તેવાના સંગમાં-ગમે તેવા સંયોગમાં-તમે મૂકાએલા હશો તો પણ શ્રી જિનેશ્વર દેવો પ્રણિત ક્રિયા કરવામાં તમારૂં દુર્લક્ષ નહિ હોય તો-તમારી શ્રી જિનેશ્વરના અનુયાયી તરીકે પીછાન કરવાની જરૂર રહેશે નહિ. તમે એકેક જૈન તરીકે દીપી નિકળશો, નહિતર એ ક્રિયાઓ શિવાય, તમને તમારી જાતને છુપાવવી પડશે. તેમાં તમે શ્રી જિનેશ્વર દેવોનો પ્રાપ્ત થએલો ધર્મ હારી જાશો. ક્રિયા શિવાય જે કેળવાય છે, તે વમી જાય છે અને મનુષ્ય તુચ્છ અહંભાવ પર ચાલ્યા કરે છે. અંતે એટલું જ નિવેદન કરવાનું કે ક્રિયાથીજ-કરણીથી જ એક વ્યકિત ધર્મ સ્થાપન પર કેટલી પહોંચી છે તેનું માપ કરી શકાય છે. અને ક્રિયાના ઉદ્યોતમાં આજની પ્રજા જૈનત્વનો ઉદ્યોત કરી શકશે.

ૐ શાન્તિ :

---

# ક્ષમા

રાગ : ગઝલ.

**ક્ષમા** છે સાર ભૂત સાધન, જગતની જાલ હરવાનું,
**ક્ષમા** ભવ પાર કરનારી, ખરૂં એ નાવ તરવાનું. ૧

**ક્ષમા** ધારી ગયા મુક્તિ, **ક્ષમા** હારી ગયા નરકે;
ખરૂં સુખનું **ક્ષમા** સાધન, તજી તે પ્રાણીયો ભટકે. ૨

લટકતા તે ભમે ભવમાં, અટકતા મુક્તિ જાવાથી;
**ક્ષમા** જેણે નથી જાણી, કહું છું સત્ય દાવાથી. ૩

**ક્ષમા**થી કેવલીની થઇ, મૃગા માતા ગયાં મુકિત;
**ક્ષમા**ની ભાવના ભાવો, કહ્યું શાસ્ત્રે કરી યુકિત. ૪

**ક્ષમા**વે તેજ આરાધક, વિરાધક અન્યથા જાણો;
સૂણી એ કલ્પની વાણી, ભલા લોકો ઉરે આણો. ૫

ખરા શ્રી વીર ભજનારા, બને કેમ ક્ષાંતિ તજનારા;
બને જો ક્ષાંતિ તજનારા, નહિ શ્રી વીર ભજનારા. ૬

**ક્ષમા** છે વીરનું ભૂષણ, તમે છો વીરના ભકતો;
**ક્ષમા** ધારી ખરા વીરો, બનો કયાં રોષમાં રકતો. ૭

**ક્ષમા આતમ** કમલ વિષે, રહી જેમાં સદા દીસે;
વસે ત્યાં **આત્મ લબ્ધિ** છે, વળી ત્યાં સુખ અબ્ધિ છે. ૮

# આદર્શ શ્રાવક

:: લેખક ::
પં. ભગવાનદાસ હરખચંદ દોસી.

જૈનધર્મ અને જૈનોનું આ જગતમાં કયું સ્થાન છે અને તેનો આ જગત સાથે વિશિષ્ટ એવો શો સંબન્ધ છે, તથા તેનો આ જગતની વ્યક્તિગત અને સમષ્ટિગત પ્રગતિમાં શો ફાળો છે, એનો નિર્ણય કરવો તે અત્યારની દષ્ટિએ બહુજ અગત્યનું છે. જૈન ધર્મ એટલે નાનામાં નાના પ્રાણી ઉપર દયા રાખવી, અને જૈન એટલે જિનનો ભક્ત કે જિનનો અનુયાયીઃ જો એટલોજ જૈનધર્મ અને જૈનનો અર્થ હોય તો હું ધારૂં છું કે જગતમાં તેનું કાંઇ વિશિષ્ટ સ્થાન નથી. તેમ જગત સાથે તેનો ખાસ સંબન્ધ પણ નથી. ભલે પછી જૈનધર્મદ્વારા વ્યક્તિગત ગમે તેટલી કલ્યાણસાધના થઈ હોય અથવા જૈનોનું વ્યક્તિગત ગમે તેટલું મહત્ત્વ હોય, તેટલા ઉપરથી તેણે જગત્‌ની પ્રગતિમાં કાંઇપણ વિશિષ્ટ ફાળો આપ્યો છે, એમ કહી શકાય નહિ.

મધ્યસ્થ દષ્ટિએ અવલોકન કરવાથી આ જગતમાં જૈનધર્મ અને જૈનોનું વિશિષ્ટ સ્થાન છે અને તેની પ્રગતિમાં તેનો મોટો ફાળો છે, એમ જાણી શકાય છે. આપણે ભગવાન્ મહાવીરનો સમય લઇ વિચાર કરીએ અને તે વખતનું પ્રજાકીય જીવન તપાસીએ. તે સમયમાં પ્રજાના જીવનમાં જડતા વધારે વ્યાપી ગઈ હતી. ધર્મની વ્યાપકતાને બદલે તેનામાં એકાંગીપણું વધારે હતું. દેવદેવીઓની ઉપાસના, યજ્ઞયાગાદિ શુષ્ક ક્રિયાકાંડ અને તેથી ઐહિક સંપત્તિના લાભની માન્યતા ખૂબ પ્રચલિત હતી, ગતાનુગતિકતાથી જૂના ચાલતા ક્રિયાકાંડો અને જૂની માન્યતાઓને વેદના બહાના નીચે વગર વિચારે પોષનારની વિદ્વાન વર્ગમાં ગણના થતી હતી. ભગવાન મહાવીરના ઇન્દ્રભૂત્યાદિ ગણધરો પૂર્વ અવસ્થામાં વેદના અભ્યાસી અને યજ્ઞયાગાદિ કર્મકાંડ કરાવનાર પ્રતિષ્ઠિત વિદ્વાન હતા. તેના અન્તઃકરણમાં વેદની માન્યતા સંબન્ધે અનેક પ્રકારની શંકાઓ હતી, પણ વેદની રુઢ માન્યતાઓની સામે બંડ કરવાની તેમનામાં શક્તિ નહોતી. તે સમયે મનુષ્ય મનુષ્યમાં ભેદ રુઢ થઇ ગયો હતો. બ્રાહ્મણોની ઉંચ્ચ વર્ગમાં ગણના હતી, ત્યારે શૂદ્રો નીચ વર્ગમાં ગણાતા. આવું સામાજિક વાતાવરણ હતું. વર્ણોમાં બ્રાહ્મણ પૂજ્ય ગણાતો અને તે ગમે તેવો મોટો દોષ કરે તો તે અલ્પ ગણાતો અને શુદ્ર અલ્પ દોષ કરે તો તે મહાન્ ગણાતો. વાસ્તવિક ધર્મનું સ્થાન યાગાદિ ક્રિયાઓ અને દેવદેવીઓની સકામ ઉપાસનાઓએ લીધું હતું. યજ્ઞયાગાદિનું ક્રિયાકાંડ ઘણુંજ વધવા લાગ્યું હતું. તે એટલેસુધી વધ્યું કે પુત્ર જોઇએ તો કરો પુત્રેષ્ટિ, વરસાદ જોઇએ તો કરો પર્જન્યેષ્ટિ, ધન જોઇએ તો તે માટે કરો નવી જુદીજ ઇષ્ટિ ! કેટલાક યજ્ઞમાં તો પુષ્કળ હિંસા થવા લાગી, અને તે એટલે સુધી કે જોનાર માણસને કંપારી છૂટે.

તે સમયે ભગવાન્ મહાવીર થયા અને તેમણે ગૃહવાસનો ત્યાગ કરી બાર વર્ષ સુધી સંયમ અને તપશ્ચર્યા વડે આત્મશુદ્ધિ કરી કૈવલ્ય પ્રાપ્ત કર્યું. તેમણે જગતને સત્ય તત્ત્વનો ઉપદેશ કર્યો અને જણાવ્યું કેઃ–"ધર્મ એ જીવનનું સત્યદર્શન અને સત્યના અનુભવરૂપ છે. એ યજ્ઞયાગાદિ ક્રિયાકાંડથી કદિ ન પ્રાપ્ત થાય. હિંસા એ અધર્મ છે. અને તે પછી ભલે ધર્મ

માટે હોય કે શાસ્ત્રવિહિત હોય. મનુષ્ય મનુષ્યમાં કંદિ તાત્ત્વિક ભેદ ન હોઇ શકે. ત્યાગી, સત્યનિષ્ઠ અને સંયમી એજ ખરો બ્રાહ્મણ છે. માત્ર બ્રાહ્મણના કુલમાં ઉત્પન્ન થવા વડે બ્રાહ્મણ થવાતું નથી. કોઇ પણ વર્ણમાં ઉત્પન્ન થયેલો સંયમ અને ત્યાગ વડે બ્રાહ્મણ થઇ શકે છે. ઇશ્વર જગતનો નિર્માતા નથી પણ જીવ સ્વસ્વ કર્મના અનુસારે સૃષ્ટિ રચે છે. જીવ અને ઈશ્વરનો તાત્ત્વિક ભેદ નથી પણ કર્મજન્ય ઔપાધિક ભેદ છે. કર્મમુક્ત થવાથી પ્રત્યેક જીવ ઇશ્વર થઇ શકે છે. સંપૂર્ણ આત્મવિકાસ તે મોક્ષ છે, અને તેનો માર્ગ સત્યતત્ત્વદર્શન, પ્રજ્ઞા અને અહિંસાદિનું આચરણ છે. તેને સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રય કહેવામાં આવે છે." તે સિવાય તેમણે સ્યાદ્વાદનો ઉપદેશ કર્યો અને જગતને સત્યાવલોકન કરવાનું દષ્ટિબિંદુ આપ્યું. ભગવાન્ મહાવીરનો આ સંદેશ તેમના શિષ્યોએ આચરણ અને ઉપદેશ દ્વારા આખા ભારતવર્ષ અને તેની બહારના દેશોમાં ફેલાવી દીધો. ભગવાન્ મહાવીરે અધિકારને અનુસાર ધર્મસાધનાના બે અધિકારી કહ્યા છે–સાધુ અને શ્રાવક. જેઓને સત્યતત્ત્વનું દર્શન થયેલું છે અને જેઓ અહિંસાદિ મહાવ્રતોનું આચરણ કરી મોક્ષસાધનની ઇચ્છાવાળા છે, તે સાધુ–અને જેઓ સત્યતત્ત્વનું દર્શન થવા છતાં પણ અહિંસાદિ મહાવ્રતોનું આચરણ કરવા અસમર્થ છે, તે શ્રાવક કહેવાય છે. તેમાંના કેટલાએક રાગદ્વેષાદિ કષાયોની અલ્પતાથી વિરતિનો પરિણામ થતાં અંશતઃ અહિંસાદિ વ્રતોનું પાલન કરે છે, તે દેશવિરતિ શ્રાવક–અને કેટલાકને કષાયોની કંઇક અધિકતાથી વિરતિનો પરિણામ થતો નથી, તે અવિરતિશ્રાવક કહેવાય છે. અહિં સાધુઓ સંબન્ધે વિશેષ કહેવાનું નથી, માત્ર શ્રાવક સંબન્ધે કહેવાનું જ છે.

[1]સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી તત્ત્વની જિજ્ઞાસાપૂર્વક જિનવચનને શ્રવણ કરનાર શ્રાવક કહેવાય છે. શ્રાવકપણાનું મૂળ સમ્યગ્દર્શન છે. અને તે ધર્મપ્રાપ્તિનું મૂળ કારણ છે. વાસ્તવિક ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી જ થાય છે. તે સાધુધર્મ અને શ્રાવકધર્મનો પાયો છે. તેના સિવાય ધર્મરૂપ ઇમારત રહી શકતી નથી.

સમ્યગ્દર્શન એ આત્મ પરિણામ રૂપ છે અને તે ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ પાંચ લક્ષણ દ્વારા જાણી શકાય છે. જ્યારે સમ્યગ્દર્શન હોય ત્યારે આત્મામાં ઉપર કહેલાં પાંચ લક્ષણો વ્યક્ત થાય છે.

(૧) અપરાધ કરનાર મનુષ્ય ઉપર પણ ગુસ્સે ન થવું તે **શમ.**

(૨) ચક્રવર્તી કે દેવેન્દ્રના સુખને તુચ્છ અને દુઃખરૂપ ગણતાં બીજા કોઇ પણ પૌદ્ગલિક સુખને નહિ ઇચ્છતાં માત્ર મોક્ષની ઈચ્છા, તે **સંવેગ.**

(૩) શબ્દાદિ વિષયોના સેવનથી વિરક્ત રહેવું, તે **નિર્વેદ.**

(૪) જગતમાં આંતર અને બાહ્ય દુઃખથી પીડિત થયેલા જીવોને જોઇ દ્રવ્ય અને ભાવથી બન્ને પ્રકારે દયા કરવી, તે **અનુકંપા.**

---

૧. જે સમ્યગ્દર્શન પામીને સાધુઓની પાસે જિનવચનને સાંભળે તે શ્રાવક કહેવાય છે.
નવો નવો સંવેગ, જ્ઞાનવરણકર્મનો ક્ષયોપશમ, અને તત્ત્વજ્ઞાન એ જિનવચન સાંભળવાના ગુણો છે.
જિનવચન સાંભળવાથી ઉત્પન્ન થયેલા સંવેગ વગેરે ગુણો લોકોમાં જે ઉપકાર કરે છે તે શરીર, સ્વજન કે ધનદ્વારા પણ કરી શકાતો નથી.

—ઉમાસ્વાતિવાચક.

(૫) જિનેશ્વરે કહેલ તત્ત્વ સત્ય અને નિઃશંક છે એને તે દુઃખપરંપરાના નાશનો અમોઘ ઉપાય છે, એમ શ્રદ્ધાપૂર્વક માનવું તે **આસ્તિક્ય.**

તત્ત્વાર્થશ્રદ્ધાન, એ સમ્યગ્દર્શન છે. જેને મિથ્યાદર્શનમોહ અને અનન્તાનુબન્ધી (તીવ્ર) કષાયના ક્ષયાદિકથી સમ્યગ્દર્શન થયું હોય તેને ઉપર કહેલા ઉપશમ વગેરે ગુણો પ્રગટ થાય છે. જીવાદિ નવતત્ત્વનું જ્ઞાન સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં કારણ છે. એ ઉપરથી એમ નથી સમજવાનું કે જેને જીવાદિ તત્ત્વનું જ્ઞાન થાય તેને સમ્યગ્દર્શન થાય જ. પરન્તુ જે જીવોને સમ્યગ્દર્શન થયેલું છે તેને પૂર્વે જીવાદિ તત્ત્વનું જ્ઞાન સામાન્ય કે વિશેષરૂપે અવશ્ય હોય છે, અથવા તો જેઓને સામાન્ય કે વિશેષરૂપે જીવાદિ તત્ત્વોનું જ્ઞાન હોય છે તેને જ સમ્યગ્દર્શન થાય છે.

જ્યારે મનુષ્યને અનેક પ્રકારના બાહ્ય અને વિશેષતઃ આંતર દુઃખનો તીવ્ર અનુભવ થાય છે ત્યારે તે દુઃખને ટાળવા પ્રયત્નશીલ થાય છે, અને તેનો ઉપાય જાણવા તેનામાં તીવ્ર જિજ્ઞાસા પ્રગટે છે, તથા ઉપાયનું દર્શન કરવા તે એટલો બધો ઉત્સુક અને તલ્લીન બની જાય છે કે તેને બાહ્ય સુખ કે દુઃખની જરા પણ પરવા હોતી નથી. આ વખતે તેનામાં આંતરદૃષ્ટિ પ્રગટ થાય છે, આધ્યાત્મિકમંથન શરૂ થાય છે અને મિથ્યાદર્શન અને તીવ્ર રાગદ્વેષરૂપ ગ્રન્થીનો ભેદ થતાં [1]સત્યતત્ત્વનું દર્શન થાય છે. તેથી તેની બધી આંતર્ મુંઝવણોનો અંત આવે છે, તેની જિજ્ઞાસા શમી જાય છે, અને તેને પરમશાંતિનો—આધ્યાત્મિક તૃપ્તિનો અનુભવ થાય છેઃ તે સમ્યગ્દર્શન કહેવાય છે. તે વખતે શુશ્રૂષા—ધર્મશાસ્ત્ર સાંભળવાની ઇચ્છા, ધર્મરાગ અને દેવગુરૂની સેવા વગેરે લક્ષણ જ વિશેષરૂપે અવશ્ય પ્રગટ થાય છે, પણ વિરતિનો પરિણામ અનિયતરૂપે હોય છે. શાસ્ત્રકારે સમ્યગ્દર્શનની પ્રાપ્તિની દુર્લભતા કહી છે. અને તે વિચાર કરતાં સમજાય તેમ છે. હેય અને ઉપાદેય તત્ત્વનો વિવેક તે સમ્યગ્દર્શન અને તત્ત્વશ્રદ્ધાન કે તત્ત્વરૂચિ એ તેનું કાર્ય છે. હેય અને ઉપાદેય તત્ત્વનો વિવેક થવામાં જીવાદિ તત્ત્વનું જ્ઞાન અપેક્ષિત છે પણ જીવાદિ તત્ત્વનું જ્ઞાન માત્ર એ તેનું પ્રધાન કારણ નથી. સત્ય તત્ત્વદર્શનની તીવ્ર જિજ્ઞાસા વડે માધ્યસ્થ પૂર્વક થયેલી સત્ય તત્ત્વની પરીક્ષા, એ મુખ્ય કારણ છે. સત્ય તત્ત્વની પરીક્ષામાં પ્રધાન કારણ માધ્યસ્થ[2] છે, કારણ કે તે સિવાય તત્ત્વની સત્ય પરીક્ષા થઇ શકતી નથી. જ્યાં સુધી સત્ય પરીક્ષા ન થાય, ત્યાં સુધી હેયોપાદેય તત્ત્વના વિવેકરૂપ સમ્યગ્દર્શન થઇ શકતું નથી.

પરસ્પર વિરુદ્ધ એવા બે પક્ષમાંથી કોઇપણ એક પક્ષનો નિશ્ચય ન થવો અથવા તો સત્ય અને અસત્યમાં સમપરિણામવાળા થવું એ માધ્યસ્થનો અર્થ નથી, પરંતુ સ્વસંમત પક્ષને છોડવાના ભયથી ઉત્પન્ન થતા દૃષ્ટિરાગનો અભાવ તે માધ્યસ્થ. તે દ્વારાજ સત્ય અને

---

૧ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, અને મોક્ષ–એ નવ સત્ય તત્ત્વો છે અને તેમાં દુઃખનાં મૂળ રૂપ બંધ અને તેનું કારણ આસ્રવ–રાગદ્વેષાદિ છે. તથા સર્વ દુઃખની નિવૃત્તિરૂપ મોક્ષ અને તેના કારણ તરીકે સંવર અને નિર્જરા છેઃ એટલે દુઃખ, દુઃખનો હેતુ, દુઃખની નિવૃત્તિ અને તેનો ઉપાય–આ ચાર બાબતો મુખ્યત્વે છે.

૨ **तस्स परिक्खामूलं मज्झत्थं चिय जिणुत्तं ।**

ધર્મની પરીક્ષાનું મૂળ મધ્યસ્થપણું છે, એમ જિને કહ્યું છે. ( **ધર્મપરીક્ષા** ગા. ૩ ).

અસત્ય તત્ત્વની પરીક્ષા થઇ શકે છે. માધ્યસ્થ મનુષ્ય રાગદ્વેષરહિત અથવા તો મન્દરાગ-દ્વેષવાળો હોય છે અને તેનો હંમેશાં ગુણનોજ પક્ષ હોય છે, પણ તેનામાં સદ્ભૂત દોષને ઢાંકવા અને અસદ્ભૂત ગુણનું પ્રકટ કરવારૂપ પક્ષપાત હોતો નથી. એ માટે જ હરિભદ્રસૂરિ કહે છે કેઃ—



**" અમે આ જૈનાગમોનો રાગમાત્રથી સ્વીકાર કરતા નથી, તેમ દ્વેષમાત્રથી પરાગમનો ત્યાગ કરતા નથી: પરન્તુ મધ્યસ્થદૃષ્ટિવડે સ્વાગમનો સ્વીકાર અને પરાગમનો ત્યાગ કરીએ છીએ.**

**હે ભગવન્! કેવળ શ્રદ્ધાવડેજ તમારામાં પક્ષપાત નથી, તેમ દ્વેષમાત્રથીજ બીજામાં અરુચિ નથીઃ પરન્તુ આપ્તપણાની યથાવત્ પરીક્ષા કરી હે વીર પ્રભો! અમે તમારો આશ્રય કરીએ છીએ.**

**મને મહાવીરનો પક્ષપાત નથી, તેમ કપિલાદિને વિષે દ્વેષ નથીઃ માત્ર જેનું યુક્તિવાળું વચન હોય તેજ સ્વીકાર કરવા યોગ્ય છે. માટે માધ્યસ્થ તત્ત્વની સમ્યક્ પરીક્ષા દ્વારા સમ્યગ્દર્શનનું કારણ થાય છે. "**

સમ્યગ્દર્શનની પૂર્વે માધ્યસ્થ હોવાથી વિવેકશક્તિનો પ્રાદુર્ભાવ થાય છે અને તે વખતે તેનામાં અપુનર્બન્ધકભાવ પ્રગટ થાય છે. તેનું લક્ષણ આ પ્રમાણે છે. " તે અપુનર્બન્ધક હિંસાદિ પાપકર્મને તીવ્રભાવથી કરતો નથી, અને સંસારને–વિષયકષાયાદિને ઘોર ભયપ્રદરૂપે જાણવાથી તેનું બહુમાન કરતો નથી, તેમજ સર્વત્ર ઉચિત સ્થિતિનું પાલન કરે છે." કદાચ કર્મના દોષથી હિંસાદિ પાપકર્મ કરે તો પણ તે મન્દ પરિણામે કરે છે. શાસ્ત્રમાં અપુનર્બંધકને આદિધાર્મિક કહ્યો છે. કેમકે ધર્મની પ્રવૃત્તિ અહિંથી જ શરૂ થાય છે. અહિંયાં વિચારણીય છે કે કેટલીક વાર કોઇક વ્યક્તિમાં મિથ્યાત્વની પ્રબલતા હોય છે, અને બીજા કોઈપણ કારણથી રાગદ્વેષની મન્દતા થાય છે, ત્યારે તેનામાં માધ્યસ્થનો આભાસ થાય છે, પરન્તુ તે ખરેખર માધ્યસ્થ નથી, કારણ કે મિથ્યાત્વની પ્રબલતા હોવાથી તેમની રૂચિ સત્યને અનુકૂળ હોતી નથી, પણ તેને સ્વપક્ષનો તીવ્ર કદાગ્રહ હોય છે અને તે અસત્ પ્રવૃત્તિનું કારણ થાય છે. પણ જ્યારે સદ્ગુરુના યોગથી તેનામાં સત્ય તત્ત્વની જિજ્ઞાસા થતાં મિથ્યાત્વમોહની મન્દતા થાય છે અને તેથી રાગદ્વેષની પણ મન્દતા થાય છે, તેથી જે માધ્યસ્થ પ્રગટ થાય છે, તે સત્યદર્શનને અનુકૂળ હોવાથી સત્પ્રવૃત્તિનું કારણ થાય છે: અને તેના કદાગ્રહાદિ દોષો નષ્ટ થયા હોવાથી વિશેષજ્ઞ ન હોય તો પણ ભાવથી જૈનપણું પ્રાપ્ત કરે છે. માર્ગાનુસારીપણાના ગુણોમાં માધ્યસ્થ એ પ્રધાન ગુણ છે. માર્ગાનુસારીનો બાહ્ય આચાર સ્વસમયસંમત હોય કે પરસમયસંમત હોય, પણ તે માર્ગાનુસારિભાવમાં પ્રતિબન્ધક કે ઉપકારક થતો નથી. માત્ર વ્યુત્પન્નને માર્ગાનુસારિભાવમાં તત્ત્વજિજ્ઞાસામૂલક વિચારજ કારણ છે અને અવ્યુત્પન્નને સદ્વિચારપ્રેરક સદ્ગુરુનું પારતન્ત્ર્ય કારણ છે. આ માર્ગાનુસારિભાવ જ્યારે સંસાર ચરમ [1]પુદ્ગલપરાવર્ત બાકી હોય ત્યારે જીવને પ્રાપ્ત થાય છે, અને તે વખતે ગુણની વૃદ્ધિ થતાં ક્ષુદ્રતાદિ દોષોનો નાશ થાય છે. માર્ગા-

---

૧ પુદ્ગલપરાવર્ત, અનન્ત કાલની સંજ્ઞા છે અને તે બધા પુદ્ગલોને ઔદારિક, વૈક્રિય, તૈજસ, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ સાત પ્રકારે બધાં પુદ્ગલોને અનુક્રમે ગ્રહણ કરીને મૂકે તેમાં જેટલા કાળ થાય તે એક પુદ્ગલપરાવર્ત કહેવાય છે.

નુસારિભાવજ સમ્યગ્દર્શન કે સત્યતત્ત્વદર્શનની અનુકૂળ ભૂમિકા છે, તેથી સંકલેશ ઘટતો જાય છે અને શુભાશયના કારણભૂત કુશલાનુબન્ધી પરિણામની વૃદ્ધિ થાય છે અને તેથી તીવ્રરાગદ્વેષના પરિણામરૂપ ગ્રન્થીનો ભેદ થાય છે.

ગ્રન્થીભેદ થયા પછી અપૂર્વ કરણના યોગે જીવ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. તે વખતે આત્મા અને અનાત્માનો વિવેક પ્રગટ થાય છે. વાસ્તવિક ધર્મની શરૂઆત અહિંથી જ થાય છે. અન્તરાત્મભાવનો પણ અહિંજ પ્રાદુર્ભાવ થાય છે. અહિં તે જિજ્ઞાસાપૂર્વક ધર્મના શ્રવણથી હેય અને ઉપાદેય તત્ત્વનો યથાશક્તિ ત્યાગ અને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે છે. અને સાવધાનતા–આત્મજાગૃતિપૂર્વક જિનવચનને સાંભળતો તીવ્રકર્મનો નાશ થવાથી વિરતિનો પરિણામ થતાં તે ઉત્કૃષ્ટ શ્રાવક થાય છે.

સમ્યગ્દર્શન થયા બાદ ગુરુની પાસે સદ્ધર્મનું શ્રવણ કરવાથી વ્રત ગ્રહણ કર્યા બાદ તથાવિધ પ્રયત્ન વડે વિરતિનો પરિણામ ન હોય તો થાય છે, અને થયેલો હોય તો તથાવિધ પ્રયત્નના અભાવે અશુભકર્મના ઉદયથી નાશ પામે છે. તેથી તેને વિરતિ ઉપર અનાદર કે અવજ્ઞા ઉત્પન્ન થાય છેઃ તે માટે ગ્રહણ કરેલા વ્રતની નિત્ય સ્મૃતિ, અહિંસાદિ વ્રતનું બહુમાન, હિંસાદિની જુગુપ્સા, તેના પરિણામનો વિચાર, તીર્થંકરની ભક્તિ, અને સાધુસેવા, ઉત્તરોત્તર ગુણનો અભિલાષ–ઇત્યાદિને વિષે પ્રયત્ન કરવો જોઇએ.

નિરંતર વિરતિના પરિણામના અભ્યાસથી તેમાં દઢતા થાય છે અને પરલોકમાં પણ તેની અનુવૃત્તિ થાય છે. "જીવ આ જન્મમાં જે ગુણ કે દોષનો અભ્યાસ કરે છે તે અભ્યાસ માત્રથી પરલોકમાં તેને પ્રાપ્ત કરે છે." અને એ રીતે વિરતિના પરિણામ થવાથી બાર વ્રત કે તેમાંથી કોઈ પણ વ્રતનો સ્વીકાર કરે છે, અને ત્યારબાદ સર્વવિરતિનો પણ સ્વીકાર કરે છે.

તેમાં પ્રથમ સમ્યક્ત્વ વ્રતનો સ્વીકાર કરે છે કે–'રાગાદિ શત્રુને જિતનાર અર્હત્ મારા દેવ છે, જિનેશ્વરે કહેલો અહિંસા, સંયમ અને તપપ્રધાન મારો ધર્મ છે.'

સમ્યક્ત્વવ્રતને ગ્રહણ કર્યા બાદ કેટલાએક દેશવિરતિ–સ્થૂલહિંસાદિ વિરતિનો સ્વીકાર કરે છે. (૧) "હે ભગવન્! હું તમારી પાસે સ્થૂલ પ્રાણાતિપાત એટલે બુદ્ધિપૂર્વક નિરપરાધ ત્રસ જીવની હિંસાનું જીવનપર્યન્ત પ્રત્યાખ્યાન કરૂં છું. તેને મન, વચન ને કાયાવડે કરીશ નહિ અને કરાવીશ પણ નહિ." એવી જ રીતે કન્યાલીકાદિ પાંચ પ્રકારના સ્થૂલ મૃષાવાદનું જીવનપર્યન્ત દ્વિવિધ ત્રિવિધ ભાગે પ્રત્યાખ્યાન કરે. એમ સચિત્તાચિત્ત વસ્તુ સંબન્ધે સ્થૂલ અદત્તાદાનનું પણ પૂર્વવત્ પ્રત્યાખ્યાન કરવું. એ રીતે દિવ્ય અને ઔદારિક મૈથુનનું જીવન પર્યન્ત પ્રત્યાખ્યાન કરૂં છું. તેમાં દેવ સાથે દ્વિવિધ–ત્રિવિધે, તિર્યંચની સાથે એકવિધ ત્રિવિધે અને મનુષ્યની સાથે યથાગૃહીત ભાગે મૈથુનનો ત્યાગ કરે. એમ પાંચમા પરિગ્રહપરિમાણવ્રતમાં ધનધાન્યાદિ નવવિધપરિગ્રહનું પણ યથાગૃહીત ભાંગે જીવનપર્યન્ત પ્રત્યાખ્યાન કરે.

હવે ત્રણ ગુણવ્રતમાં ઉર્ધ્વ, અધો અને તિર્યક્ગમન સંબન્ધે દિશાનું પરિમાણ કરે છે. ઉપભોગ–પરિભોગ વ્રતમાં ભોજન આશ્રયી અનંતકાય, બહુબીજ અને રાત્રિભોજનાદિનો ત્યાગ કરે અને કર્મ આશ્રયી અત્યંત સાવદ્ય ઈંગાલકર્માદિ પંદર કર્માદાન અને ખરકર્માદિનો ત્યાગ કરે. અનર્થદંડવ્રતને વિષે અપધ્યાનાદિ ચાર પ્રકારના અનર્થ દંડનો યથાશકિત યથાગૃહીત ભાંગે જીવનપર્યન્ત પરિહાર કરે.

ચાર શિક્ષાવ્રતમાં સામાયિક, દેશાવકાશિક, પૌષધોપવાસ અને અતિથિસંવિભાગવ્રતને યથાશક્તિ અને યથાગૃહીત ભાંગે સ્વીકારે છે. એ પ્રમાણે કોઈક સમ્યક્ત્વમૂલક પાંચ અણુ વ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત મળી બાર વ્રતનો સ્વીકાર કરે છે, અને કોઇ તેમાંના એકાદિ વ્રતનો પણ સ્વીકાર કરે છેઃ કારણ કે વિરતિના પરિણામની વિચિત્રતા હોય છે. કોઇ શ્રાવક તો બાર વ્રતધારી થઈ સર્વ સાવદ્યપ્રવૃત્તિનો દ્વિવિધ–ત્રિવિધે ત્યાગ કરે છે, માત્ર તેને અનુમોદન બાકી રહે છે. આ ઉત્કૃષ્ટ શ્રાવક કહેવાય છેઃ જ્યારે તે અનુમતિ માત્રનો પણ ત્યાગ કરે છે ત્યારે તે યતિ કહેવાય છે.

શ્રાવકના અનેક પ્રકારે ગુણોનું વર્ણન કર્યું છે, પણ તે બધા શ્રાવકના સ્વરૂપનું પ્રતિપાદન કરનારા છે, પણ લક્ષણ નથી. જો એ બધાં લક્ષણો માનીએ તો તેમાંના એક પણ ગુણના અભાવે શ્રાવકપણું ન હોયઃ એટલું તો નિશ્ચિત છે કે, જેમાં શ્રાવકના બધા ગુણોનો સંભવ હોય તે ઉત્કૃષ્ટ શ્રાવક જાણવો. અને તેથી જ્યાં ઓછા ઓછા ગુણોનો સંભવ હોય તે મધ્યમ કે હીન શ્રાવક સમજવો. અહિં શ્રાવકના ભિન્ન ભિન્ન પ્રસંગે શાસ્ત્રમાં જુદા જુદા કહેલા ગુણોના વર્ણનનો અવકાશ નથી, તેમ કરવા જતાં ઘણો વિસ્તાર થઈ જાય, અને તેમ કરવાની આવશ્યકતા પણ નથી, જેથી આદર્શ શ્રાવકનો કાંઇક ખ્યાલ આવે, માટે અહિં શ્રાવકના પ્રધાનગુણોનું વર્ણન કરવું આવશ્યક છે.

**બહુશ્રુતતા**—જેણે ગુરુની પાસે ઘણાં શાસ્ત્રોનું શ્રવણ અને મનન કરેલું હોય એવો તુંગીયા નગરીના શ્રાવકોની પેઠે બહુશ્રુત શ્રાવક હોવો જોઇએ. ભગવતીસૂત્રમાં તુંગિયા નગરીના શ્રાવકોનું વર્ણન આવે છે, તે આ પ્રમાણેઃ—

## તુંગિયા નગરીના શ્રાવકો.

'તે કાળે અને તે સમયે તુંગિયા નામે નગરી હતી. તે નગરીની ઉત્તરપૂર્વ દિશાએ પુષ્પાવતી નામે ચૈત્ય હતું. તે તુંગિયા નગરીમાં ઘણા શ્રમણોપાસકો વસતા હતા. તેઓ ધનિક, તેજસ્વી અને પ્રસિદ્ધ હતા. જીવાદિ નવતત્ત્વમાં કુશલ હતા, તથા દેવો અને દાનવોથી પણ નિર્ગ્રન્થ પ્રવચનથી ચલાયમાન ન કરી શકાય તેવા દૃઢ હતા. તેઓને નિર્ગ્રન્થ પ્રવચનમાં જરા શંકા કે ભ્રાન્તિ નહોતી. તેઓ સૂત્રના અર્થના જ્ઞાતા હતા. નિર્ગ્રન્થ પ્રવચન વિષે પ્રેમવડે તેઓનાં અસ્થિ અને મજ્જા રંગાયેલાં હતાં. તેઓ 'નિર્ગ્રન્થ પ્રવચન સત્ય અને પરમાર્થરૂપ છેઃ બાકી બધું અનર્થરૂપ છે' એવી દૃઢ શ્રદ્ધાવાળા હતા. તેઓના ઘરનાં દ્વાર અતિથિઓ માટે હમેશાં ખુલ્લાં રહેતાં. ઘણાં શીલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ વડે ચતુર્દશી, અષ્ટમી, અમાવાસ્યા અને પૂર્ણિમાએ સમ્યક્ પૌષધવ્રતનું પાલન કરતા શ્રમણ નિર્ગ્રન્થોને પ્રાસુક અને નિર્દોષ ભોજન તથા વસ્ત્રાદિ વડે સત્કાર કરતા. યથાશક્તિ ગૃહીતતપોકર્મવડે આત્માને ભાવિત કરતા વિહરતા હતા.

તે વખતે ભગવાન્ પાર્શ્વનાથના શિષ્યો પાંચસો સાધુઓ સાથે વિહાર કરતા સુખપૂર્વક તુંગિયા નગરીમાં આવ્યા અને પુષ્પવતી ચૈત્યમાં યથાયોગ્ય અવગ્રહ ગ્રહણ કરી તપવડે આત્માને ભાવિત કરતા વિહરતા હતા. હવે તે તુંગિયા નગરીના શ્રાવકોએ શ્રીપાર્શ્વનાથના શિષ્ય સ્થવિર ભગવંત આવ્યાની ખબર મળતાં એક બીજાને બોલાવી આ પ્રમાણે કહ્યું કે, "તેવા પ્રકારના સ્થવિર ભગવંતનું નામમાત્રનું શ્રવણ મહાફળવાળું થાય છે તો તેઓનું અભિગમન, વંદન વગેરે ફળદાયી કેમ ન હોય માટે આપણે વંદન કરવા જઇએ."

એમ વિચારી તેઓ વંદન કરવા ગયા. ત્યાં જઇ પાંચ અભિગમ યુક્ત થઇ પ્રદક્ષિણા કરી, બે હાથ જોડી પર્યુપાસના કરી. સ્થવિર ભગવંતોએ તે શ્રાવકોને જે જે કહ્યું તેનો 'તમો કહો છો તે સત્ય અને અસંદિગ્ધ છે' એમ કહી વિનયપૂર્વક સ્વીકાર કર્યો. ત્યારપછી સ્થવિર ભગવંતોએ તે શ્રમણોપાસકોને અને મોટી સભાને ચાર મહાવ્રત રૂપ ધર્મ કહ્યો. ત્યારબાદ તે શ્રમણોપાસકોએ તે સ્થવિર ભગવંતને આ પ્રમાણે પ્રશ્નો પૂછ્યા—

(પ્ર૦) "હે ભગવન્! જો સંયમનું અનાશ્રવ અને તપનું નિર્જરા ફળ હોય તો શા હેતુથી દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે?

(ઉ૦) ત્યારે કાલિકપુત્ર સ્થવિરે કહ્યું કે: "પૂર્વતપ-સરાગ તપ વડે દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે," મેહિલ નામે સ્થવિરે કહ્યું કે: "પૂર્વસંયમ-સરાગ સંયમ વડે દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે," આનંદરક્ષિત નામે સ્થવિરે કહ્યું કે: "કર્મીપણાથી દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે." અને કાશ્યપ નામે સ્થવિરે કહ્યું કે: "સંગિપણાથી દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે, એ અર્થ સત્ય છે, પરન્તુ દેવો આત્મભાવ વડે દેવલોકમાં ઉત્પન્ન થતા નથી." તે શ્રમણોપાસકો આ ઉત્તરો સાંભળી ખૂશ થયા અને સ્થવિરને વંદન કરી પોતાને ઘેર ગયા.

આ પ્રમાણે તુંગિયા નગરીના શ્રાવકો બહુશ્રુત હતા તેમ શ્રાવકે બહુશ્રુત થવું જોઇએ.

૨. **સત્યભાષિતા અને નિર્ભયતા**—શ્રાવક સત્યભાષિ અને નિર્ભય હોવો જોઇએ. સત્યને અને નિર્ભયતાને ગાઢ સંબન્ધ છે. નિર્ભય મનુષ્ય સત્યભાષી હોઇ શકે છે. જ્યાં ભય છે ત્યાં દંભનો સંભવ હોઇ શકે છે. માટે શ્રાવકે ભયનો ત્યાગ કરી સત્યભાષી થવું જોઇએ.

### આનંદ શ્રાવક.

આનંદ શ્રાવકના જીવન ઉપરથી સત્યભાષિતા અને નિર્ભયતા સંબન્ધે આપણે જાણી શકીએ છીએ.

"વાણિજ્ય ગ્રામમાં આનંદ નામે ધનાઢ્ય ગૃહપતિ હતો. ત્યાં દૂતિપલાશ ચૈત્યમાં ભગવાન્ મહાવીર સમોસર્યા. આનંદશ્રાવક ભગવંતને વંદન કરવા ગયો. ભગવંતે ઉપદેશ આપ્યો અને તેણે સમ્યક્ત્વમૂલક બાર વ્રતનો સ્વીકાર કર્યો. ત્યારપછી કેટલાંએક વર્ષ વીત્યા બાદ એક દિવસ આનંદ શ્રાવકને વિચાર થયો કે 'અનેક પ્રકારના વિક્ષેપવડે હું વિશેષ ધર્મ સાધી શકતો નથી, માટે કુટુંબનો ભાર જ્યેષ્ઠ પુત્રને સોંપી સવિશેષપણે આત્મહિત સાધું' એમ વિચારી પોતાનાં સગાંસંબન્ધીને આ વાત જણાવી અને રજા માગી કુટુંબનો ભાર જ્યેષ્ઠ પુત્રને સોંપી કોલ્લાક સન્નિવેશની પૌષધશાળામાં રહી અનુક્રમે ×અગીયાર પ્રતિમાઓ ધારણ કરી. છેવટે અનશન અંગીકાર કર્યું. તેમને શુભ ભાવથી અવધિજ્ઞાન ઉત્પન્ન થયું અને તેણે તે વખતે અવધિજ્ઞાનથી ઊર્ધ્વ સૌધર્મ દેવલોક પર્યન્ત જોયું. તે સમયે વાણિજ્ય ગ્રામમાં મહાવીર સ્વામી સમોસર્યા. ગૌતમસ્વામી ભિક્ષાચર્યાએ જતાં માણસો પાસેથી આનંદ શ્રાવકે અનશન કરેલું જાણી તેને મળવા કોલ્લાક સન્નિવેશની પૌષધશાલાએ ગયા. આનંદશ્રાવકે નમીને અવધિજ્ઞાન ઉત્પન્ન થયાની હકીકત કહી અને પૂછ્યું કે: "ગૃહસ્થને ગૃહવાસમાં વસતાં શું અવધિજ્ઞાન ઉપજે?" ગૌતમ સ્વામીએ 'હા' કહી, પરન્તુ જ્યારે આનંદશ્રાવકે 'આવા પ્રકારનું અવધિજ્ઞાન મને

× ૧ દર્શન, ૨ વ્રત, ૩ સામાયિક, ૪ પૌષધ, પ્રતિમા, ૬ અબ્રહ્મવર્જન, ૭ સચિત્તવર્જન, ૮ આરંભવર્જન, ૯ પ્રેષ્યવર્જન, ૧૦ ઉદ્દીષ્ટવર્જન, ૧૧ શ્રમણભૂત.

ઉત્પન્ન થયું છે' એમ કહ્યું ત્યારે ગૌતમ સ્વામીએ અસાવધાનપણે તેને કહ્યું કે "હે આનંદ! ગૃહસ્થને ગૃહવાસમાં વસતાં અવધિજ્ઞાન થાય છે પણ એટલું મોટું અવધિજ્ઞાન થતું નથી, માટે આ સ્થાનકની આલોચના અને પ્રતિક્રમણ કર અને તેના પ્રાયશ્ચિતરૂપે યથાયોગ્ય તપકર્મ કર." ત્યારબાદ આનંદે ગૌતમ સ્વામીને કહ્યું કે, "શું જિનપ્રવચનમાં સત્ય અને સદ્‌ભૂત ભાવોની આલોચના અને પ્રતિક્રમણ કરાય છે?" ગૌતમ સ્વામીએ કહ્યું કે "જિન પ્રવચનમાં સત્ય અને સદ્‌ભાવોની આલોચના કે પ્રતિક્રમણ કરાતું નથી." પછી આનંદશ્રાવકે કહ્યું કે: "જો જિનવચનમાં સત્ય અને સદ્‌ભૂત ભાવોની આલોચના કે પ્રતિક્રમણ ન કરાતું હોય તો તમેજ આલોચના અને પ્રતિક્રમણ કરો."

જ્યારે આનંદશ્રાવકે એ પ્રમાણે કહ્યું ત્યારે ગૌતમ સ્વામી શંકિત થયા અને આનંદશ્રાવક પાસેથી નીકળી ભગવાન્ મહાવીર પાસે આવ્યા. નમીને ભગવંતને પૂછ્યું કે "ભગવન્! આનંદે આલોચના લેવી જોઇએ કે મારે?" ભગવંતે કહ્યું કે "હે ગૌતમ! તુંજ એ સ્થાનકની આલોચના લે અને આનંદ શ્રાવક પાસે જઇને તેને ખમાવ." ગૌતમ સ્વામીએ આ વાત સાંભળી તે સ્થાનકની આલોચના લીધી. અને આનંદશ્રાવકની પાસે જઇ તેને ખમાવ્યા. અહિં આનંદશ્રાવકે ગૌતમ સ્વામીને 'શું જિન વચનમાં સત્ય અને સદ્‌ભૂત ભાવોની આલોચના કરાય છે?' એ પ્રમાણે નિર્ભયપણે સત્ય અને સચોટ ઉત્તર આપ્યો, તે પ્રમાણે શ્રાવકે ગમે તેવા મોટાં માણસની પાસે નિર્ભયપણે સત્ય કહેવું જોઇએ.

**વ્રતમાં દૃઢતા**—શ્રાવકે ગ્રહણ કરેલા વ્રતમાં દૃઢ રહેવું જોઇએ. વ્રતની દૃઢતા સંબન્ધે આનંદ અને કામદેવની ભગવાન્ મહાવીરે પણ પ્રશંસા કરી છે. વિઘ્નો આવી પડવા છતાં પણ સ્થિરતા પૂર્વક તેમણે વ્રતનું પાલન કર્યું છે.

**પ્રજ્ઞા**-શ્રાવકમાં પ્રજ્ઞા હોવી જોઇએ, જેથી તે જિનેશ્વરોએ કહેલા સૂક્ષ્મભાવોને જાણવામાં સમર્થ થાય. કુંડકોલિક શ્રાવકે અન્યતીર્થિક દેવની સાથે વિવાદ કરી તેને નિરુત્તર કર્યો હતો અને તેથી ભગવંત મહાવીરે પણ તેને ધન્યવાદ આપ્યો છે. તેનો વૃત્તાંત આ પ્રમાણે છે:—

## કુંડકોલિક ગૃહપતિ—

"કામ્પિલ્યપૂર નગર હતું. ત્યાં સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતું. ત્યાં કુંડકોલિક નામે ગૃહપતિ રહેતો હતો. તેને પુષ્પા નામે સ્ત્રી હતી. એક વખતે ત્યાં મહાવીરસ્વામી સમોસર્યા. કુંડકોલિક વંદન કરવા ગયો, ધર્મ સાંભળ્યો, અને તેણે શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. હવે ભગવાન્ મહાવીરના સિદ્ધાન્તનો સ્વીકાર કરી તે વિહરતો હતો. ત્યારબાદ તે કુંડકોલિક શ્રાવક પાસે એક દેવ આવ્યો અને તેણે આકાશમાં રહી તેને કહ્યું:—

**દેવ**:—"હે કુંડકોલિક શ્રમણોપાસક! મંખલિપુત્ર ગોશાલકનો સિદ્ધાન્ત-મત સારો છે. કેમકે તેમના મતે સર્વ ભાવો નિયત હોવાથી ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરૂષકારપરાક્રમ (કાર્યસાધક) નથી. શ્રમણ ભગવંત મહાવીરનો મત સમીચીન નથી, કેમકે તેમના મતે સર્વ ભાવો અનિયત હોવાથી ઉત્થાન, બલ, વીર્ય પુરુષકારપરાક્રમ (કાર્યસાધક) છે."

**કુંડકોલિક**:—"હે દેવ! જો 'ઉત્થાન, બલ વીર્ય-પુરુષાર્થ (કાર્યસાધક) નથી' એવો મંખલિપુત્ર ગોશાલકનો સિદ્ધાન્ત સુંદર હોય અને 'ઉત્થાન, બલ, વીર્ય અને

પુરુષકારપરાક્રમ (કાર્યસાધક) છે' એવો શ્રમણ ભગવાન્ મહાવીરનો સિદ્ધાન્ત બરાબર ન હોય તો તેં આવી દિવ્ય દેવર્દ્ધિ શાથી પ્રાપ્ત કરી? ઉત્થાન અને પુરુષકારપરાક્રમથી કે અનુત્થાન, અકર્મ, અને અપુરુષકારપરાક્રમથી?"

દેવઃ—"કુંડકોલિક! મેં આવી દિવ્ય દેવર્દ્ધિ અનુત્થાન અને અપુરુષકારપરાક્રમથી પ્રાપ્ત કરી છે.

કુંડકોલિકઃ—હે દેવ! જો તેં આવી દિવ્ય દેવની ઋદ્ધિ અપુરુષકારપરાક્રમથી પ્રાપ્ત કરી છે તો જે જીવોનું તેવું ઉત્થાન, બલ, અને પુરુષકારપરાક્રમ નથી તેઓ દેવો કેમ થતા નથી? તે માટે હે દેવ! તેં દિવ્ય દેવ ઋદ્ધિ ઉત્થાન, બલ અને પુરુષકારપરાક્રમથી મેળવી છે. તો તું જે કહે છે કે 'ગોશાલકની ધર્મપ્રજ્ઞપ્તિ (મત) સુંદર છે અને ભગવાન્ મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ બરાબર નથી, તે મિથ્યા છે."

એ પ્રમાણે કુંડકોલિક શ્રમણોપાસકે કહ્યું એટલે તે દેવ શંકિત અને નિરુત્તર થયો, અને જ્યાંથી આવ્યો હતો ત્યાં ચાલ્યો ગયો.

ત્યાર બાદ ત્યાં ભગવાન્ મહાવીર સમોસર્યા. કુંડકોલિક શ્રાવક વંદન કરવા ગયો. ભગવંતે ધર્મકથા કહી.

કુંડકોલિકને બોલાવી શ્રમણ ભગવંત મહાવીરે કહ્યું કે "કાલે તારી પાસે કોઇ દેવ આવ્યો હતો અને આવા પ્રકારનો તેં તેની સાથે વિવાદ કર્યો હતો?" કુંડકોલિકે 'હા' કહી, એટલે ભગવંત મહાવીરે તેને ધન્યવાદ આપ્યો.

ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીરે સાધુ અને સાધ્વીયોને બોલાવીને આ પ્રમાણે કહ્યું કે "આર્યો! ગૃહવાસમાં વસતા ગૃહસ્થો પણ અન્યતીર્થિકને અર્થ, હેતુ અને પ્રશ્નો વડે નિરુત્તર કરે છે; વળી જેઓએ દ્વાદશાંગનું અધ્યયન કર્યું છે એવા શ્રમણ નિર્ગ્રંથો અન્યતીર્થિકને અર્થ, હેતુ અને પ્રશ્નવડે નિરુત્તર કરવા શક્તિમાન્ છે." શ્રમણ અને શ્રમણીઓએ શ્રમણ ભગવંત મહાવીરની આ વાતનો 'તહત્તિ' કહી વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

**મધ્યસ્થ**—શ્રાવક રાગદ્વેષના મન્દ પરિણામથી [1]મધ્યસ્થ દૃષ્ટિવાળો થઈ ધર્મના સ્વરૂપનો વિચાર કરે અને કદાગ્રહનો સર્વથા ત્યાગ કરે. કોઇપણ મનુષ્ય જ્યાંસુધી રાગદ્વેષ વડે

---

१ माध्यस्थमेव शास्त्रार्थो येन तच्चारु सिध्यति ।
स एव धर्मवादः स्यादन्यद् बालिशवल्गगनम् ॥

+ + + +

माध्यस्थ सहितमेक पदज्ञानमपि प्रभो ।
शास्त्रकोटि वृथैवान्या तथा चोक्तं महात्मना ॥
वादांश्च प्रतिवादांश्च वदन्तोऽ निश्चितांस्तथा ।
तत्त्वान्तं नैव गच्छन्ति तिलपीलकवद् गतौ ॥

(श्री यशोविजयजी उपाध्याय)

आग्रही ब्रत नीनीषति युक्तिं यत्र तत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक्ति र्यत्र तत्र मतिरेति निवेशम् ॥

(श्री हरिभद्रसूरि)

કલુષિત અન્તઃકરણવાળો હોય છે ત્યાંસુધી તે સત્યાસત્યનો નિર્ણય કરી શકતો નથી અને અસદ્‌ગ્રહથી કોઈ એક પક્ષમાં પડી તેનું અયોગ્ય રીતે સમર્થન કરે છે. માટે આદર્શ શ્રાવક ઉપશમપ્રધાન અને મધ્યસ્થદૃષ્ટિવાળો હોવો જોઇએ.



શ્રાવકના એકવીશ ગુણોનું અને એ સિવાય બીજા ગુણોનું વર્ણન ભિન્ન ભિન્ન ગ્રન્થોમાં મળી આવે છે. પણ બધા ગુણોનું વર્ણન કરવાનું અહિં આવસ્યક નથી. કેમકે કેટલાએક ગુણો તો પ્રધાન ગુણોની સાથેજ સંકળાયેલા હોય છે. અહિં તો માત્ર આદર્શ શ્રાવકની પૂર્વસ્થિતિ, ક્રમશઃ તેની પ્રાપ્તિ અને તેના પ્રધાનભૂત ગુણોનું દિગ્દર્શન કરાવ્યું છે. છેવટે શ્રીયશોવિજયજી ઉપાધ્યાય કૃત જૈનદશાસૂચક પદ કહી આદર્શ શ્રાવક સંબન્ધે વકતવ્ય સમાપ્ત કરૂં છું.

**પરમ ગુરુ જૈન કહો કયું હોવેઃ**

ગુરુ ઉપદેશ વિના જન મૂઢા દર્શન જૈન વિગોવે. **પરમ ગુરુ. ૧**
કહત કૃપાનિધિ સમજલ ઝીલે કર્મ મયલ જો ધોવે,
બહુલ પાપ મલ અંગ ન ધારે, શુદ્ધરૂપ નિજ જોવે. **પરમ ગુરુ. ૨**
સ્યાદ્વાદ પૂરન જો જાને, નય ગર્ભિત જસ વાચા,
ગુન, પર્યાય, દ્રવ્ય જો બુઝે, સોઇ જૈન હે સાચા. **પરમ ગુરુ. ૩**

## પૂ. શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ તરફથી

# પવિત્ર સંદેશ.

સમગ્ર હિંદુસ્તાનની ધી **યંગમેન્સ જૈન સોસાયટી** પોતાની અમદાવાદની મુખ્ય ઑફીસ ખાતેથી **'સાહિત્ય અંક'**ની પ્રસિદ્ધિ દ્વારા જૈન આદર્શની શિષ્ટસેવા બજાવવાની ઉંચી નેમ રાખે છે. તે તેમના ટેકામાં સોસાયટીના માનદ કાર્યવાહકો અમારી પાસેથી શાસનના ચીલે ચાલવામાં પોતાને તથા પોતાના વાંચકોને મિશાલની ગરજ સારનારા સંદેશાની શ્રી જિનશાસનની સનાતન પ્રણાલિકાનુસાર સવિનય અભિલાષા રાખે છે. 'આવા ધર્મપ્રેમીઓ કે જેઓ સાચા આસ્તિક હૃદયથી ધર્મ—શાસનની ભક્તિ કરવાનું ચાહે, તેઓને ધર્મનો યોગ્ય સંદેશો પાઠવવો '—એને એક ધર્મકર્મ માની અમો તેમાં અનુગ્રહબુદ્ધિથી થોડા ઘણા પ્રવૃત્ત થઇએ છીએ.

**જૈનશાસનના કુલદીપકો !**

આ સંબોધન તમારા શિર ઉપર ગંભીર જોખમદારી નાખે છે. તમો જો સંભાળીને ચાલશો તો આ જવાબદારીને સફળ કરવાનું માન તમો મેળવી શકશો, એમાં જરા પણ શંકા નથી. તમારા જેવા યુવકો તો જૈનશાસનમાં અણુમોલાં રત્નો કહેવાય. એવાં રત્નોવાળી જૈનકોમ નિસ્તેજ કેમ કહેવાય ? જૈન શાસનમાં રત્ન તરીકેની ગણના તે યુવકની થાય છે, કે જે યુવક શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો અખંડ પૂજારી હોય અને જૈન સિદ્ધાંતના વિઘાતકની સામે ખુલ્લી છાતીએ ઉભો રહેનાર હોય. જે યુવક જમાનાને નામે શ્રી સર્વજ્ઞના સિદ્ધાંતોને ઉથલાવવા માગતો હોય તેને તો જૈનશાસનમાં સ્થાન જ નથી. શ્રી જિનવચનને ગૌણ બનાવી, મતિકલ્પનાને મુખ્ય માની, શાસ્ત્ર વિગેરેને ઉંચાં મૂકવાની વાતો કરનારાઓથી તો જૈનશાસન ઉલટું લજવાય છે.

**શાસનસેવાના અભિલાષીયો !**

ખરૂં છે કે શાસનના રત્ન નિવડી શાસનની સેવા બજાવવાનું કામ ઘણુંજ કપરૂં છે. એ સેવા બજાવવામાં ઘણી ઉદારતા, સહનશીલતા, સદ્દવર્તન, સદ્દવિચારમાં જીવનની મોંઘામાં મોંઘી વસ્તુ—અરે જીવનનું સર્વસ્વ હસતે મુખડે ખપાવી દેવાની અપૂર્વ તાકાત જોઇશે. એ છતાંય કદાચ એકવાર અપયશ મળશે. નિરાશાનાં ઘન વાદળો ઘેરાઇ જશે. દુર્જનો કાદવ ઉડાડશે અને બંડખોરો હેરાનગતિનો મોટો પ્રપંચમય દાવાનલ સળગાવશે. એક દુર્જનને શાસનની સામે બંડ જાહેર કરનારાં ગમે તેવાં દુર્જનતાભરેલાં કાવત્રાં કરવામાં જેટલી મુશ્કેલી નથી તેથી કંઈ ગુણી એક શાસનસેવકને શાસનસેવા બજાવવામાં છે. વાત પણ ખરી છે કે કષ્ટ, છેદ અને તાપ તો કંચનને જ હોય: કથીરને કદિ સાંભળ્યાં છે ? તો આ બધીયે સ્થિતિમાંથી પસાર થવાની તમારામાં હામ જોઇશે, અવિચળ શ્રદ્ધા જોઇશે, અને અવિરત પરિશ્રમ જોઇશે. જો આ સર્વમાં તમે જરાપણ ડગ્યા વિના આગળને આગળ વધ્યે જશો તો, **શાસનનો વિજય તમારી સાથેજ છે.**

**અને યુવાનો!**

આનાથી વિપરીત-શાસનનું વિનાશક બળ ધરાવીને તમો કદિ તમારા ધર્મને શ્રાપરૂપ નહિ બનતા! તમારી ઉન્નતિના તમો જાતેજ દુશ્મન નહિ બનતા! તમો કદિ ન હો તો તમારા વિના શાસન આજે નિભાવી શકે; પરંતુ તમે જો વિપરીત હો તો, તમને શાસન નજ નિભાવી શકે. શ્રી જિનેશ્વર દેવોનું શાસન ત્યારેજ તમને પોતામાં સમાવી શકે કે જ્યારે તમને શ્રી અરિહંતદેવ, એમની જ આજ્ઞામાં સ્થિત નિર્ગંથગુરુઓ અને તેમનો અઢારે પાપસ્થાનકના સંગ તજવા રૂપ દયામય ધર્મ અથવા સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર આ ત્રણ ચીજ સિવાય ચોથી કોઇ પણ ચીજ તમારી પોતાની તરીકે ભાસે નહિ. એ ત્રણને જે પોતાની માનતા હોય તે તેમને તમારા પોતાના લાગે. એ ત્રણથી ચોથામાં તમને આનંદ ન આવે. એ ત્રિપુટી તમારા જીવનનું ધ્યેય બની જવું જોઇએ. એની આગળ તમને તમારા પોતાના વિચારોનો, માનેલી મોટાઇઓનો, શરીરની સુકોમલતાનો તથા સ્વાર્થભાવનાનો મોહ છૂટી જવો જોઇએ. તમારી પૌદ્ગલિક રસિકતા લુખ્ખી થઇ જવી જોઇએ. એની સેવાના અવસરે પ્રાણ પાથરવામાં પણ પાછી પાની ન થવી જોઇએ. મનથી, વચનથી કે કાયાથી એની પ્રવૃત્તિનો ધ્વંસ કરવા કે તેમાં અંતરાય નાખવા માગનારાઓથી એનો બચાવ કરવા પૂરેપૂરી પ્રબળતા કેળવવા તમારે સતત પ્રયત્નશીલ રહેવું ઘટે.

**ઉન્નતિના અર્થી આત્માઓ!**

ધ્યાન રાખજો કે ક્રાન્તિના નામે આજે કરવામાં આવતી વાતો વીતરાગમાર્ગમાં વિપ્લવ જગાડનારી છે. જેઓ એ વાતોમાં લોભાયા છે તેઓ સન્માર્ગ ઉપર ટકી શક્યા નથી. તમારે જો સન્માર્ગ ઉપર ટકી રહેવું હોય અને તમારી ઉપર આશા રાખનારી સમાજની તમારે કાંઇક સાચી સેવા કરવી હોય તો, એ વીતરાગમાર્ગના સાધકઅર્થને બરાબર ધ્યાનમાં રાખી, શાસનના ચીલે ચીલે ચાલી, શાસનબાહ્ય વાતોના રંગે રંગાઇ ભૂલ કરી રહેલાઓની ભૂલથી સ્વયં સાવધ બની, તથા અન્યને સાવધ બનાવી, ક્ષણિક આપત્તિઓની દરકાર કર્યા વિના, શુદ્ધહૃદયથી શ્રી જિનઆજ્ઞાનો એટલે કે એની દયા, એનું દાન, એની શાંતિ, એની ક્ષમા આદિનો ખરેખરો પ્રકાશ ઘેર ઘેર ફેલાવો! કારણકે ખોટા ભ્રમમાં પડી જઇને લોકો એ મહાન્ તારક ગુણોના નામે ઠગાય, બેદરકાર બને, અને દુર્ગતિ સાધે, એ ખરા હિતૈષી અથવા ઉન્નતિના અર્થી આત્માઓ માટે અવશ્ય અસહ્ય ગણાવું જોઇએ.

દા.

અનુયોગાચાર્ય શ્રીમત્ પ્રેમવિજયજી ગણિવર્યનો ચરણચંચરિક

**રામ વિ. ના ધર્મલાભ.**

॥ શ્રીઃ ॥

# ભગવાન્ દેવર્દ્ધિગણિની :: ગુરૂ–પરમ્પરા ::

લેખક : મુનિશ્રી કલ્યાણવિજયજી.

જૈન સમાજમાં વિરલ મનુષ્યો હશે કે જેમણે ભગવાન્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણનું નામ નહિં સાંભળ્યું હોય. આ મહાસ્થવિરની પ્રમુખતામાં થયેલ જૈન આગમ લેખનના કાર્યથી માત્ર પઠિત વર્ગજ નહિ, સામાન્ય જૈન વ્યક્તિ પણ થોડેઘણે અંશે પરિચિત હશે. છતાં એ સ્થવિરની ગુરૂ–પરમ્પરાનો તો ઘણા થોડા વિદ્વાનોને ખ્યાલ હશે.

કેટલાકોએ દેવર્દ્ધિગણિની ઉત્પત્તિનાં કથાનકો લખ્યાં છે. જ્યારે કોઇ કોઇ આચાર્યોએ આમની ગુરૂ પરમ્પરાનો નિર્દેશ પણ કર્યો છે.

આચાર્ય મેરૂતુંગ આ વિષયની આ વિષયની ચર્ચા કરતાં વિચાર શ્રેણિમાં નીચે પ્રમાણે લખે છેઃ–

**" अत्र चायं वृद्धसंप्रदायः-स्थूलभद्रस्य शिष्यद्वयम्-१ आर्य महागिरिः आर्य सुहस्ती चर्या तत्र आर्यमहागिरे। शाखा सा मुख्या । सा चैवं स्थाविरावल्यामुक्तो—**

**सूरि बलिस्सह साई, सामज्जो संडिलो य जीयधरो।**
**अज्ज समुद्दो मंगु, नंदिल्लो नागहत्थी ॥**
**रेवइ सिंहो खंदिल-हिमवं नागज्जुणा य गोविंदा ।**
**सिरि भूइदिन्न-लोहिच्च-दूसगणिणो य देवड्ढी॥**

**असौ च श्री वीरादनुसप्तविंशतमः पुरुषो देवर्द्धिगणिः सिद्धान्तान् अव्यवच्छेदाय पुस्तकाधिरूढान-कार्षीत् ॥**

**—विचारश्रेणिः पत्र-८.**

અર્થાત્ આ વિષયમાં વૃદ્ધસંપ્રદાય એવો છે કે સ્થૂલભદ્રને બે શિષ્યો હતા. '૧. આર્યમહાગિરિ અને ૨. આર્યસુહસ્તી ' તેમાં આર્ય મહાગિરિની શાખા મુખ્ય હતી. તે શાખા સ્થવિરાવલિમાં આ પ્રમાણે કહી છે–બલિસહસૂરિ, સ્વાતિ, શ્યામાર્ય, સાંડિલ્ય, આર્યસમુદ્ર, મંગુ, નન્દિલ, નાગહસ્તી, રેવતિ, સિંહ, ખંદિલ, હિમવાન્, નાગાર્જુન, ગોવિંદ, ભૂતદિન્ન, લૌહિત્ય, દુષગણિ, અને દેવર્દ્ધિ.

આ દેવર્દ્ધિગણિ મહાવીર પછીના સત્તાવીશમા પુરૂષ ગણાય. એમણે વિચ્છેદ ન થાય એટલા માટે બધાં આગમો પુસ્તકો ઉપર લખાવી લીધાં.

આ પ્રમાણે મેરૂતુંગાચાર્ય જે કંઇ લખે છે, તેનો આધાર ઉપર્યુક્ત સ્થવિરાવલિની ગાથાઓ છે, તેથી આપણે પણ એ ગાથાઓની જ સમાલોચના કરવી રહી.

મેરૂતુંગના કથન પ્રમાણે ગાથાઓ સ્થિવિરાવલીની છે, પણ કયી સ્થવિરાવલીની તે જણાવ્યું નથીઃ નન્દી અને કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં એ ગાથાઓ નથી. એટલે કોઇ યુગપ્રધાન સ્થવિરાવલીની એ ગાથાઓ હશે, એમજ માની લેવું રહ્યું.

નન્દીની સ્થવિરાવલીમાં ભગવાન્ દેવર્દ્ધિગણિએ આર્યમહાગિરિ અને આર્યસુહસ્તી પછી નીચે પ્રમાણે સ્થવિરો વર્ણવ્યા છે.

"બલિસહ, સ્વાતિ, શ્યામાર્ય, સાંડિલ્ય, સમુદ્ર, મંગુ, **ધર્મ, ભદ્રગુપ્ત, વજ્ર, આર્યરક્ષિત** આર્યનન્દિલ, નાગહસ્તિ, રેવતિનક્ષત્ર, **સિંહ,** સ્કંદિલ, હિમવન્ત, **નાગાર્જુન** ગોવિન્દ, **ભૂતદિન્ન,** લૌહિત્ય, દૃસ્યગણિ."

આમાંથી ધર્મથી આર્યરક્ષિત પર્યન્તના ૪ સ્થવિરોનાં નામ કાઢી નાખીએ તો મેરૂતુંગે લખેલી સ્થવિરાવલીની ગાથાઓનો અને નન્દીની સ્થવિરાવલીનો સ્થવિરક્રમ બરોબર મળી જાય.

નન્દીની થેરાવલીની ટીકામાં ટીકાકાર જણાવે છે કેઃ—

'આર્ય મહાગિરિની શાખામાં ન હોઇ પોતાની ગુરૂપરમ્પરામાં ન હોવા છતાં તે કાલમાં યુગપ્રધાન હોવાથી આર્યધર્મ આદિની દેવર્દ્ધિગણિએ સ્તુતિ કરી છે.'

કહેવાની જરૂર નથી કે આવાજ આશયવાલા સ્થવિરાવલીકારે પણ પૂર્વોક્ત બે ગાથાઓ રચીને દેવર્દ્ધિગણિની પરમ્પરા પ્રગટ કરવાનો પ્રયત્ન કર્યો લાગે છે.

થેરાવલી ટીકાકાર, મેરૂતુંગસૂરિ અને પૂર્વોક્ત સ્થવિરાવલીકારની સમજ એવી છે કે ભગવાન્ દેવર્દ્ધિગણિ આર્ય મહાગિરિની પરમ્પરાના સ્થવિર હતા. અને નન્દીસૂત્રના પ્રારંભમાં આપેલ સ્થવિરાવલીમાંથી ધર્મ, ભદ્રગુપ્ત, વજ્ર અને આર્યરક્ષિતનાં નામો બાદ કરતાં તે દેવર્દ્ધિગણિની ગુર્વાવલી કહી શકાય.

પરન્તુ તપાસ કરતાં એમ લાગે છે કેઃ "દેવર્દ્ધિગણિએ નન્દીમાં આપેલ સ્થવિરાવલી પોતાની ગુર્વાવલી નથી પણ માથુરી વાચનાનુસારિણી યુગપ્રધાનાવલી છે."

કોઇ પણ ગ્રંથ કે પ્રકરણના પ્રારંભમાં ગુરૂ પરંપરા લખવાનો રિવાજ ન હતો, પણ ગ્રંથના અંતેજ આવી પરમ્પરા પ્રશસ્તિયો આપવાનો શિષ્ટાચાર હતો, અને છે. ગ્રંથના પ્રારંભમાં તેજ પુરૂષોનું સ્મરણ-વન્દન કરવામાં આવતું કે જે પ્રકૃત વિષયમાં અધિક વિદ્વાન અને માર્ગદર્શક થઇ ગયા હોય, ગણિજીએ નન્દીમાં એવાજ પુરૂષોની પરમ્પરા વર્ણવી છે, કે જે પોતપોતાના સમયમાં આગમના અનુયોગમાં સર્વશ્રેષ્ઠ હોઈ યુગપ્રધાનપદ ભોગવી ચૂક્યા હતાઃ ગણિજીના પોતાના શબ્દોથી પણ આ વિષય સ્પષ્ટ થઇ જાય છે કે નન્દીની શરૂઆતમાં તેમણે સ્વગુરૂપરમ્પરાને નહિં પણ અનુયોગધર યુગપ્રધાન પરમ્પરાનેજ વન્દન કર્યું છે. જુઓ, સ્થવિરાવલીના અન્તિમ શબ્દોઃ—

' **जे अन्ने भगवन्ते कालिअ सुअआणुओगिए धीरे ।**
**ते पणमिऊण सिरसा नाणस्स परूवणं वुच्छं ॥ ५० ॥**"

આમ છતાં માત્ર શ્રદ્ધાને ખાતર "આર્યધર્મ" આદિ ૪ આચાર્યો સિવાય બાકીના આચાર્યોને દેવર્દ્ધિગણિની પરમ્પરાના માની લેવામાં આવે તો પણ કામ ચાલે તેમ નથી. દેવર્દ્ધિની પોતાની સ્થવિરાવલીની રેવતિનક્ષત્ર અને સ્કંદિલની વચ્ચે ૩૬ મી ગાથામાં બ્રહ્મદ્વીપિક સિંહ સ્થવિરને વર્ણવે છે, આચાર્ય મરૂતુંગે જણાવેલ સ્થવિરાવલીના કર્તા પણ સિંહસ્થવિરને આર્યમહાગિરિની શાખામાં લખે છેઃ પણ કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં જણાવેલ છે કે બ્રહ્મદ્વીપિક શાખા આર્યસુહસ્તીની પરમ્પરાના આર્યસમિત સ્થવિરથી નિકળી હતી: હવે વિચારવું ઘટે કે આર્યસુહસ્તીની પરમ્પરાના સ્થવિરથી નીકળેલ બ્રહ્મદ્વીપિક શાખાના સ્થવિર સિંહ આર્યમહાગિરિની શાખામાં કેમ હોઈ શકે?

વળી નન્દિ સ્થવિરાવલીની ગાથા ૪૪ તથા ૪૫ માં દૈવર્દ્ધિગણિ ભૂતદિન્ન આચાર્યને 'નાઇલ કુલીન' અને 'નાગાર્જુનના શિષ્ય' લખે છે. આ ઉપરથી આ વાત નિશ્ચિત થાય છે કે ભૂતદિન્ન અને નાગાર્જુન, એ બન્ને સ્થવિર નાઇલકુલના હતા. જો નાઇલકુલને આ સ્થળે 'નાઇલ શાખા'થી અભિન્ન માનવામાં આવે તો કહેવું જોઇએ કે આચાર્ય નાગાર્જુન અને તેમના શિષ્ય ભૂતદત્ત આર્યસુહસ્તીની પરમ્પરાના સ્થવિર હતાઃ કારણ કે નાઇલ-શાખાની ઉત્પત્તિ આર્યસુહસ્તીની પરમ્પરાના આર્યવજ્રસેન અથવા વ્રજસેનના શિષ્ય આર્ય-નાઇલથી થયેલી છે. આ રીતે કેવલ ધર્મ, ભદ્રગુપ્ત, વજ્ર અને આર્યરક્ષિત જ નહિ, આર્ય-સિંહ, આર્યનાગાર્જુન અને આર્યભૂતદિન્ન પણ આર્યસુહસ્તીની શાખાના સ્થવિર હતા. દેવર્દ્ધિની સ્થરાવલીમાંથી જો આ બધાં નામો કાઢી નાખવામાં આવે તો મહાવીર પછીના આચાર્યોમાં દેવર્દ્ધિગણિ સત્તાવીશમા નહિ પણ ચોવીશમા નંબરે આવે છે, અને આથી દેવર્દ્ધિગણિ સત્તાવીશમા પુરૂષ હતા, એ પરમ્પરાગત પ્રવાદ કોઇ રીતે ટકી શકતો નથી.

ખરી વાત તો એ છે કે દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ આર્યમહાગિરિની શાખાના નહિ પણ આર્યસુહસ્તીની પરમ્પરાના સ્થવિર હતા, એમ કલ્પસૂત્રની સ્થવિરાવલી ઉપરથી સાબીત થાય છે. જો દેવર્દ્ધિ પોતે આર્યમહાગિરિની પરમ્પરામાં હોત તો માત્ર આર્ય-મહાગિરિના શિષ્યોનો ઉલ્લેખ કરીને, એ શાખાને પડતી મૂકી આર્યસુહસ્તીની પરંપરાનું ઠેઠ સુધી વર્ણન આવત નહિ. આથી જણાય છે કે સ્થવિર દેવર્દ્ધિ પોતે આર્યસુહસ્તીના અનુયાયી હોઈ તેમણે પોતાની ગુરૂપરમ્પરાનું નિરૂપણ કલ્પ–સ્થવિરાવલીમાં આપ્યું છે.

કલ્પથેરાવલીની સંક્ષિપ્ત વાચના પ્રમાણે આર્યવજ્રસેનના શિષ્ય આર્યજયન્તથી અને વિસ્તર વાચનાના કથન પ્રમાણે આર્યવજ્રના શિષ્ય આર્યરથથી આર્યસુહસ્તીની પરંપરામાં "આર્યજયન્તી" નામની એક શ્રમણશાખા ચાલી હતી, અને એજ શાખાનું દેવર્દ્ધિએ કલ્પસ્થવિરાવલીમાં વર્ણન આપ્યું છે. એથી દેવર્દ્ધિ પોતે "જયન્તી" શાખાના સ્થવિર હતા, એમ પણ સ્પષ્ટ થાય છે. જો ઉપરિ વર્ણિત હકિકત સત્ય હોવામાં કોઇ બાધક પ્રમાણ ન હોય તો દેવર્દ્ધિ–ગણિના સંબંધમાં એમ કહી શકાય કે તેઓ આર્યસુહસ્તીની પરં-પરાના સ્થવિર હતા. અને મહાવીર પછીના લગભગ ચોત્રીશમા પુરૂષ હતા. કલ્પસ્થવિરાવલીની વિસ્તાર વાચનાને અનુસારે ભગવાન્ દેવર્દ્ધિગણિની પરંપરાનું વંશવૃક્ષ નીચે પ્રમાણે થઇ શકે છેઃ—

**ભગવાન્ શ્રી મહાવીર સ્વામી—**

| | |
|---|---|
| ૧ આર્ય સુધર્માસ્વામી | ૧૦ આર્ય ઇન્દ્રદિન્ન |
| ૨ આર્ય જમ્બૂસ્વામી | ૧૧ આર્ય દિન્ન |
| ૩ આર્ય પ્રભવસ્વામી | ૧૨ આર્ય સિંહગિરિ |
| ૪ આર્ય સય્યંભવ | ૧૩ આર્ય વજ્રસ્વામિ |
| ૫ આર્ય યશોભદ્ર | ૧૪ આર્ય રથ |
| ૬ આર્ય સંભૂતિવિજય | ૧૫ આર્ય પુષ્પગિરિ |
| ૭ આર્ય સ્થૂલભદ્ર | ૧૬ આર્ય ફલ્ગુમિત્ર |
| ૮ આર્ય સુહસ્તી | ૧૭ આર્ય ધનગિર |
| ૯ આર્ય સુસ્થિત–સુપ્રતિબુદ્ધ | ૧૮ આર્ય શિવભૂતિ |

૧૯ આર્ય ભદ્ર
૨૦ આર્ય નક્ષત્ર
૨૧ આર્ય રક્ષ
૨૨ આર્ય નાગ
૨૩ આર્ય જેહિલ
૨૪ આર્ય વિષ્ણુ
૨૫ આર્ય કાલક
૨૬ આર્ય સંપલિત–ભદ્ર
૨૭ આર્ય વૃદ્ધ
૨૮ આર્ય સંઘપાલિત
૨૯ આર્ય હસ્તી
૩૦ આર્ય ધર્મ
૩૧ આર્ય સિંહ
૩૨ આર્ય ધર્મ
૩૩ આર્ય સાંડિલ્ય
૩૪ **આર્ય દેવર્દ્ધિગણિ**

આ પ્રકારે કલ્પસૂત્રની થેરાવલીની અનુસારે મહાવીર પછીના પુરૂષોમાં દેવર્દ્ધિગણિ ૩૪ મા નંબરે આવે છે. યદ્યપિ થેરાવલીના ગદ્યમાં સાંડિલ્ય, એ છેલ્લું નામ છે પણ અમોએ એજ થેરાવલીના પદ્ય ભાગ ઉપરથી સાંડિલ્ય પછી દેવર્દ્ધિગણિનું નામ લખ્યું છે. પદ્યોમાં બીજા પણ કેટલાક સ્થવિરોના નામોલ્લેખ છે, પણ તે પ્રાસંગિક છે. પ્રસ્તુત પરંપરાગત તે સ્થવિરો નથી. જો કે દેવર્દ્ધિગણિના ગુરૂ તરીકે દુષ્યગણિનું નામ પ્રસિદ્ધ છે છતાં મેં આ પરંપરામાં દેવર્દ્ધિને આર્યસાંડિલ્યના શિષ્ય લખ્યા છે, તેનું કારણ એ છે કે દેવર્ધ્ધિના ગુરૂ દુષ્યગણિ હોવાની પ્રસિદ્ધિ નંદિની સ્થવિરાવલીને આધારે થયેલ છે. પણ આપણે પૂર્વે જોયું કે નંદીની સ્થવિરાવલી, એ માત્ર યુગપ્રધાનોની પટ્ટાવલી છે, નહિં કે દેવર્દ્ધિની ગુરૂપરમ્પરા, તેથી એ સ્થવિરાવલીના ક્રમ ઉપરથી દુષ્યગણિને દેવર્દ્ધિના ગુરૂ માની લેવા યોગ્ય નથી. કલ્પસ્થવિરાવલીના ગદ્યમાં પણ દુષ્યગણિનું નામ નથી એથી સમજાય છે કે દુષ્યગણિ, એ દેવર્દ્ધિના પૂરોગામિ યુગપ્રધાન હોવા જોઇએ! નહિં કે તેમના દીક્ષાગુરૂ!

દેવર્દ્ધિગણિના સંબંધમાં એ સિવાય બીજી પણ અનેક જ્ઞાતવ્ય વાતો ઉલ્લેખવા યોગ્ય છે. છતાં અવકાશના અભાવે તેમજ પ્રસ્તુત લેખમાં તેમની ગુરૂપરમ્પરા બતાવવા પૂરતોજ ઉદ્દેશ હોવાથી અન્ય વાર્તાનો આ સ્થળે નિર્દેશ કરવામાં આવ્યો નથી.

ભગવાન્ દેવર્દ્ધિગણિની ગુરૂપરમ્પરાના સબંધમાં અમારી જે માન્યતા થએલી છે, તેનું દિગ્દર્શન ઉપર કરાવ્યું છે. વિદ્વાન્ વાંચકો આ વિષયને સ્થિતપ્રજ્ઞતાથી વિચારશે અને આ સબંધમાં પોતાની પાસે જો કંઇ વિશેષતાસૂચક પ્રમાણો હશે તો તેના આધારે મારી આ માન્યતાનું નીરસન કરશે, આવી આશાથી આ નૂતન વિચારો વ્યક્ત કર્યા છે.

---

પૂ. શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ.



પૂ. શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ.



આ બે મહાન્ આચાર્ય મહારાજો સાધુ સંમેલનની મંત્રણા ચલાવી રહ્યા છે.

## પૂ. આગમોદ્ધારક સાગરાનંદસૂરીશ્વરજી મહારાજનો

# શાસનપ્રેમીયોને પડકાર

અખિલ વિશ્વના કલ્યાણ માટે સર્વજ્ઞ ભગવાને જે શાસ્ત્રો પ્રરૂપેલાં છે, તેની શ્રદ્ધા રાખનારો મનુષ્યજ શાસનપ્રેમી થઇ શકે છે અને તેજ મોક્ષનાં સુખો પામી શકે છે. શાસનપ્રેમીયોનો આ પહેલો સિદ્ધાંત હોય છે. અપૂર્ણ જ્ઞાનવાળા, લોભી અને ઇર્ષ્યાળુ મનુષ્યોના બનાવેલા કાયદાને પણ જેઓ ન માને તે રાજ્યના દ્રોહી ગણાય છે, તો રાગ અને દ્વેષે કરીને રહિત અને સર્વજ્ઞ એવા પ્રભુએ કહેલા શાસનને નહિ માનનારા જીવો **ધર્મદ્રોહી** ગણાય જ. રાજ્યદ્રોહીયોનો સંસર્ગ કોઇ પણ રાજભક્ત કરે નહિ તેવી રીતે ઉપર જણાવેલા ધર્મદ્રોહીયોનો સંબંધ શાસનપ્રેમીયો–પછી તે બાલ હોય, જુવાન હોય કે વૃદ્ધ હોય–પણ કરેજ નહિ. રાજ્યદ્રોહીયોનો ફેજ જેવી રીતે રાજ્યભક્તો કરે તેવીજ રીતે **શાસનપ્રેમીયોએ પણ શાસનદ્રોહીયોનો ફેજ કરવો એ ઘણોજ જરૂરી છે.**

ધર્મનો આધાર હંમેશાં તેના પ્રરૂપકો અને પ્રવર્તકો ઉપરજ હોય છે, છતાં જે ધર્મના પ્રરૂપકો અને પ્રવર્તકો દુનીયાદારીની લાલસામાં, વાહવાહમાં, માનપાનમાં, કે મોટાઇમાં ફસાઇ જાય છે, તેઓ શુદ્ધ ધર્મને પ્રવર્તાવવા કે કહેવાને પણ સમર્થ થતા નથી. જો કે તેઓ કાળબલને આગળ ધરીને ભોળા લોકોને ફસાવવા માગે છે, પણ શાસ્ત્રકારો આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ જેવા વિષયમાં કાળચક્રના ફેરને લીધે ફેર પડવાની ના પાડે છે, અને તેથીજ શાસનપ્રભાવક સમર્થ આચાર્ય શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી** અને પાઠકવર શ્રી ઉપાધ્યાયજી મહારાજ **યશોવિજયજી** સરખા શાસનધુરંધરો પોતાની કૃતિયોમાં સ્થાનસ્થાન પર ચોથા આરાની માફકજ પાંચમા આરામાં પણ ધર્મવિરૂદ્ધતાનો દોષ લાગે છે, એમ સ્પષ્ટ જણાવે છે. તે ઉપરથી શાસનપ્રેમીયો સારી રીતે સમજી શકે તેમ છે કે સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને દેખનાર **સર્વજ્ઞ ભગવાને જે ધર્મ પ્રરૂપેલો છે તે સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવને માટે** અબાધિતજ છે. શાસનપ્રેમીયો એટલું તો સહેજે સમજી શકશે કે આ જીવને કર્મના ઉદયથી થયેલી, થતી અને થવાની જે ઇચ્છાઓ, તે કોઇ દિવસ પણ ધર્મ થઇ શકે નહિ, કિંતુ તેવી ઈચ્છાઓને રોકીને જિનેશ્વર મહારાજના શાસ્ત્ર પ્રમાણે ઇચ્છાઓ કરવી તેજ ધર્મ થઇ શકે. શાસનપ્રેમીયોએ ચોકકસ યાદ રાખવાનું છે કે ધર્મ એ અતીંદ્રિય વસ્તુ છે અને તેથી તેનું સ્વરૂપ અને કારણો સર્વજ્ઞ ભગવાનજ જાણી શકે, અને તેથીજ તેનાં કહેલાં શાસ્ત્રો હોય તેજ શ્રદ્ધાનાં સ્થાન થઈ શકે.

ધર્મને વધારવા માટે, સ્થિર કરવા માટે, શાસ્ત્રકારોએ તીર્થાદિક સ્થાનો કહેલાં છે: તે તીર્થાદિ સ્થાનોનો જેઓ વિચ્છેદ કરવા માગે છે, બીજાઓને સોંપી દેવા માગે છે, કે તેના સંરક્ષણને અંગે ઉદ્યમની મંદતા કરવાનું કહે છે, તેઓ જાણી જોઈનેજ ધર્મની જડમાં કુઠારાઘાત કરે છે, એમ શાસનપ્રેમીયોનું અંતઃકરણથી માનવું હોય છે. જો કે આ સ્થાને ધર્મદ્રોહીયો ચાલુ જમાનાની ગરીબાઇને આગળ કરે છે, પણ તે કેવળ તેમનો ઢોંગજ

છે, કારણ કે એ ચાલુ જમાનાની ગરીબાઇ ઉપરજ જો તેઓ આધાર રાખીને બોલતા હોય તો તેઓને મોટરો, ઘોડાગાડીઓ, ગેધરિંગો, ટીપાર્ટીઓ, ચા દૂધ, સોડા લેમોનેડ, વિવાહવાજન, બીડી, સોપારી, અને નવા નવા વેષો તથા ઘરેણાંના ખર્ચો ખૂંચ્યા વગર રહેત નહિ, અને તે બધું બંધ કર્યા પછીજ ગરીબાઇને આગળ કરવા માટે તેઓ લાયક બનત. ખરી રીતે ધર્મકાર્યોમાં ટેક્ષ તરીકે લેવાતો નથી અને જેઓ સમૃદ્ધિવાન્ હોવા સાથે ધર્મશ્રદ્ધાવાળા હોય છે, તેઓજ ધર્મનાં કાર્યો કરે છે. સમૃદ્ધિવાનોએ પોતાનો પૈસો કયે સ્થાને ખર્ચવો તે પોતેજ વિચારવાનું છે, અગર શાસ્ત્ર દ્વારા જાણીને વિચારવાનું છે, પણ શાસનદ્રોહીયોના કહેવા ઉપર એક અંશ પણ દોરાવાની જરૂર નથી. શાસનપ્રેમીયોએ વિવાહવાજન અને ઘરખર્ચ કરતાં પણ પહેલે નંબરે ધર્મકાર્યમાંજ ખર્ચ કરવાની જરૂર છે, કારણ કે તેનાથીજ સ્વ અને પરાત્માનો ઉદ્ધાર થાય છે.

શાસનપ્રેમીયોનો આ સિદ્ધાંત મજબુત જ હોવો જોઇએ કે, જેઓ શાસન ઉપર પ્રેમ ધરાવતા હોય, શાસનની શ્રદ્ધા રાખતા હોય, શાસનનીજ ઉન્નતિમાં પોતાની ઉન્નતિ ધારતા હોય, અને **શાસનની અવનતિ અટકાવવા માટે પોતાનું સર્વસ્વ હોમવાને તૈયાર હોય તેવાઓને જ** શિક્ષણ, વ્યાયામ, વ્યાપાર, નોકરી કે તેવા કોઇપણ પ્રસંગમાં મદદગાર થવું, પણ જેઓ શાસનના વિરોધી હોય, શાસ્ત્ર, દેવ, ગુરુ કે ધર્મની સેવા કરવામાં ધગશ ન ધરાવતા હોય. તેવાઓના કોઇપણ કાર્યમાં સહાનુભૂતિ દખાવવી નહિ, અને એક કૉડી પણ આપવી કે અપાવવી નહિ: કારણકે તે સહાનુભૂતિ અને તે દાન શાસનના ઘાતનેજ કરવાવાળું થાય છે. આ સ્થાને યાદ રાખવાની જરૂર છે કે અનીતિના આચારવાળાનું બળ જગત્‌ને આશિર્વાદ સમાન નથી થતું, પણ શ્રાપ સમાનજ થાય છે- તેવીજ રીતે શાસનપ્રેમીયો પણ સમજે છે કે શાસનદ્રોહીયોને જે કાંઇપણ પોષણ અપાય, તે શાસનના દ્રોહનેજ વધારનારૂં છે.

જૈન શાસ્ત્રની દૃષ્ટિએ જ્ઞાનની જોકે ઘણીજ જરૂરીયાત જણાવેલી છે, પણ તે કેવળ વસ્તુઓ જાણવા માટે નહિજ, કિંતુ તેનો હેય, ઉપાદેય તરીકે વિભાગ કરવા માટેજ છે, અને તેથીજ શાસ્ત્રકારોએ "**पढमं नाणं तओ दया**" આદિક વાક્યોથી જ્ઞાનનાં ફળ રૂપે દયા એટલે સંયમજ જણાવેલ છે, અને તે વિભાગના અભાવથીજ તેમજ સકળ જૈન શાસ્ત્રના સાધ્ય રૂપ મોક્ષ છે, એમ નહિ માનવાથી કંઇક ન્યૂન દશ પૂર્વ સુધીના જ્ઞાનને પણ અજ્ઞાન જણાવેલ છે. શાસનપ્રેમીયો ચોક્કસ સમજે છે કે બાહ્ય પૌદ્‌ગલિક દૃષ્ટિથી જો દેવ, ગુરુ, ધર્મનું આરાધન થાય તો પણ તેનાથી કલ્યાણ પ્રાપ્ત થતું નથી. તો જેઓ બીચારા પૌદ્‌ગલિક પદાર્થોનુંજ પોષણ કરવા માટેજ દેવ, ગુરૂ, ધર્મને આગળ કરે તેવાઓની સ્થિતિ ક્યારે સુધરશે ?

આ લોક અને પરલોકના હિતને માટેજ શાસ્ત્રકારોએ ગુરુતત્ત્વની યોજના કરેલી છે અને તે ગુરુતત્ત્વમાં દાખલ થનારા માટે શાસ્ત્રકારોએ આઠ વર્ષની ઉંમરથી સત્તર વર્ષની ઉંમર સુધીની હદ બાંધેલી છે અને તે પ્રમાણે જે મહાનુભાવો ગુરુતત્ત્વમાં દાખલ થાય, તે સર્વને શાસનપ્રેમી મનુષ્ય હંમેશાં "**नमो लोए सव्व साहूणं**" એ પદથી વંદનજ કરે છે. શાસનપ્રેમીયો ચોક્કસપણે માને છે કે ગુરુતત્ત્વમાં દાખલ થનારાને પહેલી અવસ્થામાં વિષયભોગ હોવા જોઇએ, વેપાર રોજગાર હોવા જોઇએ, એવું કાંઇ છે જ નહિ. કિંતુ

જ્યારે જીવ માત્રને કર્મનો ક્ષયોપશમ થાય છે, ત્યારે તે બાલ હો કે જુવાન હો, કુમાર હો કે પરિણિત હો, ભુક્તભોગી હો કે બાલ બ્રહ્મચારી હો, પણ તે ગુરુતત્ત્વમાં દાખલ થઇ શકે છે. જો કે શાસનદ્રોહીયો તરફથી કેટલાક પતિતોના દાખલા લઇ ગુરુતત્ત્વને નિંદવામાં આવે છે, પણ શાસનપ્રેમીયો તો માને છે કે શ્રીમાન્ મહાવીર મહારાજના વખતમાં, નંદિષેણજી, આર્દ્રકુમાર, સરખા અનેક પતિત થયા હતા અને ગોસાલો તથા જમાલિ સરખા અનેક વિરોધી થયા હતા, છતાં તેવાઓના આલંબનથી કોઇપણ શાસનપ્રેમીએ ગુરુતત્ત્વમાં અનાદર દેખાડયો નહિ. જગતમાં પણ કંઇ સ્ત્રીયો બાળપણમાં કે જુવાનીમાં વિધવા થાય, તેથી વિવાહ બંધ રહેતા નથી, કંઈ વેપારીઓ દેવાળાં કાઢે છે તેથી વેપાર બંધ થતો નથી, કંઇ દર્દીયો મરી જાય તેથી દવા કરવાનું બંધ થતું નથી, કંઇ વૈદ અને ડૉક્ટરો દ્રોહી અને વિશ્વાસઘાતી નીકળે તેથી વૈદ ડૉક્ટરોની ઉત્પત્તિ બંધ કરાતી નથી, કંઇ કાયદાશાસ્ત્રીયો સામા પક્ષમાં ભળી જઇને ઉંધુ મારનાર નીકળે છે તેથી કાયદાશાસ્ત્રીયોને કાઢી મેલાતા નથી, તો પછી કોઇક કોઇક ગુરુતત્ત્વથી પતિત વ્યક્તિયોના બહાના નીચે ગુરૂતત્ત્વ ઉપર અનાદરવાળા થવું કે તેના પ્રવેશ ઉપર પ્રતિબંધ કરવો, એ શાસનપ્રેમીયોને તો ઉચિતજ નથી. શાસનપ્રેમીયો તો સાફ અંતઃકરણથી માને છે કે, ગુરૂતત્ત્વમાં પ્રવેશ કરવાવાળાને, જે કોઇપણ જાતની અડચણ હોય તે સર્વથા દૂર કરવીજ જોઇએ, અને તેવી રીતે દઢ શ્રદ્ધાળુ શ્રીકૃષ્ણ મહારાજે સર્વ પ્રજામાં જાહેર કર્યું હતું કે **'જે મનુષ્ય દીક્ષા લેનાર હોય તેના કુટુંબનો હું સર્વ પ્રકારે નિભાવ કરીશ'** અને આ વાત શ્રી જ્ઞાતાસૂત્રજીમાં સ્પષ્ટપણે જણાવેલી છે. ચાલુ રાજદ્વારી કાયદામાં પણ સાત વરસ પછી જો કોઇ પણ છોકરો સમજણ પૂર્વક ગુન્હો કરે તો તેને ગુન્હેગાર ગણવાનું, અને તેને લીધે સજા કરવાનું જણાવેલું છે, તો પછી આઠ વર્ષની ઉંમર પછી ગુરુતત્ત્વમાં દાખલ થવાનું જણાવે તો તેમાં આશ્ચર્ય શું ? શાસનપ્રેમીયો સમજે છે કે કાયદાથી થયેલી સજાવાળો મનુષ્ય જન્મપર્યંત માટે ડામીસ થાય છે તો પછી કાયદાને નાના બાળકને ડામીસ કરવાની સત્તા હોય અને ધર્મશાસ્ત્રકારોને શુદ્ધ રાખવાની અને સુધારવાની સત્તા ન હોય એ બનેજ કેમ ? દુનીયાદારીના મોહમય વાતાવરણમાંથી નીકળીને ધર્મમય જીવન ગુજારનાર બાળક જેવો ધર્મ અને શાસનને આશિર્વાદ સમાન થઇ પડે, તેવો બીજો કોઇ આશિર્વાદ સમાન થાય તે અસંભવિત નહિ તો દુઃસંભવિત તો જરૂર છે. શાસન-પ્રેમીયો માને છે ને દરેક ધર્મશાસ્ત્રકારો અને વ્યાકરણકારો પણ આ વાત સ્પષ્ટપણે જણાવે છે, કે કોઇ પણ મનુષ્ય દીક્ષા લેવાને તૈયાર થાય, તે વખતે તેના કુટુંબી અને સામાન્ય લોકો રૂદન કરે, કકળાટ કરે, અને તિરસ્કાર કરી સર્વ જાતનાં વિઘ્નો ખડાં કરે, પણ તે બધાંની દરકાર નહિ કરીને દીક્ષાની અભિલાષાવાળો મનુષ્ય દીક્ષા લે છે, કારણ કે દીક્ષા લેનારની પાછળ રહેલા મોહમાં માચેલા અને દુનીયામાં રાચેલા કુટુંબીયો કે બીજા મોહના હજાર ચાળા કરે પણ તેથી મોહથી છૂટવાને મથતા અને છૂટેલા એવા ત્યાગી પુરૂષને કાંઇ પણ વિચાર કરવાનો હોયજ નહિ.

**શાસન પ્રેમીઓ ! તમો બાલ હો, યુવાન હો, કે વૃદ્ધ હો પણ તમારે શાસનના રક્ષણને માટે કટિબદ્ધ થવુંજ જોઇશે**, કારણકે આ જમાનામાં સવાશેર દારૂની ઘેલછા-વાળો વર્ગ દેવ, ગુરુ, ધર્મ અને તીર્થનું નિકંદન કરવા તૈયાર થયેલો છે, તે તમે નજરે,

છાપાદ્વારા, કે સજ્જનો આદિના કહેવાથી સ્પષ્ટપણે જાણી શકયા છો. તો પછી તેવે વખતે તેવા દ્રોહીયોથી બચવાને માટે તમો જો કટિબદ્ધ નહિં થાઓ તો તમો પોતે તમારાં બાયડી છોકરાંઓ, તમારાં બાલબચ્ચાંઓ, તમારા સાધર્મી ભાઇઓ વિગેરે તમામ તે વિરોધીઓના પ્રવાહમાં ધસડાઇ જશે, માટે તમારે કટિબદ્ધ થવાની અનિવાર્ય જરૂર છે. જો તમો શ્રીમંત હો તો તમારી લક્ષ્મીનો ઉપયોગ કરી શાસન રક્ષાનાં સાધનો ઉભાં કરો ! જો તમો અક્કલવાળા હો તો તમો બધા એકઠા થઇ શાસનદ્રોહીયોને નિર્મૂળ કરી શાસનરક્ષાના ઉપાય યોજો ! જો તમારામાં વાક્પટુતા હોય તો શાસનરસિકોને મજબુત કરી શાસનદ્રોહીયોના વિરૂદ્ધ પ્રચારકાર્ય કરો, જો તમારામાં લેખનશક્તિ હોય તો શાસનમાં રસ ઉત્પન્ન કરનારા લેખો લખી શાસનદ્રોહીયોના લેખોનો કાટ કરો. ઉપર જણાવેલામાંથી જો તમારામાં કાંઇ પણ ન હોય તો તમે તે શાસનદ્રોહીયોના લેખોથી, છાપાંઓથી, ભાષણોથી સાવચેત રહો અને તે અદૃષ્ટ અકલ્યાણકારોની છાયા પણ નહિ લેતાં તીર્થ, દેવ, ગુરૂ અને ધર્મની સેવામાં અહર્નિશ મસ્ત રહો.

ઇતિશમ્.

## પૂ. શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ.



આ વયોવૃદ્ધ આચાર્યવરના નામથી સાધુસંમેલનની
આમંત્રણ-પત્રિકાઓ કાઢવાની વાતો ચાલે છે.

મોનાર્ક પ્રિન્ટરી.

# પૂ. શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજનો

# પવિત્ર સંદેશ.

વિશ્વવંદ્ય પ્રભુશ્રી વીર પરમાત્માના ત્રિકાલાબાધિત શાસનની આરાધના એજ તમારૂં સર્વસ્વ હોય, એમાંજ તમો તમારા જીવનની સાર્થકતા માનો. આટલું જો માનતા હો, તો જ તમે શાસનના અનુરાગી તરીકે ગણી શકાઓ. શાસનના અનુરાગી ગણાવનારની જોખમદારી ઓછી ન સમજશો; એના ઉંડાણમાં ગંભીર જવાબદારીયો રહેલી છે. એના મર્મને સમજનારો જ એમાં રહેલી ગંભીર જોખમદારીને સમજી શકે છે. શાસનના અનુરાગી કહેવડાવવું અને શાસનના અનુરાગી બનવું, એમાં મેરૂ અને સરસવ જેટલું અંતર છે. કહેવડાવવું સ્હેલ છે, બનવું દુષ્કર છે. શાસનના સાચા અનુરાગીયો જ શાસનના સેવક બની શકે. શાસનની સેવા કરવી, એ સર્વોત્તમ ધર્મ છે. સર્વોત્કૃષ્ટ સાધ્યસિદ્ધિનો જન્મ એમાંથી જ થાય છે. છતાં શાસનસેવાની ધગશ ધરાવનારને એ ભૂલવું જોઇતું નથી કે આરાધનમાં જેવો લાભ સમાયેલો છે તેવો વિરાધનમાં ગેરલાભ પણ બેઠો છે. સેવાના મર્મને સૂક્ષ્મબુદ્ધિથી વિચારનારોજ સેવાનું સુંદર ફળ મેળવી શકે છે. સાચા શાસનસેવકોની આ શાસનને ઘણીજ જરૂર છે. એમના વિના શાસન નિસ્તેજ જણાય, એ સ્વાભાવિક છે.

શાસનસેવકો એટલે શાસનના તેજસ્વી રત્નદીપકો! જેનાં દેદિપ્યમાન કિરણોથી સર્વત્ર તેજસ્વિતા જ નિરખાય, જેઓની ઉત્સાહભરી વિશુદ્ધ પ્રવૃત્તિ દેખી ધાર્મિક જનતાના અંતરમાં આશિર્વાદનાં અમીઝરણાં ઝરે, જેઓને નિરખી ભક્તિભર્યાં હીયલડે જનતા હાથ જોડે અને મધુર તેમજ ભાવભર્યાં વચનોથી તેમની શ્લાઘા કરે.

યુવકો !

પુણ્યશાલિયોને જ પૂર્ણ ભાગ્યોદયે પ્રવચનની પરિચર્યા કરવાનો અણમૂલો પ્રસંગ પ્રાપ્ત થાય છે. ભલભલાઓને પણ શાસનની સેવા મળવી અત્યંત દુર્લભ છે. અને એથીજ શાસનના સાચા સેવક વીર શિરોમણી વસ્તુપાલે જીવનપર્યંત જગદ્‌વંદ્ય પ્રભુશ્રી મહાવીર દેવના શાસનની સેવા કરીને પણ એજ માગ્યું:—

" यन्मयोपार्जितं पुण्यं जिनशासनसेवया ।
जिनशासनसेवैव तेन मेऽस्तु भवे भवे ॥ १ ॥ "

જિનશાસનની સેવા કરી મ્હેં જે કાંઇ પુન્ય ઉપાર્જન કર્યું, તે પુન્યના પ્રભાવે જિનશાસનની સેવાજ મ્હને ભવોભવ મલો.

સાચા શાસનસેવકમાં શ્રદ્ધા અને સત્ય અડગ હોવાં જોઇએ. શ્રદ્ધાવાન્ આત્માજ દેવાધિદેવ તીર્થંકર પ્રભુની આજ્ઞાનો આરાધક હોઈ શકે છે. આજ્ઞાના માર્ગે ચાલનારા જ શાસનસેવક ગણાય. તે પોતાની પ્રત્યેક પ્રવૃત્તિમાં આજ્ઞાનેજ અગ્રસ્થાન આપે અને આજ્ઞા-વિરાધકોના પ્રચંડ આઘાત-પ્રત્યાઘાતની સામે પણ ધીરવર થઇનેજ ઉભો રહે. શ્રેય કાર્યો

ઘણું કરીને વિઘ્નોથી ભરપૂર હોય છે. વિઘ્ન દેખીને ભયભિત બનનાર શાસનસેવા નહિ કરી શકે. એટલું તો ચોક્કસ છે કે શાસનસેવા બજાવનાર ધાંધલીયો, બંડખોર, અનીતિ કરનાર, તથા ધર્મીજનોનો વિદ્વેષી ન જ હોવો જોઇએ; એની પ્રત્યેક પ્રવૃત્તિમાં નૈસર્ગિક ઔદાર્ય અને સહનશીલપણું ઝળકયાજ કરતું હોય, તેમજ પોતાના વર્તનની અને વિચાર-વિશુદ્ધિની ખાતર ઐહિક લાભને પણ તુચ્છ ગણનાર હોવો જોઇએ.

સેવાધર્મની ગહનતાને સમજનાર લાભાકાંક્ષી શાસનસેવક કસોટીના પ્રસંગે સામા આવતા પ્રહારોને નિર્ભીક્ થઇ સહન કરે, તોજ સાધ્ય થઈ શકે. પરીક્ષક પરીક્ષા તો કરેજ. મંત્રસાધક ભૂતવેતાલોના અટ્ટહાસ્ય, ભયંકર રૂપ, ગગનભેદી અવાજ વિગેરે હૃદયને કંપાવનાર ચેષ્ટાઓથી ચલિત ન થાય, પરંતુ સમુદ્રસમ ગંભીર અને મેરૂ જેમ સ્થિર રહે તો જ મંત્ર સિદ્ધ થાય. જો તમારામાં વિકટમાં વિકટ પ્રસંગે પણ પ્રભુના પ્રવચન પ્રત્યે અવિચળ શ્રદ્ધા, અપૂર્વ ગાંભીર્ય, અસાધારણ સહનશીલતા અને શાસનસેવાના કોઈપણ કાર્યમાં અવિરત પરિશ્રમ હોય તો જરૂર તમારી શાસનસેવા વિજયવંતી નિવડે. ન ભૂલશો કે શાસનની સેવામાં જેટલી મુશ્કેલીયો છે, તેટલી મુશ્કેલીયો બીજા કોઇપણ કાર્યમાં હોય, છતાં વર્યવીર્યશાળી બની આવી પડતી મુશ્કેલીયોને સહર્ષ વધાવી લઇ, આગળ ધપ્યે જશો તો, જરૂર તમારો વિજય થાય એ નિર્વિવાદ છે.

ચોક્કસ માનજો કે શાસનસેવા સિવાય આત્મોન્નતિસાધક દિવ્યપંથ દુનિયામાં બીજો કોઈ જ નથી. આ માન્યતા તમારામાં રોમેરોમે પરિણમેલી હોવી જોઇએ અને આ હોય તો જ તમે અરિહંત દેવને, આજ્ઞાપાલક ગુરૂવર્ગને અને દયામય ધર્મને ઓળખી શકયા છો, એમ કહી શકાય. ખ્યાલ રાખજો કે વચન કરતાં વર્તનની કિંમત અત્યંત છે. સદ્વર્તનશાળી બનવા માટે સદ્વિચારશીલ બનવાની અવશ્ય જરૂર રહેવાની. આત્મોન્નતિનો દિવ્યપંથ અહિંથીજ શરૂ થાય છે.

**ઓ શાસનસેવાના રસીયાઓ!**

શાસ્ત્રમર્યાદાને આગળ ધરીને આત્મિક ઉન્નતિ સાધક પ્રત્યેક કાર્યોની સ્વયંસાધના-પૂર્વક અન્યોને તેમાં પ્રેરો, એટલે કે ધર્મી બનાવો અને પરમાત્મા વીર વિભુના શાસનનો વિજયધ્વજ અવનિતળમાં ફરકાવો. **જિનાજ્ઞાની આરાધનામાંજ મોક્ષ અને વિરાધનામાં સંસાર** આ ઉભયને બરાબર સમજો અને બીજાને સમજાવો. સમજી અને સમજાવીને ભડવીર બની આરાધનાના ચીલે કૂચ કરો અને બીજાઓને કરાવો. એમાંજ તમારૂં અને શાસનનું હિત સમાયેલું છે. વિરાધનાના માર્ગને સિંહાવલોકનથી પણ ન નિહાળશો.

# "શ્રી રામવિજય ચરણે"

( રાગ : અનુષ્ટુપ : વસંતતિલકા )

ધન્ય ભારત દેશને, ધન્ય ગુર્જર ભૂમી તું;
ધન્ય ઉત્તમ 'પાદરા'[1]–ને, ધન્ય વળીએ કુલ. (૧)

જન્મ્યો 'ત્રિભોવન'[2] કહે જગ પુત્ર જેમાં,
જેને લીધા સુશીલ 'સમ્રત'[3] અંક બેઠા;
મોટાં વ્રતો જનનિ કુક્ષીં ઉજાલવાના,
ને થાપવા ત્રિભુવને વીર સૂત્ર સાચા. (૨)

બાળ મિત્રો સહુ જેને, સંબોધે 'શબુડા'[4] ઇતિ;
થઈ વૈરાગ્ય પ્રેમી જે, ગયો સુગુરૂ સંગમાં. (૩)

વૈરાગ્ય વારિ હૃદયે ગુરૂએજ સિંચ્યું,
ને ત્યાગ ધર્મ રસપાન સદાય દીધું;
પોષી વળીય શુભ વૃત્તિજ બાળની ને,
લીધો સુયોગ્ય સમયે નિજ ધર્મ પ્રત્યે. (૪)

શીખ્યો એતો અહા ત્યાંતો, પરમ સૂત્ર ત્યાગનું;
અને લીધી પ્રતિજ્ઞા કે, ત્યાગ સ્થાપું ત્રિભુવને. (૫)

એ ત્યાગ કેરી લગની હૃદયે ધરીને
ચાલ્યો ત્યજી વતનને નિજધ્યેય અર્પે;
'ગાંધાર'[5] પૂણ્ય ભૂમીમાં જઈ લીધી દીક્ષા;
જેથી 'ત્રિભોવન' મટી પદ ગુરૂ પામ્યા. (૬)

---

૧. પાદરા—રામવિજયજીની જન્મભૂમિનું નામ છે.
૨. ત્રીભોવન–રામવિજયજીનું દીક્ષા લીધા પહેલાં ગૃહસ્થપણાનું નામ છે.
૩. સમ્રત—રામવિજયજીની સંસારી માતાનું નામ છે. તેમના સંસારી પિતાનું નામ છોટાલાલ હતું, જે આ કાવ્યમાં ગુંથ્યું નથી.
૪. નાનપણમાં રામવિજયજી જ્યારે ગૃહસ્થ અને બાળક હતા ત્યારે લોકો તેમને 'શબુડા' એ નામથી સંબોધતા.
૫. ગાંધાર—ખંભાત નજદીક એક ગામ છે, જ્યાં રામવિજયજીએ દીક્ષા લીધી હતી.

આત્મારામ સૂરી શિષ્ય, કમળ સૂરીજી બુધ,[૬]
તસ દાનસૂરિ શિષ્ય, પ્રેમ વિજયજી તસ. (૭)

પ્રભાવ શાલી મુનીરત્ન તણીજ ખાણ,
તેમાં થયા સુગુરૂ રામ વિજય પ્રમાણ;
નિત્યે સ્મરૂં હૃદયમાં મુજ એ ગુરૂ ને.
જેના પ્રતાપ કિરણે જગ ત્યાગ ગાજે. (૮)

ધન્ય સૌ ત્યાગી સંતો એ, ધન્ય એ રામ વિજય;
સદા નીડર'તાથી જે, પ્રરૂપે ત્યાગ ધર્મને. (૯)

જ્યારે હતા કઠિન કંટક ત્યાગમાર્ગે,
જ્યારે હતા કુમતવાદી અનેક ધર્મે;
ત્યારે થયા શ્રી વીર આદિ અનેક સંતો,
જેને સ્મરે જગત આજ અનેક ભાવે. (૧૦)

પચાસ વર્ષની પૂર્વે, આત્મારામ સૂરી થયા;
હતા જે ત્યાગના વીર, જીવાડયો ત્યાગ ધર્મને. (૧૧)

ચાલ્યા ગયા જગ થકી જબએ સૂરીજી,
ત્યાં તો થયા જગ વિષે બહુ વિઘ્ન કારી;
એથી થયો વિકટ માર્ગજ ત્યાગીઓનો,
ને ત્યાગ રશ્મિ સહુ મંદ થયા જગે હા ! (૧૨)

હઠાવે આજ સૌ વિઘ્નો, રામવિજયજી ગુરૂ;
અને અડગ ત્યાગીએ, ઉદ્બોધે ત્યાગ ધર્મને. (૧૩)

રાચ્યું અહા ! જગત મોહ મહીંજ આજે,
ભૂલ્યા જનો વળીય ધર્મ વિવેક જ્યારે;
ત્યારે દીયે સદુપદેશજ ત્યાગનો જે,
તે રામ વિજય જીવો ઘણું શ્રેય અર્થે. (૧૪)

ઘણું જીવો ગુરૂજીએ, સુણાવો ત્યાગ ધર્મને,
અને સીંચો સદા વિશ્વ, '**નિર્મળ**' વાણીવારિથી. (૧૫)

**—નિર્મળ**

---

૬. બુધ—ડાહ્યા.

# શ્રી પાવાપુરીના જલમન્દિરનું સુરમ્ય દ્રશ્ય.



ચરમ તીર્થંકર શ્રીમન્મહાવીર દેવના નિર્વાણ કલ્યાણકની આ પવિત્ર ભુમિને પોતાને કબ્જે કરવા દિગમ્બરો આપણી સામે કોર્ટમાં લઢી રહ્યા છે અને તે સંબંધમાં રા. બાબુસાહેબ ધનુલાલજી સચેતીએ તાત્કાલિક મદદ માટે જૈન કોમને અપીલ કરી છે.

# તીર્થરક્ષા : :

: : લેખક : :
રા. મધુકાન્ત.



प्रणम्य प्रणताशेष बीरं वीरजिनेश्वरम् ।
तीर्थरक्षा निबंधं च वक्ष्ये बुध्यनुसारतः ॥ १ ॥

આબુ, અષ્ટાપદ, ગીરનાર, સમેત શીખર, શત્રુંજય સાર,
પંચે ગિરિવર ઉત્તમ સ્થાન, સિદ્ધિ ગયા તેને કરૂં રે પ્રણામ.

तीर्थं मुदे स्वपरयोरपि कीर्तिपाल
भूपालकारिततुरंगमबोधयत्स्यात् ।
उद्यानसारसहकारवनंफलद्धयैं
किं व मुखेन पुनस्तदुपासकानाम् ॥ १ ॥

वित्तं स्थिरं सुकृतकीर्तिकरं च बाहु-
बल्यादिवद् विविधतीर्थनिवेशकानाम् ।
केतूल्लसद्भरत पुण्ययशोऽर्थवाद-
मष्टापदं क इव नानमदद्य यावत् ॥ २ ॥

—कर्पूरप्रकरः

" વનોને વિષે શ્રેષ્ઠ આમ્રવન જેમ વાવનાર અને તેને સેવનાર કોયલ વિગેરેને ફળપ્રાપ્તિ માટે થાય છે તેમ કીર્તિપાળ રાજાએ કરાવેલ અશ્વાવબોધ તીર્થની માફક તીર્થ સ્વપરના આનંદ કલ્યાણને માટે થાય છે. (૧) બાહુબલ્યાદિની માફક વિવિધ તીર્થ સ્થાપકોનું ધન જન્માંતરમાં સાથે ચાલનાર તથા પુણ્ય અને યશ કરનાર થાય છે, ધ્વજાથી ઉલ્લસતા ભરત ચક્રવર્તિના પુણ્ય અને યશની પ્રશંસા કરતા અષ્ટાપદ તીર્થને હજુ સુધી પણ સર્વ લોકો નમે છે. (૨) "

આત્મ કલ્યાણના કાજે જેમના આપણે વારસ છીએ, તે નરરત્નોએ વિશ્વમાંની શ્રેષ્ઠ, સમૃદ્ધ, જગત્‌ના ગગનમંડળ પર આધિપત્ય ભોગવતી, વિશ્વની શિલ્પકળાના ઉત્તમોત્તમ નમુનાઓથી ભરપૂર મહાન્ તીર્થસંપત્તિ આપણા અધિકાર નીચે મૂકી છે, એ નરરત્નોની આપણા પર ઉતરેલી અમૂલ્ય કૃપાથી, આપણને મહાન્ તીર્થ-વૃક્ષ તેમની અંદરના કલ્પવૃક્ષ સમાન ગગન ચુંમ્બિત ભવ્ય જિનાલયોની પ્રાપ્તિ થઇ છે. તીર્થાધિરાજ સિદ્ધાચળજી, ગિરનારજી, સમેતશીખરજી, આબુજી, કેશરીઆજી, રાણકપૂરજી, પાવાપૂરીજી, ચંપાપૂરીજી, અંતરિક્ષજી, અને બીજાં સંખ્યાબંધ તીર્થો શાસનની ઉજમાળ પ્રભાવનાનાં વીતરાગદેવભાષિત જૈન ધર્મના શ્વેત પ્રભાવિકપણાનાં દર્શન કરાવતાં આપણી સામુદાયિક સંપત્તિને ભેટયાં છે.

આ તીર્થસંપત્તિ એવી છે કે જેના ચરણે જવાથી આત્મા સાંસારિક ઉપાધિમય પ્રવૃતિઓમાંથી ઘણે ઘણે દૂર જઇ, પોતાનું વાસ્તવિક કર્ત્તવ્ય સમજી શકે છે; આત્મ સન્મુખ થઇ શકે છે, આત્મિક મૂળ ગુણ વિકસિત કરવામાં વૃદ્ધિમય ફાળો આપી શકે છે,

અગાધ ધર્મ સ્નેહ, અખંડિત આત્મશાંતિની પ્રાપ્તિનું ઉચ્ચ અને સર્વોત્કૃષ્ટ સ્થાન આપણા તીર્થોમાં પ્રતિબિંબિત થાય છે.

એકાન્ત સ્થળોમાં, વસ્તીથી દૂર દૂરના ભાગોમાં તૈયાર કરવામાં આવેલાં એ તીર્થ સ્થાનો પર માનવી અમૃતમય શાંતિ-સુધાનું પાન કરે છે. અને બોલી ઉઠે છે કે "ઓ જિનેશ્વર દેવ, શું ત્હારી ભવ્ય, શાંત મૂર્તિ ! ત્હારા આશ્રયની શોધ જન્મ-મૃત્યુ ફેરા અને પરિભ્રમણો સદંતર કાપવા માટે શોધું છું. જગતની ધમાલ, પ્રપંચ જાળ, એ ખરેખર આત્મ વિનાશક છે. એનું મને નિરીક્ષણ થાય છે, એની મારો આત્મા સાક્ષી પૂરે છે." યુરોપના અને અમેરીકાના પ્રવાસીઓ આર્યાવર્તમાં ઝળહળી રહેલી આપણી તીર્થસંપત્તિ નિરખે છે ત્યારે શાસનની ભૂતપૂર્વ કીર્તિ અને પ્રતિભા સંપન્ન ગૌરવને માટે અંજાઇ જાય છે. આયાવર્તમાં તે કેટલું કીર્તિવંત સ્થાન ભોગવતું હશે, તેની ઝાંખી અનુભવે છે. હું ન ભૂલતો હોઉં તો માજી વોઇસરૉય લોર્ડ કર્ઝને એવી મતલબનો અભિપ્રાય ઉચ્ચાર્યો છે કે "જ્યાં સુધી આર્યાવર્તના ગગન મંડળ પર જિનભૂવનો પ્રકાશિત થઇ રહેલાં છે, ત્યાં સુધી જૈન ધર્મ જીવતો છે."

આર્યાવર્તમાં જે સમયે લક્ષ્મીદેવીની અણુનમ કૃપાદષ્ટિ હતી, આર્યાવર્ત જે સમયે સુવર્ણે મઢેલું હતું, તે સમયે જિનશાસનમાં પાકેલા હીરાઓએ જૈન પ્રજાને માટે એક મહાન્ તીર્થધન પેદા કર્યું. આ તીર્થ ધનમાં દરેક ભાગ્યશાળીએ પૂનિત હિસ્સો સમર્પ્યો. હિંદના તો શું, પણ વિશ્વના સઘળાએ ધર્મની તીર્થસંપત્તિમાં આપણો નંબર ઘણા ભાગે પ્રથમ આવશે. આત્મોન્નતિના ઉચ્ચ શિખર ઉપર ચડાવનારૂં આ તીર્થ સંપત્તિ ભંડોળ તૈયાર થઇ આપણા વારસામાં જે આવે છે તે એટલું બધું વિશાળ છે કે, એટલું બધું સમૃદ્ધિવાન છે કે, તેનું સુવ્યવસ્થિત રીતે રક્ષણ કરવું એ જૈન સમાજ જેવા શ્રદ્ધા સંપન્ન સ્થિતિવાળા, પવિત્ર સમાજની પહેલી ફરજ છે, એ બીના નિર્વિવાદ રીતે કબુલ રાખવી પડે છે. જે ભાગ્યશાળીઓએ શ્રીદેવીને જેમાં સમર્પણ કરી દીધી છે, જે ભાગ્યશાળીઓએ જેને તૈયાર કરવામાં પોતાની બુદ્ધિને રેડી છે, જે ભાગ્યશાળીઓએ જેના વિકાસ અર્થે પોતાના પરસેવાથી પેદા કરેલ સારીય દોલતને દઇ દીધી છે, તે ભાગ્યશાળીના વારસ તરીકે આપણે આપણી ફરજ કયી રીતે અદા કરી શકીએ ? આ એક ગંભીર પ્રશ્ન છે. વધારે ગંભીર તો એ કારણથી છે કે ચોમેર સ્વાર્થ-હિતનું સામ્રાજ્ય એટલું બધું જામતું જાય છે કે આજે પ્રેમ એ ચીજ મોંઘી થઇ પડી છે, આજે હક્ક એ વસ્તુ સાલે છે.

ભરત મહારાજાએ ક્રોડો અને અબજો રૂપીઆના ખર્ચે સેંકડો ચૈત્યો બંધાવ્યાં છે. કુમારપાળ, વસ્તુપાળ, તેજપાળે શ્રીદેવીની ગણત્રી સિવાયની કોથળીઓ ઠાલવી છે. આજે જે બધો પ્રતાપ છે, આપણે જે અભિમાન લઇ શકીએ છીએ તે એ પુણ્યશાળી મહાન્ રત્નોને આભારી છે. આર્યાવર્તનો મધ્યકાલીન ઇતિહાસ દુઃખપ્રદ છે. મુસલમાન રાજઅમલે મૂર્તિપૂજકો સામે રણ જંગ ખેલ્યા હતા, છતાંય એ ગાઢ તિમિર વચ્ચેથી, એ પથરાએલાં ચોમેરનાં વાદળાંઓ વચ્ચેથી પણ તીર્થ રક્ષાનું કાર્ય આપણા પૂર્વનાં મહાન્ નરરત્નોએ સહીસલામત પાર ઉતાર્યું: પાર પાડયું એટલું જ નહિં પણ તીર્થ સંપત્તિમાં ઇતિહાસના વાચકને વૃદ્ધિ થયેલી જણાશે. આનું ખાસ કારણ છે. તે સમયે જુદા જુદા ક્ષેત્રની કાર્ય

રેખામાં આત્મ-ધગશ હતી, શાસનપ્રેમ હતો; નિસ્વાર્થ તીર્થ લાગણી હતી; નિરભિમાનતા હતી. તે સમયે જુદાં જુદાં તીર્થ સ્થાનોના તીર્થ સંરક્ષકો એકત્ર થયા હોત તો આજનો સમાજ તારવી શકત કે તેમનું ધ્યેય બિંદુ કેટલું વિશાળ છે. તેમની શાસન લાગણી કેટલી વ્યાપક છે, તેમનામાં નિરાભિમાનતા અને શાસન લાગણી જમા થયેલી છે. મુસલમાની અમલ હતો. તીર્થ રક્ષણ કરવું અસાધ્ય નહિ તો લગભગ દુઃસાધ્ય હતું. અસહ્ય ત્રાસ અને કષ્ટ હતું. છતાં એ વિકટમાં વિકટ સ્થિતિમાંથી તીર્થ સ્થાનોના સંરક્ષકોએ જે આબાદ રીતે તીર્થ સ્થાનોને ઉગાર્યાં છે, તે આજના જૈનોને અનુકરણીય છે, તેની ભાગ્યેજ ના કહી શકાશે. તીર્થ રક્ષાને માટે હું મારી સૂચનાઓ સમાજ ચરણે દોરી બતાવું તે પહેલાં મારે એટલું તો કહી દેવાની ચોકખી આવશ્યકતા છે કે તે સમયનો દરેક જૈન વ્યવસ્થાપક બધું "મારૂં" એ શબ્દોમાં અભિમાન લેતો, સમાજહિત દૃષ્ટિએ વ્યવસ્થા કરવાની સેવામાં તે અંગત અને ગચ્છીય વિચારોને સ્થાન ન આપતો. જગદ્‌ગુરૂ હીરવિજયસૂરીશ્વરજી સમ્રાટ્ અકબર પાસે જે ભિક્ષા ઝોળી ભરી દેવાને સૂચવે છે તે તીર્થોપરના કાયમી અને ચિરંજીવ પટ્ટાઓની માંગણીઓમાંજ પ્રતિબિંબિત થઈ રહે છે, કે જે પટ્ટાના આધારો આપણા તીર્થ રક્ષણને ખોરાક આપી રહ્યા છે. કેટલો તીર્થ પ્રેમ ? કેટલો શાસન પ્રેમ ? આપણે એ પ્રેમને આપણી નસોમાં ઉતારવો ઘટે છે. આપણું રક્ત અને એ પ્રેમ એકતાર થાય તોજ આપણે તીર્થ-રક્ષણ કરી શકીએ. " મારા પણા "ની બુદ્ધિ ત્યાં જોડાય તોજ જે અઢળક સંપત્તિના આપણે વારસો છીયે, તેને સાચવી શકાય, પિતા-પુત્રને માટે અખૂટ ભંડાર મૂકતો જાય, પણ એ પિતાનો પનોતો પુત્ર લક્ષ્મીમાં મારાપણાનું ધ્યેય ન કરે તો એ લક્ષ્મી રહે કેટલી વાર ?

આજે આપણ સર્વેને તીર્થો વહાલાં છે; તીર્થો વહાલાં છે એ આપણે કહીએ છીએ ત્યારે તેના રક્ષણને માટે આપણે બનતું કરવું એ આપણી ફરજ રહી. પરંતુ આજે ફરજ કેટલે અંશે સ્વીકારીએ છીએ, એ જોવાનું રહે છે. હૃદય દબાવવા હું ઇચ્છીશ નહિં. જો હું હૃદય દબાવું તો આ લેખ મૂકવાની મને જરૂર નથી. કેટલાક સમયથી એ પ્રશ્ન મને સાલ્યા કરે છે. આજે જગદ્‌ગુરૂ હીરવિજયસૂરીશ્વરજીનો પ્રેમ સમાજમાં કયી રીતે પરિણમાવી શકાય ? તીર્થાધિરાજને માટે ફંડ એકત્ર કરવાનું છે. જૈન સમાજમાં આજે કેટલાક દ્વેશીલા એવા પડયા છે કે સહીસલામત કાર્યની રૂપરેખા જોતાં તેમના ચક્ષુઓએ પડલો ચઢે છે, અને તેથી ગચ્છીય મતભેદની તકરાર એક પત્રે ઉભી કરી, એકાદ પવિત્ર મુનિરાજ પર પોતાનો અંગત દ્વેષ પ્રગટ કરી, તીર્થાધિરાજના ફંડને અધિક નુકસાન કરવાની કુબુદ્ધિ સેવી. ગચ્છીય મતભેદ છે અને રહેશે. તેને અંગે ચર્ચાઓ થાય છે અને થશે. પરંતુ એ મહાન્ ફંડને માટે દૂર અંદેશ બુદ્ધિ સેવવાની જરૂર છે. જગદ્‌ગુરૂએ કયી બુદ્ધિ વાપરી ? સમસ્ત જૈન શ્વેતાંબર કોમના હિતની ! અને હું ઇચ્છું છું કે સમસ્ત જૈન શ્વેતાંબર કોમના તીર્થ સંપત્તિના હિત ખાતર અનેક ગચ્છો વચ્ચે વહેંચાઈ ગએલો સમાજ પોતાની આંતરિક બાબતોને બાજુએ મૂકી તીર્થાધિરાજના ફંડમાં પોતાના નામને શોભે એવો હિસ્સો આપશે. ગચ્છીય મતભેદોના નામ નીચે, શાસનના સળગતા પ્રશ્નોના નામ નીચે, ફંડના હિતને સંકડામણમાં મૂકનારાઓ ખરેખર આંતર હૃદયની બેવકુફીનાં પ્રદર્શન કરાવી રહ્યા છે, એ સ્પષ્ટ શબ્દોમાં કહી દેવું એ અનુચિત નથી.

મુસલમાની રાજ અમલમાં જે દ્રષ્ટિબિંદુઓ અને સંજોગોથી આપણી તીર્થસંપત્તિ ભયમાં હતી, તેના કરતાં જુદા સંજોગો અને દ્રષ્ટિ બિંદુઓથી આપણી તીર્થ સંપત્તિ ભયમાં મૂકાએલી છે, એ એટલુંજ નક્કી છે. મુસલમાની રાજ અમલના આથમવા સાથે દેશની અંધાધુંધીના આથમવા સાથે, જે રીતિયે અનેક મુશ્કેલીઓ વચ્ચેથી આપણાં તીર્થ સ્થાનોને પસાર થવું પડયું છે, એ જોતાં આપણી તીર્થસંપત્તિ પરનો ભય આથમી ગયો છે, એ લેશ માત્ર પણ કહી શકાય નહિ. વિશ્વના સર્વોત્કૃષ્ટ અલંકાર રૂપે ઝગઝગી રહેલી, વિશ્વદેવીના હૃદય મંદીરની પ્રેમાળ પ્રતિમા રૂપે પૂજનીય, વંદનીય, નમસ્કારણીય, ગણાતી આપણી તીર્થધન સંપત્તિને ત્રાસજનક સ્થિતિમાંથી પસાર થવાના મુખ્ય કારણોમાં દેશી રાજ્યોની ડખલગીરી અને દિગંબર પક્ષની અણછાજતી કાવાદાવા નીતિ અગ્રસ્થાન ભોગવે છે. ઘણી ખરી આપણી તીર્થસંપત્તિ દેશી રાજાઓની હદમાં છે. સમયના વહેવા સાથે જેમ જેમ આ રાજ્યો વધુ અને વધુ સુસ્થિર થતાં ગયાં, તેમ તેમ આપણી તીર્થ-સંપત્તિને ઓછી અગર વત્તી આવકની સાધન સામગ્રી માનવા લાગ્યાં. દેશી રાજાઓની સુસ્થિરતા સાથે–તેમની હક્ક અને અધિકારની માગણીયોએ આપણા સ્થાપિત હક્કો પર લોખંડી પંજા ઉગામ્યા. સ્થાનિક કાર્યવાહકો પૂરતા બળના અભાવે, રાજતંત્રની હુંશીઆરી સમજ-વાના અભાવે, તેનાં ભોગ થઇ પડયાં અને માલીકપણાના આપણા હક્કો પર કાતર ફેરવાએલી જેટલા અંશે જોવામાં આવે છે તેની ઉંડાઇનું ખાસ કારણ એ યજ્ઞવેદીના હોમમાં લેવાયેલું બલિદાનજ છે. તીર્થાધિરાજના પ્રકરણમાં મી. વોટસને ખૂબ નિરાશાવાદ જણાવ્યો હતો. દેશી રાજતંત્રો પોતાની જોહુકમી માટે અડગ અને નિશ્ચયી રહી, મળે એટલું વધાવી આગળ અને આગળ કુચ કરે છે. તેની સામે મારાપણાથી સજ્જ થયેલી અડગ ભાવનામૂર્તિયો જન્મે ત્યારે અત્યારે રહ્યા સહ્યા હક્કો દેશી રાજતંત્રોના દાસત્વની ગુલામીમાંથી મૂક્ત થઇ શકે. જે શહેનશાહતનો એક અમલદાર બીનદરમીયાનગીરીની નીતિનો સ્વીકાર કરે છે અને તેથી હતાશ થઇ ઉપલી હકુમત સમક્ષ અધવચે આવી દેશી રાજાની કારોબારી અંગત સત્તા સ્વીકારવાની આપણને ફરજ પાડે છે, તે શહેનશાહતે દેશી રાજાઓના હક્ક, અને અધિકારની તપાસણી માટે મૂકેલી બટલર કમીટી દેશી રાજાઓના હક્ક અને અધિકારનાં સ્પષ્ટ વચનો ઉચ્ચારી અભિપ્રાય ટાંગે છે કે દેશી રાજતંત્રની સાર્વ-ભૌમ સત્તાને આધીન રાજતંત્રો છે. તીર્થ સ્થળોના સંરક્ષણ માટે તેઓ પરના આપણા હક્ક અને અધિકાર માટે એટલા માટે એ જરૂરી છે કે આપણે એક મજબુત બળ ઉત્પન્ન કરવાની જરૂર છે અને આપણા અત્યાર સુધીના હક્કો પરની ત્રાપ, સાર્વભૌમ સત્તાના કર્ણપર પહોંચાડવાની જરૂર છે. લાગણીયો રેડી શકે એવા એક મોભાદાર બળ સિવાય, તેની સમયે સમયની નિઃસ્વાર્થ પરાયણ સહાય સિવાય, રહ્યા સહ્યા હક્કો પણ નષ્ટ થઈ જાય એ અસ્વભાવિક નથી. આ બળ જુદા જુદા ક્ષેત્રોના, શ્રી દેવીના, સરસ્વતી દેવીના ઉપાસકોનું હોવું જોઇએ અને તેની સાથે સામાન્ય વર્ગના અને સ્વયસેનાના સૈનિકોનો પણ અવાજ હોવો જોઇએ. સ્થાનિક કાર્યવાહકોને યોગ્ય સલાહ, સૂચનાઓ, સહાય, ઉત્પન્ન થયેલી આવી એક કમીટી આપે, સૂચનાઓનો અમલ સ્થાનિક કાર્યવાહકો કરે અને અવ્યાજબી લાગતી હોય તેને અંદરો અંદર સમજી લે તો તીર્થોનો સુંદર રીતે બચાવ થઇ શકે. ખાલી કોમીય હોહાકાર તીર્થનું ભલું સાંગોપાંગ કરી શકતો નથી,

એટલે ખાસ કારણુ સિવાય કોમ પાસે હોહાકાર કરાવનારી સાધન સામગ્રી પુરી પાડવી જોઇએ, એ અભિપ્રાય આપવાને હું તૈયાર નથી. પરંતુ આજે કેટલીક વિસ્તૃત સહાય અને સલાહની જરૂર છે, એ સ્વીકાર્યા સિવાય છુટકો નથી. અને "તીર્થ રક્ષણ કમીટી" જેવી સ્વતંત્ર કમીટી તેની ગરજ સારી રીતે પૂર્ણ કરી શકે.

જેમ દેશી રાજાઓની ડખલગીરીને જડબાતોડ ઉત્તર આપવાને એક મજબુત બળ ઉત્પન્ન થવું ઘટે છે, તેમ દિગંબરોની અહોનીશની ડખલગીરી કાજે એક સબળ સાધન સંપન્ન બળ ઉત્પન્ન થવું ઘટે છે. દિગંબરો પ્રથમ આપણાં તીર્થોપર સ્થાન પામેલા ત્યારે હક્ક અને અધિકાર જેવું કાંઈ તેઓ માંગતા ન હતા. એ માંગણીયોએ વધતાં વધતાં અત્યારે ભયંકર અને વિરાટ્ સ્વરૂપ ધારણ કરેલું છે. દિગંબરોએ જે અવનવા સ્વાંગ સજેલા છે, તે આશ્ચર્યજનક છે. શ્વેતાંબરોના તીર્થસ્થાનમાં "મીયાંભાઇ કી આધી-જાર"ની માફક આજે તેઓ સમાન હક્કો, સમાન અધિકારો ઇચ્છે છે. જ્યારે દિગંબરના એકે તીર્થમાં શ્વેતાંબર દાવપેચ ખેલવા માંગતા નથી ત્યારે શ્વેતાંબરનાં લગભગ તમામ તીર્થોમાં તેઓએ પૂર વેગથી લડતનાં મંડાણ માંડયાં છે. આ બળનો પ્રતિરોધ કરાય તો તીર્થરક્ષણને હાનિકારક છે, એ સ્પષ્ટ સમજાવવાની બીલકુલ જરૂર નથી. દિગંબરોમાં અવિરત લડત તે પક્ષની 'તીર્થક્ષેત્ર રક્ષણ કમીટી' દ્વારાએ કરાય છે. એ કમીટીના જન્મથીજ આપણી સાથે જબરો જંગ દિગંબરોએ જગાવ્યો છે. આની સામે વ્યવસ્થિત બળ સહાય કરે એવું ઉત્પન્ન કરવું, એ આવશ્યક ફરજ ગણી શકાય. તીર્થક્ષેત્ર કમીટીની ઉત્પત્તિ થાય, તે દરેક નાનાં મોટાં તીર્થોપરના આપણા હક્ક અને અધિકારની માહીતિ મેળવી સજ્જ થાય. દરેક તીર્થપરના આપણા હક્કો અને અધિકારનું સાહિત્ય પ્રાપ્ત કરી પ્રકાશમાં મૂકે અને ડખલગીરી આક્રમણના એક એક પ્રસંગમાં યોગ્ય સૂચનાઓ સલાહની આપ લે કાર્યવાહકો સાથે કરે. કાર્યવાહકોને ભોગવવી પડતી આર્થિક ઉણપ અને વાસ્તવિક મદદ મેળવવામાં સહાયક થાય તો તીર્થરક્ષાનો આપણી સમક્ષ આજે મુંઝવાતો અને ધુંધવાતો પ્રશ્ન વધુ સરળ થાય, ઓછો ખર્ચાળ થાય. દેશી રાજ્યોની સ્વાર્થવૃત્તિ, ફરતા જતા અત્યારના સંજોગો, દિગંબરોનો અથાગ શ્રમ, આ સઘળાંઓ પાણીના રેલાની માફક એવી રીતે વહન કરી રહ્યાં છે કે આપણાં તીર્થ સ્થાનોના સંરક્ષણ માટે આપણે દરેકે પરાવલંબન પર બેસી રહી, નિરાશાવાદના સૂરો કાઢયા જવા, ઉન્હા નિઃશ્વાસ નાંખ્યા જવા, એ યોગ્ય રસ્તો હોય એમ જગત સ્વીકારી શકે નહિ; અવાજ આપો, અવાજ આપતાં શીખો ! જ્યારે આપણે સમજીએ છીએ કે આપણાં તીર્થસ્થાનો ભયમાં છે, ભયમુક્ત નથી, ત્યારે તેઓને સુચીલે મૂકવાને તન, મન અને ધન રેડતાં શીખો.

કેટલીક આંતરિક વ્યવસ્થામાં સુધારો થવાની આવશ્યકતા છે. કેટલાંક સ્થાનોમાં પૂજારીયો પોતાના દેવની પૂજા કરવા નિમિત્તે પોતાનાં દેવદેવી રાખે છે. સમય જતાં આ વસ્તુ ગંભીરરૂપ લે છે, અને ઇતર સંપ્રદાયીઓ પોતાના હકક અને અધિકારને માટે લડત કરે છે. આ વસ્તુસ્થિતિનો અટકાવ છેવટમાં છેવટ એવી રીતે થવો જોઇએ કે તેઓને ભવિષ્યમાં પોતાના હક્કમાં લડત ચલાવવાને લેશ માત્ર પણ સ્થાન ન રહે અને પૂજારીયોથી પૂજાતા દેવદેવીયો ઇતર સંપ્રદાયીયોના અધિકારના પ્રશ્નો ન ઉઠાવે. કેટલેક સ્થળે શિકાર પણ ખેલાય છે; આને તાત્કાલિક અટકાવવાની જરૂર છે. ઘણા પ્રકારની થતી આશા-

તનાઓથી તીર્થસ્થળો બચવા પામે, એ ઇચ્છવા જોગ છે અને એટલા માટે જ્યારે જ્યારે યાત્રાળુને આશાતના માલૂમ પડે ત્યારે ત્યારે તેણે કાર્યવાહકોને સૂચના આપવા સાથે તેનો કેટલો અમલ થયો તેથી જાણુકાર થઇ સર્વ બાબતનો રિપોર્ટ "તીર્થ રક્ષણ કમીટી"ને જો તે અસ્તિત્વમાં હોય તો કરાય તો આંતરિક સુધારો થતાં વાર લાગે નહિ. ઘણીવાર આંતરિક સુધારાઓ માટે એમ બને છે કે એ સુધારાઓ મૂકનારને સુધારાઓ કયાં મૂકવા એની જ સમજણ પડતી નથી અને મુખ્ય કાર્યાલયને કે પેટા કાર્યાલયને ખબર આપવામાં આવે તો તે જેના માટે ફરીયાદ હોય છે, ત્યાં જાય છે, એટલે થુલાના વડા જેવો ઘાટ થાય છે. આંતરિક વ્યવસ્થામાં એ પણ સુધારો થવો જરૂરી છે કે તીર્થસ્થળો પર જ્યાં માણસોની જરૂર હોય અને જે જગ્યાઓ જૈન ગૃહસ્થોથી પૂરાતી હોય તે જગ્યાઓ જૈન ગૃહસ્થો મળે અને તેઓ સ્થાન પર હોય તો ઘણી સુંદર રીતે સુધરી શકે. તીર્થરક્ષા કરવામાં વ્યવસ્થાની સંભાળ પણ ઓછી અગત્યની છે, એમ માનવાને હું સાફ ના પાડું છું.

તીર્થ રક્ષા માટે મેં બનતી રૂપરેખા દોરી છે. તીર્થસંપત્તિ તૈયાર કરનાર અને તેનો ઉપભોગ કરનાર બન્નેને અનંત પૂણ્ય તે ઉપાર્જન કરાવે છે. જે મહાપુરૂષોએ એ તીર્થો પર મુક્તિને સાધી છે, એ ક્ષણભંગુર, નાશવંત દેહના પરિત્યાગ સાથે અનંત દર્શન, જ્ઞાન, ચારિત્રને લાધ્યાં છે, તેના આપણા વારસામાં આવેલા પૂણ્ય સ્મરણ ક્ષેત્રોને જાળવવા સારૂ આપણને થતી ડખલગીરીઓ કાપવા પુરૂષાર્થ સેવવામાં સેવનાર તરીકે આપણી કૃતકૃત્યતા સમાએલી છે, આપણા કર્મની નિર્જરા સમાએલી છે. એ અંતે મારા વ્હાલા વાંચકોને તથા પૂજ્ય અને વંદનીય ચતુર્વિધ સંઘને વિનવી, મારી સૂચનાઓ પર વર્તવું કરવા શાસનપ્રેમી, તીર્થ પ્રેમી, બંધુઓને સંદેશ પાઠવી હું વિરમું છું.


શ્રી કનકવિજયજી.
શ્રી વાચસ્પતિવિજયજી.
શ્રી મહોદય સાગરજી
શ્રી મહેન્દ્ર સાગરજી.
શ્રી વર્ધમાન વિજયજી.

બાળ મુનિરાજો.

## : : ચિત્ર–પરિચય : :

**શ્રી વાચસ્પતિવિજયજી—**

પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજીના શિષ્ય.

**જન્મ**: વિ. સં. ૧૯૭૧ **દીક્ષા**: વિ. સં. ૧૯૮૦

**શ્રી કનકવિજયજી—**

પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજીના શિષ્યરત્ન પૂ. પંન્યાસ શ્રીમદ્ પ્રેમવિજયજી ગણિના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજના શિષ્ય:

**જન્મ**: વિ. સં. ૧૯૭૨ **દીક્ષા**: વિ. સં. ૧૯૮૩.

**શ્રી મહેંદ્રવિજયજી—**

પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયનીતિસૂરીશ્વરજીના શિષ્યરત્ન પૂ. પં. હરખવિજયજીના શિષ્ય: ગ્રુપમાં બ્લોકમેકરની ભૂલથી શ્રી મહેન્દ્રસાગરજી છપાઇ ગયું છે, અને સમયાભાવે સુધારી શકાયું નથી.

**જન્મ**: વિ. સં. ૧૯૭૨ **દીક્ષા**: વિ. સં. ૧૯૮૫

**શ્રીવર્ધમાનવિજયજી—**

પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજીના શિષ્યરત્ન પૂ. પંન્યાસ શ્રીમદ્ શ્રીપ્રેમવિજયજી ગણિના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી જમ્બુવિજયજીના શિષ્ય મુનિશ્રી રક્ષિતવિજયજી મહારાજના શિષ્ય:

**જન્મ**: વિ. સં. ૧૮૭૧ **દીક્ષા**: વિ. સં. ૧૯૮૪

**શ્રીમહોદયસાગરજી—**

પૂ. આચાર્ય શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રીચંદ્રસાગરજી મહારાજના શિષ્ય:

**જન્મ**: વિ. સં. ૧૯૭૬ **દીક્ષા**: વિ. સં. ૧૯૮૫

**શ્રીઅમરેન્દ્રસાગરજી—**

પૂ. આચાર્ય શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીના શિષ્ય:

**જન્મ**: વિ. સં. ૧૯૭ **દીક્ષા**: વિ. સં. ૧૯૮૪

એઓશ્રીની પ્રતિકૃતિ મેળવવા ઘણોજ પ્રયાસ સેવવા છતાંય તે મેળવી શકાઇ નથી એટલે સાથેના ગ્રુપમાં તેઓ નથી.

ઘેર બેઠાં—

# ધાર્મિક વાંચન

વાંચવું છે ?

તો આજેજ **જૈન પ્રવચન** મંગાવો !

આ ફુલ્સકૅપ સાઇઝના ત્રણ ફરમાના અઠવાડિકમાં
પ્રખર વકતા મુનિપ્રવર શ્રીમદ્ રામવિજયજી
મહારાજનાં મુંબઇ પધાર્યા પછીનાં મનનીય,
બોધક અને હૃદયસ્પર્શી વ્યાખ્યાનો
ક્રમશઃ છપાય છે.

**થોડાજ વખતમાં બહોળો ફેલાવો
પામનાર આ એકજ જૈન પત્ર છે.**

લવાજમ — મુંબઇ માટે રૂા. ૦-૧-૦, બહારગામ રૂા. ૦-૧-૩ — છુટક નકલના

છ માસના રૂ. ૧—૧૪--૦ ની ટીકીટો બીડો !

લખોઃ—

શા. હઠીચંદ દીપચંદ.
સમ્પાદક ને પ્રકાશકઃ
ઠે. હરખચંદ કપુરચંદનો માળો,
ખલાસી ચકલા, મુંબઈ.

# આને ભગવાન્ શ્રી મહાવીર દેવનો

ક્ષુ સં
સુ યાને દે
મુ શા.



# ત્યાગ ધર્મની ઉદ્ઘોષણા.

"भो ! भो ! देवाणुपिया !, भीमे भवकानने परिभमंता ।
दुहदावानलतत्ता, जइ वंछह सासयं ठाणं ॥ १ ॥
ता चारित्तनरेसर सरणं पविसेह सासयसुहट्ठा ।
चिरपरिचियंपि मुत्तूणं, कम्मपरिणाम निवसेवं ॥ २ ॥"

સારાંશ:—હે દેવાનુપ્રિયો ! ભયંકર ભવાટવિમાં ભટકતા અને દુઃખ દાવાનલથી તપેલા તમે જો શાશ્વત સ્થાનની વાંછા રાખતા હો તો ચિરપરિચિત એવા પણ 'કર્મ પરિણામ' રાજાની સેવાને મૂકીને શાશ્વત સુખના અર્થે '**ચારિત્ર**' નરેશ્વરના શરણને સ્વીકારો !

ભયંકર ભવવનમાં ભ્રમણ કરતા અને સંસારમાં સદાને માટે સળગી રહેલા દુઃખ દાવાનળથી સંતપ્ત થયેલા જે આત્માઓને શાશ્વત સુખની અભિલાષા થઇ હોય તેઓને પરમ કારુણિક શ્રમણ ભગવાન્ શ્રીમહાવીર દેવનો એજ ઉપદેશ છે કે–એ શાશ્વત સુખની પ્રાપ્તિના કારણે અનાદિ કાળથી આત્મા પ્રાપ્ત કરેલી કર્મ પરિણામની આધીનતાનો સદંતર ત્યાગ કરી ચારિત્રના શરણને સ્વીકારો ! સંસારનાં ક્ષણિક સુખોની લાલસાને છોડયા વિના અને સર્વત્યાગના સરીયામ માર્ગનો આશ્રય લીધા વિના આધિ, વ્યાધિ અને ઉપાધિના સંતાપ ટળવાના નથી અને આત્માને ઇષ્ટ એવી શાશ્વત શાંતિ કદી મળવાની નથી. સંસારની સ્નેહજાળમાં સપડાઈ રહેવું, શાશ્વત સુખની સાધનામાં અદ્વિતીય સાધન-રૂપ સંયમ તરફ બેદરકાર રહેવું, અને મોક્ષસાધનાની વાતો કરવી એના જેવી બીજી એક પણ ભયંકર અજ્ઞાનતા નથી. શિવસુખના અર્થીએ ગમે તે ભોગે, ગમે તેવા પ્રયાસે, કોઇ પણ ઉપાયે, આ અસાર સંસારની કારમી મોહમાયાને છોડવીજ જોઇએ ! અને તે છોડીને સમ્યક્ ચારિત્રની સેવામાં ત્રિવિધે પોતાનું સર્વસ્વ સમર્પી દેવુંજ જોઇએ. તે વિના ખરેખર શાશ્વત સુખની સિદ્ધિ અલભ્યજ છે.

શ્રમણ ભગવાન્ શ્રીમહાવીર દેવના એ અનુપમ ઉપદેશે સમસ્ત સૃષ્ટિપટ ઉપર એજ લોકોત્તર કરૂણાનો ઝરો વહેવરાવ્યો છે. તે ઝરામાં ઝીલનારાં અને તેના યોગે આ દુખઃમય, દુઃખફલક તથા દુઃખની પરંપરાવાળા સંસારમાં પણ અપૂર્વ આત્મિક સુખનો સાક્ષાત્કાર કરતાં તે સર્વજ્ઞ પ્રભુનાં સંતાનો આ સૃષ્ટિપટ ઉપર તે કરુણા રસની રેલમ-

છેલ કરે એમાં શું નવાઈ છે ? ખરેખર એ કરૂણા રસની રેલમછેલ કરવામાંજ એક કરૂણાના સમુદ્ર ભગવાન્શ્રી મહાવીરની સાચી સેવા છે, તેમાંજ તે પરમ ઉપકારી પરમાત્મા શ્રીમહાવીર દેવની આજ્ઞાનું પરિપાલન છે અને તેમાંજ વાસ્તવિક રીતિયે સંપૂર્ણ તથા સ્વપરનું શ્રેય સમાએલું છે. આ પરમ સત્યમાં આનાકાની ન કરતાં વિશ્વવંદ્ય શ્રી વીરદેવની ' સવિ જીવ કરૂં શાસન રસી, ઈસી ભાવ દયા મન ઉલસી ' આ અનુપમ ભાવનાના રહસ્યને સમજનારા, તે ભાવનાના આવિર્ભાવ માટે પ્રયત્નશીલ કેમ ન હોય ? દશ દષ્ટાંતે દુર્લભ મનાતા અને મોક્ષની સાધના માટે દુર્લભ ગણાતાં ચાર સાધનોમાં પ્રધાનપદ ભોગવતા આ કષ્ટસાધ્ય માનવ જીવનમાં તે અનુપમ ભાવનાનો રંગ લગાડવાનું શ્રીજિનશાસનના અનુયાયિઓ કેમ ચૂકે ? એ અનુપમ ભાવનાથી ઉલટી દિશામાં વહન કરતાં માનવ જીવનને ઉત્તેજન આપવાની ધૃષ્ટતા કરવાનું શ્રીજિનેશ્વર દેવના શાસનમાં રહેવા ઇચ્છતા આત્માને કેમ પાલવે ?

શ્રીજિનેશ્વર દેવના શાસનમાં સર્વમાન્ય ગણાતા અને ચૌદસો ચુંવાલીસ ગ્રંથ રત્નોના પ્રણેતા ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ તો ત્યાં સુધી ફરમાવે છે કે:—

છ અણુવ્રતો એટલે ગૃહસ્થપણામાં રહીને પાળી શકાય તેવાં વ્રતોનું પણ પ્રદાન કરતાં તેના પ્રદાન કરનારે સર્વોત્તમ સંયમધર્મના સ્વીકારમાં અસમર્થ એવા આત્માને પણ તે સંયમધર્મના કથન પૂર્વકજ તે અણુવ્રતાદિનું પ્રદાન ન કરે, તો તે અંતરાયનો અને બાકીની અવિરતિની અનુમોદનાનો ભાગીદાર થાય છે. જુઓ ઉપરનીજ વાતને સ્પષ્ટ કરતાં તે સૂરિપૂરંદરે રચેલાં સૂત્રોઃ—

**१–" उत्तमधर्मप्रतिपत्त्य सहिष्णोस्तत्कथनपूर्वमुपस्थितस्य विधिनाणुव्रतादि दानम् " २ " सहिष्णोः प्रयोगेऽन्तरायः " ३ अनुमतिश्चेतरत्रेति "**

ઉપરનાં સૂત્રોમાં શ્રીજિનેશ્વર દેવોનો ઉપદેશ કેટલી અને કેવી સુંદર રીતિએ પ્રતિધ્વનિત થાય છે?, એ સહેલાઈથી સમજી શકાય તેમ છે. શ્રીજિન–શાસનના એકેએક ઉપદેશકે પોતાના ઉપદેશમાં એ ધ્વનિને અખંડિત રાખવા અવિરત શ્રમ કરવો જોઇએ. એ ધ્વનિને અખંડિત રાખવા અવિરત શ્રમ કરવો જોઈએ. એ ધ્વનિ તરફ બેદરકાર રહેનાર ખરી રીતે તો શ્રી જિન–શાસનનો ઉપદેશકજ નથી.

એજ વસ્તુનું સ્પષ્ટ પ્રતિપાદન ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવર કયી રીતિએ કરે છે, એ જોવા માટે નીચેના શ્લોકો ખાસ મનન કરવા જેવા છે—

**अतो मार्गप्रवेशाय, व्रतं मिथ्यादृशामपि ।**
**द्रव्यसम्यक्त्वमारोप्य ददते धीरबुद्धयः ॥**

× × × × × ×

**यो बुद्ध्वा भवनैर्गुण्यं, धीरः स्याद्व्रतपालने ।**
**स योग्यो भावभेदस्तु, दुर्लक्ष्यो नोपयुज्यते ॥**

× × × × × ×

**नो चेद्भावापरिज्ञानात्, साध्यसिद्धिपराहतेः ।**
**दीक्षाऽदानेन भव्यानां, मार्गोच्छेदः प्रसज्यते ॥**

**સારાંશ**—માર્ગમાં પ્રવેશ કરાવવા ખાતર ધીર બુદ્ધિવાળા પુરૂષો દ્રવ્ય સમ્યક્ત્વનો આરોપ મિથ્યાદ્રષ્ટિ આત્મામાં કરે અને વ્રતનું પણ પ્રદાન કરે છે. જે આત્મા સંસારની નિર્ગુણતા જાણીને વ્રતના પાલનમાં ધીર હોય તે યોગ્ય છે, પણ દુઃખે કરીને જાણી શકાય એવો ભાવભેદ ઉપયોગી નથી. જો ભાવ જાણવાનોજ આગ્રહ કરવામાં આવે તો ભાવનું કથન નહિં થઇ શકવાથી સાધ્યની સિદ્ધિ થઇ શકતી નથી અને તે કારણથી ભવ્ય આત્માઓને દીક્ષાનું અપ્રદાન કરવાથી માર્ગના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થાય છે.

પરમાત્મા શ્રી મહાવીર દેવના ઉપદેશ ઉપર જેમ જેમ સ્વસ્થ ચિત્તે વિચાર કરવામાં આવશે તેમ તેમ આત્મગુણો જરૂર વિકસિત થતા જશે એમાં જરાય શંકા નથી.

—રામવિજય.

# માંગળિક પ્રાર્થના.

રાગ : મન માયાના કરનારારે...

સુખકારી, મહાવીર સુખકારી રે, નમો નેહે સહુ નરનારી,
ઉપગારી, જગત, ઉપગારી રે, નમો નેહે સહુ નરનારી;
પ્રથમ મંગળ શ્રીવીરના નામે, હોજો સહુને હિતકારી,
જેહનું શાસન અવિચળ વર્તે, એકવીશ વર્ષ હજારી રે....નમો.
ચરમ જીનેશ્વર, જગ પરમેશ્વર, શાસનના શિરદારી,
મંગળ પદ શિવપદ મેળવવા, સેવો ભવિક દિલધારી રે....નમો
દ્વિતિય મંગળ ગુરૂ ગૌતમ નામે, લબ્ધિ તણા જે ભંડારી,
ગૌતમ સ્મરીયે તો વાંછિત વરીયે, હરિયે દુરિત અપારી રે....નમો.
તૃતિય મંગળ સ્થૂલિભદ્રજી નામે, જે છે મહા બ્રહ્મચારી,
ચોરાશી ચોવીશી સુધી જે સન્તનું, નામ રહે નિરધારી રે....નમો.
મંગળ છે જૈન ધર્મ પસાયે, જે છે સદા સુખકારી,
ધર્મ પસાયે મુકિત પમાયે, થાયે જરૂર બેડો પારી રે....નમો.
મંગળ હોજો સંઘ સકળમાં, હોજો શાસન તેજ ભારી;
"સાહિત્ય અંક" મંગળ પ્રાર્થના, મનસુખે એહ ઉચ્ચારી રે....નમો

**મનસુખલાલ ડાહ્યાભાઈ શાહ,**
વઢવાણકેમ્પ.

# કુબેરદત્તા

લેખક : રા. શ્રીકાન્ત.

(૧)

વિશ્વ એટલેજ વિચિત્રતાનો સંભાર. જગત્‌માં ઉદ્‌ભવતી ને વિલય પામતી પ્રત્યેક ઘટના એ વિચિત્રતાના સંભારને રંગ–બેરંગી બનાવે છે. કેટેલીક વખત કલ્પના પણ કામ ન આપે એવી પરિસ્થિતિયો સંભળાય છે. સાથે એ પણ નિરાબાધ સત્ય છે કે વિશ્વની પ્રત્યેક ઘટનાની પાછળ અનેક રહસ્ય અદ્રશ્યપણે રહ્યું હોય છે. મથુરાની સુપ્રસિદ્ધ વેશ્યાની આ કથામાં પણ તેમજ છે.

અગાશીની નજદિકના કમરામાં આરામ ખુરશી ઉપર લેટવા છતાં ત્હેનું હૃદય વ્યાકૂળતા અનુભવી રહ્યું છે. આજે વૈદ્ય આવ્યા અને કહી ગયા કે "પુત્રીને ગર્ભ રહ્યો છે" આ ઘટનાએ ત્હેને બેચેન બનાવી મૂકી–ત્હેની શાન્તિમાં ભંગાણ પડયું. મુખ પર પડેલી કરચલીયો, વૃદ્ધસુલભ શરીરશિથિલતા અને ચિન્તાથી છવાએલી કાલિમાથી અત્યારે ત્હેની અસ્વસ્થતા સ્પષ્ટ દેખાઇ આવતી. તે એકજ વિચારમાં હતી કે "પુત્રીને ગર્ભ રહ્યો છે. ત્હેનું શું થાય?" તે મુંઝાતી હતી. "ગર્ભપાત કરાવું? પણ પુત્રી માનશે કે નહિ?" એટલામાં કુબેરસેનાના નુપૂરનો ઝણકાર કર્ણગોચર થયો. પોતે સ્વસ્થ થવા મથી પણ મુખાકૃતિયે સાથ ન આપ્યો. પળ બે પળમાં યુવાનીના આંગણે પ્રવેશતી, રંભા ને ઉર્વશીના સૌન્દર્યને મહાત કરતી, શરીરના દરેક અંગમાંથી યૌવનનો તનમનાટ પ્રસરાવતી અને જાદુ ભર્યાં નયનોથી યુવાન ને વૃદ્ધ સૌને નચાવનારી કુબેરસેનાએ ઉકત કમરામાં પ્રવેશ કર્યો.

"કેમ માતાજી! કાંઇ શોકમાં છો?" કુબેરસેનાએ પ્રવેશતાંજ પૂછ્યું. ત્હેની માતા વિશેષ સ્વસ્થ થઇ. પોતાની સ્થિતિ કળાઇ ગઇ તે ત્હેને ન ગમ્યું. પોતાના મુખ ઉપર સ્હેજ સ્મિત ફરકાવ્યું ને કહ્યું: "ના, એ તો સ્હેજ. હું ત્હારાજ વિચારમાં હતી!"

"મ્હારૂં શું કામ હતું?" કુબેરસેનાએ કુદરતી સરલતાથી પૂછ્યું.

"આજે વૈદ્ય આવ્યા હતાને......!"

માતાનાં વેણ કુબેરસેના સમજી. એ કારણે માતા ચિન્તા કરે, તે ત્હેને અનુચિત લાગ્યું. ત્હેણે કહ્યું. "માતા! તું શા માટે ચિન્તા કરે છે? મ્હને ત્હારા સ્નેહાળ હૃદય ને વાત્સલ્યપૂર્ણ વર્તાવથી સંતોષ છે. ચિન્તા, એ કાંઇ કાર્યસિદ્ધિ નથી."

કુબેરસેનાની માતાને થયું કે, આ છોકરીને કેમ સમજાવવી ? હજુ સંસારના તડકા–છાંયડા જોયા નથી એટલે ભોળીકર છે. હું કહેવા કાંઇ ચાહું છું, તે ઉત્તર કાંઇ આપે છે. ત્હેણે કહ્યું: "પણ જો ગર્ભ કાયમ રહે તો આપણો ધંધો જાય ! જે સૌન્દર્ય પાછળ લોકો ઘેલા થઇ ભમે છે, ત્હેની ક્ષતિ થાય, પછી આપણું શું ?"

"એ તો મ્હેં ધારી રાખેલ છે. સમયે સર્વ વ્યવસ્થા થઈ રહેશે. હાલ કાંઇ બની શકે તેમ નથી." કુબેરસેનાએ મક્કમતાથી કહ્યું.

આ ઉત્તરથી ડોસી મનમાં કચવાઇ. ત્હેને ક્રોધ આવ્યો, પણ સમય જોઇ દબાવી દીધો. છોકરીની નાદાનીયત ઉપર ત્હેને તિરસ્કાર છુટયો પણ કુબેરસેનાની જીદ્દને તે જાણતી હોઇ બોલી નહિ અને કુબેરસેના આમ પોતાની વાતને અવગણે, ત્હેનાથી વૃદ્ધાનું હૃદય દુભાયું. ત્હેણે સમજાવવા માંડયું: "પણ મ્હારૂં કહ્યું તૂં ન માને ? ગર્ભથી આપણે નિસ્બત શી ? જે માર્ગે તે આવ્યો તેજ માર્ગે આ પૃથ્વિનાં દર્શન કર્યા પૂર્વે રવાના થાય તો ?"

કુબેરસેના ખીજાઇ, માતા પ્રત્યે ત્હેણે સ્પષ્ટ તિરસ્કાર દર્શાવ્યો. ત્હેની આંખમાં લાલી આવી. મુખ ને લલાટની રેખાઓ ઉપર તરવરી રહી. ત્હેનું શરીર કંપવા લાગ્યું. પોતાના વેશ્યાજીવન ઉપર ત્હેને ઘૃણા ઉપજી. સૌંદર્યના બજારમાં લ્હેજત લુંટવાને આવતા રંગી રંગીલાઓની એ માનીતી માનિની અત્યારે એ જીવનને ધિક્કારવા લાગી. વૈભવવિલાસને જીવનની સાધના સમજતી, સ્વાર્થનાજ રણુમાં રમતી ને ચારિત્ર, દયા, પ્રેમ કે વાત્સલ્ય વિહોણી કુબેરસેના અત્યારે ગર્ભ પ્રત્યે પ્રેમી બની.

કુબેરસેનાએ વૃદ્ધા તરફ અર્થસૂચક દૃષ્ટિ ફેંકી. ત્હેણીનું મુખ શ્યામ પડી ગયું હતું. કુબેરસેના મુંઝાઇ. 'માતાને સંતોષું કે ગર્ભને રાખું ?' માતા પ્રત્યેનો સ્નેહ તુટે તેમ ન હતું ને ગર્ભનો મોહ છુટે તેમ ન હતો. ગર્ભ મરે તેય ન ગમે ને માતા નિરાશ થાય તે પણ ન પાલવે. ત્હેને થયું: "જો કોઇ યારે આ વાત કહી હતે તો આજે કાંઇ અણધાર્યું પરિણામ આવતે, પણ શું કરૂં કે માતાએ કહ્યું છે !"

મુંઝાતી ને તેટલાજ ખાતર મૌન રહેલી કુબેરસેનાને માતાએ કહ્યું: "પુત્રી ! મ્હને તો કાંઈ નથી ! ત્હને દર્દ થશે. પ્રસૂતિની વેદના અસહ્ય છે." વૃદ્ધાએ સાનુકૂળ યુક્તિ વાપરી. ત્હેણીએ માનેલું કે પાસો સીધો પડશે પણ પરિણામ જુદું આવ્યું. કુબેરસેનાએ કહ્યું: "માતા ! જે વેદના થાય તે સ્હેવાને હું તૈયાર છું પણ ગર્ભ અખંડ રહેવા દે !"

વૃદ્ધા સમજી, કુબેરસેના આજે રંગે ચઢી છે. સમયે પુનઃ પ્રયત્ન થશે અને તે કમરા બહાર ચાલી ગઇ. કુબેરસેના અવાક્ હતી, ત્હેના હૃદયમાં માતાએ કહેલી વાત રમી રહી હતી. "ગર્ભથી આપણે નિસ્બત શી ?" એ વિચારે તે અકળાતી. મનુષ્યોના સ્વાર્થી વિચારો ઉપર આજ ત્હેને પહેલી જ વાર તિરસ્કાર છુટયો, અને તે વધુ મક્કમ થઇ: 'ગમે તેમ થાય પણ ગર્ભ અખંડ રાખવો.'

( ૨ )

આજે પ્રસૂતિનો પ્રથમ દિવસ હતો. કુબેરસેનાની વેદના અસહ્ય હતી અને વૃદ્ધા પણ શોકમાં હતી. ત્હેના હૃદયમાં ગત ઘટના પરિતાપ ઉપજાવતી હતી. પુત્રીયે જો જીદ્દ ન કરી હોત તો આ પ્રસંગ ઉપસ્થિત ન થાત. કુબેરસેનાને થતી વેદનાથી વૃદ્ધાના દીલમાં દુઃખ

હતું ને તે દિવસની અવગણનાનો આઘાત શમ્યો ન હતો. ત્હેને થયું: 'કુબેરસેના હજુ સમજે તો ?' આ પ્રેરણાથી તે ઉભી થઇ ને વળી વિચાર આવ્યો: 'તે હઠીલી છે !' આમ તે ગમગીન હતી. આના કરતાં ત્હેને એક વિશેષ ચિન્તા પોતાના જીવનની હતી. કુબેરસેના ફાંકડા યુવાનો ને લ્હેરી લાલાઓને તૃપ્ત કરી જે પામતી ત્હેમાંથી જ વૃદ્ધાની આજીવિકા ચાલતી. ત્હેને લાગ્યું કે 'જો કુબેરસેના ગર્ભપાલન કર્યે જાય તો દશા કફોડી થાય.' આ વિચારમાં પૂર્વે થયેલા અપમાનનો ઘુંટડો ગળી જઇને સીધી કુબેરસેના પાસે પહોંચી.

કુબેરસેનાની રમ્ય મુખાકૃતિ આજે વિકૃત બની ગઇ હતી. ત્હેના મુખપર પીડાની સ્પષ્ટ અસર હતી. ત્હેનો દેહ શિથિલ થઈ ગયો હતો ને આંખોમાંનો ચળકાટ પણ કમી હતો. કપોલ પર સુરખી કે લલાટ પર ભવ્યતા હોય જ શાની ? યુવાની પછી આ પહેલી જ વખતનો અનુભવ હતો. ત્હેની નજદિકમાં કુમાર-કુમારીનું યુગલ પડયું હતું. ઉભયનાં મુખ ઉપર ભાવિની ભવ્યતા તરવરી રહી હતી. એઉની આકૃતિયો કઠોરને પણ વાત્સલ્ય ને પ્રેમ ઉપજાવે ત્હેવી હતી. વૃદ્ધા દર્દથી રડી ઉઠી. રૂદન ત્હેનો પાસો હતો. કુબેરસેના આ વિના પલળે તેમ ન હતું. આંસુ એ તો નોધારાંનો આધાર છે. અશ્રુપાતથી તો કંઇ કંઈ કાર્યો સાધી શકાય છે. વજ્રસમાં હૈયાં પણ અશ્રુબાણથી વીંધાય છે. અશ્રુની માયાજ અજબ છે. હસીને, લડીને, દાવપેચથી કે શસ્ત્રાસ્ત્રથી જે કાર્ય ન બને, તે અશ્રુદેવીના શરણે જતાં સ્હેજે બની જાય છે. વૃદ્ધા પણ કુબેરસેના પાસે રડી પડી.

કુબેરસેના સમજી: ત્હેને પેલો પ્રસંગ યાદ આવ્યો. તે દિવસે માતાએ કહેલું: 'ગર્ભની સાથે આપણે નિસ્બત શી ?' તે ત્હેના હૃદયમાં તાજું થયું. માતાના આ સ્વાર્થપૂર્ણ રૂદન ઉપર ત્હેને ચીઢ ચઢી. ત્હેનું મુખ પલવાર સખ્ત થયું ને માતાની તરફ ત્હેણે જોયું. રૂદન કરતી નિરાધાર માતાને જોઇ ત્હેનું હૈયું પીગળ્યું. ત્હેણે કહ્યું "તૂં શા માટે રડે છે ? મ્હારી વેદના શમી જશે."

"ત્હારી વર્ત્તમાન વેદના વિષે મ્હને એટલી ફીકર નથી પણ ત્હારી નાદાનીયત મ્હને સાલે છે. જે ડાળી ઉપર તૂં ને હું બેઠાં છીએ, તે ડાળીને તૂં કાપી રહી છો, એ મ્હને દાઝે છે. ભરદરીયે વ્હાણમાં બકોરૂં પાડવા જેવી તૂં મૂર્ખાઇ કરે છે." વૃદ્ધાના શબ્દોમાં આર્ત્તતા ને આવેશ હતાં, અત્યારે એ જોશમાં હતી, ત્હેનું મુખ દયાજનક ને ભયંકર હતું, ત્હેના શબ્દોમાં રૂદન ને સખ્તાઇ હતાં અને આ ત્હેની છેલ્લી બાજી હતી. આટલું બોલી અશ્રુપૂર્ણ નયનોને કુબેરસેના ઉપર ત્હેણે સ્થિર કર્યાં.

કુબેરસેના સ્થિર ને મૌન હતી. એક તરફ માતાનું રૂદન. બીજી તરફ આજીવિકાની ચિન્તા ને ત્રીજી બાજુ નવજાત યુગલનું વાત્સલ્ય: એ ત્રણેયે એને મુંઝવી દીધી. 'માતાનું રૂદન કેમ સહાય ? ત્હેને દુઃખ થાય તે કેમ વેદાય ? ને હવે આ સ્થિતિમાં ત્હેનું અપમાન પણ કેમ થાય ? વળી જીવન-નિર્વાહનું શું ? યૌવન ગળી જાય, સૌન્દર્ય ટળી જાય, મુખમાધુર્ય નષ્ટ થઇ જાય ને દેહનાં અંગોમાંની કમનીયતા ઘટી જાય તો મ્હારૂં જીવન કેમ નભે ? ત્યારે આ ગર્ભોને છેહ દઉં ? ત્હેને પૃથ્વીમાં દાટું કે ઝેર ખવડાવું ? ના તેય કેમ બને ?' ને ત્હેણે યુગલ તરફ દૃષ્ટિ કરી. એ નિર્દોષ ક્રીડા કરતા યુગલને જોઇ સ્નેહાંકિત બની: 'અહા, કેવું સુન્દર જોડલું છે ? દુનિયાની ઘણીય રમણીયો પુત્ર-પુત્રી માટે ઝુરી રહી છે, બાધા

આખડીયો કરે છે, દવાઓ ખાય છે ને કેટલાક અનિચ્છનીય ઉપાયો લે છે ત્યારે ત્હેવીજ એક હું આજે યુગલને મારવા તૈયાર થાઉં ? વાંઝણીયોને એક કાણો કુબડો છોકરો છોકરી પણ હોય તોય સંતોષ માણે ને હું આવા પ્રસન્નવદન યુગલને મારવા તૈયાર થાઉં ? ના, તેય ન બને ! ત્યારે હું શું કરૂં ?

કુબેરસેના કિંકર્ત્તવ્યમૂઢ બની ગઇ. તે મુંઝાતી પડી રહી. ત્હેના મુખ ઉપર ચિન્તા ને વ્યગ્રતા સ્પષ્ટ દેખાતી હતી. વૃદ્ધાએ આંસુ સારતાં પુનઃ કહ્યું: " નીતિકારો પુત્ર, ધન ને કુટુમ્બ સર્વના ભોગે આત્મરક્ષા કરવાનું કહે છે. પુત્ર–પુત્રીની ચાહના ને પાલના પોતાના સુખને માટે કરાય છે, પરન્તુ આનું પાલન કરતાં તો આપણું સુખ જાય છે, માટે આના ઉપર મમત્વ રાખવું સર્વથા અનિષ્ટ છે. પુત્રી ! એનો વિનાશ એજ આપણું સુખ છે."

વૃદ્ધાના હૃદયમાં સ્વાર્થની હોળી સળગી રહી હતી અને એક ઉદરપૂર્તિ ખાતર આજ સુધીમાં એણે અગણિત યુવાન–યુવતીયોનાં જીવન ધૂળધાણી કરી નાંખ્યા હતાં. આજે આ એને મારતાં ત્હેને શા માટે કાંઇ લાગે ?

આખર કુબેરસેના ઉપર પણ સ્વાર્થે વિજય મેળવ્યો. ત્હેણે જોયું કે માતા માને તેમ નથી. અને તે પોતાના સૌન્દર્ય ઉપર પોતેજ મુગ્ધ હતી. ત્હેના રૂપ માટે ત્હેણીને ગર્વ હતો. મ્હેણી માનતી કે સંસારની સૌન્દર્યવતીયોમાં હું શ્રેષ્ઠ છું. આ મ્હારૂં ગૌરવ યુગલનું પાલન કરતાં ટળી જશે અને જો આનો કાંઇ ઉપાય થાય તો ત્રણે આપત્તિયો ટળી જાય તેમ છે. માતાને સંતોષ પમાડી શકાશે, સૌન્દર્યને જાળવી શકાશે ને આજીવિકાની ચિન્તા ટળી જશેઃ પણ બાળકોને મારવાં તો નહિજ. ત્હેણીએ એક ઉપાય શોધી કાઢયો ને યુકિતથી બાળકોની રક્ષા કરવા ધાર્યું. ત્હેના ચ્હેરામાં પ્રફુલ્લતા આવી. પોતાની બુદ્ધિ માટે ત્હેણી આનંદિત થઈ ને સતેજ થઇ વૃદ્ધાને કહ્યું: " તું રડે છે શા માટે ? ત્હારી જો એમજ ઇચ્છા છે તો ભલે દશ દિવસ બાદ આ યુગલ ઘરમાં નહિ હોય." માતા ખૂશ થઇને ચાલી ગઈ!

## ( ૩ )

' અણીનો ચૂકયો સો વર્ષ જીવે ' એ લોકોક્તિના આધારે કુબેરસેનાએ વૃદ્ધા પાસે દશ દિવસની મહેતલ લઇ પ્રસંગ ચૂકાવ્યો. પરંતુ હવે તે મુંઝાતી હતી. જેમ જેમ દિવસો પસાર થતા ગયા અને નિર્ણિત દિન નજદિક આવતો ગયો તેમ તેમ ત્હેની વિચારશ્રેણીમાં ગભરામણ પેસતી ગઈ. આખર નવ દિવસ વહી ગયા અને આવતી કાલની ચિન્તાથી તે ઘેરાઇ. બાળકોને સુરક્ષિત રાખવાની ત્હેની ભાવના હતી. ત્હેને માતાને આધીન રહેવું હતું અને ઉભયની મધ્યનો માર્ગ હાથ લાગતો નહિ. વળી ત્હેને થયું કે, માતાને કહી દઉં કે, ' બાળકો અહિંજ રહેશે,' ' આવાં બાળકો '...આમ બોલતાં ત્હેણે બાળકોને ચુંબન લીધું ને આગળ બોલી 'અરે દેવાંગનાનાં પુત્ર–પુત્રી સમાં આ બાળકો કેમ છોડાય ? ' ક્ષણવાર તે મનુષ્ય બની. માનવતાની સ્વભાવજન્ય દયામય પ્રકૃતિએ પલવાર ત્હેને અપનાવી. વિશ્વના ઝેરી વાતાવરણમાંથી એક સેકન્ડ તે દૂર હટી, નૈસર્ગિક વાત્સલ્યથી તે ઉભય પુત્ર–પુત્રીને ભેટી અને હર્ષાતિરેકથી ઉભરાઇ.

શેતાનમાં શેતાન માણસ પણ જીવનની કોઇક ક્ષણમાં આવી માનવતા અનુભવે છે. જન્મે માણસ થઇને પાશવિક જીવનમાં મસ્ત બની, છતી આંખે અંધારાંનો અનુભવ કરનાર

માણસ પણ કોઈક વખતે દયાર્દ્ર બને છે. પણ તે શ્મસાન વૈરાગ્ય માત્ર! બીજીજ ક્ષણે ત્હેની નૈસર્ગિક પ્રકૃતિ પરાજિત થાય છે. પાશવિકતાનાં પૂર ત્હેના હૃદયમાં ફરી વળે છે. પેલી ક્ષણ, માત્ર સ્વપ્નવત્ બની જાય છે.

કુબેરસેનાના હૃદયમાં વાત્સલ્ય ઉભરાયું, અને ઓસરી ગયું. ત્હેની સ્વાર્થલોલુપતાએ વિજય સાધ્યો. સૌંદર્યની આસક્તિમાં ત્હેણે નિર્ણયને વળગી રહેવાનો પુનઃ નિર્ધાર કર્યો અને આરસીમાં પોતાનું મુખ જોઇ હસી. 'આ લાલી, આ રંગત, આ યૌવન, આ ચાપલ્ય, આ આકર્ષણ, આ સૌન્દર્ય, આ ભભક...અહા, કેવાં દેખાય છે? સ્વર્ગની દેવીયો આ સૌન્દર્યને નિહાળે તો ત્હેમને પણ ઈર્ષ્યા થાય! અરે, ખુદ ઇન્દ્ર મ્હને જુવે તો અહલ્યાની માફક મારે ત્યાં એ પણ ઉતરી આવે.' સૌન્દર્યનો નશો ખૂબ ચઢયો. વિશ્વનું સમસ્ત સૌન્દર્ય ત્હેને પોતા આગળ તુચ્છ જણાયું. ત્હેણે મનમાં માની લીધું કે 'હું દુનિયામાં એકજ, અદ્વિતીય અને બીનહરિફ!'

બીજી ક્ષણે તે ભાનમાં આવી. ત્હેને ખ્યાલ આવ્યો કે આજે અન્તિમ દિવસ છે. વળી મુંઝાઇ. ત્હેણે કેટલીક ચોપડીયો વાંચેલી, ત્હેમાંનો એક કિસ્સો ત્હેને યાદ આવ્યો. તુર્ત પોતાની વિશ્વાસુ દાસીને બોલાવી અને સર્વ વ્યવસ્થા કરવા હુકમ કર્યો. પોતાની યાદદાસ્તી ઉપર ત્હેને ગર્વ ઉપજ્યો. આવા કટોકટીના પ્રસંગે તત્કાલ યુક્તિ સુઝી, તેથી ત્હેને પોતાની બુદ્ધિ વિષે વિશેષ અહંકાર વ્યાપ્યો અને અહંકારીઓની પ્રાયઃ એજ દશા હોય છે. પોતાની શક્તિયો વિષે તથ્ય કરતાં કંઇ ગુણું વિશેષ અનુમાન બાંધી લે છે. પોતાના દરેક વિજયમાં તે ઉન્માદ અનુભવે છે. તેઓને આત્મપ્રશંસા ને અકડાઇનો રોગ લાગુ પડી જાય છે. બીજાના ગમે તેટલા સારાને વખોડતાં અને પોતાની સામાન્ય વસ્તુને મેરૂ સ્વરૂપ દર્શાવતાં તેઓ ગભરાતા નથી. કુબેરસેનાને પણ એમજ થયું. બુદ્ધિ ને સ્મૃતિના ગર્વમાં પરવશ પડી તે ક્રિયાશુન્ય થઇ ગઈ. તેટલામાં દાસી આવી અને સર્વ તૈયારી થઇ ગયાનું સૂચવ્યું.

એક લાકડાની પેટીની અંદર મખમલની ગાદી બીછાવવામાં આવી હતી. સૌગન્ધિક પદાર્થોથી ત્હેને સુવાસિત બનાવી હતી. કેટલાંક છિદ્રો હવા પ્રવેશવા પૂરતાં ઉઘાડાં રખાયાં હતાં. ત્હેમાં ઉભય બાળકોને અન્તિમ સ્તનપાન કરાવી કુબેરસેનાએ સુવાડયાં. પેટી બંધ કરીને દાસીને હુકમ કર્યો કે 'લઇ જાવ', અને કુબેરસેના પોતે હર્ષ ને શોક વચ્ચે અથડાતી, કવચિત્ આનંદ ને કવચિત્ નિરાશાના ભાવ દર્શાવતી સીધી વૃદ્ધા પાસે આવી. વૃદ્ધાએ આતુરતાથી પૂછ્યું. 'કેમ વ્યવસ્થા કરી?'

'હા, આખર આપનું ધાર્યું થયું!' કુબેરસેનાએ કટાક્ષમાં કહ્યું.

'તું, વિનયશીલ ખરી ને!'

'આપને નિરાશ કેમ કરાય?'

'હું તો ત્હારે માટે કહેતી હતી!'

'આપ હિતસ્વી છો ને?'

'ત્યારે ત્હને દુઃખ થયું?'

'એ તો પ્રકૃતિસિદ્ધ વસ્તુ છે!'

'બાળકોનું શું કર્યું?'

'એજ વધાઇ આપવા આવી હતી ને! આખર હું ને બાળક અલગ થયાં. બીચારાં કેવાં નિર્દોષ હતાં!' એમ બોલતાં યુગલનું સ્મરણ થયું ને એ વેશ્યાકુમારીની આંખમાંથી બે સ્નેહાશ્રુ ખરી પડયાં. આ સ્થિતિને છુપાવવા તે પોતાના કમરામાં જવા રવાના થઇ ગઇ.

દાસી પેટી લઇને નદીના કીનારે પહોંચી. જમના નદીના પ્રવાહમાં દયાહીનપણે ઇશ્વરને આશરે એ પેટી ત્હેણે વ્હેતી મૂકી. પવન સુસવાટાભેર વહી રહ્યો હતો. પાણીનો પ્રવાહ જોરમાં હતો. પેટી ખેંચાઇ. દૂર દ્રષ્ટિ બહાર થઇ ગઇ એટલે દાસી ઘેર આવી. કુબેરસેનાને એ સમાચાર આપ્યાઃ કુબેરસેનાના હૃદયમાં પુનઃ વિયોગનો દુઃખાગ્નિ ભભૂકી રહ્યો.

× × × ×

જમના નદીને પેલે તીરે બે શ્રેષ્ઠિપુત્રો સ્નાન કરવા આવ્યા હતા. એકાદશીનો તહેવાર હોવાથી દિવસે લોકોની અત્યન્ત ભીડ રહેતી માટે તેઓ સાંજે એકલા આવેલા. જમનાનો ઘાટ શુન્યકાર ભાસતો. તેટલામાં દૂરથી પેલી પેટી દેખાઇ. તરવાની કળામાં બેઉ નિપુણ હતા. પહેલાં તો ખાલી અર્ધે પૂરે શા માટે જવું? એમ વિચાર્યું: પણ પેટીની રંગત ઉપરથી કાંઇક નવિન હશે, એમ ધારી કુતૂહલપ્રેમી કુમારો ત્યાં ગયા. પેટીને બહાર કાઢી તો અંદરથી પુત્ર-પુત્રીનું જોડું નિકળ્યું. બેઉને ઝંખના હતી કે અમારો ખોળો કોણ પૂરે? એટલે બેઉએ એક એક વ્હેંચી લીધાં અને ઇશ્વરને આશિર્વાદ દેવા લાગ્યા. અનાયાસે સાંપડેલા આ ઇશ્વરીય ધનથી તેઓ આનંદાબ્ધિમાં સ્નાન કરવા લાગ્યા. બાળકોની વીંટીયો ઉપર નામ કોતરેલાં હતાં એટલે ફોઇબાની પણ જરૂર ન પડી અને એ બાળક બાળિકાનાં નામ અનુક્રમે **કુબેરદત્ત** અને **કુબેરદત્તા** રાખ્યાં!

(૪)

માનવશક્તિનું સામર્થ્ય દુનિયાના બધાય પ્રવાહોને રોકવાને સશક્ત છે કિન્તુ સમયનો પ્રવાહ તો અનાદિ કાલથી અસ્ખલિતપણે વહી રહ્યો છે. મહાન્ ને અદ્ભૂત લેખાતી શક્તિયો પણ એ સમયના વ્હેણને અટકાવવાને અસમર્થ નિવડી છે, એટલેજ નીતિજ્ઞો કહે છે-'એ એનું કાર્ય કરે છે, ત્હમે ત્હમારૂં સાધી લો!' બાલક જોતજોતામાં યુવાન બની જાય છે, ગઇ કાલનો યુવાન આજે વૃદ્ધ જણાય છે ને અચિરકાલમાં તો મરણને શરણ થાય છેઃ કાલ કેમ નિર્ગમન થયો તે પણ જણાતું નથી. પ્રથમ રાત્રિનાં દંપતિ કે સ્નેહસુધામાં રમતાં પ્રેમીયોને જેમ પ્રાતઃકાલનું ભાન નથી રહેતું અને કમળના આસ્વાદમાં આસક્ત ભ્રમર જેમ કમળમાં બીડાતાં સુધી બેખ્યાલ રહે છે તેમ દુનિયાને પણ સમયના વહનની ખબર રહેતી નથી.

આપણી પૂર્વકથિત ઘટનાને બન્યે સોળ વર્ષ વહી ગયાં, ત્યાંસુધી કાંઇ ખાસ જાણવા જોગ બન્યું નહિ. ઉભય શ્રેષ્ઠિપુત્રોએ નદીમાંથી મેળવેલાં, અથવા તો કહો, વિધિએ સંતુષ્ટ થઇ સમર્પેલાં બાલક-બાલિકાનું સ્વપુત્રપુત્રીવત્ અનુરાગથી પાલન કર્યું. પછી તો ચન્દ્રની સોળેય કળા ખીલે તેમ એ બેઉમાં યૌવન ઉભરાયું. સુન્દર માતાનાં સંતાન, નૈસર્ગિક સુન્દરતા અને ત્હેમાં ભેગું મળ્યું યૌવન! એટલે આખા શહેરમાં આ લોકોની વાતો ચાલી. જે જુએ તે એ કુબેરદત્તને દેવકુમાર કહે અને કુબેરદત્તાને દેવકુમારી કહે. કોને ખબર હતી કે, આ એક વેશ્યાનાં સંતાન છે?

કુબેરદત્તને માટે કન્યાની તપાસ ચાલી અને કુબેરદત્તાને માટે યોગ્ય વરની! પણ ભાગ્યવશાત્ ત્હેમાં નાસીપાસી ઉપજી. જાણે વિધિએ પોતાની બધીય શક્તિ, એ સુન્દર પુતળાં બનાવવામાં ખર્ચી હોય અને શેષ શક્તિના અભાવે ત્હેને અનુરૂપ બીજાં પુતળાં ન સર્જી શકાયાં હોય! માતપિતાને ચિન્તા હતી કે આવાં રત્નોને ગમે ત્યાં કે ગમે ત્હેવું કેમ અપાય?

એક તરફ જેમ આયુઃકાલ વધતો ચાલ્યો તેમ ચિન્તાએ પણ ઉગ્ર સ્વરૂપ ધાર્યું. ખાસ કરીને કુબેરદત્તા વિષે વિશેષ દરકાર હતી. છોકરો બે વર્ષ વધારે લગ્નગ્રન્થિવિહીન રહે ત્હેવું કાંઇ નહિં, પણ યોગ્ય વયની પુત્રીને તો ઘરમાં કેમ રખાય? સોળ, સત્તર ને અઢાર એટલે કુમાર્યવસ્થાની અન્તિમ અવધિ! કુબેરદત્તાને એથી આગળ કેમ વધારાય?

અત્યંત તપાસને અન્તે નિર્ણય થયો કે કુદરતનાં સંધાન આપણે શા માટે તોડવાં? કુબેરદત્ત અને કુબેરદત્તા એકજ પેટીમાંથી નીકળ્યાં છે. યમુના સરિતાનાં એ રત્નોને વિખુટાં કાં પાડવાં? અને બેઉની જોડી શોભે કેવી? બધાંય સમ્બન્ધીઓને એજ સમુચિત સમજાયું. માતા–પિતા તો મુંઝાઇજ રહ્યાં હતાં. આ તોડે ત્હેમના હૃદયને પણ સન્તોષ ઉપજાવ્યો.

કુબેરદત્ત અને કુબેરદત્તાનાં વિધિપૂર્વક લગ્ન થઈ ગયાં. લગ્નની પ્રથમ રાત્રિ કે જ્હેને વિલાસીયો Golden Night કહે છે, ત્હેનો Golden Time એટલે કે સુવર્ણરાત્રિનો સુવર્ણ સમય પસાર થવા લાગ્યો. મંગળ ગીતો ગવાતાં બંધ પડયાં, વાજીંત્રોના નાદ સંભળાતા અટકયા, ચોફેર શાન્તિ છવાઇ ગઇ અને સર્વત્ર અન્ધકાર વ્યાપી ગયો. એ સમયે બધાંય સમ્બન્ધીયો શ્રમોદ્‌ભૂત નિદ્રામાં તલ્લિન થઇ ગયાં છે, ત્યારે આ નવપરિણિત યુગલ સોંગઠાંબાજી ખેલવાને રસે ચઢયું છે.

રમત ખૂબ જામી. હાર ને જીતના વિષયમાં ઉભય લીન થઇ ગયાં. બેઉ ભૂલ્યાં કે પોતે પતિ–પત્નિ છે ને એના સ્થાને મગજમાં વાત એજ રમી રહી કે, આપણે પ્રતિસ્પર્ધિ છીએ! અત્યારે ત્હેમને સમય કે ઉંઘ, કશાનું ભાન નથી. પણ વિધિનાં વિધાન ઉંધાંજ સર્જાએલાં! અચાનક રંગમાં ભંગ પડયો.

કુબેરદત્ત વિજયના ઉન્માદમાંજ હતો! એટલામાં બાજી ત્હેની બાજુમાં વળી. આખર જીત તો પુરૂષોનીજ હોયને! કુબેરદત્તાની સોગઠી ઉપર ત્હેણે પોતાનું સોગઠું જોરથી માર્યું. તેજ સમયે ત્હેની આંગળીમાંથી અંગુઠી સરી પડી, સોગઠીમાં વિજય હતો ને વીંટીમાં પરાજય હતો.

વીંટી ઉડીને કુબેરદત્તાના ઉત્સંગમાં પડી. ત્હેણે હાથમાં લઇને જોઈ. જોતાંજ તે ચમકી! આ શું? ત્હેને રમતનું ભાન ન રહ્યું. જાણે કોઇ આકાશ તૂટી પડયું હોય તેમ તે ક્રિયાહીન બની ગઇ. રમતના રંગમાં આવી બેઅદબી કુબેરદત્તને ન ગમીઃ "વીંટીમાં શું જોવા જેવું હતું કે અત્યારે રમતમાં વિઘ્ન નાંખે છે?"

પતિ કુદરતી રીતેજ પત્નિને આદેશ આપવા ટેવાયલો હોય છે. પ્રથમ રાત્રિએજ કુબેરદત્તે હુકમ કર્યોઃ 'લાવ, મ્હારી પાસે. એમાં શું જોવાનું છે? પિતાજીએ કરાવી હશે!' કુબેરદત્તને સોંગઠાંબાજીનું ઘેન ચઢયું હતું, એટલે તે બાજી જોવાને રોકાયો.

કુબેરદત્તા મૌન રહી. ત્હેનું હૃદય આકૂળવ્યાકૂળ થઇ રહ્યું હતું. 'આમ કેમ ?' ની મુઝવણમાં તે ફસી હતી. આખર મનુષ્ય તો કલ્પનાપ્રધાનને ! તૂર્ત ત્હેણે ભૂતકાળ કલ્પ્યો ! અને હવે કુબેરદત્તને સમજાવવાને માટે પોતાના હાથની વીંટી કાઢીને બેઉ વીંટીયો ત્હેણે કુબેરદત્તના હાથમાં આપી દીધી.

વીંટીયો નિહાળતાં કુબેરદત્તને પ્રસંગનો ખ્યાલ આવી ગયો, તે પણ મુંઝાવા લાગ્યો: 'અરે આ શું થયું ?' એમ વિચારતો પડયો રહ્યો ! સોગટાંબાજીનું તાન ઉતરી ગયું. પ્રથમ રાત્રિનો વિલાસ ભૂલાયો. અને ઉભયના હૃદયમાં દાવાનળ ભભૂકયો.

કુબેરદત્તાને ભાઈની સાથેનું લગ્ન સાલતું હતું. પોતાનોજ ભાઇ પોતાનો પતિ બને, તે જોવાને કયી આર્યમહિલા ખૂશી હોય ! શીલ જહેનું ભૂષણ હોય અને આર્યસંસ્કૃતિથી જે રંગાઇ ગયેલી હોય, ત્હેવી આર્યરમણી કેવી રીતે પોતાના સહોદરને પ્રાણનાથ તરીકે માનવા પ્રેરાય ? કુબેરદત્તની પણ આવીજ મુંઝવણ હતી. ભગિનીને ભામિની બનાવવા, તે લેશ પણ ખૂશી ન હતો. આખર બેઉએ પૃથક્ શૈયામાં રાત્રિ નિર્ગમન કરી.

( ૫ )

લગ્નની રાત્રિ વીતી ગઇ. સ્વજનોએ માન્યું કે જીવનની એક લ્હાણ ખતમ થઇ. અનેક દિવસોના પરિશ્રમ ઉતારવા તેઓએ ઘોરવા માંડયું. ભારે બોજાથી લદાએલો મનુષ્ય ભાર જતાં જેમ હલકો બની જાય છે તેમ કુટુમ્બીયો અત્યારે 'હાશ'ની ઉંઘ લઇ રહ્યાં હતાં. કોઇ ઓટલે, કોઇ શેરીમાં, કોઇ ખાટલા ઉપર, કોઈ ઘરમાં કોઇ ગોદડા વગર તો કોઇ બેભાન સ્થિતિમાં પડેલાં હતાં. સવિતાનારાયણનાં પગરણ મંડાય તે પૂર્વેજ સ્ફુર્તિમાં આવી જનારાં નર-નારીયો આજે અરૂણોદયના આવાગમન પછી પણ પ્રમત્તદશા અનુભવી રહ્યાં હતાં.

કુબેરદત્તનાં કહેવાતાં માતા-પિતા હમણાંજ ઉઠયાં હતાં. બહાર ગામથી આવેલ જાનૈયાઓની ખાતર-બરદાશ ત્હેમણે તો કરવી જ રહી. સુસ્તીમાં ને આંખો ચોળતાં તેઓ નોકરોને જગાડતાં હતાં. આટલા ઉજાગરા ને અસહ્ય મહેનત કરવા છતાંય તેઓ તો પ્રફુલ્લજ હતાં. કિન્તુ રાત્રે જે ઉલ્લાસ ને ઉત્સાહ હતા તે અત્યારે અદ્રશ્ય સમ ભાસતા. રાત્રે તો બેઉમાંથી કોઇ ઠરીને બેઠાં ન હતાં. અનેકવાર પૂછાય ત્યારે એક વખત ઉત્તર મળે. નોકરનેય મીનીટની ફુરસદ નહિ. કામ કરનારા ઉપર અસ્ખલિત આદેશ છુટતા. સર્વત્ર પ્રવૃત્તિમયતા -ચેતનતા હતી.

માત્ર થોડાજ કલાકમાં પરિવર્તન થઇ ગયું. પ્રવૃત્તિમયતાને સ્થાને નિરવતા-શૂન્યતા પ્રસરી રહી હતી. ઉત્સાહને બદલે આલસ્યનો પ્રભાવ દેખાતો હતો. કાર્યની વ્યગ્રતાની જગ્યાએ કંટાળાએ સ્થાન જમાવ્યું હતું. રાત્રિના કલ્લોલોને સ્થાને હજુ નિદ્રાધીનોના ઘસઘસાટનો અવાજ ચાલુ હતો. એટલામાં નોબત ગડગડી. વર-વહૂને પ્રભાતનું કહેણ આપતી એ નોબતે કેટલાયની આંખો ઉઘાડી. ચોમેર પથરાએલા પ્રકાશે સૌ ઝબકયા અને આંખો ચોળતાં પથારી ઉપાડવા લાગ્યા.

અને કુબેરદત્તે તો આખીય રાત્રિ જાગતાંજ ગાળી હતી. જીવન પરથી ત્હેને વિરાગ ઉદ્દભવ્યો 'તો. લગ્ન ઉપર ત્હેને તિરસ્કાર છુટયો. બ્હેનની સાથે લગ્ન કરવાં એટલે સંસ્કૃતિને છેહ દેવો. આખીય રાત ત્હેણે વિચાર કર્યો-અનેક વ્યોમવિહારો કર્યા. આ સ્થાન ત્હેને

ખુંચવા લાગ્યું. જીવનમાં પહેલીવાર ત્હેણે પોતાની જાતને પરાધીન માની. પરદેશ ખેડવું ને વ્યાપારમાં જંપલાવવું, એવી મનઃકામના થઇ અને ક્રમશઃ પ્રબલતા પકડતી ગઇ. ત્હેની મુંઝવણનો પાર ન હતો.

કુબેરદત્ત મુંઝવણમાં રડયો. " હા, કેવી પરિસ્થિતિ છે? હું કયાં જઇશ, શું કરીશ? કયાં ખાઇશ ને કયાં રહીશ? કોઇ ઓળખે નહિ, વ્યાપારનો અનુભવ નહિ અને પરદેશ દીઠેલો નહિ, એટલે જવું કયાં?" ને બીજીજ પળે ત્હેની મર્દાનગી વિકસી રહી. ત્હેના પુરૂષાર્થે એ વિચારોને તોડી નાંખ્યા. " આહ, મર્દ બચ્ચો આમ ગભરાય? પરદેશ સેવ્યા વિના બુદ્ધિ, ચાતુર્ય, વિકાસ, લક્ષ્મી કે અનુભવજ્ઞાન મળતું નથી. વિકટતામાં કસોટી છે. કસોટીમાં ટકી રહેવું, એ બહાદૂરી છે. તો પછી નાહક ગભરાવું શાને?" કુબેરદત્ત સ્વસ્થ થયો.

આવા વિચારો, મુંઝવણ, ઉજાગરો અને રૂદન—એ સર્વથી ત્હેની ચક્ષુઓ સુઝી ગઇ હતી. વદન ઉપર નિસ્તેજતા વ્યાપી ગઇ હતી. મુખ પરની ભવ્ય રેખાઓને મ્લાનતાએ ઢાંકી દીધી હતી. નેત્રમાં લાલી આવી ગઇ હતી. પ્રચણ્ડ તેજસ્વી સૂર્ય ઉપર વાદળું ફરી વળતાં જે પ્રકારનું દ્રશ્ય દેખાય છે, ત્હેવુંજ દશ્ય કુબેરદત્તના મુખ ઉપર હતું. નોબત સાંભળી તે ઉભો થયો. વીંટીનો ભેદ જાણવા તે આતુર હતો. તે સીધો માતાની પાસે પહોંચ્યો. ત્હેની ચાલમાં ઉગ્રતા હતી. ત્હેના દેખાવમાં ધૂન હતી ને નિરાશા બધેય ફેલાએલી હતી. સંબંધીઓ આ જોઈ ગભરાયાં. પ્રથમ રાત્રિ Golden Night નો અનુભવ લીધેલ વર આમ સુસ્ત ને નિરાશ ન હોય. ત્યારે બેઉમાં અણબનાવ થયો હશે? સૌને થયું કે, **प्रथम कवले मक्षिका पातः**। યાને પહેલે કોળીયે માંખી આવી કે શું? ઠીક, હમણાં જે હશે તે વાગતું વાગતું માંડવે આવશે, એમ માનીને દરેક પોતાની પ્રવૃત્તિમાં મશગુલ થયાં.

કુબેરદત્ત માતાની પાસે પહોંચ્યો, પણ બધો વેગ અટકી ગયો. ખૂબ વિચારો કરીને ગયો હતો પણ જીભ પકડાઇ ગઇ. માતાને કેવી રીતે આ વાત પૂછવી? ત્હેને ક્ષોભ થયો. પુનઃ ત્હેણે હિંમત એકઠી કરી અને મુંગે મોંઢે પેલી બે વીંટીયો માતાના કરમાં મૂકી. ત્હેની માતા આવા પ્રસંગ માટે તૈયાર ન હતી. પ્રસંગનું ગાંભીર્ય સમજી તે સ્વસ્થ થઇ. તે વીંટીયોને જોઇજ રહી ને કુબેરદત્તની ધીરજ ખુટી. ત્હેણે કહ્યુંઃ " આ શું?"

" પણ અત્યારે એની જરૂર શી?" માતાએ સ્નેહાર્દ્ર શબ્દોમાં કહ્યું.

" મ્હને આમાં ભેદ દેખાય છે."

" સમયે ત્હેનો સ્ફોટ થશે."

" ના, અત્યારેજ કહો. અમારા બેની વીંટીયો એકજ જાતની કેમ?"

" તું શા માટે જીદ્દ કરે છે?"

" મ્હને લાગે છે કે, એ મ્હારી બ્હેન છે!"

" કદાચ હોય!, તેથી શું?" માતા ઉતાવળમાં બોલી ગઈ.

" હેં સાચું કહો છો? બોલો, બોલો. બધુંય કહો!"

" ત્યારે સાંભળ!" કહી માતાએ સર્વ વૃત્તાન્ત સંભળાવ્યો ને પછીથી કુબેરદત્તને પંપાળતાં કહ્યું, " બેટા, નારાજ હશે તો બીજી પરણાવશું."

"ના, હવે મ્હારે નથી પરણવું !"
"ત્યારે તૂં હવે દુઃખી તો નથીને ?"
"આજેજ હું પરદેશ જવા ઇચ્છું છું"
"અમ્હને છોડીને શા માટે ?"
"પાપનું પ્રાયશ્ચિત્ત કરવા !"

આટલું બોલી કુબેરદત્ત ચાલી નીકળ્યો. બેઉ વીંટીયો કુબેરદત્તાને આપી, પણ કાંઇજ કહ્યું નહિં. અને બધી તૈયારી કરી લઈ મથુરા તરફ રવાના થઇ ગયો.

( ૬ )

કુબેરદત્તા સ્હવારે ઉઠી. બ્હેનપણીયોને મળી, પણ નીરસતાથી. ત્હેના હૃદયમાં કારમી વેદના હતી. ત્હેના અન્તરમાં અગ્નિ ભભૂકી રહ્યો હતો. કુબેરદત્ત વિશે ત્હેની ચિન્તા વધતી જતી. 'ક્યાં જશે, શું કરશે, શું ખાશે,' એ વાતોથી તે મુંઝાઇ હતી. કુદરતના ક્રેર ઉપર ત્હેનો ફીટકાર વધતો જતો હતો અને ધીમે ધીમે કુદરતની કઠોરતાના વિચારોમાંથી વિધિનાં વિધાનની અગમ્યતા ભાસતી જતી હતી. 'સાથે જન્મ્યાંને ક્રૂર વિધિએ જુદાં કર્યાં. વળી એજ વિધિએ લગ્નગ્રંથીથી એક કર્યાં ને એ નિષ્ઠુર અમ્હારો ઉપહાસ કરતો હોય તેમ ભાઇને પરદેશ મોકલ્યો. શીખર પર ચઢાવીને શીલા ગબડાવી મૂકી ! હા, કેવી ગતિ છે ?'

પુનઃ ત્હેણે વિચાર્યું: 'અમ્હારાં માતા-પિતા કોણ હશે ? શું તેઓ હૃદયહીન હશે કે મરણ પામ્યાં હશે ! માતાનો સ્નેહ તો અવર્ણ્ય હોય છે. એના હૃદયમાં વાત્સલ્ય ઠાંસી ઠાંસીને ભરેલું હોય છે. પરિવાર ઉપરની ત્હેની મમતા સવિશેષ હોય છે, છતાં શા માટે ત્હેણે અમ્હારો પરિત્યાગ કર્યો હશે ? અમ્હેજ દુર્ભાગી છીએ, નહિતર આવું ક્રૂર સાહસ ક્યાં માતા-પિતા ખેડે ? ને હવે શું તેઓ નહિજ મળે ? એક વખત ત્હેમનાં દર્શન થાય તો ?' આમ વિચારમાં ને વિચારમાં કુબેરદત્તા રડી પડી.

વિચારમાલા વધતી ચાલી: "અને સંસારમાં મ્હારૂં કોણ ? માતા-પિતાએ તરછોડી, ભાઇએ રખડતી મૂકી ને પતિનું તો સુખજ નહિ ! મ્હારે શું કરવું ? સારોય સંસાર મ્હારે મન પારકો છે. આ સંબંધીયો પારકાં, ઘર પારકું ને બધુંય પારકું ! ને હું સાથે પણ શું લાવી હતી ? કાંઇજ નહિ. ખાલી હાથે જન્મી, ખાલી હાથે મરવાનું હોય છે ! વ્યર્થ મોહ ને મમત્વમાં આપણે ભૂલીયે છીયે. પંખીમેળા જેવી આપણી દશા છે. મરણ આવ્યે કોણ કોની સાથે જાય છે ? સંસારની કોઇજ વસ્તુ સાથે લઇ શકાતી નથી."

ધીમે ધીમ ત્હેને આત્મદર્શન થવા લાગ્યું. આંખનાં પડળ ખસવા લાગ્યાં. ત્હેને લાગ્યું કે 'આ સર્વ કર્મની લીલા માત્રજ છે. કર્મ મદારી નચાવે તેમ આ બધાં માંકડાં નાચે છે. ચેતન જડને આધીન રહે છે. આ સંસારમાં ઉપભોગ ભોગવનાર અવશ્ય દુઃખી થાય છે. કુદરતેજ સાનુકૂળતા સમર્પી છે, તો ત્હેનો સદુપયોગ શા માટે ન કરવો ? કુબેરદત્ત ગયો તો ભલે ગયો, માતા-પિતાએ છોડયાં તો ભલે છોડયાં, લગ્નની પ્રથમ રાત્રિના રંગમાં ભંગ પડયો તો ભલે પડયો: તેથી મ્હને શું ? સંસારમાં જ્ઞાનીની અપેક્ષાએ કોઇ માતાપિતા, ભાઇ કે પતિ છેજ નહિ. અનાદિ કાલથી અનન્તા ભાઇ કર્યા, પતિ કર્યા ને માતાપિતા કર્યાં, તેથી શું વળ્યું ? ભવભ્રમણ તો ચાલુજ રહ્યું.'

આવા અનેક વિચારોએ ત્હેની શક્તિને ઉત્તેજિત કરી. ત્હેની દ્રષ્ટિ સ્હામે મોક્ષ ખડું થયું. ત્હેની કલ્પનાએ આત્માની મૂક્તાવસ્થા અનુભવી. ત્હેના હૃદયે સ્વર્ગની સીડી સ્હામે પડેલી જોઇ. 'જો ત્યાગ સધાય, વૈરાગ્યમાં રહેવાય ને દેહદમન કરાય તો.......તો પછી સ્વર્ગ તો શું પણ મોક્ષપૂરીય કયાં દૂર છે? તો શા માટે દીક્ષા ન લેવી? સંસાર સાધવામાં અનેક આપત્તિયો છે જ્યારે સંયમ સાધવામાં અનેરાં સુખ રહેલાં છે . કારણકે સંસારના ક્ષણિક સુખમાં રાચતાં નરકનિગોદે રખડવું પડે છે ને સંયમનું થોડું દુઃખ સમભાવે સહેતાં આત્મા અનન્ત સુખ પ્રાપ્ત કરી શકે છે.'

આખર આપણી કથાનાયિકા શ્રી કુબેરદત્તાએ પ્રવજ્યા ગ્રહણ કરી. ત્હેણે સંસારને પોતાનો બનાવ્યો અને છોડયો પણ ખરો. આજથી ત્હેને સર્વ જીવો પ્રત્યે સમસંબંધ પ્રગટયો ને વિશ્વબન્ધુત્વ ત્હેના હૃદયમાં વસ્યું. સંસાર છોડયો એટલા ખાતર કે હવે ત્હેને એ ઘર કે સંબંધીઓ ઉપર પહેલાંનું મમત્વ ન હતું. સંયમની આકરી કસોટીમાંથી પસાર થતાં ને તીવ્ર તપશ્ચર્યાથી કર્મના વિપાકોને ભેદતાં કુબેરદત્તાએ અવધિજ્ઞાન પ્રાપ્ત કર્યું ને ઉપયોગ મૂકીને પોતાની માતા તથા પોતાના ભાઈની અવસ્થા નિહાળી.

× × ×

"કુબેરદત્ત અનેક મુંઝવણો વચ્ચે ઘરેથી નીકળ્યો. પોતે વ્યાપાર કરવા જાય છે, એ વસ્તુ ત્હેને પોતાનેજ હાસ્યજનક નિવડી. ન વ્યવહારનો ખ્યાલ કે ન વ્યાપારનો અનુભવ ! પણ આવેશમાંજ તે ચાલતો થયો. નદી કીનારે આવી હોડકું કર્યું ને સ્હામે પાર અનેક મંદીરોથી શોભતી મથુરાનગરીમાં પહોંચ્યો.

યમુનાના તીરે વસેલી મથુરા નગરીમાં ગુંડાઓનું ખૂબ જોર છે. ત્યાં સ્નાન કરવા જાવ તો ગુંડાઓ રોકે. પૈસો લીધા બાદ ન્હાવા દે. સરિતાની પૂજા કરનારાને પહેલી ત્હેની પૂજા કરવી પડે. કોઇ યાત્રિક ઉતરે એટલે તૂર્તજ તેઓ થાળીમાં કંકાવટી લઇને દોડે ને સાત પેઢીનાં સગાંની ઓળખાણ કાઢી પોતાને ત્યાંજ ધામા નાખવાનું કહે.

આ પ્રથા અત્યન્ત નિંદ્ય છતાં કેટલીક વખત અજાણ્યાને આશિર્વાદ રૂપ નિવડે છે. કુબેરદત્તે નાવમાં એજ વિચાર્યું કે પોતે આવી મ્હોટી નગરીમાં જશે કયાં ? પણ તીરે આવતાં તીડનાં ટોળાંની માફક બ્રાહ્મણો ત્હેને વળગી પડ્યા. સુરૂપ શરીર, અંગે દાગીના અને મોઢા ઉપરની મુંઝવણ પારખી એક બ્રાહ્મણ ત્હેને પોતાને ઉતારે લઇ ગયો.

ધીરે ધીરે વ્યાપારમાં પ્રવીણતા પ્રાપ્ત કરીને કુબેરદત્ત સ્વતન્ત્ર થયો. દ્રવ્યની આવક વધતાં ત્હેનું હૃદય વિલાસો તરફ વળ્યું. હવે ચિન્તા ન હતી એટલે બેકાર સમયમાં મનની ચંચલતા ઉભરાઇ ગઈ. શહેરમાં કુબેરસેના વેશ્યા પ્રખ્યાત હતી. એની ઠોકરોને જીવનની લ્હાણુ ગણી અનેક લક્ષ્મીપુત્રો એનું પાદસેવન કરતા: કુબેરદત્તને લાગ્યું કે, મ્હારા જેવો શ્રીમન્ત શા માટે એથી અલગો રહે?

વૈભવોના વ્યામોહથી કુબેરસેના લલચાઇ, ત્હેણે પોતાને વેચી. વેશ્યાવૃત્તિ બંધ કરી કુબેરદત્ત સાથે મ્હાલવા લાગી. એક વખત એની ગોદમાં રમતું બાળક ત્હેનાજ દેહનો ઉપભોગ કરવા લાગ્યું. અહા, સંસારની કેવી ગતિ છે? બેઉની રસિકતા ખૂબ જામી. કુબેરદત્ત જે પાસા નાંખતો, તે સીધા પડતા એટલે લક્ષ્મીની પણ પૂરણ કૃપા રહી.

+ + +

સાધ્વીજી શ્રી કુબેરદત્તાએ આ દ્રશ્ય જોયુ. કર્મની વિચિત્રતા સમજી વૈરાગ્યે ચઢયાં. ખરા જ્ઞાનીયો ધિક્કારને પાત્ર મનુષ્યો ઉપર દયાજ દર્શાવે છે. દ્વેષ કરવો, ગાળો દેવી કે નિન્દા કરવી એ ઉછાંછલી વૃત્તિ છે. જ્ઞાનીનું લક્ષણુ તો એ છે કે, આવા વખતે દયા ચિંતવે. પણ કેટલાય જ્ઞાની કહેવાતા ને મ્હોટો આડંબર રાખનારા પોતાનું ભાન ભૂલે છે અને બીજા માટે યદ્વા તદ્વા બકે છે. કુબેરદત્તાને સાચું તત્ત્વજ્ઞાન મળ્યું હતું, એટલે ત્હેણે તો ઘૃણાને બદલે દયાજ ચિંતવી અને ત્હેમનો ઉદ્ધાર કરવાની ઇચ્છાથી મથુરા તરફ કુબેરદત્તાએ વિહાર કર્યો.



( ૭ )

માતા કુબેરસેના અને ભાઇ કુબેરદત્તને વિષયી જીવનમાંથી ઉદ્ધારવાને આર્યા કુબેરદત્તા મથુરાને માર્ગે સંચર્યાં. ત્હેમના હૃદયમાં અનેરી કરૂણા ભરી હતી. વાત્સલ્યના ઝરા એ જીગરમાં વહી રહ્યા હતા. વિશ્વસ્નેહ ત્હેમના દીલના રૂંએ રૂંએ પ્રસરી ચૂકયો હતો અને એ છતાંય તેઓ વિરાગ હતાં. વાત્સલ્ય ને વિરાગતાનાં આવાં એકતાન જીવનની સાચી મહત્તા છે. વિરાગતા છતાં દયા—પ્રેમ સ્નેહભર્યાં હૈયાં ઉંચ્ચતમ ત્યાગજીવનની સાક્ષી પૂરે છે. વિરાગતાવિહીન વાત્સલ્યની પાછળ ભયંકર સ્વાર્થ છુપાએલા હોય છે અને તેથીજ એ વાત્સલ્ય મમત્વને ત્યાગીયો નિરંતર છોડવાનો ઉપદેશ આપે છે. કુબેરદત્તા આ શ્રેણીએ ચઢી ચૂકયાં હતાં. કેવલ નિઃસ્પૃહતાથી તેઓ કુબેરદત્તને ત્યાં જઇ રહ્યાં હતાં.

અને આ તરફ કુબેરસેના વર્ષો પહેલાંની ઘટના ભૂલી ગઇ હતી. વિસ્મૃતિનાં થર નીચે તે દિવસનું નિર્મળ સ્વભાવજન્ય વાત્સલ્ય વિસરાઇ ગયું હતું. પોતાની વૃદ્ધ માતાના કોપને વ્હોરીને પણ ગર્ભનું સુરીત્યા પાલન કરનાર તે દિવસની એજ કુબેરસેના આજે એને અતીત કાલની ઘટનાઓના સ્મરણરૂપે પણ ન રાખી શકી. થોડા દિવસ એ સુકુમાર યુગલ યાદ આવ્યું. રડી, પ્રભુને એની કુશલતા પ્રાર્થી. અને વિશ્વમાં બને છે તેમ એ યુગલ અને ત્હેનો પ્રેમ અદશ્ય થતાં ગયાં.

અને હવે તો ઇશ્કબાજીના રંગની છોળો ઉડતી હતી. કુબેરદત્તને રીઝવવામાં દિવસ ને રાત્રિ પસાર થતી. હવે તે વેશ્યા મટી ગૃહિણી બની હતી. દેહનાં અંગોને બને તેટલાં ખુલ્લાં રાખી શહેરીયોને વિષયવાસના જગાવવાના તે સમયના કાર્યને બદલે અત્યારે બને તેટલી મર્યાદામાં રહેતી ને અંગોપાંગ સંકોચી રાખતી. છતાં સરી જતા સૌન્દર્યને ટકાવી રાખવા મથતી. પાઉડર લગાવીને ને સુન્દરતા પોષક દવાઓ ચોપડીને તે વૃદ્ધતાના આવાગમન સ્હામે ઢાલ ધરતી. કુબેરદત્તનેય બહાર જવું ગમતું નહિ. રસક્રીડામાં જીવનને ફના કરવું, એજ એનું સ્વર્ગઃ છતાંય વ્યાપારાર્થે અનિચ્છાએ કુબેરદતને બહાર તો જવુંજ પડતું.

કુબેરસેના વાટ જોઇ બારીયે ઉભી રહેતી. વ્હાલાની રાહ જોતાં ન તો એની આંખ થાકતી કે ન તો પગ દુઃખતા. એક દિવસે એમજ અટારીયેથી રાહ જોતાં દૂર દૂરથી કોઇ તપસ્વિની આવતાં જણાવાં. મેલાં વસ્ત્રો ને બોજાથી લદાએલાં તે ત્યાગિનીને નિહાળી કુબેરસેના નીચે ગઇ. આર્યાએ આવતાંજ પૂછ્યું. “ અહીં સ્થાન મળશે ? ”

“ હા, દેવી ! પધારો. ” કુબેરસેનાએ વિનયથી નમતાં કહ્યું.

“ અહિં કાંઇ વાંધો તો નથીને ? ” સાધ્વીજીએ પ્રશ્ન કર્યો.

"ના રે, ના ! અમ જેવાં પાપીને આંગણે ગંગા પધાર્યાં. હા, પહેલાં વાંધો હતો કે જ્યારે હું વેશ્યાચારી કરતી હતી. હવે તે ભૂલી છું. આપનાં દર્શનામૃતનાં પાન કરી પાપને પ્રક્ષાલશું."



સાધ્વીજી કુબેરદત્તાએ તેજભરી દૃષ્ટિ ફેંકીઃ નિઃશ્વાસ મૂકયોઃ ને દયા ચિંતવી. કુદરતીજ ઉદ્ગાર નીકળી પડયા. "કર્મ. ત્હારી કળા ન્યારી !"

દિવસો વ્હેતા ચાલ્યા. કુબેરદત્ત અને અને કુબેરસેનાના ભકિતભાવે આર્યાને ત્યાંજ રોકયાં. પરિચય વધ્યો ને ઉપદેશ દેવો શરૂ કર્યો. પણ સાધ્વીજી પેલી વાતને કેમ કહેવી, તે ચિંતવી રહ્યાં હતાં. આખર ઉપાય જડયો, ને અજમાવવા માંડયો.

કુબેરદત્તના સંભોગથી અવતરેલ એક સુકુમાર બાળક કુબેરસેના સાથે નજદિકમાં રમતો. ધીરે ધીરે આર્યા સાથે હળીમળી ગયો અને ત્યાં રમવા લાગ્યો. બાળક રમે ત્યારે હસે, રડે ને દૂર પણ જાય. ત્હેને બોલાવવો તો જોઇએજઃ એટલે કુબેરદત્તા આર્યા કહેવા લાગ્યાંઃ "આવ, પુત્ર આવ !" વળી કોઇ વખત કહે "આવ, ભાઇ આવ!" એમ અનેકાનેક સંબોધનોથી બોલાવવા લાગ્યાં. કુબેરસેના ચકિત થઇ. "એક ત્યાગી સાધ્વીજીને આ શું ?" અને ઘણા અજ્ઞાનીયો ઘણી વખતે કલ્પના કરે છે તેમ ત્હેણે ધાર્યું–"હોય, મોહ કોને છોડે છે ?"

કુબેરસેનાએ મનમાં નિશ્ચય તો કર્યો પણ અજ્ઞાનજનિત નિશ્ચયો દ્રઢ કે નિશ્ચલ હોતા નથી. એને થયું કે વખત મળ્યે આર્યા પાસેથી ખુલાસો મેળવી લેવો, દરમ્યાન ત્હેણે કુબેરદત્તને કહ્યું. કુબેરદત્ત ચકિત થયો આવાં ત્યાગી ને વૈરાગ્યવાસિત સાધ્વીના જીગરમાં મોહ આમ વસી જાય, એ બને નહિ. આપણે બીજાઓને આપણા જેવાં નિર્બલ ધારીયે છીયે. અને સૌમાં પોતાનીજ વાસના જોઇએ છીએ, એ આપણો દૃષ્ટિદોષ છે. જરૂર આની પાછળ ગૂઢ કારણ હશે.

એક દિવસે સમય મેળવી સાધ્વીજી પાસે એ દંપતિ ઉર્ફે માતા પુત્ર ગયાં ને શંકાનું સમાધાન કરવા વિજ્ઞપ્તિ ગુજારી. સમયનો પરિપાક થયેલો જાણી મહા સતી આર્યાએ એ વીંટીયો કે જેણે રંગમાં ભંગ પાડયો હતો, Golden Night ને બગાડી હતી, પોતાને સાધ્વી બનાવી હતી ને કુબેરદત્તને પરદેશ મોકલ્યો હતો–તે વીંટીયો કાઢી ને મૂંગાં મોંઢે કુબેરદત્તને આપી.

કુબેરદત્ત ને કુબેરસના જોતાંજ ચમકયાં ! ક્ષણ માત્રમાં વર્ષો પૂર્વેની ઘટના આંખો સ્હામે તરી રહી. કુબેરદત્તે કહ્યુંઃ "આ મ્હારી બ્હેન" અને ત્યાં ચોધારાં આંસુથી રડતી કુબેરસેના વદી "અને આ મ્હારાં પુત્ર–પુત્રી ?' એટલુંજ બોલતાં તે મૂર્ચ્છાગત થઇ. શુદ્ધિમાં આવતાં સૌએ પશ્ચાત્તાપ કર્યો ને સાધ્વીજીએ એ પુત્ર સાથેનાં માતા તરીકે, શૉક તરીકે, બ્હેન તરીકે, ફોઇ તરીકે એમ અઢાર સગપણ દર્શાવ્યાં. અને કહ્યું. "આ માટે એને હું પુત્ર, ભાઇ, ભત્રીજો વિગેરે કહેતી."

બાદ કુબેરદત્તા વદ્યાંઃ "આ સારોય સંસાર એમજ ચાલે છે. ભવે ભવે પિતા, પુત્ર ને માતા, સ્ત્રી થાય છે. માટેજ જ્ઞાનીયો કહે છે, એ કુટુમ્બની આસકિત છોડી નિજાનંદમાં મસ્ત બનો." આ ઉપદેશે પેલાં બેઉ સંસારવાસનાથી વિમુખ બન્યાં અને એક વેશ્યાકુમારિકાએ આ રીતે કુલોદ્ધાર કર્યો.

# 'શ્રી સિદ્ધાભિવંદન'

( રાગ-**વસંતતિલકા.** )

પામી મનુષ્ય ભવ દુર્લભ પૂણ્ય યોગે,
ને ફોરી વીર્ય નિજ આતમમાં વસે જે;
જેને કીધા ક્ષય નિકાચિત કર્મ સૌ એ,
**તે સિદ્ધ બુદ્ધ વિભુ હું નમું નિત્ય ભાવે** (૧)

ત્રિભાગ છોડી નિજ કાય દ્વિ ભાગ માપે,
જે સિદ્ધિ દેવી વરી સિદ્ધ શિલે બિરાજે;
આઠે ગુણો સહ વસે સઉ લોક અંતે,
**તે સિદ્ધ બુદ્ધ વિભુ હું નમું નિત્ય ભાવે.** (૨)

આઠે ગુણો મહીંજ 'કેવલ[1]જ્ઞાન' વાધે,*
જેના થકી સ્વરૂપ વિશ્વ તણુંજ ભાસે;
બીજો વળીય ગુણ 'દર્શન[2]'[×] જેહનો છે,
**તે સિદ્ધ બુદ્ધ વિભુ હું નમું નિત્ય ભાવે.** (૩)

'સમ્યક્ત્વ ક્ષાયિક[3]' 'અબાધિત સુખ' સત્ય,
જેના, 'અનંત બળ[5]'ને 'અરૂપી[6]' ગુણ;
'અક્ષય્[7]સ્થિતિ' સહ ગણી 'અગુરૂ[8] લઘુ'ને,
**તે સિદ્ધ બુદ્ધ વિભુ હું નમું નિત્ય ભાવે.** (૪)

એ અષ્ટ ગુણ સમરી સઉ પ્રાણી ભાવે,
પામો તમે પરમ 'નિર્મળ' સિદ્ધિ ધામે;
જેને સદાય જપીએ નવકાર મંત્રે,
**તે સિદ્ધ બુદ્ધ વિભુ હું નમું નિત્ય ભાવે.** (૫)

**વાડીલાલ જીવાભાઇ ચોકશી.**

---

૧—કેવલજ્ઞાન વિગેરે શબ્દો ઉપર જે ૧ થી ૮ આંકડા મૂકેલા છે તે સિદ્ધના આઠ ગુણ બતાવે છે.
* વાધે=વધે. × દર્શન=કેવલ દર્શન.

તમો તમારી જીંદગીનો વીમો કોઇ પણ કુંપનીમાં ઊતરાવતાં પહેલાં

**અમોને રૂબરૂ મલો.**

દુનીયાના દરેક ભાગોમાં સંપૂર્ણ માન પામેલી

**જુની અને જાણીતી થયેલી.**

# ધી સ્ટેન્ડર્ડ લાઇફ એસ્યુરન્સ કુંપની

**માંજ તમારી જીંદગીનો વીમો ઊતરાવશોજ**

કારણકે

1 સ્ટેન્ડર્ડ કુંપની મ્યુંચ્યુઅલ છે એટલે તેનો તમામ નફો પોલીસીહોલ્ડરસને મલે છે.

૨. સ્ટેન્ડર્ડ કુંપની સો વરસ ઉપરાંતની છે.

૩. સ્ટેન્ડર્ડ કુંપની દરેક વરસે મોટું બોનસ આપે છે અને બોનશ Compound System થી અપાય છે.

૪. પ્રામીયમના દરો પણ ઘણાજ ઓછા છે.

અમારે ત્યાં દરેક જાતના વીમા ઊતારવામાં આવે છે. કોઈ પણ કુંપનીમાં કોઇ પણ જાતનો વીમો ઉતરાવતાં પહેલાં અમોને મલો.

ઓફીસ

પોલીસ ચોકી પાસે-
માણેકચોક **અમદાવાદ**.

**વીજલાલ ગોપાળદાસની કુંપની.**
**એજન્ટસ.**

**તા. ક.** દરેક ગામેગામ પ્રમાણિક અને આબરૂદાર એજન્ટો પગારથી અથવા કમીશનથી જોઇએ છીએ.

# જીંદગીનો વીમો.

## THE YORKSHIRE INSURANCE Co, Ltd.

## ધી યૉર્કશાયર ઈન્સ્યુરન્સ કું. લી.

સને ૧૮૨૪ માં ઈંગ્લાંડમાં સ્થપાઇ.

**આ ૧૦૦ વરસ ઉપરાંતની જુની વીમા કંપનીના દર સસ્તા. નફો દર રૂ. ૧૦૦૦) રૂ ૨૪ બોનસ.**

**દાવાઓ તાકીદે ચુકવી આપે છે.**

ફંડઝઃ રૂ. ૧૪,૦૦,૦૦,૦૦૦ થી વધુ.

**બાનુઓના જીંદગીના વીમા ઉતારવામાં આવે છે.**

વધુ વિગત માટે લખોઃ—

વકીલ બ્રધર્સના મેડા ઉપર<br>
રીચીરોડ—**અમદાવાદ.**

**નંદુલાલ મોહનલાલ ફોજદાર**<br>
ચીફ એજન્ટ, ગુજરાત-કાઠીયાવાડ

A48 જોઈએ છે–ઉદાર સરતોથી–લાગવગવાળા પ્રમાણિક અને ચાલાક સબ એજન્ટો દરેક ગામમાં.

# શુધ્ધ તાજાં ફુલો ક્યાંથી મેળવશો?

જૈન ભાઇઓ માટે ખાસ સગવડ. આજકાલ કેટલાક ફુલના વેપારીઓ વાશી અને કરમાએલાં ફુલો વેચતા જોવામાં આવે છે. પણ અમારી દુકાને દીવાળીથી જૈન ધર્મની વિધિ મુજબ સંકોચ વગર પ્રભુ પૂજનમાં દરેક કોમથી વાપરી શકાય તેવાં જાસુદ-ડમરો, ગુલાબ-ચંપો વિગેરે દરેક જાતનાં તાજાં ફુલો મળશે. તેમજ લગ્ન પ્રસંગે ઓર્ડર મુજબ હાર-તોરા છડીઓ વિગેરે તૈયાર કરી આપવામાં આવે છે. વરસુનો પણ સસ્તા ભાવે બાંધવામાં આવે છે.

અમારૂં ઠેકાણું:—

## માળી અંબાલાલ નારણદાસ.

પાનકોરનાકા—જુમામસીદ સામે

બીજી દુકાન-ત્રણ દરવાજા બહાર,

અમદાવાદ.

દાગીના ખરીદવાનું વિશ્વાસપાત્ર ઠેકાણું.

**Shivlal Dayaram Panchal,**

Gold silver merchant & Jeweller

AHMEDABAD.

# શીવલાલ દયારામ પંચાલ

સોના, ચાંદી, ઝવેરાતના દાગીના બનાવનાર અને વેચનાર

કારખાનું:—

બકરી પોળ નં. ૧૫૧૮ દુકાનો:—રતનપોળ નં. ૧૧૦

રીચીરોડ:—નં. ૨૨૬

અમદાવાદ.

# ધી ગુજરાત જવેલરી માર્ટ.

ઝવેરી

# કીશોરભાઇ નરસિંહરામ પંચાલ

પેઢીઓ { નં. ૧:-૬૨૩૦, રીચીરોડ.
નં. ૨:-૧, રતનપોળ દરવાજા નીચે

અમદાવાદ.

અમારી દુકાને સુધરેલી ફેશનના ફેન્સી સોના, ચાંદી તથા ઝવેરાતના દાગીના મશીન પોલીશ તથા હેન્ડ પોલીશ તૈયાર મળે છે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવે છે.

# ? ? ? ? ? ? ? ?
# ? જાણો છો ? ?
? [ લેખકઃ–**અનુભવી.** ] ?
? ? ? ? ? ? ? ?

૧. જગદ્વંદ્ય પ્રભુ મહાવીરના આપણે પુત્રો છીએ. વીરપ્રભુની અહિંસા જીવનમાં ઉતારી તેમનો પેગામ જગત્‌ભરમાં આપણે પ્હોંચાડવાનો છે.

૨. સાચો અહિંસક તે બની શકે કે જે વીર છે. અહિંસા એટલે વીરત્વ, કાયરતા નહિ.

૩. એક સમયે જૈનધર્મ આખાયે ભારતવર્ષમાં અને તેની બહાર ઘણી જગ્યાએ વ્યાપેલો હતો. તે રાષ્ટ્રધર્મ હતો અને તેના અનુયાયીઓની સંખ્યા કરોડોની હતી.

૪. ભૂતકાળમાં જૈનધર્માનુયાયીઓએ મહાન્ સામ્રાજ્યો સ્થાપ્યાં છે, અને તેના ઉપર રાજ્ય કર્યું છે.

૫. બીજા રાજાઓએ મનુષ્ય પ્રાણીઓને અભય આપવા પ્રયત્ન કર્યો છે, જ્યારે જૈન રાજાઓએ પ્રાણીમાત્રને અભય આપ્યું છે.

૬. એક સમયે હિંદની નાણાંવિષયક તમામ સત્તા જૈનોના હાથમાં હતી અને આ-જથી આશરે બસો વર્ષ ઉપર જગત્‌માં સૌથી વધારે ધનાઢ્ય ગૃહસ્થ 'જગત્-શેઠ' જૈન હતા.

૭. ગૂજરાતમાં પ્રાચીન કાળથી આજ લગી લોકોપયોગી અને અહિંસાના કાર્યમાં બીજા કોઈ પણ ધર્માનુયાયીઓ કરતાં જૈનોએ વધારે પૈસા ખરચ્યા છે અને ખર્ચે છે.

૮. ચંદ્રાવતી, પાટણ અને અમદાવાદની મહત્તા ત્યાં વસતા જૈનોને લીધે હતી અને છે. અમદાવાદનું બીજું નામ જૈનપૂરી છે.

૯. ભદ્રબાહુ સ્વામી, સ્થૂલિભદ્રાચાર્ય, ઉમાસ્વાતિવાચક, હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, સોમસુંદરસૂરિ, હીરવિજયસૂરિ, યશોવિજયજી વગેરે અનેક મહાન્ આચાર્યો અને ધર્મપ્રેમી શ્રાવકોની કસાયેલી કલમથી વિભૂષિત થયેલું જૈનધર્મનું સાહિત્ય બીજા કોઇ પણ ધર્મના સાહિત્ય કરતાં વધારે સમૃદ્ધ છે.

૧૦. સંખ્યામાં નાની હોવા છતાં જૈન કોમ હિંદની મહાન્ કોમોમાંની એક છે.

૧૧. મોગલ શહેનશાહો અકબર અને જહાંગીર વગેરેને ધર્મસહિષ્ણુતા અને અહિંસાના

પાઠ પ્રાતઃસ્મરણીય, જૈનાચાર્ય જગદ્‌ગુરૂ હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિએ ભણાવ્યા હતા.

૧૨. ઉત્તમ કુળમાં જન્મીને, વિલાસનાં સાધનોની વિપુલતા હોવા છતાં આત્મકલ્યાણુને અર્થે જેમણે સઘળા વિલાસોનો ત્યાગ કરી, અકિંચન બની, તપ આદર્યું છે, તેવા મહાન્ જૈનસંસ્કૃતિના રક્ષક તેઓ છે.

૧૩. આપણા એક સો હજાર ભવ્યકળાના અદ્વિતીય નમુના રૂપ જૈન પ્રાસાદોનો સંભાળ પૂર્વક વહીવટ કરવો, ત્યાગ, તપ, સંયમ અને શૌર્યમાં જેની જોડી નથી તેવા પૂજ્ય મુનિરાજો અને સાધ્વીજીઓની પ્રતિષ્ઠા જાળવવી, શાશ્વત તીર્થોની રક્ષા કરવી, મહાન્ આગમગ્રંથો અને અમૂલ્ય જ્ઞાનભંડારોની રક્ષા કરવી અને તે બધું જેવું છે તેવું નિર્મળ અને સારી સ્થિતિમાં ભવિષ્યની પ્રજા માટે મૂકી જવું, તે આપણી પ્રથમ ફરજ છે.

૧૪. જૈન જીવન એટલે વધારેમાં વધારે સંયમી અને ઓછામાં ઓછું ખર્ચાળ જીવન.

૧૫. આપણા પૂજ્ય મુનિરાજો અને સાધ્વીઓ એટલે પ્રજાને તપ, સંયમ, શૌર્ય અને વિદ્વત્તાનો આદર્શ પૂરો પાડનાર, ધર્મચક્રવર્તી તીર્થંકર પ્રભુના પ્રતિનિધિરૂપ ફરતાં, જીવતાં જાગતાં, અનુભવસિદ્ધ જૈન વિદ્યાપીઠો.

૧૬. જૈન મુનિરાજોનો ત્યાગ માર્ગ જગત્‌ના બીજા કોઇ પણ ધર્મના સાધુ કરતાં વધારે કડક છે.

૧૭. આપણામાં ધર્મ ભાવનાનો જેટલો અભાવ, તેટલુંજ આપણું પતન અને દરિદ્રતા.

૧૮. તેજ સાચી વિદ્યા છે કે જે કર્મનાં બંધનમાંથી મુક્ત કરી આત્માને મોક્ષમાર્ગે જવામાં મદદ કરે.

૧૯. રાજ્યાશ્રય બીલકુલ ન હોવા છતાં આપણા હજારો પ્રાસાદોનો વહીવટ અને મરામત આપણા પોતાના ખર્ચે કરાવીને આજ લગી તેને સારી સ્થિતિમાં રાખ્યા છે.

૨૦. આપણી આણંદજી કલ્યાણજીની પેઢી એટલે શાશ્વત તીર્થો અને હજારો પ્રાસાદોનો સ્વતંત્ર રીતે વહીવટ કરનારી જગત્‌માં મોટામાં મોટી ધાર્મિક પેઢીઓમાંની એક પેઢી. તેના હાથ નીચે ત્રણ હજાર ઉપરાંત પગારદાર માણસો આપણાં તીર્થો અને પ્રાસાદોની રક્ષા તથા સંભાળપૂર્વક કાર્ય કરી રહ્યા છે.

૨૧. ભારતની શિલ્પકળાના વિકાસમાં આપણો ફાળો અદ્વિતીય છે.

# ક્ષ મા પ ના

: : લેખક : :

પૂ. જૈનરત્ન, વ્યાખ્યાનવાચસ્પતિ,

**શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.**

**"क्षमा वीरस्य भूषणम्"**

"ક્ષમા, એ વીરનું ભૂષણ છે." આ વૃદ્ધ વાક્ય અનેક અનુભવોના નીચોડ રૂપ, અને વીરમાં વસતી સહનશીલતાનું સૂચક છે. જે વીર પોતાની વીર હાકથી હજારોને કંપાવી શકે, રંગે ચઢે ત્યારે ભલભલા યોદ્ધાને પણ નમાવે અને જેનું સામ્રાજ્ય વનકેસરીની માફક એના વાસ સાથેજ સંકળાએલું હોય, તેવો વીર ક્ષમા-રૂપ ભૂષણને ધારણ કરી શકે, એ બનેજ કેમ? એ સંશય કરતાં પૂર્વે સમજવું જોઇએ કે હજારોને કંપાવવાની શક્તિ ધરાવનારમાંજ પ્રાયઃ હજારોના કંપને હસતે વદને વધાવી લેવાની તાકાત હોય છે. આવતી આપત્તિયોને સમભાવે વેઠવાની તાકાત વીરની હોય છે. ક્ષમા એટલે કાયરતા નહિં, પણ ક્ષમા એટલે વીરતાઃ અને અર્જુનમાલી, દૃઢપ્રહારી, ચિલાતીપુત્ર, એ સર્વનાં જીવન આપણી સામે એજ આદર્શ ખડો કરે છે. એક વખત કર્મવીર બનીને અચિંત્ય સાહસો ખેડનાર એ મહારથીયો જ્યારે પૂનિતપંથે પ્રવાસી બન્યા ત્યારે ક્ષમાને પોતાના આભૂષણ તરીકે સંરક્ષી એઓ ધર્મવીર બન્યા. અને માટેજ આજે એ પ્રાતઃસ્મરણીય મહાત્માઓને કરેલ નમસ્કાર નિર્જરાનું કારણ લેખાય છે. ગમે તેવા પાપી જીવનમાં પણ જ્યારે ક્ષમા દેવી આવી વસે છે, ત્યારે એનો પાપપુંજ નષ્ટ થઇ જાય છે, અને ધિક્કારને પાત્ર વ્યક્તિ આદર અને આરાધનાને પાત્ર બને છે. માટેજ જો વિશાલ દૃષ્ટિથી વિચારીએ તો જણાશે કે આખી દ્વાદશાંગીનું રહસ્ય, પ્રત્યેક પ્રાણિ પ્રત્યેના ક્ષમા-ભાવમાંજ સમાએલું છે. આવશ્યક સૂત્રના પ્રતિક્રમણાધ્યયનમાં આખુંય શ્રમણસૂત્ર પૂર્ણ કરતાં અન્તે તારવેલું તત્ત્વ પણ આ ક્ષમામાંજ સમાઇ જાય છે. ત્યાં ફરમાવવામાં આવ્યું છે કેઃ—

**खामेमि सव्वजीवे सव्वे जीवा खमंतु मे ।**
**मित्ति मे सव्वभुएसु वेरं मज्ज न केणई ॥**

અર્થાતઃ—

"દુનિયાના બધા જીવોને હું ખમાવું છું, અને તે જીવો મારી ઉપર ક્ષમા કરો! સર્વ પ્રાણિયો સાથે મારે મૈત્રિ છે, અને કોઇની સાથે મારે વેર નથી."

કેવી ઉત્તમ ભાવના છે? જેના હાર્દમાં આ ભાવના રૂંઆડે રૂંઆડે રમી રહી હોય તે હૃદયને સંસારમાં પણ મુક્તિના સુખનો અનુભવ થાય છે, અને તે પ્રાણિ જગતને

વંદનીય બને છે. જેમ જેમ આ ભાવનાનું કદ વિસ્તૃત બનતું જાય છે તેમ તેમ આત્મભાવનાનો વિકાસ થતો જાય છે. આ ભાવનાની પરાકાષ્ટા એજ કેવળજ્ઞાનનો પ્રથમ સમય ! આ તત્ત્વ જે આત્મામાં જેટલે જેટલે અંશે વિકસતું જાય છે, તેટલે તેટલે અંશે તે આત્માને જિનશાસનના અનુપમેય આસ્વાદનો પરિચય થતો જાય છે, અને તેટલે તેટલે અંશે તે પોતાના જીવનને નિરૂપાધિક બનાવતો જાય છે. એક તરફ તેને પૂર્ણ સન્માનનાં ઝેરી પ્રલોભનો લોભાવી શકતાં નથી કે બીજી તરફ તેને સારાય વિશ્વનો ફિટકાર પણ ક્ષોભાવી શકતો નથી. ક્ષમાની આ ઉચ્ચ કોટિ પામવાને માટેજ દ્વાદશાંગી છે. એનાં ગમે તેટલાં પાનાં ફેરવવા છતાં જો આ ન લાધ્યું તો કાંઈક પણ સાધ્યું છે, એ માન્યતા ભ્રામક છે, એમ સચેતન ચેતને માનવુંજ રહ્યું. આવી માન્યતા ભવ્યત્વની પૂર્ણ છાપ મારે છે.



"હું સર્વ જીવોને ખમાવું છું": ઉપર્યુક્ત ગાથાના આ શબ્દોમાં સ્વભાવના રહેલી છે, જ્યારે "સર્વ જીવો મને ક્ષમો": આ શબ્દોમાં પરભાવત્વ સમાએલું છે. અહિં એવો સવાલ સ્હેજે ઉપસ્થિત થાય છે કે હું સર્વ જીવોને ક્ષમાવું છું, એ શબ્દો હૃદયની તીવ્રતાને લીધે નીકળી શકે. પરન્તુ સર્વ જીવો મારી સાથે ક્ષમા કરો સંભવતું તત્ત્વ નથીઃ કારણ અનન્તાનુબંધીની તીવ્ર કષાયચોકડીમાં રમી રહેલાં પ્રાણિઓ ક્ષમાતત્ત્વને નહિં સમજનારા ઘાતકો–પ્રભુ શાસનથી વિમુખ થઇ પ્રપંચમાં પડેલાં પ્રાણિયો ક્ષમાવે, એ સંભવજ નથી; છતાં પરભાવનાવાળા બીજા પદનો ઉલ્લેખ શા માટે ? પ્રભુ શાસનની એજ બલિહારી છે કે જેમાં પામરોને પણ ક્ષમાપનાનો સંદેશ છે. ભલે અત્યારે એ લોકો ક્ષમાપનાદાનને લાયક નથી, કિન્તુ વર્તમાન સમયના ઘોર હત્યારાઓ પણ સમયે ષડ્જીવ–નિકાયના રક્ષાકારો થઇ શિવરમણિની નિર્વિકાર સચ્ચિદાનંદદાયી સેજમાં સુઈ શકે છે. આ ઉદ્દેશ ધ્યાનમાં રાખી કોઇ પણ જીવ મારી સાથે વિરોધ રાખનારો ન બને અર્થાત્ ભવિષ્યમાં સર્વ પ્રાણી કષાયમુક્ત બની જાઓ; એવી ઉચ્ચ ભાવના આ સૂત્રમાં સમાયેલી છે. એવું બને કિંવા ન બને, એ સવાલ જુદો છે, પણ ક્ષમાપનાની–અધ્યાત્મની ઉચ્ચ કક્ષાઓ તરફ વિચરતો આત્મા સર્વ પ્રાણિનું આ જાતનું આત્મકલ્યાણજ ઇચ્છે. ક્ષમા માતાને શરણે જવું, એજ જીવનું ખરૂં કલ્યાણ છે અને જડમાંથી વૈરભાવના કપાઇને જ્યારે સર્વ જીવો સાથે મૈત્રિભાવ જાગે છે ત્યારેજ ક્ષમામાતાનું વાત્સલ્ય પામી શકાય છે. આ વાત જેના અંતરમાં પરિણમી હોય, તે વિકટ સંયોગોમાં ગભરાતો નથી કે કોઇનુંય બુરૂં ઇચ્છતો નથી. બલ્કે બુરૂં કરનાર ઉપર પણ તેને દયા ઉપજે છે. ભગવાન્ મહાવીરદેવે એજ ભાવનાથી સંગમના ઉપસર્ગ સમયે અશ્રુ સાર્યાં હતાં અને કલિકાલસર્વજ્ઞ પ્રભુ હેમસૂરિજી મહારાજે સકલાર્હત્ સ્તોત્રમાં કહ્યું છે કેઃ—

कृतापराधेऽपि जने कृपामन्थरतारयोः ।
इषद्बाष्पार्द्रयो र्भद्रं श्रीवीरजिननेत्रयोः ॥

વળી ક્ષમાનો ઉપદેશ આપતાં એક લૌકિક કવિ પણ ઉર્દૂ ભાષામાં કહે છે કે—

बन्दे बन्दगी ना भूल !, बन्दे बन्दगीना भूल !
जो कोई बोवे कांटा तुज को बो तूं उस को फूलः
तुज को फूल के फूल होंगे, उस को बबुल के बबुल ।
बन्दे ! बन्दगी ना भूल !!

અર્થાત્:—હે નર ! તૂં ભલાઈ ન ભૂલીશ. તારે માટે કોઇ કાંટા પાથરે તો તું તેને માટે ફુલ પાથરજેઃ કારણ કે કાંટા પાથરનારને કાંટા મળશે અને ફૂલ પાથરનારને ફૂલ !

આ શબ્દોમાં ક્ષમાની શીખામણ છે. પણ લોકોત્તર શિક્ષણને તે પહોંચી શકતી નથી. " કાંટા પાથરનારને કાંટા મળશે " એ ઉચ્ચારણ પણ બીજાની તરફના દુઃખમાં કાંઈક અનુમતિ વા ઉપેક્ષા સૂચવે છે, જ્યારે જિનશાસનની લોકોત્તર ભાવનામાં એવા શબ્દોચ્ચારની સ્થિતિ પણ ન હોય. " સર્વ જીવો મને ક્ષમા કરો ! " એમાં અર્થાપત્તિથી એજ સિદ્ધ થાય છે કે તેઓ પણ કષાયમુક્ત બની સ્વકલ્યાણ સાધો ! અને માટેજ " **क्षमा वीरस्य भूषणम्** " સૂત્ર સિદ્ધ થાય છે. ખરો વીર હોય તેજ આવી અણમોલ ભાવના ભાવી શકે છે. ક્ષમારહિત યોદ્ધાની વીરતા, એ અપૂર્ણ વીરતા છે. દિવ્ય વીરત્વની પાછળ ક્ષમાપના આપેક્ષિત છેજ.

ક્ષમા, જેમ ભૂષણ છે, તેમ શસ્ત્ર પણ છે. અહંતા, માયા, લોભ, હાસ્યષટક, વેદત્રિક, અને દર્શનમોહનીયત્રિકનો નાશ કરવાનું અમોઘ શસ્ત્ર ક્ષમા છે. પણ શરત એટલી જ કે ક્ષમા ખડ્ગની ધારા સમ્યક્ત્વના સરાણપર ઘસાઇને ખૂબ તીક્ષ્ણ થયેલી હોવી જોઇએ. બાકી બુઠ્ઠી ધારનું ક્ષમા તેગ ખાસ કાંઇ ન કરી શકે એ વાત ધ્યાન બહાર ન થવી જોઈએ. ઘણાય ક્ષમાધારીઓ, બાહ્યદ્રષ્ટિએ પૂરી ક્ષમા ધરવા છતાં-શ્રદ્ધાનું પાણી પાયા વિનાની ક્ષમા અસિને રાખવા છતાંય કર્મોને કાપી શકયા નથી. બલ્કે પોતાની ડોળઘાલુ યા શ્રદ્ધાહીન ક્ષમાથી શાસનને માટે પણ શાંતિ શાંતિના ઉચ્ચાર કરી, મુડદા જેવી શાન્તિના અનુગામી બની પોતેજ મરાયા છે. પોતાના ઉપર થતા પ્રહારોને જેમ શાસ્ત્રકારો કથે છે કે સમભાવે સ્હેવા અને દુશ્મન પર પણ દયા લાવવી, તેમ એજ જ્ઞાની પુરૂષો ફરમાવે છે કે દેવ, ગુરૂ, ધર્મ, એ તત્ત્વત્રયી ઉપર જ્યારે આક્ષેપો ને આક્રમણોનું કાળું વાદળ ઘેરાય ત્યારે તેને ભેદવા તમારી દરેક શક્તિ વાપરો ! આવા સમયે પણ ક્ષમાખડ્ગની વાતો કરનારાનું ક્ષમાખડ્ગ એનું આત્મરક્ષણ કરવાને બદલે આત્મભક્ષણ કરે છે. એટલે કે પ્રભુમાર્ગનાં સનાતન સત્યોને આચ્છાદન કરવાના અધમ પ્રયાસો સેવાઇ રહ્યા હોય—તે તત્ત્વો છડેચોક હણાઇ રહ્યાં હોય, ત્યારે ક્ષમાની બાંગ પોકારી એને વીરનું ભૂષણ કહેનારાઓ માત્ર દૂષણને ઠેકાણે જ ભૂષણ મૂકવાની ભૂલ કરે છે.

અને આજે સાચી ક્ષમાય કેટલે સ્થળે દેખાય છે ? જે અર્હત્‌ના શાસનમાં શરીરની ખાલ ઉતારનારનું પણ કલ્યાણ કાંક્ષનારા થઇ ગયા, તેજ મહાત્માઓના અનુયાયિઓ આજે શાસ્ત્રને કોરાણે મૂકીને પોતાનું તે સાચું કરવાની મૂઢતા સેવી રહ્યા છે ! અહંકારમાં એક તીખું વચન પણ સહેવાતું નથી તો ક્ષમાતત્ત્વ છે કયાં ? વીરના પૂજકો ! જો તમે તમારા શાસનના મૂલતત્ત્વને હણશો તો જૈની કયા બળે બનશો ? ક્ષમા, એ શાસનનું મૂલતત્ત્વ છે. અને માટેજ આજે તમારી દશા " **मूलं विना कुतः शाखा** "ની કહેવત જેવી થઇ રહી છે. જૈનતત્ત્વની શરૂઆત શ્રદ્ધાથી છે, અને ત્યાગથી એ પૂર્ણતાએ પહોંચે છે. પણ ન ભૂલજો કે શ્રદ્ધા પણ અમૂક અંશે ત્યાગ વિના નથી આવતી. કદાચ બીજા બાહ્ય ત્યાગો ન આવી શકે પણ સમ્યક્ત્વપ્રાપ્તિ માટે અનન્તાનુબંધી કષાયોનો તથા મિથ્યાત્વનો ત્યાગ તો

કરવોજ પડે છે. પ્રભુના માર્ગમાં કાંઇ પણ નહિં છોડનારને માટે સ્થાનજ નથી. અને જ્યારે કષાયનો પ્રથમ પ્રકાર ચાર ભેદે વારવામાં આવ્યો ત્યારે તેટલે અંશે ક્ષમા સ્વીકારાઈ જ છે: પ્રભુના દરબારની એ બલિહારી છે. લૌકિક દરબારો જ્યારે કષાયની ખીલવણી શીખવીને આત્માને કર્મમલથી વધારે લિપ્ત કરે છે, ત્યારે પ્રભુના દરબારમાં જવાની યોગ્યતા સંપાદન કરવાને પણ અંશતઃ કષાયનો ક્ષય કરવોજ પડે છે. એટલે એક ચેતનતાથી હર્યો ભર્યો દરબાર છે, જ્યારે બીજો કેવળ નાશ્વન્ત જડ છે. અને ભગવન્! એ તારા શાસનનોજ પ્રતાપ છે, કે ધમંડમાં ફરતાં માનવો પોતાની પામરતા સમજીને ક્ષમા રાખી ત્યાગ માર્ગે આગળ થાય છે. અને પ્રભો ! તારૂં જીવન પણ અમને તો ક્ષમાજ શીખવે છે.

અને શ્રી જિનેશ્વરદેવનીજ દ્વાદશાંગી ફરમાવે છે કે, જો ક્ષમા રાખશો તો પ્રભુને મલશો, તેવા બનશો અને જો તેથી વંચિત રહ્યા તો સંસારમાં અનન્તો કાળ રઝળશો, તોય પત્તો નહિં લાગે. ઉંચી હદે પહોંચેલા, કે જેમનું ચારિત્ર યથાખ્યાત છે અને ગુણોનું મહત્ત્વ ત્યાં સુધી વધ્યું છે કે જેમનું ચારિત્ર જિનેશ્વર દેવ સરખું ગણાય. એવા મહાપુરૂષો પણ ક્ષમાને તરછોડે તો કષાયી બનીને એટલે ઉંચેથી પડી, ભવચોકડીમાં રખડે એવાં અનેક દ્રષ્ટાન્તો શાસ્ત્રમાં મૌજૂદ છે. પ્રમાદનું મુખ્ય શસ્ત્ર કષાય છે. કષાયજ આત્માને નીચ ગતિમાં દોરી જાય છે. ભદ્રબાહુ સ્વામિએ આવશ્યક સૂત્રની નિર્યુક્તિમાં ફરમાવ્યું છે કે:—

**उवसामं उवणीबा गुणमहयाजिणचरित्त सरिसंपि ।**
**पडिवायंति कषाया किं पुणसे से सरागत्थे ॥** અર્થાત્-

ગુણોના મહત્ત્વને લઇને કષાયોને ઉપશમાવ્યા, જિનેશ્વર પ્રભુનું ચારિત્ર પામ્યા, (આ તમામ દશા અગીયારમે ગુણસ્થાનકે હોય છે) તેમને પણ કષાયો પાડી નાખે છે—જગતમાં રોળે છે-ચોરાશી લાખ જીવાયોનીના ચક્રમાં ફેંકી દે છે અને મુક્તિમાં પહોંચતાં અટકાવે છે. એવા કષાયો તપ જપ રહિતોને શું ન કરી શકે ? જ્યારે મહાન્ પણ થપ્પડ ખાઇ બેસે છે ત્યાં સામાન્યોનું શું ગજું ? અને એટલાજ માટે પ્રભુનું શાસન આપણને કષાયજયનો મંત્ર પ્રથમજ ભણાવે છે, કારણ કે " **कषायमुक्तिः किल मुक्तिरेव ।** "

અને બધાં પર્વારાધનનો ઉદ્દેશ શો છે ? જો કે આજે તો પર્વોના દિનોમાં પણ નફ્ફટતા પૂર્વક પાપ પરાયણ બની સુધારક મનાવરાવાય છે, પણ પર્વો જો ન હતે તો આજે થોડે ઘણે અંશેય જે ધાર્મિક ભાવનાઓ ટકી રહી છે, તે કદાચ ન રહેતે. અને રહેતે તો બહુજ થોડા પ્રમાણમાં. આ પર્વોમાં સર્વોત્કૃષ્ટ પર્વ પર્યુષણનું છે, તે પર્વ પણ આરાધનાનાં સૂત્રોમાં ક્ષમાને મુખ્ય ગણાવે છે. પ્રભુનું જિનાગમ ક્ષમાથી હર્યુંભર્યું છે. ગણધર મહારાજનું પદ પણ ક્ષમાથીજ આગળ આવ્યું છે. મુનિરાજો વંદ્ય પણ આ ક્ષમાને લીધે છે. ત્રણ, ત્રણ, ચાર, ચાર, ભેદવાળા કષાયના-અક્ષમાના પ્રકારો કાપીને મુનિ થવાય છે. ધન્ય છે તે મુનિવર્ગને કે જે પોતાની જનની ક્ષમાની કદર કરે છે. સાંસારિક ઘરની માતાનો પરિત્યાગ આ ક્ષમા માતાના રાગથી શોભે છે, ને તે વિના વાતવાતમાં ક્ષોભે છે. તે જગતની આંખ આગળ મુનિપણાની ખરી ઝાંખી પણ કરાવી શકતો નથી. આ બધી બાબતો નિરંતર સ્મૃતિપટ ઉપર રહેવી જોઇએ. કદાચ તેમ ન બને તો છેવટ પર્યુષણ જેવા પવિત્ર પર્વમાં તો એનું સ્મરણ થવુંજ જોઈએ. અને એમ થાય તોજ આરાધક બની શકાય. અન્યથા શાસ્ત્રકાર એને વિરાધક કહે છે. પર્યુષણ પર્વમાં વંચાતા કલ્પસૂત્રમાં એ વિષે કહ્યું છે કે:-

**से हे राइणियं खामिज्जा, राइणिए वि से हं खामिज्जा, खमिअव्वं खमावियव्वं, उवसमावियव्वं उवसमावियव्वं, संमुइ संपुछणा बहुलेणा होयव्वं । जो उवसमइ तस्स होइ आराहणा, जो न उवसमइ तस्स नथ्थी आराहणा, तम्हा अप्पाणेव उवसमियव्वं, से किमाहु भंते ! उवसमसारं खुसामणं ॥**

અર્થાત્-શિષ્ય, રત્નાધિકને ક્ષમાવે, ને રત્નાધિક, શિષ્યને ક્ષમાવે-ઉપશમે-ઉપશમાવે, ક્ષમનાર-ક્ષમાવનાર, ઉપશમનાર-ઉપશમાવનાર, આરાધક હોય છે. આ દિશાથી વિરૂદ્ધ દિશાએ વિચરનાર વિરાધક છે. એટલે કે:—

સામો માણુસ મારમારની ભાવનામાં હોય તો પણ શાસ્ત્રના મર્મજ્ઞે તો જરૂર ક્ષમાવવુંજ જોઇએ. જો આ મર્મ સમજી કર્મના ભર્મને ભેદીએ તો કાલેજ સર્વજ્ઞ થઇ શકીએ. માટે પ્રભુ બનવું હોય તો ક્ષમા આપતાં ને લેતાં શીખો. એને શીખવનાર આ શાસનની ઉપાસના કરો! અને માટેજ આ શાસનને વંદન ! ઇતિ.

# પશ્ચાતાપ.

રાગઃ કાફી ( અમે તો આજ તમારા...)

**અમે તો અંત સમયમાં, પસ્તાઇ છી યાર !** (૨)

બાળપણું રમ્મતમાં કાઢયું, ગમ્મત કીધી અપાર,
ધર્મના મર્મને સ્હેજ સમજવા, કીધો નહિ રે વિચાર. **અમે તો....**

યૌવનમાં ધન--રમણી--વશથી, તનની કીધી બહુ સાર,
જંજાળ ઝાઝી શિરપર વ્હોરી, ખેલ્યાં વિવિધ પ્રકાર. **અમે તો....**

પુદ્ગલ પોષી આનંદ માન્યો, માન્યો એ સાચો વ્યવહાર,
વ્યાધિ વધી પુદ્ગલમાં જ્યારે, લાગ્યો સંસાર અસાર. **અમે તો....**

વૃદ્ધપણામાં શિથીલજ બનતાં, શક્તિ ન રહીરે લગાર,
ધર્મ સાધના કાંઈ ન થાતાં અફળ કર્યો અવતાર. **અમે તો....**

પસ્તાવો એ માટે અમને, થાય છે પારાવાર,
દશા નિહાળી અમ દુઃખીયાંની, ચેતજો સહુ નરનાર. **અમે તો....**

વીરધર્મ નરદેહ હે મનસુખ !, મળશે ન વારંવાર,
ધર્મ કરો હજુ સમજી મનથી ‘ જાગ્યા ત્યાંથી સવાર.’ **અમે તો....**

**મનસુખલાલ ડાહ્યાભાઇ શાહ, વઢવાણકેમ્પ.**

સુરતી મીઠાઇવાળા

# મોહનલાલ હરિલાલ

તમામ જાતની ઉત્તમ મીઠાઇ

બનાવનાર તથા વેચનાર

લગ્ન પ્રસંગે તથા પાર્ટીઓમાં ઓર્ડર

મુજબ તાજી જાતજાતની મીઠાઇઓ

બનાવી આપીએ છીએ.

ઠે માણેકચોક
કંદોઈઓળ,

દુ. નં. ૫૬૩૫
અમદાવાદ

# કેલીકો મીલનું

## બનાવેલું કાપડજ વાપરો.

પુરૂષો, સ્ત્રીઓ, તેમજ બાળકો માટે દરેક જાતનું, ટકાઉ સુંદર, પાકા રંગનું કુમાશદાર અને મનપસંદ ડીઝાઇનોવાળું

અમારૂં કેમ્બ્રીક સુતરનું રેશમી કુમાશનું કાપડ ઘણુંજ ટકાઉ બને છે.

મીલનુંજ કાંતેલું અને મીલમાંજ વણેલું એટલે શુદ્ધ સ્વદેશી કાપડ

**સસ્તું અને સ્વદેશી**

**કાપડ મળશે.**

કેલીકો મીલના શીવવાના

**રીલ—દડા**

વાપરો સરકારી ખાતાઓમાં વપરાય છે.

ધોતીઆં
શર્ટીન્ગ
કોટીંગ
સાડીઓ
પાતળો
લોન્ગકલોથ
મલમલ
ટવીલ

કીફાયત ભાવે મળશે

તે ઉપરાંત વૉયલ, રેશમી જેકાર્ડ, સાડીઓ રૂમાલ, ટુવાલ, વિગેરે વિગેરે અનેક જાતનો પરદેશની હરીફાઈ કરતો શુદ્ધ સ્વદેશી માલ મળશે.

છુટક વેચનાર અજન્ટો:—

એન. મનસુખરામની કંપની,
જર્મન સીલવરવાળા
મારકીટ રતનપોળ;
અમદાવાદ.

ધી અમદાવાદ જ્યુબીલી એન્ડ
કેલીકો રીટેલ શોપ
(૧) કાલબાદેવી રોડ
(૨) ઝવેરી બજાર.
મુંબાઇ.

બહારગામના ગ્રાહકોના ઓર્ડરનો માલ અમારા રીટેલ એજન્ટ પુરો પાડશે.

મેલેરીઆ તાવનો સંપૂર્ણ રામબાણ ઇલાજ




બનાવનાર—વિક્ટોરીઆ કેમીકલ ઍન્ડ મેન્યુ. વર્ક્સ.

અમારી કું. ને પેરીસ, કલોનીયન, ઇટલી, કલકત્તા મેની, કરાંચીના પ્રદર્શનોમાંથી સોના તથા ચાંદીના ચાંદા મળેલા છે. તેમજ છેલ્લા કરાંચીના પ્રદર્શનમાં બીજો ચાંદ અમોને મળેલ છે.

## એગ્યુરીન

એગ્યુરીન દરેક જાતના તાવને નાબુદ કરે છે.

જ્યાં કવીનાઇન વાપરવાથી ફાયદો થતો નથી, ત્યાં એગ્યુરીન બહુજ સારી રીતે ફાયદો કરે છે. બચ્ચાંઓ પણ ખુશીથી તે પીએ છે અને તેઓને તેથી કોઇ તરેહની બેચેની કે ગભરાટ થતો નથી.

વેચનાર:—

જીવણલાલ ચુનીલાલ શાહ.
વિલાયતી દવાઓ તથા
ચસ્માના વહેપારી.
પાનકોરનાકા—અમદાવાદ.






જૈન સમાજને સામાયક કરવાનું

## એલાર્મ ટાઇમપીસ

# રૂપીઆ પાંચમાં

ગેરન્ટી વર્ષ ત્રણની

રાતના પણ ઉપયોગ કરી શકાય છે.

સામાયકનો ટાઇમ પુરો થયે એલારામથી ખબર આપાય છે.

## રોયલ વોચ કંપની

રીચીરોડ,
લક્ષ્મીવિલાસની બાજુમાં
અમદાવાદ.

અમદાવાદની પ્રજામાં પ્રખ્યાત થયેલા

ઉત્તમ મીઠાઈવાલા

# સુખડીઆ મણીલાલ નાથાલાલ

દરેક જાતની મસાલાદાર ચોકખા ઘીની

મીઠાઇ અમારે ત્યાંથી મળશે

ઠે: માણેકચોક કંદોઇઓળ,

દુકાન નંબર ૧૫,

## અમદાવાદ.

તારનું સરનામું: "મેડોરા"
અમદાવાદ
ટેલીફોન નંબર "૩૭૪"
(૧૮૯૨માં સ્થપાએલી.)

# ડી. જે. મેડોરા એન્ડ કું૦

શાખા :
બારડોલી, બરોડા, ભાવનગર
ભરૂચ, વલસાડ, જુનાગઢ,
મહેસાણા, મોરબીનડીયાદ
નવસારી, રાજકોટ, સુરત,

" ધન હાઉસ, "

અમદાવાદ

ધી ઓરીએન્ટલ ગવર્નમેંટ સીકયુરિટી જીંદગીના વામા
ઉતારનારી કંપની.

ધી સાઉથ બ્રીટીશ આગના વીમાની કંપનીના

# ગૂજરાત, કાઠીયાવાડ અને કચ્છભુજના

# ચીફ એજન્ટો.

જીંદગી, આગ, મોટરકાર, અકસ્માત, દરિઆઇ તથા બીજા
દરેક જાતના વીમાનું કામ વ્યાજબી દરે લેવામાં આવે છે.

# ? ? ? ? ? ? ? ? ? ?
# ? ? ? ? શું કરીશું ? ? ? ?

લેખક : મુમુક્ષુ.

૧. ત્યાગમાં જેની જોડ નથી, સંયમ અને વિદ્વત્તામાં જેના હરીફ નથી, તેવી આપણી પૂજ્ય સાધુ સંસ્થાને આજે અમૂક દ્વેષી અગર સ્વાર્થી ચળવળખોરો ખોટી રીતે હલકી પાડવા પ્રયત્ન કરી રહ્યા છે,

૨. આપણી નબળાઇનો લાભ લઇને આપણાં માલીકીનાં અને સેંકડો વર્ષના ભોગવટાનાં તીર્થો તથા પ્રાસાદોને આજે જૈનેતરો નુકશાન કરી રહ્યા છે,

૩. પાશ્ચાત્ય પવનની અસરથી મુગ્ધ બનેલા મૂર્ખ અને કળાથી અજ્ઞાન વહીવટ કરનારા બહારના ખોટા ભપકાની ખાતર અજાણતાં આપણાં પ્રાસાદોની કેટલીએ સુંદર કળા કૃતિઓનો નાશ કરી રહ્યા છે,

૪. આપણે દિનપ્રતિદિન સંખ્યામાં ઘટતા જઇએ છીએ, આપણાં શરીર અને મન પણ નબળાં પડતાં જાય છે, આપણને ક્ષય લાગુ પડયો છે. આપણે એકદમ નીચા પડતા જઈએ છીએ,

૫. આપણું અજ્ઞાન એટલું બધું વધી પડયું છે કે આપણે સારાસારનો વિચારજ કરી શકતા નથી. અજ્ઞાનની ચારણીમાંથી ચળાઇને આવવાથી ગમે તેવી સારી પ્રવૃત્તિ તરફ પણ આપણે શંકાની નજરથીજ જોઇએ છીએ,

૬. આપણને વારસામાં મળેલો ધંધો, વ્યાપાર, દિવસે દિવસે આપણા હાથમાંથી ચાલ્યો જાય છે. બીજા ધંધા આપણે પકડી શકતા નથી. પરિણામે આપણું દારિદ્ર ન કહી શકાય તેટલું વધી પડયું છે,

૭ આપણામાંના કેકલાક તો એટલા ગરીબ થઇ ગયા છે કે પોતાનાં બાળબચ્ચાંનું ભરણ પોષણ કરવું તે પણ તેમના માટે મુશ્કેલ છે,

૮. જે ધંધા આપણા હાથમાં છે, તે પણ અસ્થિર અને અનિયમિત છે,

૯. પાશ્ચાત્ય સુધારાના બાહ્ય રૂપનું અનુકરણ કરવાનો પવન અને અજ્ઞાનતાને યોગે આપણાં ખર્ચ એકદમ વધતાં જાય છે,

૧૦. સમાજના અજ્ઞાનને અંગે કેટલાક નિયમો (રૂઢી) તો ખરેખર ત્રાસરૂપ થઈ પડયા છે,

૧૧ આપણું વ્યાવહારિક અને સામાજિક જીવન એકદમ અજ્ઞાનમય, અસ્થિર અને કૃત્રિમ બન્યું છે,

૧૨. ધર્મક્રિયાઓમાં અજ્ઞાનને અંગે કેટલાંક ખોટાં રૂપાંતરો થતાં જાય છે,

૧૩. એક વખત આપણા શાસનની પ્રતિષ્ઠા જાળવવામાં મોટો હિસ્સો આપનાર આપણી યતિસંસ્થા પોતાના સ્વચ્છંદી જીવનને લીધે બીલકુલ નીચી પડી ગઈ છે,

૧૪. સર્વમાન્ય નાયકનો અસ્વીકાર કરીને આપણે નીચા પડતા જઇએ છીએ,

૧૫. આજે આપણા કેટલાએ પૂજ્ય અને પ્રમાણભૂત ગ્રંથોનાં સંપાદન, અનુવાદ, અગર તરજુમા પાશ્ચાત્ય દેશોમાં બેજવાબદાર જૈનેતર વિદ્વાનોના હાથે દુનીઆની જુદી જુદી ભાષાઓમાં થાય છે. તેમાં જાણતાં અજાણતાં કેટલીએ ક્ષતિઓ રહી જાય છે,

૧૬. જૈન કેળવણીનો આદર્શ રજુ કરી શકે તેવી સર્વમાન્ય જૈન સંસ્થા આજે એકેય નથી,

૧૭. આપણી પૂજ્ય સાધુ અને સાધ્વી સંસ્થામાં પણ ગમે તે કારણે કાંઇક શિથિલતા આવી જણાય છે,

૧૮. આપણી નિર્બળતા અગર બેદરકારીનો લાભ લઇ કેટલાક સ્વાર્થી જૈન અને જૈનેતર પત્રકારો પોતાના સ્વાર્થની ખાતર શાસન અને તેના પ્રત્યેક અંગ ઉપર નીચ, જુઠ્ઠા, અને અઘટિત હુમલાઓ કરી રહ્યા છે,

૧૯. આપણુંજ અનુકરણ કરનારા આપણાં પ્રતિબિંબ રૂપ, આપણાં બાળકોમાં બચપણથીજ વિલાસવૃત્તિ અને આપણે ન માની શકીએ તેવી કુટેવો નજરે પડે છે,

૨૦. શાસ્ત્રાજ્ઞાવિરૂદ્ધ, એકલ વિહારી સાધુઓની સંખ્યા વધતી જાય છે,

૨૧. દેવદ્રવ્યના લાખો રૂપીઆ હોવા છતાં, તેના વહીવટ કરનારાઓ પોતાની સંકુચિત વૃત્તિ યા ગમે તે કારણે બીજા જીર્ણ પ્રાસાદોના જીર્ણોદ્ધારમાં તે પૈસા આપતા નથી, અને પરિણામે ભવ્ય પ્રાસાદો નષ્ટ પ્રાયઃ થતાં જાય છે.

## બોલો, આ બધી સ્થિતિના નિવારણ માટે-

# આપણે શું કરીશું?

# પૂ. શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી મહારાજનો

# વીરયુવકને સંદેશ

હે વીર યુવક !

" **यौवनं क्षणभङ्गुरम्** " એ આપ્ત વાક્યને હૃદયપટ ઉપર સુવર્ણાક્ષરોથી કોતરી, યુવાનીની ઉન્મત્ત દશાથી દૂર રહી શ્રી અરિહંત ભગવંતના આગમોક્ત ઉપદેશને અનુસરવા ઉજમાળ થજે ! યૌવનની સફલતા સુંદર યુવતિઓના વિષય ભોગમાં આસક્ત રહેવામાં, નાના પ્રકારના એશ–આરામ, મોજમજાહ ભોગવવામાં નથી, પરંતુ એ યુવાવસ્થામાં ચંચલ ઇંદ્રિઓનું દમન કરી, અશુભ કર્મોપાર્જન કરવામાં કારણભૂત બાહ્ય પૌદ્ગલિક વિષયો તરફ દોડધામ કરતી ઇંદ્રિઓને અટકાવી, કર્મક્ષય–તેમજ શુભ કર્મ ઉપાર્જન કરવામાં નિમિત્તભૂત જિનદર્શનાદિ વિષયોમાં ગુલતાન કરી નિર્મલ આધ્યાત્મિક અધ્યવસાયો રૂપી લગામ વડે કાબુમાં રાખી, જિનેશ્વરોએ દર્શાવેલ સર્વ સાધનના ત્યાગરૂપ સર્વોત્તમ સર્વવિરતિ માર્ગનો સ્વીકાર કરજે. જેથી સ્વપર કલ્યાણ થશે. મોક્ષના મૂલ કારણભૂત સર્વવિરતિરૂપી સંયમ માર્ગની સાધના કરવામાં તારૂં સામર્થ્ય ન હોય તો પણ "સંયમના સેવનથીજ શિવ રમણીનો સંયોગ થવાનો છે, અન્યથા કદાપિ પ્રાણી શિવવધૂના ઉત્સંગમાં બેસી નિઃસીમ અવ્યાબાધ આનન્દનો અનુભવ કરી શકવાનોજ નથી " એમ સમજી સંયમ માર્ગ પ્રતિ સન્માન દ્રષ્ટિ રાખજે, અને સર્વવિરતિ માર્ગથી ઉતરતી કક્ષાના ને પરંપરાએ મોક્ષ સુખને આપવાવાળા દેશવિરતિ માર્ગનું યથાશક્તિ અવશ્ય આરાધન કરજે !

ભગવંતોએ ભવ્ય પ્રાણીઓના કલ્યાણને અર્થે દર્શાવેલા પૂર્વોક્ત સર્વવિરતિ અને દેશવિરતિ રૂપી બન્ને માર્ગનું સેવન સમ્યગ્દ્રષ્ટિજ કરી શકે છે, કારણ કે માર્ગ ગમે તેવો સ્વયં સુંદર હોય, પરિણામે સુખાકારી હોય, પરંતુ " આ માર્ગનું આલંબન લેવાથી ઇષ્ટ નગરીએ પહોંચી શકાય છે." એ પ્રમાણે અન્યના ઉપદેશથી તેમજ સ્વકીય નિર્મલ ચક્ષુદ્વારા જ્યારે જાણવામાં તથા જોવામાં આવે છે, ત્યારેજ પ્રાણી તે માર્ગનો આધાર લઇ ક્રમશઃ ઇષ્ટ નગરે પહોંચે છે. તે પ્રમાણે જ્યારે આત્મભુવનમાં સમ્યક્ત્વ રૂપી દીપક પ્રગટ થાય છે, ત્યારેજ તે દીપક માર્ગદર્શનમાં અંતરાયભૂત અંધકારનો વિનાશ કરી સર્વવિરતિ–દેશવિરતિ રૂપી માર્ગને પ્રગટ કરી આત્માને તે માર્ગે ચાલવાની પ્રેરણા કરે છે.

એ વીર યુવક !

તું પણ તારા આત્મભુવનમાં મિથ્યત્વાંધકારને દૂર કરનાર સમ્યક્ત્વ દીપકને પ્રગટ કર, અને વર્તમાનમાં જડવાદના કાલ્પનિક જમાનામાં ધર્મના યથાર્થ રહસ્યને નહિ સમજનારા સમાજ સુધારણા નિમિત્તે ધર્મના ઓઠા નીચે અનેક પ્રકારની કુયુક્તિઓ કરી નાના પ્રકારના વિતંડાવાદનો આશ્રય લઈ મુગ્ધ જનોને ભ્રમિત કરવા માટે અઠંગ

ઉઠમી થઇ રહેલા ઉન્માર્ગગામીઓને સમ્યક્ત્વ દીપકથી સન્મુખ કર. તારા સતત ઉદ્યમથી, એકાંત ઉપકાર બુદ્ધિથી, તે ઉન્માર્ગગામીઓ સન્માર્ગે સન્મુખ થાય તો સુવર્ણમાં સુગંધ સદૃશ્ય છે, પરંતુ ઉન્માર્ગીઓને સન્માર્ગી કરવા જતાં તું પોતે તેઓની કુયુક્તિ રૂપી જાળમાં ફસાઇશ નહિ.



સમ્યક્ત્વ દીપકથી સ્વયં સમ્યગ્ દૃષ્ટિ થજે, અને ભગવંતોએ પ્રરૂપેલા પ્રવર પંથને પ્રકૃષ્ટપણે પ્રમાણિક માની શકય હોય ત્યાં સુધી હે યુવક ! સમ્યક્ત્વ દીપકથી દેદિપ્યમાન થએલા તારા આત્મા ઉપર સર્વવિરતિ રૂપી ગ્લોબ (ચીમની) ચડાવજે, જેથી પ્રકાશમાં ઓર વૃદ્ધિ થશે, અને પરિણામે એકાંત સુખ સામ્રાજ્યને પ્રાપ્ત કરનારો થઇશ. ઇતિ.

# સાચી કેળવણી.

:: લેખક ::

પૂ. આગમોદ્ધારક, સાગરાનંદસૂરીશ્વરજી
મહારાજ.



આજના જમાનામાં કેળવણી શબ્દ આબાલગોપાલ એટલો બધો પ્રસિદ્ધ છે કે તેને જણાવવાને માટે કાંઇ પણ પ્રયત્ન કરાય, તે પિષ્ટપેષણ જેવોજ લાગે: છતાં પણ તે શબ્દ કયા અર્થને કરે છે અને તે કયાં રૂઢ થયો છે, તેમજ તેને તે અર્થમાં રૂઢ થવાનું કારણ શું?, એ વિગેરે હકીકતથી ઘણા ઓછા લોકો માહિતગાર હશે. કેળવણી શબ્દ જો કે સંસ્કૃતની અપેક્ષાએ **कल्** ધાતુ કે **किल्** ધાતુ જે પહેલા ને આઠમા ગણના છે, તે ઉપરથી બનાવી શકાય. પણ અપભ્રંશમાં તેનો થયેલો કેળવવું એવો અર્થ તે ઘણાજ પૂર્વકાલથી પ્રચલિત થએલો છે, કેમકે કણેકને ગુંદીને તૈયાર કરવામાં આવે છે ત્યારે કણેકને કેળવી એમ કહે છે, માટીને પણ ગુંદીને તૈયાર કરવામાં આવે છે ત્યારે પણ માટીને કેળવી એમ કહે છે. આ ઉપરથી વાચક વર્ગ સ્હેજે સમજી શકશે કે કેળવાવું તેનુંજ નામ છે કે ઇષ્ટ કાર્યની સિદ્ધિને માટે લાયક થવું, અને તેજ અર્થને અનુસરીને શારીરિક, માનસિક, વ્યવહારિક, અને ધાર્મિક જેવા વિષયોમાં તૈયાર થવું, તેને કેળવણી શબ્દના અર્થને જાણનારાઓ કેળવાયલા તરીકે ગણે છે. આમ છતાં પણ કેળવણી શબ્દ વિશેષે કરીને શિક્ષણને લાગુ પડાય છે અને તેથી શિક્ષિત મનુષ્ય કે જે શરીરમાં કૌવત વગરનો હોય, વિચારશક્તિમાં શૂન્ય હોય, વ્યવહાર માટે તદ્દન અનભિજ્ઞ હોય, અને ધર્મનું શ્રદ્ધાન ન હોય તથા જ્ઞાન પણ ન હોય, તો પણ સ્કૂલ, કૉલેજનું શિક્ષણ લઇને ઊત્તિર્ણ થએલ હોય તેને કેળવાયેલો કહેવામાં આવે છે. જગતનો વ્યવહાર જ્યારે તેવા શિક્ષિતોનેજ કેળવાએલ કહે છે, તો આ લેખમાં પણ તેવી જ કેળવણીને ઉદ્દેશીને કાંઇક કહેવામાં આવશે.

જગતમાં સામાન્ય રીતે દરેક ચીજ સારા અગર ખરાબપણે પરિણમે છે. જેના સંયોગો સારા હોય છે તેને સારાપણે પરિણમે છે, અને જેના સંયોગો ખરાબ હોય તેને તે ખરાબપણે પરિણમે છે. કોઈ પણ મનુષ્ય આ વાતથી અજાણ્યો નથી કે છીપમાં પડેલું સ્વાતિ નક્ષત્રના વરસાદના પાણીનું ટીપું જે મોતીરૂપ બને છે, ત્યારે તેજ ટીપું લીમડાના ઝાડમાં ગયું હોત તો કટુકતા રૂપેજ પરિણમત, અને સર્પના મુખમાં પડયું હોત તો ઝેર રૂપેજ પરિણમત. ધર્મ શાસ્ત્રની અપેક્ષાએ લઇએ તો જે દેવ, ગુરુ, અને ધર્મ રૂપી તત્ત્વત્રયી આરાધન કરવાથી ભવ્ય જીવને મોક્ષ દેનારી થાય છે, તેજ તત્ત્વત્રયી શાસનદ્રોહીઓને વિરાધના દ્વારા દુર્ગતિને દેનારી થવા સાથે સંસારને વધારનારી થાય છે. આ હકીકત ધારીને કોઇ પણ સુજ્ઞ મનુષ્ય એમ નહિ કહી શકે કે જ્યારે તત્ત્વત્રયી આરાધકને તારે છે અને વિરાધકને ડુબાડે છે તો તે તત્ત્વત્રયીજ સુંદર છે, એમ કેમ ગણાય? વળી તે તત્ત્વત્રયીના આરાધક થોડાજ હોય અને વિરાધક તો ઘણાજ હોય, એ સ્વાભાવિકજ છે તો પછી તત્ત્વત્રયી ઘણા જીવોનું અકલ્યાણ કરનાર થઇ, માત્ર થોડા જીવોનુંજ એનાથી કલ્યાણ થયું, તો ઘણા જીવોનું નુકસાન કરનાર અને થોડા જીવોને ફાયદો કરનાર એવી તત્ત્વત્રયી સુંદર કહેવાયજ કેમ? આમ નહિ બોલવાનું કારણ એજ કે તત્ત્વત્રયીનો પ્રાદુર્ભાવ જીવોને તાર-

વાને માટેજ કરવામાં આવેલ છે, અને તેની આરાધના કરનારાઓનેજ ઉદ્દેશીને તેનો ઉપદેશ કરવામાં આવેલો છે. છતાં કાંઈક નિર્ભાગ્ય જીવો તેની વિરાધના કરે અને દુર્ગતિમાં રખડે તેમાં તત્ત્વત્રયીનો ઉદ્દેશ ન હતો. સૂર્યના ઉદ્યોતથી કાંટાથી બચવાનું થાય છતાં આંખો મીંચીને ચાલનાર મનુષ્ય કાંટાથી બચે નહિ, અગર આંખના રોગવાળા મનુષ્યની આંખો મીંચાય અને તેથી તે કાંટો ન દેખતાં તે કાંટામાં જઇ પડે તેમાં સૂર્યનું અસુંદરપણું કહેવાયજ નહિ. ઉપર જણાવેલી હકીકતથી કેળવણીનું પણ સુંદર અને અસુંદરપણું માનવું એ સ્વાભાવિકજ થશે, કારણ કે જે શિક્ષિત મનુષ્ય ધર્મની શ્રદ્ધાવાળો નહિ હોય, પરમેશ્વરનાં શાસ્ત્રોને નહિ માનતો હોય, ત્યાગી અને સત્યવક્તા ગુરૂ મહારાજના ઉપદેશ તરફ લક્ષ્ય નહિ રાખતો હોય, તે પાપથી કે દુર્ગતિથી ડરવાવાળો નહિ થાય, એ વાત ચોકકસ છે. અને જે મનુષ્ય પાપ અને દુર્ગતિથી ડરવાવાળો નહિ થાય તે મનુષ્ય તપસ્યાને પીડા, અને સંયમને ભોગવંચના ગણનારો થયા સિવાય રહેશે નહિ. અને તેથીજ તેવા મનુષ્યનું શિક્ષણ જગતને શ્રાપ સમાનજ થશે. કારણ કે જુઠ્ઠા દસ્તાવેજ કરનારાઓ, જુઠ્ઠી સાક્ષી પૂરનારાઓ, જુઠ્ઠા કેસો ઉભા કરનારાઓ, ખોટી સહી કરનારાઓ, ખોટા સિક્કા બનાવનારાઓ, રંડીબાજો, શરાબખોરો અને લાંચ રૂશ્વતખોરો યાવત્ ચોર અને જુગારીઓ પણ અશિક્ષિત હોતાજ નથી. તો પછી ધાર્મિક શિક્ષણ અને શ્રદ્ધાવાળા મનુષ્યોને મળતા શિક્ષણ સિવાયના શિક્ષણને સારી કેળવણી કોઇ દિવસ કહી શકાયજ નહિ. અને જ્યારે તેવા અનીતિને તથા અધર્મને પોષણ કરનારા શિક્ષણથીજ તે બીચારા શિક્ષિતો વિવેકી જનોમાં ધિક્કારને પાત્ર થાય અને આવતો ભવ પણ પોતાનો બગાડે તે શિક્ષણને ખોટી કેળવણી કહેવી પડે તેમાં આશ્ચર્ય શું ? જો કે તેવા અનીતિ અને અધર્મને પોષનારા શિક્ષિતો ‘આ ભવ મીઠા, પરભવ કોણે દીઠા ?’ એ કહેવતને ચરિતાર્થ કરીને પોતાના તેવા શિક્ષણથી રાજી થાય પણ વિવેકી લોકો તે શિક્ષણ જગતને શ્રાપ સમાન છે, એમ માન્યા વગર કદી પણ રહે નહિ. આવાજ કારણથી આસ્તિક, નીતિવાન્, અને સમજુ વર્ગ તેવા શિક્ષણ લેનારાઓને, સ્વપ્ને પણ એક કોડીના પણ સહાયકારક થઇ શકતા નથી, કારણ કે ધર્મ અને નીતિના શિક્ષણને દેનારા જેમ પોતાનું કલ્યાણ માને છે, તેમજ તેમાં મદદ કરનારા પણ પોતાનું કલ્યાણ માને છે, અને વાસ્તવિક છે પણ તેમજ : કારણકે નીતિમાં અને ધર્મમાં પ્રવેશ કરનારો, કરાવનારો અને તેને સહાય કરનારો ત્રણે સદ્‌ગતિના ભાગી બને છે. જેવી રીતે નીતિ અને ધર્મના શિક્ષણથી ઉપર જણાવ્યા પ્રમાણે શુભફલની શ્રેણી ઉપસ્થિત થાય છે, તેવીજ રીતે અધર્મ અને અનીતિના શિક્ષણને દેનારા, લેનારા, અને તેમાં મદદ કરનારા પણ દુર્ગતિના ભાગી થાય છે, તો કયો સમજુ મનુષ્ય પૈસા ખર્ચીને દુર્ગતિ બાંધવા તૈયાર થાય? જ્યારે કોઇ પણ મનુષ્ય પૈસા ખર્ચીને દુર્ગતિ બાંધવા તૈયાર ન થાય એ સ્વાભાવિક છે, તો પછી તેવી અનીતિ અને અધર્મને પોષનાર કેળવણીને કોઇ પણ ધર્મી મનુષ્ય મદદ ન કરે એ સ્વાભાવિકજ છે. મદદ નહિ કરવાનું કારણ કેળવણીને ખરાબ ગણીને નહિ, પણ કેળવણી લેનારાઓ ધર્મના જ્ઞાન અને શ્રદ્ધા વગરના હોવાથી તે કેળવણી જગતના શ્રાપસમાન થશે, તેમ ધારીનેજ તેવી કેળવણીમાં કોડીભરની પણ મદદ ધર્મિષ્ઠો કરતા નથી. આ ઉપરથી એટલું તો નક્કી સમજાશે કે શ્રદ્ધાયુક્ત મનુષ્યોનું શિક્ષણ તેજ સાચી કેળવણી કહી શકાય અને શ્રદ્ધારહિતોનું શિક્ષણ તે ખોટી કેળવણી છે.

જેમ વરસાદનું પાણી સામાન્ય રીતે એકરૂપ હોય છે, છતાં જુદા જુદા આશ્રયોને લીધે તેનું પરિણામ જુદું જુદું આવે છે તેવીજ રીતે અક્કલ અને શાસ્ત્ર સામાન્યથી જ્ઞાન સ્વરૂપ છે પણ જ્યારે તે અક્કલ અને શાસ્ત્ર શ્રદ્ધાવાળા આત્મામાં હોય છે ત્યારે તે સમ્યગ્ જ્ઞાન તરીકે ગણાય છે અને તેજ અક્કલ અને શાસ્ત્ર અંધશ્રદ્ધાવાળામાં હોય છે, ત્યારે તેજ અજ્ઞાન કહેવાય છે.

જો કોઇ નીતિશાસ્ત્ર, અર્થ શાસ્ત્ર, કાવ્ય, તર્ક, અલંકાર વિગેરે જ્ઞાનોને જૈન શાસ્ત્રકારો કેટલીક જગોએ લૌકિક જ્ઞાન જણાવે છે, છતાં લોકોત્તર જ્ઞાનથી તે જ્ઞાનોને ભિન્ન ગણે છે અને તેથીજ કેટલેક સ્થાને શાસ્ત્રકારો તે રાજનીતિ આદિના જ્ઞાનને અજ્ઞાનજ ગણે છે, જ્યારે નંદીસૂત્ર સરખા સૂત્રમાં તે રાજનીતિ વિગેરેના જ્ઞાનને સ્પષ્ટપણે અજ્ઞાન તરીકે ગણાવવામાં આવે, ત્યારે તે જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને છોડવા લાયક થાય તેમાં આશ્ચર્ય શું ?

શાસ્ત્રકારો **एगमेव अन्नाणं** એ વાકય કહીને સ્પષ્ટપણે અજ્ઞાનનો ત્યાગ કરવા માટે, તેમાં મદદગાર નહિ થવા માટે, અને તેને સારૂં નહિ ગણવા માટે જણાવે છે, તો પછી કયો ભવ્ય જીવ મહાપુરુષોના વચનને ઓલંગીને પોતાની મતિકલ્પનાથી તેવા જ્ઞાનને પોષણ કરવા તૈયાર થશે ? આ સ્થળે યાદ રાખવું જરૂરી છે કે જ્યોતિષાદિક જ્ઞાન ભવભેદમાં અંતરિક્ષાદિ ૨ ભેદો શાસ્ત્રકારોએ પાપશ્રૂત તરીકે ગણાવેલાં છે અને તેમાં ધર્મ કે સારાપણું માનનારને સાફ સાફ મિથ્યાદ્રષ્ટિ ગણાવેલ છે, તો શાસનપ્રેમી મનુષ્ય તેવા મિથ્યાદ્રષ્ટિપણામાં કોઇ દિવસ પણ આગેવાન થઇ શકેજ નહિ. જ્યારે અક્કલ અને શાસ્ત્રને અંગે અજ્ઞાનપણાની ઉપરોકત રીતે ત્યાજ્યતા છે, ત્યારે ખૂદ અતીન્દ્રિય અજ્ઞાન જે મિથ્યાદ્દષ્ટિને હોય છે, તે જ્ઞાનનું નામ શાસ્ત્રકારો વિભંગજ્ઞાન કહે છે, ને તે સાત પ્રકારનું હોય છે, છતાં તે સાતે પ્રકારના વિભંગ જ્ઞાનને શાસ્ત્રકારો **सत्तविहं चेव नाणं विभंगम्"** એ વાક્યથી સ્પષ્ટપણે છાંડવા લાયક જણાવે છે, અને તેથીજ શ્રીમાન્ મહાવીર મહારાજાના વચનથી શિવરાજર્ષિનું વિભંગ જ્ઞાન ચાલ્યું ગયું તોપણ તેમાં તેને અપકાર થયો એમ ગણાયું નહિ. ઉપર જણાવેલી હકીકતથી તેમજ શ્રાવકોને પણ અજ્ઞાનથી ત્રિવિધ, ત્રિવિધ વિરમવાનું હોવાથી કોઇપણ શ્રદ્ધાળુ કે કલ્યાણાર્થી શ્રાવક તેવા અજ્ઞાનને પોષવા તૈયાર થાયજ નહિ.

જો કે કેટલાક પાપશ્રૂતવાળાઓનો અથવા તો અજ્ઞાનવાળાઓનો ચારે પ્રકારના સંઘને ખપ પડે છે, પણ તેથી તે અજ્ઞાન અનુમોદના યોગ્ય કે વધારવા યોગ્ય તો કહેવાયજ નહિ. જેમકે ગૃહસ્થ અવિરતિપણાને લીધેજ આરંભ સમારંભ કરી પૈસો મેળવે અને પાણી અગ્નિ આદિનો આરંભ કરીનેજ રસોઇ આદિ બનાવે અને તે રસોઇનો સાધુઓને હંમેશ ખપ હોય છે, છતાં કોઇ પણ શાસનપ્રેમી સાધુ કે શ્રાવક તે અવિરતિને. તે આરંભ સમારંભને, દ્રવ્યને, કે રસોઇના કામને ધર્મ તરીકે માની કે મનાવી શકેજ નહિ. વળી મનુષ્યપણામાં અસંયમથી જન્મ થાય, આરંભ સમારંભથી પોષાય ને તેજ મનુષ્ય દીક્ષા લે તો તે દીક્ષા લેવાનું કાર્ય ઉત્તમ છતાં તેના કારણમાં રહેલા અધર્મને કોઇપણ સમજુ મનુષ્ય ધર્મ માની શકેજ નહિ. તેવીજ રીતે અહીં પણ કદિ તેવા વૈદક કે જ્યોતીષાદિકનો આશ્રય સંઘને લેવો પડે એટલા માત્રથી તે અજ્ઞાનને જ્ઞાન તરીકે માની શકાયજ નહિ. આટલા ઉપરથી સ્પષ્ટ થશે કે કાર્ય દશાના ધર્મથી કારણદશાનું ધર્મપણું માનવુંજ જોઇએ, એમ કહેવું તે નીતિ અને શાસ્ત્રથી વેગળુંજ છે.

સામાન્ય રીતે જ્ઞાનનું જ્ઞાનપણું છતાં પણ સમ્યગ્જ્ઞાનપણું અને મિથ્યાજ્ઞાનપણું ભણનારની અપેક્ષાએજ થાય છે, છતાં દ્વાદશાંગીનું જ્ઞાન, તે મુખ્યતાએ સમ્યગ્જ્ઞાન કહેવાય. જો કે તેમાં પણ કાંઈક ન્યૂન દશ પૂર્વ સુધીનું જ્ઞાન તે ભજનાવાળું જ્ઞાન છે, કેમકે તેને ત્યાં સુધીનો ભણનારો જો સમ્યગ્દ્રષ્ટિ હોય તો તે સમ્યક્પણે પરિણમે છેઃ તેથી તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાય છે અને જો તેને ભણનારો શ્રદ્ધાહીન, મિથ્યાદ્રષ્ટિ હોય તો તેનામાં દશ પૂર્વ સુધીનું જ્ઞાન તે અજ્ઞાન કહેવાય. એવી રીતે જો કે રહેલું તેજ કાંઈક ન્યૂન દશ પૂર્વની પહેલાનાં જૈનશાસ્ત્રના જ્ઞાનને પણ સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન એ બેમાંથી ભજના તરીકે ભણનારની અપેક્ષાએ ગણવામાં આવે છે. છતાં પણ સર્વ દ્વાદશાંગીનું જ્ઞાન સામાન્ય રીતે સમ્યગ્જ્ઞાનજ કહેવાય છે, કારણ કે તેના રચનારાઓએ તે જ્ઞાન હેય, જ્ઞેય, ઉપાદેયના વિભાગને જણાવવા માટેજ કહેલું છે ને તેવા ઉદ્દેશથી તે શાસ્ત્ર રચાયેલ હોવાથી તેને સમ્યગ્જ્ઞાન તરીકે ગણવુંજ પડે છે. તેવીજ રીતે વેદ, પુરાણ, સ્મૃતિ, રાજનીતિ, વૈદક, જ્યોતીષ વિગેરેનાં જ્ઞાનો વિરતિના કે હેય, જ્ઞેય, ઉપાદેયના વિભાગ જાણવાને અંગે રચવામાં નહિ આવેલાં હોવાથી તેને અજ્ઞાન તરીકે ગણવામાં આવે છે. જો કે તેજ અજ્ઞાનમય શાસ્ત્રોને સમ્યગ્દ્રષ્ટિ હેય, જ્ઞેય, ઉપાદેયના વિભાગપૂર્વક ગ્રહણ કરે તો તે સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમે, એમ શાસ્ત્રોકારો સ્પષ્ટપણે કહે છે. છતાં તેની રચનામાં તેના રચનારનો ઉદ્દેશ તે નહિ હોવાથી તથા સ્વરૂપે કરીને પણ તે શાસ્ત્રો તેવાં નહી હોવાથી તે શાસ્ત્રોને મિથ્યાજ્ઞાનની કોટીમાં મેલવાંજ પડે છે. આ હકીકતથી વાંચકને સ્પષ્ટપણે માલમ પડશે કે જૈનશાસ્ત્રનું જ્ઞાન કે વૈદક, જ્યોતિષ, આદિનું જ્ઞાન કાંઈપણ જ્ઞાન લો પણ તે ફક્ત શ્રદ્ધાવાળાનેજ તે સમ્યગ્ જ્ઞાન રૂપ છે, અને જેઓને શાસ્ત્ર વચન પ્રમાણે હેય, જ્ઞેય, ઉપાદેયનું જ્ઞાન નથી કે શ્રદ્ધા નથી, તેવાઓને કોઇપણ પ્રકારનું જ્ઞાન પછી તે જૈનશાસ્ત્ર સંબંધી હો, કે અન્યશાસ્ત્ર સંબંધી હો, ચાહે તે હો, પણ તે મિથ્યા જ્ઞાનજ કહેવાય છે. અત્રે યાદ કરાવવાની જરૂર નથી કે મિથ્યાજ્ઞાનને પોષનારો ભવાંતરમાં પણ સમ્યગ્જ્ઞાન પામવાને લાયક થતો નથી, અને તેથીજ સમજુ મનુષ્ય તેવા જ્ઞાનને નહિ પોષતાં કેવળ સમ્યગ્જ્ઞાન કે જે હેય, જ્ઞેય, ઉપાદેયના વિભાગને જાણનાર અને માનનારમાંજ રહે છે તેનું પોષણ કરે છે. જ્યારે સામાન્ય રીતે શ્રદ્ધારહિતોનું સામાન્યજ્ઞાન કોઇ પણ રીતે પોષણ કરવા લાયક નથી અને તે અજ્ઞાનજ છે, તો પછી જેમાં પંચેન્દ્રિય સુધીના જીવોની હાથે કરીને હત્યા કરીને જે જ્ઞાન મેળવાય, તેવામાં મદદગાર થવું અને તેમાં ધર્મ માનવો કે મનાવવો એ સમ્યગ્દ્રષ્ટિથી બનેજ કેમ?

જો કે આ જમાનાના શિક્ષણ લેનારાઓ બધા અનીતિવાળા, અધર્મી કે શ્રદ્ધાવિહીનજ છે, એમ કહી શકાય નહિ અને હોવું પણ નજ જોઇએ. છતાં આજકાલ ધનિષ્ટ જૈનોના પૈસાથી ચાલતી જૈનસંસ્થાઓમાં ચાલુ અભ્યાસ કરતા અને ઉત્તિર્ણ થએલા મનુષ્યો તરફ ધ્યાન દઇએ અને ધર્મદ્રષ્ટિએ તેમનું વર્તન તપાસીએ, તેનાં વચનો સાંભળીએ, તેમજ તેના વિચારો જાણવામાં આવે તો તે મિથ્યાજ્ઞાનના પોષણમાં કેવા રંગાયેલા છે અને તે રંગ તેમને ચાલુ સંસ્થાઓમાંથી કેવી રીતે લાગ્યો છે, તે જણાયા સિવાય રહેશે નહિ. ધર્મવિરોધી કાર્યમાં આગેવાની લેનારા, સંઘ સરખા અપૂર્વ કાર્યમાં પિકેટિંગ કરવા તૈયાર

થવાવાળા, તેવા પિકેટિંગમાં સહાનુભૂતિ દાખવનારા, સર્વવિરતિ સરખા જૈનશાસનના અદ્વિતીય ધ્યેયને નિંદનારા, જ્યારે દેખીએ છીએ ત્યારે સ્પષ્ટપણે માનવું પડે છે કે આ લોકોનું શિક્ષણ કેવળ અજ્ઞાનમયજ છે. આવા શિક્ષણમાં મદદ કરનાર, અને મદદ કરાવનાર બંને ઉપર જણાવેલા અધમ કાર્યના સહાયક થાય છે, એમ માની કોઇપણ ધર્મિષ્ઠ પ્રાણી તેવાઓને મદદ કરવા એક ક્ષણભર પણ વિચાર કરે નહિ.

સમ્યગ્દ્રષ્ટિએ કયા જ્ઞાનમાં મદદ નહિ કરવી અને તે શા કારણથી નહિ કરવી તે આપણે ઉપર જોઇ આવ્યા. અને તેનું કારણ દેખીએ તો ખરી રીતે સાચી કેળવણીનો અભાવ એજ કહી શકાય.

સામાન્ય રીતે જ્યારે શાસ્ત્રને સમ્યગ્શાસ્ત્ર કહેવું કે મિથ્યાશાસ્ત્ર કહેવું તે તેના માલીકની પરિણતિ ઉપર આધાર રાખે છે. જો કે તેના રચનારાઓને તેઓના ઉદ્દેશ, તથા શાસ્ત્રના સ્વરૂપ ઉપર પણ સમ્યક્શાસ્ત્ર કે મિથ્યાશાસ્ત્રપણાનો આધાર રહે છે અને તેથી મોક્ષને ઉદ્દેશીને તેના કારણોની સિદ્ધિ કરનાર શાસ્ત્રોજ સ્વરૂપે કરીને સમ્યક્શાસ્ત્ર ગણાય છે અને તે સિવાયનાં એટલે કે મોક્ષ સિવાય અર્થ, કામ આદિને ઉદ્દેશીને કરેલાં શાસ્ત્રો સમ્યક્શાસ્ત્રો ગણાતાંજ નથી અને તેથીજ સ્થાન સ્થાનપર આવશ્યકાદિ શાસ્ત્રોને સમ્યક્શાસ્ત્ર ગણવામાં આવે છે, તથા જ્યોતિષ, વૈદકાદિને પાપશાસ્ત્ર માનવામાં આવેલ છે. તો વ્યાવહારિક કેળવણી કે જે કેવળ દ્રવ્ય કમાવા માટે, દ્રવ્યનું રક્ષણ કરવા માટે, અને પેટ ભરવા માટે તથા કુટુંબકબીલા માટેજ દેવામાં આવે છે, તેને ઉપરના ન્યાય પ્રમાણે પાપ-શાસ્ત્ર કેમ ન કહેવાય ? આજ મુદ્દાથી શાસ્ત્રકારો સાધુઓને પ્રાયશ્ચિત દેવાનો પ્રસંગમાં ગૃહસ્થોને કે અન્ય મતાવલંબીઓને અક્ષર જ્ઞાન વિગેરે શિખવવામાં પ્રાયશ્ચિત જણાવેલું છે, તેમજ દશવૈકાલિકકાર, સમર્થ શ્રુતધર, ચૌદપૂર્વી, શ્રીમાન્ શય્યમ્ભવસૂરીશ્વરજી પણ,

**नखत्तं सुमिणं जोगं निमित्तं मंतभेषजम् ।**
**गिहिणो तं न आइ्क्खिज्जा भूयाहिं गरणं पदम् ॥**

આ ગાથા કહીને સાફ સાફ જણાવે છે કે નક્ષત્રાદિ વિદ્યા જીવહિંસાનું મૂળ સ્થાનક છે અને તેથીજ નક્ષત્ર, સ્વપ્ન–યોગ, નિમિત્ત, મંત્ર, વૈદક, ગૃહસ્થોને સાધુઓએ કહેવું નહિ. આવીજ રીતે ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ સ્વપ્ન, નક્ષત્ર, નિમિત્તાદિકના પ્રયોગ કરનારને કુશીલીયામાંજ ગણાવેલા છે. આ ઉપર જણાવેલાં દશવૈકાલિક વિગેરે શાસ્ત્રોનાં વાકયોથી શ્રદ્ધાળુ મનુષ્ય સહેલાઈથી સમજી શકશે કે ધર્મશાસ્ત્ર સિવાયનું શિક્ષણ દેવું, દેવડાવવું, કે દેતાને સારા જાણવા તેમાં સાધુઓને પ્રાયશ્ચિત લાગે છે, અને તેવા પ્રાય-શ્ચિતના કામમાં જે સાધુ પોતે ધર્મ માને, મનાવે તો તેવાને અધર્મમાં ધર્મબુદ્ધિ કરનારો કેમ ન ગણવો ? અને જો તેવો સાધુ તેવી બુદ્ધિ ધરાવે તો તેને મિથ્યાદ્રષ્ટિ કહેવામાં શાસ્ત્રની શ્રદ્ધાવાળાઓને લેશ પણ આંચકો ન લાગે તેમાં નવાઇ નથી. એવી શંકા નહિ કરવી કે સાધુનો વેષ ધારણ કર્યો હોય, પંચમહાવ્રત પાળતા હોય, અને જિનેશ્વર મહા-રાજને આરાધન કરવાની સાથે લોકોને ધર્મોપદેશ આપતા હોય તેવાને મિથ્યાદ્રષ્ટિ કેમ કહેવાય ? કેમ કે શાસ્ત્રની અપેક્ષાએ જે મનુષ્યને શાસ્ત્રોક્ત કથનમાંથી એક પણ અક્ષરની શ્રદ્ધા ઓછી હોય તો, બાકીનાં બધાં શાસ્ત્રોની રૂચિ છતાં પણ તે મનુષ્યને મિથ્યાદ્રષ્ટિ કહેવો

જોઈએ, એ નિશ્ચિત છે. અને તેવા મિથ્યાદ્રષ્ટિનો સંસર્ગ કરવો, તેની પ્રશંસા કરવી, તેનો પરિચય કરવો, તેને નમન કરવું, અને તેને દાન વિગેરે આપવું, યાવત્ વગર બોલાવ્યા તેની સાથે બોલવું, તે પણ શ્રદ્ધાળુઓને કર્મબંધનું કારણ છે, તો પછી જેઓ આશ્રવને અને પાપબંધનનાં કારણોને સંવર, નિર્જરા, ધર્મ, પુણ્ય, અને મોક્ષનાં કારણો તરીકે પ્રરૂપવા તૈયાર થાય, તેવા વર્તમાન જમાનામાં સાધુના વેષને ધારણ કરનારા હોય તેટલા માત્રથી કેમ પૂજ્ય ગણી શકાય? યાદ રાખવાની જરૂર છે કે, મહાવીર મહારાજના નિર્વાણ પછી થએલા નિહ્નવો સાધુવેષધારી હતા, પંચમહાવ્રત પાળતા હતા, વિગેરે સમગ્ર સાધુની ક્રિયા કરતા હતા, છતાં શ્રી જિનેશ્વર મહારાજના સત્ય અને શુદ્ધ શાસનને અનુસરવાવાળા આચાર્યાદિ સકલ સંઘે તેઓને દૂરજ કર્યા. જો કે વર્તમાન કાલમાં તેવા અતિશય પ્રતાપી કે પૂર્વધર મહાત્મા નથી અને તેથી કોઈ એક પદાર્થ ઉત્થાપે કે વિપરીત પ્રરૂપણા કરે તેવાને નિહ્નવ તરીકે જાહેર કરી, નિહ્નવની કોટિમાં બેસાડી શકાય નહિ તોપણ શાસ્ત્રોના સ્પષ્ટ પાઠોને ઉથલાવી તેના ઉલટા અર્થો કરે અને ઘાતકીપણું પ્રવર્તાવે તથા અનાચારને શાસ્ત્રના નામે પોષણ આપવા તૈયાર થાય, તેવાઓને મિથ્યાદ્રષ્ટિ ગણવા, એ તો દરેક શાસ્ત્ર જાણનાર અને શ્રદ્ધાવાળા મનુષ્યોની ફરજજ છે.

વાચક વર્ગે આ ઉપરથી એમ શંકા નહિ કરવી કે ગૃહસ્થવર્ગ અર્થ, કામના શિક્ષણમાં તૈયાર થયો હશે તો તે ધર્મનો ઉદ્ધાર કરશે. શ્રીમાન્ વિમલશા મંત્રી, તેમજ વસ્તુપાલ તેજપાલ, ભામાશા વિગેરે પૂર્વ કાળના સદ્‌ગૃહસ્થો અર્થ, કામના જોડલાથી સંપન્ન હોવાને લીધેજ તીર્થાદિકનાં ઉત્તમ કાર્યો કરી શકયા છે, તેવી રીતે વર્તમાન કાળના ગૃહસ્થો પણ અર્થ, કામ રૂપી જુગલની શક્તિવાળા હશે તોજ ધર્મને દીપાવશે અને તેની ઉન્નતિ કરશે. માટે ગૃહસ્થોના અર્થ અને કામ પુરુષાર્થની સંભાળ સાધુઓએ કરવી જોઇએ અને તેમ કરવાથીજ ધર્મનો ઉદય થાય. આવી શંકા નહિ કરવાનું કારણ એજ કે જે જે ધર્મનાં કાર્યો છે તેજ માત્ર નિર્મમત્વભાવથી થતાં હોવાને લીધે અનુમોદના કરવા યોગ્ય છે, પણ તે ધર્મકાર્યોને અંગે મમત્વભાવ પૂર્વક જે અર્થોપાર્જનાદિકનાં પાપો થાય તેને અનુમોદના કરવા લાયક કહી શકાયજ નહિ. વિમળશા મંત્રી વિગેરેનાં યુદ્ધ, લુંટ આદિ કાર્યોને કોઈ પણ શાસ્ત્રકારોએ ધર્મ તરીકે ગણાવેલાં જ નથી. શું તમને એ વાત યાદ નથી કે શાસ્ત્રકારો કેવળ ધર્મને માટે પણ દ્રવ્યોપાર્જન કરવાની ના પાડે છે? જ્યારે એકલા ધર્મને માટેજ પેદા કરાતું દ્રવ્ય નિષેધ્ય ગણાય તો પછી જે હુન્નરકળા દ્રવ્ય ઘણે ભાગે ઉદરપૂર્તિ કે દ્રવ્યોપાર્જનને માટે હોય, કોઇક વખતજ માત્ર તેનો સદુપયોગ થતો હોય, તેટલા માત્રથીજ તેને ધર્મ તરીકે ગણનાર કે ગણાવનાર મનુષ્ય શાસ્ત્રકારના મુદ્દાથી કેટલો બધો દૂર જાય છે, તે તમે સ્હેજે સમજી શકસો. ઉપરોક્ત વિવેચનથી શંકા થશે કે જ્યારે ધાર્મિક શિક્ષણ સિવાયનું બધું શિક્ષણ સ્વરૂપે પાપરૂપ છે અને તેવી કેળવણી ખોટી કેળવણીજ કહેવાય તો પછી તેવી કેળવણીનું પોષણ કેટલાક મહાત્માઓ કરે છે, તે કેમ કરતા હશે? આવી શંકા નહિ કરવાનું કારણ એજ કે જેમ છોકરો નાની ઉંમરમાં હોય ત્યારે દવાના ગુણને સમજતો નથી, પણ મિષ્ટાન્નનેજ માત્ર સારૂં ગણે છે, ત્યારે તેનાં હિતૈષી માતપિતાઓ તે છોકરાના રોગને નિવારણ કરવાને માટે ઔષધ દેવાની લાગણી-

વાળાં છતાં તે છોકરો એકલો ઔષધ ન લે તો તે ઔષધને ગોળ સાકરમાં ભેળવીને અગર તો મિષ્ટાન્નની લાલચ આપીને છોકરાને ઔષધ આપે છે. જો કે છોકરો રોગી હોવાથી તેને થોડું પણ મિષ્ટાન્ન આપવું, એ માબાપને રૂચિકર લાગતું નથી, છતાં છોકરાને તેવી સમજણ ન હોવાથી તેમજ છોકરો મિષ્ટાન્ન વગર ઔષધ ન લેતો હોવાથી મિષ્ટાન્નને ત્યાજ્ય ગણવા છતાં માતપિતા મિષ્ટાન્ન સાથે દવા આપે છેઃ તેવીજ રીતે ભવ્ય જીવ પણ અનાદિકાલની પરિગ્રહસંજ્ઞાની વાસનાને લીધે પરિગ્રહ અને તેનાં સાધનો તરફજ લાગેલો રહે છે અને તેથીજ તેના કારણભૂત વ્યવહારિક શિક્ષણ લેવા માટે તત્પર થાય છે. તો તેવા જીવોને ધાર્મિક શિક્ષણ નિરંતર અને લાઇનસર આપવા માટે મહાત્માઓ વ્યવહારિક કેળવણીને જોડે તેમાં નિષેધ કરતા નથી. એમ નહિ કહેવું કે મહાત્માઓના ઉપદેશને અનુસરવાવાલા શ્રદ્ધાળુ જીવો શા માટે એકલા ધાર્મિક શિક્ષણને આપનારી, શાળાઓ કાઢતા નથી? આમ નહિ હોવાનું કારણ એજ કે જ્યારે વ્યવહારિક શિક્ષણ વિના એકલું ધાર્મિક શિક્ષણ આપી શકાય છે, અને તેમાં ભવ્ય જીવો રસથી જોડાય છે, ત્યાં ત્યાં એકલી ધાર્મિક શિક્ષણ આપનારી પાઠશાળાઓ કરવામાં આવે છે, પણ ત્યાંની શિક્ષણની અનિયમિતતા, ત્રુટિ અને વૃદ્ધિનો અભાવ દેખીને જે ખર્ચમાં ઘણી ધાર્મિક પાઠશાળાઓ નભાવાય, તેજ ખર્ચમાં તે પાઠશાળાઓ કરતાં ઘણાં છોકરાઓને સંગીન, નિયમિત અને નિરંતર ધાર્મિક શિક્ષણ મળે એવા હેતુથી વ્યવહારિક શિક્ષણને સાથે જોડીને ધાર્મિક શિક્ષણ આપવાની યોજના કરવામાં આવે છે. આ વાત સ્પષ્ટપણે સમજીશું તો એમ કહેવામાં આંચકો નહિ આવે કે શ્રદ્ધાળુ વર્ગ ભલે વ્યવહારિક કેળવણીની સાથે ધાર્મિક કેળવણી આપે છે, પણ તેમાં તેઓનો ઉદ્દેશ માત્ર ધર્મકેળવણીનોજ હોય છે. આવી રીતની ધાર્મિક કેળવણી જ્યાં મુખ્ય ભાગ ભજવતી હોય, તેવી વ્યવહારિક કેળવણીને સ્વામિત્વની અપેક્ષાએ નહિ કે સ્વરૂપની અપેક્ષાએ આપણે સાચી કેળવણી કહી શકીએ.

આપણે ઉપર કેળવણીના વિભાગો જોઇ ગયા, ને તેમાં ખોટી કેળવણીનું કાર્ય પણ પ્રસંગોપાત જોવાઇ ગયું, પણ સાચી કેળવણીનું કાર્ય હજુ સુધી ચર્ચાયું નથી. તેથી તે અત્રે ચર્ચીએ. **સાચી કેળવણી** તેજ કહી શકાય કે જે કેળવણી, તે કેળવણી લેનાર મનુષ્ય હોય, તે દિનપ્રતિદિન માત પિતાની ભકિતમાં વધતો હોય, પૂજ્ય અને ધર્મની આકાંક્ષા દિવસાનુદિવસ વૃદ્ધિગત થતી જાય, દુર્ગતિ અને પાપથી હંમેશાં ડર પામતો રહે, કોઈપણ ભોગે કોઇપણ જીવને ઉપકાર કરવા તૈયાર રહે, પોતાની જીંદગીના નાશના પ્રસંગમાં આવતાં પણ બીજાઓના અપકારને માટે ઇચ્છા કરે નહિ, ધર્મનાં દરેક સાધનોને પ્રીતિપૂર્વક વધાવી લે, શુદ્ધ પ્રરૂપક, પંચમહાવ્રતપાલક ગુરુમહારાજની તરફ અનન્ય પ્રેમ ધારણ કરે, શ્રી જિનેશ્વર મહારાજ, તેમની મૂર્તિઓ અને તેમનાં મંદિરો અને આગમોને ધર્મનાં અદ્વિતીય સ્થાન ગણે, તથા જગતમાં પ્રસિદ્ધ એવાં ધર્મના મૂળબીજ રૂપ તીર્થોને બચાવવાને માટે તન, મન, ધનથી તૈયાર થાય, કોઇપણ મનુષ્યને ધર્મનું પ્રવર્તન કરવામાં તૈયાર રહે, અભક્ષ્યના ભક્ષણથી અને અપેયના પાનથી હંમેશાં દૂર રહે, હિંસાદિ પાપોથી જેનું હૃદય કંપતું રહે, ધર્મીઓની હાંસી કરે નહિ, વિશ્વાસઘાત કરે નહિ, યથાશકિત ધાર્મિક ક્રિયાનું પ્રવર્તન હંમેશાં રાખે, દીન અને અનાથનો ઉદ્ધાર

કરે. ઇત્યાદિ સંસ્કારો જે સંસ્થાના વિદ્યાર્થીઓમાં દેખાતા હોય, તેવી સંસ્થાનેજ સાચી કેળવણી આપવાવાળી સંસ્થા કહી શકાય. તેવી કેળવણીવાલી સંસ્થામાં રહેનાર વિદ્યાર્થીઓ ધર્મને અંગે જે નિયમો તે સંસ્થામાં પાળવા પડે તેને આશીર્વાદ સમાન ગણે, તે વિદ્યાર્થીઓને સ્વપ્નમાં પણ ગુરુની સેવા અરૂચિને કરનારી ન હોય, ધર્મ પ્રવર્તન બંધનરૂપ ન લાગતું હોય, પોતે ધર્મ કરવાથી મનુષ્ય જન્મનું સફલપણું ગણુતા હોય અને બીજાઓ ધર્માચરણ કરતા હોય તેઓને મદદગાર બને. વાચક વર્ગ નિષ્પક્ષપણે જોઇને વિચારશે તો સાફ સાફ જણાઈ આવશે કે ઉપર કહેલા લક્ષણવાલા વિદ્યાર્થીઓજ સાચી કેળવણી લેનારા છે એમ માની શકાય, અને તેવા વિદ્યાર્થીઓને જે વ્યવહારિક જ્ઞાન થાય તે પણ સમ્યગ્ જ્ઞાન છે એમ કહી શકીએ અને તેથીજ તેવાઓને મદદ આપવી, અગર તેવી સંસ્થાઓને ઉભી કરવી, નભાવવી, કે વધારવી તે ધર્મિષ્ઠોને માટે પણ લાયક ગણાય.

દીલગીરી સાથે જણાવવું પડે છે કે જૈન કોમ તરફથી કંઇ વર્ષોથી–કંઇ સંસ્થાઓ ચાલે છે. અને તેમાં લાખ્ખો રૂપીયા ખર્ચાયા છે, છતાં પણ તેમાંથી ઉપર જણાવેલા લક્ષણવાલા વિદ્યાર્થીઓ ભાગ્યેજ નીકળેલા છે. ઘણા ભાગે તો તેનાથી વિપરીત લક્ષણવાળા ઉત્પન્ન થએલા જોવામાં આવે છે. તો તેવા વિપરીત લક્ષણવાળા વિદ્યાર્થીઓ ઉત્પન્ન કરનારી સંસ્થાઓ તરફ અણગમો દેખાડી સારા લક્ષણવાળા વિદ્યાર્થીઓ ઉત્પન્ન થાય તેવી રીતે તે સંસ્થાઓને ચલાવવા માટે તેના અધિકારીઓની ઉપર ફરજ પાડવી; એ જૈન સંઘનું પહેલામાં પહેલું કર્ત્તવ્ય છે, એમ હું સમજું છું.

## પં. શ્રીમદ્ ક્ષાન્તિવિજયજી ગણિવરનો

# વીરના શ્રદ્ધાળુ યુવકને

# પવિત્ર સંદેશ

**શ્રદ્ધાળુ યુવકો !**

તમો ભવિષ્યના વૃદ્ધો-નેતાઓ છો, તમો જ ધર્મરૂપ ઈમારતના સ્થંભો છો.

" તેજ સત્ય અને નિઃશંક છે કે જે જિનેશ્વરોએ પ્રવેદ્યું. " આ સિદ્ધાંતમય બનેલા યુવકોથી જ સમાજ અને ધર્મનો ઉદ્ધાર છે; જેઓની નસેનસમાં સર્વજ્ઞસિદ્ધાંત પરિણમ્યો હોય, તેવાજ યુવકો શાસનના સત્ય સુભટો છે.

સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપી રત્નત્રયીના આરાધકોના અનુરાગી બનો; એમનો સહવાસ, શાસનનું અને સમાજનું સંરક્ષણ કરે છે; રત્નત્રયીના આરાધકોના અભાવમાં શાસનની ઉન્નતિ અશકય છે. તેને શ્રદ્ધો, રત્નત્રયીની વિરાધનામાં શાસનવિરાધના છે; તેના નિંદકોનો પ્રતિકાર કરો, પ્રતિકાર કરવાનું બળ એકત્ર કરો ! શાસનને માટે અડગ રહો ! મજબુત બનો ! ધૈર્ય ધારણ કરો !

શુદ્ધ સમ્યકૃત્વી બનો ! સમ્યકૃત્વની પ્રાપ્તિ જૈનત્વની જન્મદાતા છે. શુદ્ધ સમ્યકૃત્વી તેનેજ બનવાનો અધિકાર છે કે જેને વિરતિની અભિલાષા હોય ! સર્વવિરતિ અંગીકૃત કરવાની સુવાસનાથી તમારો આંતરપ્રદેશ સદા-સર્વદા જાગૃત બનાવો, આત્મિક સંપૂર્ણતા- રત્નત્રયીની જ્યોતમાં છે. શ્રી જિનેશ્વરદેવોને માનનારનું એ કેન્દ્રસ્થ ધ્યેય-બિન્દુ હોવું જોઇએ.

જે તીર્થોને-તમારા શ્રદ્ધાળુ પૂર્વજોએ પોતાના સર્વસ્વનો ભોગ આપી રક્ષ્યાં છે, તન, મન અને ધનને જોડી જે ગગનચુંબી દેવાલયો બંધાવ્યાં છે, તેનું સંરક્ષણ કરો: તીર્થોનું સેવન અને ગગનચુંબી ભવ્ય જિનાલયોનું અવલોકન અનેક ભવ્યાત્માઓને ધર્મ-સન્મુખ કરાવે છે; સમ્યકૃત્વ પમાડે છે અને ધર્મી બનાવે છે.

સંઘો, ઉદ્યાપનો-નિર્ગ્રંથ પ્રવેશમહોત્સવો, વિગેરે શાસનોન્નતિનાં કારણો છે, તેવાં કાર્યો વર્તમાન કાળમાં પણ ઘણા આત્માઓને ધર્મપ્રાપ્તિ કરાવે છે, તે કાર્યો શાસ્ત્રવિહિત હોઇ આદરણીય છે. માટે શ્રદ્ધો, ભવ્યાત્માઓમાં તેનો પ્રચાર કરો; એ તારક વસ્તુઓને તારક તરીકે ઓળખો; એને માટે ઉપાયો લ્યો; ધર્મના ઉદ્ધારમાં જ સમાજનો ઉદ્ધાર છે. ધર્મ સિવાયનો સમાજ આત્મા સિવાયના દેહપિંજર તુલ્ય છે. સર્વજ્ઞના સિદ્ધાંતો-કાનુનો-ત્રિકાળમાં

અબાધિત છે; અપરિવર્તનીય છે. તેને ટકાવી રાખવામાંજ સમાજનું શ્રેય છે, ધર્મ સેવાની શક્તિ મેળવો; હોય તેને વધારો; ધર્મ સેવામાં જ સમાજ સેવા છે; સર્વ શ્રદ્ધાળુઓ પરસ્પર એકત્ર થાઓ; સંગઠન કરો; ધર્મ સેવામાં રક્ત બનો ! ફેરવો ! સ્થળે સ્થળ, ગામે ગામ, શહેરે શહેર અને દેશો દેશના યુવકોને આ પ્રવૃત્તિમાં જોડો ! બાળકો અને સ્ત્રીઓને પણ સત્ય શિક્ષણ આપો; સત્ય ધર્મ ઓળખાવો; સત્ય આચાર સમજાવો; તેને પ્રવૃત્તિમાં મૂકાવો; કુરૂઢિઓને દૂર કરવાનો ઉદ્યમ કરો; જડવાદ-નાસ્તિક વાદને ખસેડો, ધર્મનાશક પ્રવૃત્તિઓથી દૂર રહો; ધર્મનાશક પ્રવૃત્તિ કદાપિ કાલે સામાજિક ઉદ્ધાર કરી શકતી નથી, ધર્મના જીવનમાં સમાજનું જીવન ટકી રહેશે; હિંસક પ્રવૃત્તિઓથી ધર્મ ટકતો જ નથી અને ધર્મ ન રહે તો સમાજને ટકવાનો અધિકાર જ નથી !



સિદ્ધાંત-વિરૂદ્ધ વિધવા વિવાહાદિ ધર્મનાશક પ્રવૃત્તિઓમાં સમાજની વૃદ્ધિ નથી. એ વૃદ્ધિમાં ધર્મ ટકાવવાની ભાવના આકાશકુસુમવત્ નિરર્થક છે, માટે તેનો વિરોધ કરો.

મહાવીર પરમાત્માના સત્ય ધર્મના પ્રચારની શ્વેત ધ્વજા ફરકાવવાને તન, મન અને ધન સમર્પણ કરી, આજની જડવાદની યજ્ઞવેદીમાં તેના લેવાતા ભોગની ક્રિયાનો, ભૂક્કો કરવા કમર કસો.

ॐ शान्तिः

# પ્રાપ્તનો સદુપયોગ.

**શાર્દૂલવિક્રીડિત છંદ.**

નેત્રો નાર પરાઇ[1] ના નિરખવા; ના નાટકાદિ[2] વૃથા,
ના, ના, ક્રોધ ભરેલ દૃષ્ટિ કરવા, ના, ના, વિકારી યથા;
ના, ના, નૃત્ય નિહાળવા નટ નટી કે વિશ્વની નારનું,
જેથી ભ્રષ્ટ થવાય નષ્ટ લપસી, સૌ રાગના સારનું. ૧

રાગે અંધ પતંગ દીપ પડતો, છાંડે વૃથા પ્રાણને,
દૃષ્ટિ રાગ વિનાશકારી સમજી, તું છાંડ અજ્ઞાનને;
નેત્રો જેહ પવિત્ર કાર્ય કરવા, શાને રમાડે બીજે,
જે જેનો ઉપયોગ વ્યર્થ કરતાં, શાને વિધિ ના ખીજે. ૨

નેત્રોના યુગલે રસિક નજરે, જોને ફરીને ફરી,
શ્રી ત્રૈલોકય પ્રકાશ આશ પૂરતાં, વ્હાલા હરિના હરિ;
જેની શાંત-પ્રશાંત મૂર્તિ મધુરી, શ્રી વીતરાગ પ્રભુ,
વ્હાલા વીર જિણંદ ઇંદ્રગણુથી, શ્રી સેવ્ય શમ્ભુ વિભુ. ૩

એ નેત્રે ગુરૂરાજ ભવ્ય વદને, તું શીખજે સ્થૈર્યને,
એ નેત્રે, શુભ શાસ્ત્ર પાઠ પઠને, છાંડીશ ના ધૈર્યને;
આશ્ચર્યો નજરે નિહાળ જગનાં, શોધી છુપા તત્ત્વને,
નિર્વેદે રહી ખેદ ભેદ લહીને, સાધીશ સત્ સત્ત્વને. ૪

---

૧ પારકી. ૨ નાટક આદિ-નાટક વિગેરે-સીનેમા-સરકસ-કૉન્સર્ટ, જલસા, મદારી નટ વગેરે. એક તરફ જયારે આવો નિષેધ છે, ત્યારે આધુનિક સુધારકો નાટક વિગેરે પ્રયોગોનું સમર્થન કરી રહ્યા છે; એટલુંજ નહિ પણ પ્રયોગો ભજવાઇ તેમાં વિદ્યાર્થીઓને નટ નટી બનાવાઇ રહ્યા છે. બલિહારી જમાનાની પણ—

**विहितस्याननुष्ठाना-न्निन्दितस्य च सेवनात् ।**
**अनिग्रहाच्चेन्द्रियाणां च, नरः पतनमृच्छति ॥**

આજના જમાનાની એજ ખૂબી છે કે દરેક ફાવતી વાતમાં ધર્મ, કર્ત્તવ્ય, હિત વગેરે મનાવવાના પ્રયત્નો થાય છે. વધારીને વિષપાન થાય છે.

આંજી અંજન શ્યામ, ડાઘ વદને, શાને વૃથા ચિતરે,
ધોવું નિત્ય ફરી ફરી ચીતરવું, ના રીત ઉચિત રે;
આંજો શ્રી ગુરૂરાજ જ્ઞાન સલીએ, જો એક વારે કદા,
તો તો માન પ્રકાશ દીવ્ય વધતો, આનંદ કારી સદા. ૫

નિંદા[૩] સાંભલવા ન કાનગણુ વા, ના નૃત્ય સંગીત રે,
વાણી શ્રી વીતરાગની અનુપમા, પા, પા, ધરી પ્રીત રે;
સંતોના ગુણ ગાન પાન કરજો, અમૃત આસ્વાદ રે,
કાનો તો કૃતકૃત્ય જાણુ નહિ તો, એ ચોપડે ખાદ રે. ૬

શિકારી હણતો ક્ષણે મૃગવને, દોડે અતિ સાથમાં,
નાચે, ઝેર ભરેલ સાપ કરડો, વાદી તણા હાથમાં;
આહા એકજ કારણે વિષમતા, ત્યાં કાનનો દોષ રે,
શાને સજ્જન દક્ષ વ્યર્થ કરશો, એ દોષનો પોષરે. ૭

× × × ×

માંસાસ્વાદ વિલુબ્ધ મીન જલથી ઉડી પડ્યો જાલમાં,
પામ્યો હા ! પણ હાય હાય પલમાં, એ કાલની ફાલમાં;
એ જીવ્હા નહિ પોષવી સુમતિના-સ્વામિ ! અવિવેકથી,
માંસાદિ મધ કંદમૂળ તજવાં, સ્વાદો બહુ ટેકથી. ૮

નિંદા ને વિકથા વિના ન જપતી, જે જીભડી રાંક એ,
વાળ્યે વાર હજારરે ન વળતી, સૌ દાંડમાં સાંઢ એ;
બોલે બોલ ગલોલ તુલ્ય તજતી, છુટા બહુ કાંકરા,
વાધે કલેશ હમેશ વૈર સજતી, ગુંચાળવા ઝાંખરા. ૯

ભાઈ ! બાઇ બટુકડી પકડી લે કાં મૌન્ય કાં દૈન્યથી,
કાં આલંબન શ્રેષ્ઠથી જકડી લે, ક્યાં યુક્તિના સૈન્યથી;
વાણી જે નીકળેલ હોય મુખથી, પાછી નહિ પેસશે,
નાખે સાંકર કાજ જો લવણુ તો, ખારો શીરો તે થશે. ૧૦

શ્રી વિશ્વેશ જિનેશ નિત્ય જપવા, સ્તોત્રાદિ સન્માન રે,
ને શ્રી સદ્ગુરૂ સંત શુદ્ધ સતિનાં, ગાવાં યશોગાન રે;

---

૩. એક વિદ્વાને કહ્યું છે—
પાણી, પવન, પરવાતને નિત્ય ગળી પીજે.

વારંવાર વિચાર સાર ધરીને, ઉચ્ચારને કાઢજે,
નિંદા આત્મમલીનતા તણોઁ કરી, ગ્રંથી સદા વાઢજે. ૧૧

જે જે હોય અભક્ષ્ય[4] ભક્ષણુ કરી, પોષીશ ના દેહને,
જે જે હોય અપેય પાન તજજે, એ વ્યર્થ વ્યામોહ છે;
ચાલુ કાલ કરાળ હાય સઘળે, ફાટયું બધું આભ હા,
કયાં દેવાં થીંગડાં તથાપિ સૂચના, કર્ત્તવ્યની સાફ આ. ૧૨

સોડા લેમન આઇસક્રીમ ગુલફી, શું બૉટલો હૉટલે,
બબ્બે બેશજ ચાહ વાહ પ્રસરી, આરો નહિ ટોટલે;
રૂડાં તાન[5]મતાન આદિ સઘળાં જાણ્યું ન શાથી બને,
એવી ચીજ અનેક છેક ઉદરે, દીધી તજી ટેકને. ૧૩

હા ! જે ખાંડ બૉટાદિ કંદથી બને, ધોવાય જે લોહીથી,
જાણી બુઝી ખવાય જૈન વરગે, કે'વાય ના કોઇથી;
થોડે જાણોઁ ઘણું વિવેક ધરીને, ગોતી બધી પોલને,
વીરા ! વીર તનુજ ! છાંડ સમજી, શું નિત્ય વાગોળ રે. ૧૪

તેને ધન્ય ઉણોદરી અણસણે, કે વૃત્તિ સંક્ષેપથી,
ત્યાગે ભિન્ન રસો, વ્રતો વિવિધથી, જીહ્વા તણા ચેપથી;
ન્હાસે, દૂર ડરોં ડરોં તન તણી, રક્ષા રૂડી યુક્તિથી,
સાધે સાધ્ય અબાધ્ય રીત વરતી, યુક્તિ પ્રયુક્તિ મથી. ૧૫

\+ + + +

પૂરાયો ભમરો અરે કમલમાં, હાથી કરે કોલીયો,
કાં હાથી મદ ગંધ લેત કરણે, ત્યાં કાનનો કોલીયો;
નાસિકા અણીયાળી ભોકતી અણી, ચેતે ન, ખૂંચે ઘણી,
હા-હા-તેલ ફૂલેલ અત્તર વિષે, શું રે' બણીને ઠણી. ૧૬

\+ + + +

---

૪. વાંચો 'અભક્ષ્ય અનંતકાય વિચાર' મ્હેસાણા પાઠશાળાએ પસિદ્ધ કરેલી.

૫. જાતજાતના 'તાન'ની ગોળીઓ જેવી કે જીનતાન, સેશીનતાન અગર એવાંજ બીજાં ઔષધોમાં કૉડલીવર, ઑવરીલ વગેરે જાણીતાં છે.

માતેલો ગજરાજ જે મદ ભર્યો, ડોલી ફરે ફાંકડો,
હા ! હા ! હાથિણી પાસ ખાસ ધસતાં ખાડે પડયો રાંકડો;
જે પૌરૂષ સુધા બલે ઝટ મળે, દૈવી જીવિતવ્ય તે,
શાને કાજ ક્ષણિક સુખ વિષયે, ઢોળે સુહૃદ્ ભવ્ય હે ! ૧૭

રોળાયો ગઢ લંક ભૂપ ભડ હા, મંદોદરી નાથને,
કૂડા કીચક કૌરવો કઇ ગતિ, કુટાય શ્યા માટ રે;
નારી પારકી માત બ્હેન ગણીને, દૃષ્ટિ ન સ્થાપે કદી,
ને નારી પરીણિત મિત રીતથી, જો સુખ ચાહે યદિ. ૧૮

\+ + + +

હાથો બાથમબાથ ઘાત વધ ને, ચૌર્યાદિ કામે નહિ,
ના-ના, નાર-સ્તને ગલીચ રમતે, કે કૂટ લેખે નહિ;
ચોપાટાદિ વિના પ્રયોજન તણા, ખોટી બૂરી ખેલમાં,
ચાળે ચટકે વિવિધ રીતની, સંજ્ઞા કુડી ખેલ મા. ૧૯

પૂજા દેવ ગુરૂ મહંત જનની, આ હાથથી થાય છે,
ને જો હોય દીધેલ દ્રવ્ય વિધિએ, તો દાન દેવાય છે;
સારા લેખ લખાય બોધ રસના, જો શારદા સ્હાય છે,
વ્હેવારે બસ સત્ય લેખ લખવા, તો હાથ સોહાય છે. ૨૦

ના આ પાદ, પ્રહાર પાટુ કરવા, કે માર્ગ કૂડે જવા,
ધારી ધારી ડગે ડગે પદ ભરો, કે તીર્થયાત્રી થવા;
સારાં કાર્ય પરોપકાર કરવા, આ પાદથી વિહરો,
માઠાં કાર્ય પરાપકાર કરતાં, આ પાદથી ઓસરો. ૨૧

પામ્યો જે બલ તે નહિ સમજજે, રંજાડવા રાંકને,
પામ્યો બુદ્ધિ, છલે નહિ ભજવજે, ઢંકાડવા વાંકને;
પામ્યો દેહ, નિરોગી યોગ ધરજે, વિશ્વોપકારી સદા,
પામ્યો લક્ષ્મી લીલા વિલાસ હદમાં, દાતાર થાજે સદા. ૨૨

જે જે શ્રેષ્ઠ મળેલ હોય તુજને તેનું અભિમાન ના,
તે, તેમાં નહિ, એક હક્ક તુજનો, એવા અભિજ્ઞાનમાં

રે'જે મસ્ત અનેક કાર્ય કરજે, જેના યશોગાનમાં,
રે'શે મસ્ત ફંડા કવિવર સદા, કાવ્યો તણા તાનમાં. ૨૩

જો વાંકુ મન માંકડું પજવતું, રૌદ્રાર્ત્ત ધ્યાને સદા,
તેને યુક્તિ-પ્રયુક્તિથી મનવ તું, ધર્માદિ ધ્યાને મુદા;
બાંધી લે શુભ ભાવ દોર કસીને, છુટું ન મૂકે કદા,
તે શત્રુ, થઇ મિત્ર, કાર્ય કરશે, આનંદકારી સદા. ૨૪

ઇંદ્રિ એક નિમગ્ન પ્રાણીની દશા, દારૂણુ કેવી અહો,
ઇંદ્રિ વર્ગ સમસ્ત જેહ વશ છે, તેની દશા શી કહો;
જાણી વાણી પ્રમાણિક પ્રથમથી, સંસ્કાર સારા લહો,
તે માટે સતસંગ રંગ રમજો, નિર્વિઘ્ન રાજી રહો. ૨૫

પંચેંદ્રિ હય[૬] પંચ દેહ રથમાં, મસ્તી બહુ આદરે,
દુર્બુદ્ધિ મન સારથિ કુપથમાં, હાંકે મહા ખાડરે;
સ્વામિ ! આત્મ વિભુ ! પ્રમત્ત થઇને, સૂતા રહ્યા શું હવે,
જાગો જ્ઞાન ક્રિયાંકુશ પ્રભુ લહો, ઇષ્ટ સ્થળે પહોંચવે. ૨૬

**ભીખાભાઇ છગનલાલ શાહ.**

---

૬. ઘોડો.

# રત્નમાલા.

१ अप्पा सो परमप्पा । આત્મા તેજ પરમાત્મા.

२ समयं गोयम मा पमायए ।
હે ગૌતમ એક સમય પણ પ્રમાદ કરીશ નહિ. —उत्तराध्ययनम्

३ न य संखयमाहु जीवियं ।
તુટયું જીવન સધાતું નથી. —सूत्रकृतांगम्

४ सव्वे अक्कंतदुक्खाय अओ सव्वे अहिंसया ।
સહુ જીવોને સરખુંજ દુઃખ લાગે છે માટે કોઇ જીવની હિંસા ન કરવી. —सूत्रकृतांगम्

५ मा अप्पेणं लुंपहा बहुं ॥
થોડાને માટે બહુ ગુમાવો નહિ. —सूत्रकृतांगम्

६ सयं कडं नन्नकडं य दुखं, आहंसु विज्जाचरणं पमोक्ख ।
દુઃખ પોતાનાજ કર્મનું પરિણામ છે, બીજાનાં નહિ. વિદ્યા (જ્ઞાન) અને ચરણ (ક્રિયા) એ બન્નેથી મોક્ષ કહ્યો છે. —सूत्रकृतांगम्

७ कम्मुणा बंभणो होइ कम्मुणा होइ खत्तिओ ।
वइसो कम्मुणा होइ सुद्दो हवइ कम्मुणा ॥
માણસ પોતાના કાર્યવડેજ બ્રાહ્મણ થાય છે—ક્ષત્રિય થાય છે-વૈશ્ય થાય છે, કે શુદ્ર થાય છે. —उत्तराध्ययनम्

८ भोगी भमइ संसारे अभोगी विप्पमुच्चइ ।
ભોગી માણસ સંસારમાં ભમ્યા કરે છે. અને ભોગની ઇચ્છા રહિત માણસ છુટી જાય છે. —उत्तराध्ययनम्

९ सव्वओ य मत्तस्स भयं अप्पमत्तस्स नत्थि भयम् ।
પ્રમત્ત માણસને દરેક દિશામાંથી ભય હોય છે અને અપ્રમત્તને કોઈ પણ દિશા તરફથી ભય નથી હોતો.

१० नालं ते तव ताणाए वा सरयाणं वा, तुमे पि तेसिं नालं ताणा ए वा सरणा ए वा ।
તે કુટુંબ તારા રક્ષણ કે શરણ માટે સમર્થ નથી, તું પણ તેના રક્ષણ કે શરણ માટે સમર્થ નથી.

११ दिट्ठेहिं निव्वेयं गच्छिज्जा ॥
દુનીયાનું સ્વરૂપ જોઇને નિર્વેદ (વૈરાગ્ય) પામ.

# ૧,૦૦,૦૦,૦૦,૦

## હોય તો?

એક કરોડ રૂપીયાના સદ્વ્યયની
યોજના રજુ કરતો
લેખ.

—C. N. Shah.

જીવન એક સમસ્યા છે. સાચી રીતે જીવવું, એ બહુ કષ્ટસાધ્ય વસ્તુ છે. ઘણા માણસો જીવવા છતાં મરેલા હોય છે, અને ઘણા મરવા છતાંય જીવતા હોય છે. જીવન, એક સાધના છે. અનન્ત સાધકો એની સિદ્ધિ માટે આવે છે, ને કોઇ એની આરાધના, કોઇ એની વિરાધના, કે કોઇ એની ઉપેક્ષા કરીને ચાલ્યા જાય છે. જો જીવનની સાધના કંટકમાર્ગ ન હતે, જો જીવનનિર્ગમન સ્હેલું હતે, જો જીવનનાં પ્રકરણ ઉકેલવાં પુસ્તકનાં પાનાંથી વિશેષ મુશ્કેલ ન હતે, અને જો જીવન એક ભયંકર રણક્ષેત્ર ન હતે તો આજ આ સૃષ્ટિની સપાટી ઉપર વાંચક ! હું અને તૂં બન્ને ન હતે. મ્હારૂં ને ત્હારૂં અસ્તિત્વજ એ સમજવાને માટે બસ છે કે, જીવન જીવતાં શીખી અનન્ત જીવો મુક્તિ-વધૂની વાસ્તવિક અખંડ સૌભાગ્યભરી વરમાળા વરવા છતાંય, આજે અનન્ત જીવો આ સંસારમાં પરિભ્રમણ કર્યે જાય છે અને એ સાચા સુખના લ્હાવા લઇ શકતા નથી. રોજ ને રોજ પોતાની ગોદમાં લેવાને તરસી બની બેઠેલી મુક્તિવધૂનાં દ્વાર ખૂલ્લાં છતાં એક જ કારણ છે કે આપણે ક્ષણિક વધૂઓની વરમાળા માટે લલચાઇએ છીએઃ તે કારણ એ કે આપણને હજુ સાચી રીતે જીવતાં આવડતું નથી. જીવનની ગાંઠ ઉકેલી શકતા નથી. અને માટે જ જીવન જીવવું, એ એક કષ્ટસાધ્ય વસ્તુ છે—સમસ્યા છે.

### જીવન : એક પુસ્તક.

એક અનુભવીનું કથન છેઃ ત્હમે ત્હમારા હાથમાં પુસ્તક લ્યો. એની પરીક્ષા કરો. એનું સંપૂર્ણ અવલોકન કરીને વિચારો કે, એ પુસ્તકનું પ્રત્યેક પ્રકરણ, પ્રત્યેક પૃષ્ઠ, પ્રત્યેક

પેરેગ્રાફ, પ્રત્યેક વાક્ય, અને એનો પ્રત્યેક શબ્દ વાંચનીય, વિચારણીય અને ધારણીય છે કે કેમ ? જો ત્હમને વિશ્વાસ બેસે કે, 'હાં' તેમ જ છે તો જ માનજો કે, એ પુસ્તક સર્વાંગ સુન્દર છે. જીવન પણ એક પુસ્તક છે. બાલ, કુમાર, યુવાન, પ્રૌઢ, વૃદ્ધ–એ અવસ્થાઓ, જીવનરૂપ પુસ્તકનાં પ્રકરણ છે. ઉક્તાવસ્થાઓમાં નિર્ગમન કરાતા દિવસો, જીવનરૂપ પુસ્તકનાં વાક્યો છે. અને ઉક્ત દિનોમાં અનુભવાતા પ્રત્યેક પ્રસંગો, એ જીવનરૂપ પુસ્તકના શબ્દો છે. જ્યારે ત્હમને લાગે કે એ પ્રત્યેક અવસ્થા, પ્રત્યેક દિવસ, ને પ્રત્યેક પ્રસંગ બોધનીય, સ્મરણીય અને અનુકરણીય છે, ત્યારે માનજો કે એનું નામ સાચું જીવન.



## જીવતાં શીખો.

ચોરાશી લાખ જીવાયોનિમાં આપણે અનન્તવાર જન્મ્યા, જીવ્યા ને મર્યા. વિશ્વનું એક પણ સ્થળ એવું નથી કે જે સ્થળે આ જીવ ઉત્પાદ, વ્યય ને ધ્રુવના નિયમને આધીન ન થયો હોય. એક પણ યોનિ એવી નથી કે જ્યાં આ જીવને ઉત્પન્ન ન થવું પડયું હોય. એ રીતે આ જીવ અનન્તવાર આ મનુષ્યભવ પામ્યો. આયુઃકાલ પૂર્ણ થતાં સુધી જીવ્યો પણ ખરો. છતાં જ્ઞાનીયો એ જ પોકાર કરતા રહ્યા કે 'જીવતાં શીખો !' કારણ એક જ કે અત્યાર સુધી આપણે વીતાવેલાં જીવન, એ વાસ્તવિક રીતે જીવેલાં જીવન ન હતાં. વાસ્તવિક રીતે જીવાએલું એક જ જીવન શ્રીમન્તાઇ, નૃપતાઇ, વાસુદેવત્વ, કે ચક્રવર્તિપણું જ નહિં કિન્તુ શાશ્વત સિદ્ધિપદ પણ પ્રાપ્ત કરાવી આપવાને માટે સમર્થ છે. પુણ્યના નાનામાં નાના અંશથી આરંભી નિર્જરાના છેલ્લામાં છેલ્લા પરિણામ સુધી પહોંચવા માટે પ્રત્યેક જીવન જીવતાં શીખવું જોઇએ. જેટલે જેટલે અંશે સાધના, તેટલે તેટલે અંશે ન્યૂનાધિક સિદ્ધિ, એ જીવનનો ન્યાય છે. અને એની જ સ્હામે વિચારીએ તો એ જ જીવનને જીવવાની કળાની અજ્ઞાનતા ને અનુપયોગ ભયંકરમાં ભયંકર, ત્રાસદાયક નરકની જગ્યાઓમાં યા નિગોદમાં ધસડી જાય છે, એ પણ નિર્વિવાદ સત્ય છે.

## માનવની મહત્તા.

ખાસ કરીને શાસ્ત્રોમાં બીજા કરતાં મનુષ્યોનેજ ઉપદેશ દેવાનું પસંદ કરવામાં આવ્યું છે. શ્રી તીર્થંકર દેવની દેશનામાં દેવો, મનુષ્યો ને તીર્યંચો આવે છતાં ગણધર મહારાજાએ દ્વાદશાંગી મનુષ્યો માટે ગુંથી. અઢળક સંપત્તિના માલીક, રૂપનાં પરમાણુઓથી ધડાયેલા જેવું શરીર, વાસ કરવાને વિમાનો ને વિલાસ કરવાને અપ્સરાઓ છતાં એ દેવતાઓના કરતાં મનુષ્યને વધુ ભાગ્યશાળી ગણ્યા. જેની ત્રાડ સાંભળી ભલભલાં હૈયાં કંપી ઉઠે તેવા સિંહો, જેની ગર્જનાજ માત્ર ત્રાસ ઉપજાવી શકે તેવા વ્યાઘ્રો, જેની ફુંક માત્ર પ્રાણાપહરણ કરી શકે તેવા મણિધરો અને જે અનાજ ખાઇને દુનિયા જીવે છે ત્હેને ઉત્પન્ન કરવામાં ખાસ સાધનરૂપ ગૌસંતાનો જેવાં જે કોટિમાં છે, તે તીર્યંચગતિ કરતાંય મનુષ્યગતિનું મહત્ત્વ વધારે અંકાયું. આનું કારણ એકજ છે. દેવતાઓ વિલાસી છે ને તીર્યંચો અવિવેકી છે. એકને ઇચ્છા માત્રથી જ વિલાસની સામગ્રી પ્રાપ્ત થતી હોઇ અને બીજાને જડતાએ વધારે ઘેરેલ હોઇ બેઉ આચારમૂલ વિચાર કરી શકતા નથી. એક વિલાસમાં મસ્ત છે, બીજાને અજ્ઞાનનો અંતરાય છેઃ જ્યારે મનુષ્ય પ્રાણિ, એક એવી ચીજ છે કે જે વિલાસી બની શકે છે, પાશવિક બની શકે છે અને ધારે તો એ બેઉથી પર પણ રહી શકે છે. એનામાં માત્ર સામ-

ગ્રીનો સદ્ભાવ જ નથી, કિન્તુ સાથે એનો ઉપયોગ વિચારીને આચરવાની પણ શક્તિ છે. મનુષ્યમાં બીજા કરતાં વિશેષ ચીજ હોય તો તે વિવેક બુદ્ધિ છે. સદ્ ને અસદ્, આદેય ને હેય, જ્ઞેય ને અજ્ઞેય એ બધાનું એ પૃથક્કરણ સાધી શકે છે. કુદરતનો વધારેમાં વધારે પક્ષપાત મનુષ્ય ઉપર છે. દેવતાઓને તે વશ કરી શકે છે અને પશુઓ ઉપર સત્તા ચલાવી શકે છે. કથાનુયોગનો જાણકાર એવાં ઘણાં દૃષ્ટાન્તોથી માહીતગાર હશે કે પરીક્ષા કરવાને આવેલ દેવને સામર્થ્યશાલી પુરૂષે નમાવીને રવાના થવા ફરજ પાડી હોયઃ પશુઓ–જંગલી જનાવરોને તો વશીભૂત કરેલાં સરકસ વિગેરે સ્થળે હોય છે.



## વિવેકની વિશિષ્ટતા.

ટુંકમાં જૈનશાસ્ત્રો શક્તિનાં પૂજારી નથી. દેવોનો વૈભવ, મનુષ્ય પાસે નથી હોતો ને મસ્ત પશુઓનું બળ પણ મનુષ્યમાં હોતું નથી. છતાં મનુષ્ય ઉત્તમ એટલાજ માટે ગણાય છે કે તેનામાં ઋદ્ધિ અને બળનો ઉપયોગ કરવાની વિવેક શક્તિ છે. જૈનશાસ્ત્રો લક્ષ્મીનાં પૂજારી હતે કે શક્તિનાં ઉપાસક હતે તો તેઓ માનવજીવનની કીંમત આટલી મ્હોટી ન આંકતે. પણ નહિ. જૈનશાસ્ત્રો શ્વાનની માફક બાણ તરફ નહિં કિન્તુ સિંહની માફક બાણ છોડનાર તરફ, અર્થાત્ શક્તિ તરફ નહિં કિન્તુ શક્તિના ઉપયોગ તરફ જોનારાં છે. મનુષ્યમાં વસ્તુના દુરૂપયોગ અને સદુપયોગને પૃથક્ કરવાની તથા તેને આચારમાં ઉતારવાની શક્તિ છે. માટેજ દરેક સ્થળે માનવભવનીદુર્લભતા, ઉંચ્ચતા અને વિશિષ્ટતા સ્વીકારાઇ છે.

## સાચું જીવન, એટલે વિરતિ.

આવા મનુષ્ય જીવનને જીવી જાણવા માટે શાસ્ત્રકારોએ અનેક માર્ગો દર્શાવ્યા છે. સૌથી પ્રથમ માર્ગ સર્વવિરતિનો છે. સામર્થ્યવાન્ આત્મા ત્રિવિધે ત્રિવિધે–આરંભ સમારંભની ક્રિયાઓને પરિત્યાગી મનથી, વચનથી ને કાયાથી કરવું–કરાવવું ને અનુમોદવું, એ સર્વને છોડીને કેવલ મુમુક્ષુ ભાવે પોતાના આત્માનું, અને તેજ ધ્યેયની સાધનામાં સાધક થાય એ રીતે, પરના આત્માનું કલ્યાણ કરવા તત્પર થવું ને તે વિચારને આચારનું રૂપ આપવું તે સર્વવિરતિ. પણ સર્વ જીવો આ જાતની આરાધના કરી શકતા નથી. ત્યારે જે તેમ ન કરી શકે એવા હોય, ત્હેને માટે દેશવિરતિ ધર્મ પ્રરૂપ્યો. સર્વવિરતિ થવાની આકાંક્ષાનું આસેવન કરતો થકો અશક્તિ પૂરતો સંસારમાં રહી ન્યાયસંપન્નતા આદિ ગુણો કેળવી, યથાશક્ય પાપપ્રવૃત્તિથી નિવૃત્ત બની જીવન વિતાવે તે દેશવિરતિ છે, એમ કહી શકાય. અને આ પણ જેની શક્તિ બહારનો વિષય છે, તે જીવ સર્વવિરતિ થવાના અન્તિમ ધ્યેયને કબુલ રાખી દેહને અને સંસારને પર સમજતો સંસારમાં રહે, તે સમ્યગ્ દૃષ્ટિ છે. આ ત્રણમાંની એકેય કોટિમાં નહિં રહેનાર જૈન દર્શનમાં નથીજ, એમ સ્પષ્ટ રીતે શાસ્ત્રકારો કથે છે. ઉક્ત અવસ્થાત્રિકમાં જેટલે જેટલે અંશે આત્માનો નિવાસ, તેટલે તેટલે અંશે જીવવા જેવું જીવન જીવ્યા, એમ કહેવું લેશ પણ અત્યુક્તિભર્યું નથી.

## અધઃપાતનું કારણ એય ઉત્થાનનું નિમિત્ત.

પ્રથમ શ્રેણિએ રહેલ આત્માનો આ લેખ સાથે સીધો સંબંધ નથીઃ કારણ કે એની પાસે દ્રવ્ય નથી. જ્યારે છેલ્લી બે અવસ્થાના મનુષ્યો પાસે તેઓ સંસારમાં હોઇ દ્રવ્ય હોય છે. કંચન અને કામિની સામાન્ય રીતે આત્માના અધઃપાતનાં કારણો છે. માટે જ

પૈસા કમાવાની ઇચ્છાને તથા પરણવાની કે વિષયભોગની ઇચ્છાને શાસ્ત્રકાર મહર્ષિયો આર્ત્તધ્યાન કહે છે. છતાં આપણે ઉપર જ જોઇ ગયા તેમ જૈનદર્શન વસ્તુ કરતાં વસ્તુના ઉપયોગને મુખ્ય માનનાર છે. એટલે જ એમાં લક્ષ્મીના સદ્વ્યયના માર્ગો દર્શાવવામાં આવ્યા છે. સાધુજનની સેવા, મુમુક્ષુઓની ભક્તિ, સાધર્મિકોનું વાત્સલ્ય, અશક્તોની અનુકંપા, તીર્થોનો ઉદ્ધાર, જ્ઞાનભંડારોની વ્યવસ્થા ઇત્યાદિ દર્શન, જ્ઞાન ને ચારિત્રની આરાધના લક્ષ્મીવન્તો પણ કરી શકે અને પાપમૂલક ગણાતી વસ્તુમાંથીય કાંઇક પેદા કરી જાય, એવા ઇરાદાથી શાસ્ત્રકારોએ લક્ષ્મીને પ્રાપ્ત કરવાની ઇચ્છાને આર્ત્તધ્યાન કહેવા છતાં ઉક્ત માર્ગોને ઉપદેશ્યા છે.

## નિષ્પ્રાણ બનતો જતો સમાજ.

પ્રકર્ષ પુણ્યના ઉદય વિના શ્રી ને સરસ્વતીનાં મિલન એકજ પાત્રમાં પ્રાયઃ હોતાં નથી. આજે ઘણા શ્રીમંતો ધર્મ કે સમાજોદ્ધારના નામે પોતાની મીલકતો ખર્ચે છે, છતાં સમાજ રૂપી દેહનું રકત જાણે પ્રતિક્ષણે વધુ ને વધુ શોષાઇ રહ્યું હોય એમ નથી લાગતું શું ? દિ ઉગ્યે ને દિ આથમ્યે બનતી જતી નવી ઘટના, યમદેવ પોતાનાં શરોની અશોક વૃષ્ટિ જૈન સમાજ ઉપર કરી રહ્યા હોય, એમ માનવાની આપણને ફરજ પાડે છે. પળે પળે પલટાતું જતું વાતાવરણ, પળે પળે સંભળાતી ખબરો, પળે પળે જતું રહેતું જોમ ને પળે પળે પ્રચાર પામતું પાખંડ એમજ કહે છે કે સમાજનું શરીર નિષ્પ્રાણ થતું જાય છે. સર્વવિરતિ જેવા આરાધ્ય સ્થાને રહેલા પૂજ્ય પુરૂષોને શ્રાવકના આરાધક પદે રહેલાઓ પોતાની આમાન્યામાં લેવા પ્રયત્ન કરે, વિરતિ જેનું અન્તિમ ધ્યેય લેખી શકાય તે વિરતિના માર્ગે સંચરનારાના માર્ગમાં કાંટા વેરે, વિરતિ જેવી આરાધ્ય વસ્તુના ઉપદેષ્ટાને, વિરતિવાન્ પ્રભુએ કથેલા શાસનના અનુયાયીયો કહેવાતા ગાળો દે—ઉતારી પાડવા મથે–ને હાથ વિગેરેનો ઉપયોગ પણ કરે, અમૂલ્ય ગ્રંથરત્નો, વ્યવસ્થાભાવે જ્ઞાનભંડારોમાંજ કીડાનો ખોરાક બને, સાધર્મિકવાત્સલ્યનો સીક્કો લઈ ફરનાર, શ્રાવકને બેકારીના રોગમાં જર્જરિત–ભૂખ્યો–તરસ્યો નિહાળી ઉપેક્ષા કરે, વિધવાને એક પશુથી પણ હલકી ગણી ત્હેના જખ્મી જીગર પર નૂતન સીતમનાં બીજાં નવાં જખ્મો કરે, કેળવણીના નામે ને સુધારાને નામે ધર્મઘાતક કેળવણીને અને સમાજને અવનતિના કૂપમાં ધસડતા કુધારાને એક જૈન ધર્મકૃત્ય તરીકે પોષે, ધાર્મિક પાઠશાળાઓ સાચા સંસ્કારી જૈનો પેદા કરવાને બદલે વેદીયા ઢોર જેવા નમાલા ને અર્ધદગ્ધો પેદા કરે, કેટલાક મહાવીરદેવના વેષધારી પોતાને સાધુ કહેવડાવી સાધુત્વને શરમાવે તેવા વિચારો ને આચારો કરે અથવા સમાજને આરંભ સમારંભના માર્ગે ધસડે, પરોપકારને નામે પાખંડ પોષાય, યુવાનીના ઉન્માદને ઉત્તેજન આપવામાં આવે અને બાલવિવાહ, વૃદ્ધવિવાહ, કન્યાવિક્રય જેવાં પાપાચરણ નભાવાય, તેમજ મ્હોટાં તીલક કરીને, એ તીલકને અભડાવે તેવાં પાપકર્મો આચરાય, આ બધું સમાજનું અધઃપતન નહિં તો શું સૂચવે છે ? અટલે અત્યારે જો કોઇ પણ માણસ એક કરોડ રૂપીયા સમાજહિતાર્થે ખરચવા ઇચ્છતો હોય તો ત્હેણે ત્હેનો કયી રીતે ઉપયોગ કરવો કે જે ઉપયોગ સમાજની વર્ત્તમાન સ્થિતિના નિવારણમાં સાધક નિવડી શકે ?, આ એક વિચારણીય પ્રશ્ન છે. આ લેખમાં

# ઘડીયાળો ક્યાંથી ખરીદશો?

કીંમત રૂ. ૨૩



કીંમત રૂ. ૨૩

દરેક જાતના એબરહાર્ડ લીવરેટ, ઝેનીથ વિગેરે છેલ્લામાં છેલ્લી ડીઝાઈનના ખીસાના તેમ જ કાંડાના ઘડીયાળો ખરીદવાનું વિશ્વાસ પાત્ર

:: મથક ::

વેપારીઓ માટે

**ઉત્તમ તક.**

**એકવાર વાપરી ખાત્રી કરો.**



| | |
|---|---|
| રોલ્ડગોલ્ડ | રૂ. ૨૦ |
| ૯ કેરટ | રૂ. ૨૫ |
| ૧૪ ,, | રૂ. ૨૮ |
| ૧૮ ,, | રૂ. ૩૪ |
| રોલ્ડગોમ્ડ | રૂ. ૩૪ |



**જરમો–સ્વીસ વૉચ કંપની.**

એબરહાર્ડ ઘડીયાળોના એકલા એજન્ટ

ઠે. રીચીરોડ ફરનાનડીઝ બ્રીજ ઉપર **અમદાવાદ.**

J I N T A N

# જીનતાન

USE
JINTAN
ALWAYS




મુખ શુદ્ધિ માટે
અપૂર્વ મુખવાસ

માથું દુઃખવું, અપચન, અરૂચી, આમ તથા ખાંસી પર રામબાણ ઇલાજ છે.

સંગીતના શોખીનો તથા ભાષણ કરનારાઓ માટે અમુલ્ય છે એકવાર વાપરી ખાત્રી કરો. ગોળી ૨૬૦નું પડીકું ફેન્સી ડબી સાથે કિંમત રૂા. ૧-૦-૦.




Three pills removed from here by a shake.

:: સોલ એજન્ટ ::

શાહ બ્રધર્સ.
જીનતાન એજન્સી.
જુમામસજીદ, મુંબઈ. ૨.
તથા
નં. ૫૩૮ રીચીરોડ, અમદાવાદ.

જી ન તા ન

**Sight tested free, Try before you buy**

**S, C, VAKIL & Co;**

**High class manufacturing optician.**

1479, RICHEY ROAD, CHAR RASTA

**Ahmedabad**



**એસ. સી. વકીલની કંપની.**

**ચસ્માવાળા.**

પેબલ્સ, ક્રુક્સ, ક્રીપટોક્સ ચસ્મા. આંખોનો નંબર મફત કાઢી ગેરેંટીથી બનાવનાર,

**૧૪૭૯ રીચીરોડ, ચાર રસ્તા**

**અમદાવાદ.**

# દેશી દવાનો ચમત્કાર

## આયુર્વેદિક સિદ્ધ સ્વદેશી ઓષધાલય.

સ્થાપિત, સંવત ૧૯૫૯ સને ૧૯૦૩

અમારા ઔષધાલયમાં દરેક દવાઓ શાસ્ત્રના પાઠ મુજબ ઉતમ પ્રકારના દેશી તાજાં દ્રવ્યોમાંથી હાથે બનાવી વાપરવામાં આવે છે.

**જરા ધ્યાન આપશોજી**

ઘણા લાંબા અને ખોટાં લખાણોથી હજારો વૈદ્ય અને ડાક્ટરોનાં બીલ ભરી કંટાળી ગયા હો તો જરૂર અમોને મળો.

થોડાજ દિવસમાં અમારા હાથે બનાવેલી દેશી દવાની જાદુઈ અસર તમોને માલુમ પડશે. થોડા જ વખતમાં હજારો માણસોએ સંતોષ મેળવ્યા છે અને મેળવે છે તેજ સાચી નિર્ણય ચમત્કારી દેશી દવાની સાબીતી છે.

## એક વખત ખાત્રી કરો

**ખેડાવાળા વૈદ્ય સાંકળચંદ ચુનીલાલ શેઠ.**

ઠે. ઝવેરીવાડાના નાકે,

પરબડીની સામે

**અમદાવાદ.**

એવીજ જાતની માત્ર વિચારણા કરવાની છે. આમ છતાંય બનવા જોગ છે કે મ્હારી અજ્ઞાનતાથી એમાં દોષ રહેવા પામે, યા મ્હારી ગણત્રી અસ્થાને હોય. પણ પ્રત્યેક વાંચકને આ વિષય વાંચવા, વિચારવા અને જો તથ્ય જણાય તો યથાશક્ય તદનુસાર વર્તન કરવા નમ્રભાવે વિનંતિ છે. અને એમાં જો કાંઇ અસંબદ્ધ જણાય તો જણાવવા કૃપા કરવી, જેથી લેખક વધારે ખૂશી થશે. આ સ્થળે વર્તમાન પરિસ્થિતિ વિચારવાની હોઇ અને અત્યારે મતિ ને શ્રુત બેજ જ્ઞાનનું સામાન્ય આલંબન હોઇ જો શાસ્ત્રીય મર્યાદા અંશતઃ પણ હું ચૂકતો હોઉં તો આજ સ્થળે લેખની ભૂમિકા પૂર્ણ કરતાં અને લેખની મૂળ વસ્તુનું આલેખન કરતાં પહેલાં ક્ષમા યાચું છું.

## વર્ત્તમાન ને ભવિષ્ય.

આપણી સમક્ષ અત્યારે બે વસ્તુઓ છે, વર્તમાન પ્રજા અને ભાવિ પ્રજા. જેઓ યોગ્ય ઉંમરે પહોંચી ચૂકયા છે અને જેઓ આવતી કાલે એ અવસ્થાએ પહોંચવાના છે, એ બેઉના સંબંધમાં આપણે વિચારવું આવશ્યક છે. સમાજનું શરીર રોગગ્રસ્ત બની ગયું છે, એ નિર્વિવાદ વાત છે. ત્હેનાં અંગોપાંગમાં સડો પેઠો છે, એ સમજાવવાને દલીલોની જરૂર નથી. ક્ષણ માત્ર ભૂતકાળમાં ચાલ્યા જાવ. આંખ મીંચો, અને પછીથી ઉઘાડી વર્તમાન કાળને નિહાળો, એટલે તમારી આંખ સ્હામે એક કૌવતહીન હાડપીંજર સમો સમાજ નજરે ચડશે. એટલે આજના સમાજિક ચિકિત્સકે શરીરના સડેલા ભાગોને જેમ સુધારવાની જરૂર છે તેમ ત્હેમાં જતાં નવાં પ્રાણપ્રેરક તત્ત્વો સડી ન જાય, તેય સંભાળવાની જરૂર છે. એટલે કે જે પ્રજા આજે માર્ગચ્યુત થઇ છે. ત્હેને માર્ગમાં લાવવાની જેમ અનિવાર્ય આવશ્યકતા છે તેમ નવિન ઉગતી પ્રજા માર્ગસ્થિર બને, ત્હેવા સંસ્કાર આજથી રેડવાની જરૂર છે. આ કારણે, આપણે વર્તમાન પરિસ્થિતિનું નિવારણ અને ભાવિની પરિસ્થિતિનું સર્જન કરવા માટે લક્ષ્મીનો સદ્વ્યય કરવાની વિચારણાની જરૂર છે.

## બેન્ક સ્થાપવી.

સૌથી વધારે વિચારણીય પ્રશ્ન આજે શ્રાવકોની આર્થિક સ્થિતિનો છે. એક કવિનું કથન છે કે, " बुभुक्षितः किं न करोति पापम् ? " અર્થાત્ ભૂખ–જરૂરીયાત એક એવી ચીજ છે કે જે પાપના માર્ગે મનુષ્યને સામાન્ય રીતે દોરી જાય છે. આજે આપણા શ્રાવક ભાઈઓ એવા પણ છે કે જેમને અન્ન પણ નથી મળતું. કુલીન માણસ કોઇ પાસે યાચી શકે નહિં. જો આજે એકે એક જૈન શ્રીમન્ત દર ટંકે એકજ જૈન ભાઇને ભોજન કરાવવાની પ્રતિજ્ઞા કરે તો સમાજની આ સ્થિતિમાં ઘણું અન્તર પડી જાય. વળી આજે નાણાંભીડ ઘણીજ સખત છે. એવા પ્રસંગે જો દરેક શ્રીમન્ત કે સમાજહિતાર્થે ચાલતી સંસ્થાનું દ્રવ્ય શ્રાવકોનેજ વ્યાજે આપવામાં આવે તો શ્રાવકોની આર્થિક દશામાં અવનવો ફેરફાર થઇ શકે. એટલે સૌથી પહેલાં સહકારી મંડળ (Co-operative Society) અથવા શરાફી પેઢી ( Bank ) ની નીતિયે એક કરોડની બેંક ઉભી કરવી. આ બેન્કમાં અત્યારે જે સામાજિક સંસ્થાઓ ચાલી રહી છે, ત્હેનાં લાખોનાં કે હજારોનાં જે ફન્ડ હોય તે જમે રાખવાં. અને આ બધીય રકમ જૈનોનેજ માત્ર ચાર ટકાના વ્યાજથી ધીરવી. ઉપરાન્ત આમ થતાં જૈન શ્રીમન્તો અને ગરીબો પણ એમાં પોતાની રકમ જમા કરાવશે એટલે એની લેવડદેવ-

ડમાંથી બેન્કનો ખર્ચ નીકળી શકશે અને બીજી તરફ શ્રાવકોને નાણાંભીડ નહિં રહેઃ જ્યારે એક કરોડનું વ્યાજ અને અત્યારે હયાત બીજી સંસ્થાઓના ફન્ડનું વ્યાજ આપણે બીજાં જરૂરી કાર્યોમાં ખર્ચી શકીએ. ટુંકામાં માનો કે બીજી સંસ્થાઓ આ યોજના જોડે સંમત ન થાય તો પણ ચાર ટકાના વ્યાજના દરથી દર વર્ષે ચાર લાખ રૂપીયા આપણે શ્રાવકોની નાણાંભીડ ઓછી કરવા ઉપરાન્ત બીજી જરૂરીયાતોને પહોંચી વળવાને ઉત્પન્ન કરી શકીએ. એટલે સૌથી પહેલાં એક કરોડની બેન્ક સ્થાપન કરવી જરૂરી જણાય છે.

## વિધવાઓ માટે : દશ લાખનું વ્યાજ.

નાણાંભીડ, બેકારી અને દારિદ્રના પહાડ નીચે ચગદાએલા શ્રાવકભાઇયો તરફથી દ્રષ્ટિ ઉઠાવતાંજ આપણી આંખ દુઃખી વિધવા બ્હેનો ઉપર જાય છે. સાચી વિધવા એટલે અડધી સાધ્વી. માટેજ કલાપિ જેવા રસિક કવિયે સૈભાગ્ય કરતાં વૈધવ્યની વિમલતા અને શૃંગાર કરતાં ભકિતની નિર્મલતા ગાઇ. પરન્તુ આજે વિધવાઓની ચોતરફ સ્થિતિ બહુજ કઢંગી છે. કેટલીય વિધવાઓ ઘરની ચાર દિવાલોમાં છૂપો અશ્રુપાત કરી રહી હશે, કેટલીય વિધવાઓ પોતાની પેટપૂર્તિ માટે શીલનું લીલામ કરી રહી હશે, કેટલીય વિધવાઓ નિષ્ઠુર સમાજને શ્રાપ દઇ રહી હશે ને કેટલીય વિધવાઓ પોતાના જીવનને જીવવા પૂરતુંજ જીવી રહી હશે. આમ થવામાં અનેક કારણો છે. બાલ સંસ્કારનો અભાવ, શીલની મહત્તાની અજ્ઞાનતા, વાસનાવિજયની અશકિત, કુટુમ્બીઓનો અત્યાચાર, જીવનનિર્વાહનાં સાધનનો અભાવ, અને તે ઉપરાન્ત ઘરનાંજ માણસોનો ત્હેની સાથેનો દુર્વ્યવહાર-આ બધામાંથી આજની પરિસ્થિતિ ઉત્પન્ન થયેલી જણાય છે. આના નિવારણને માટે એક તો વિધવાશ્રમ સ્થાપવાની જરૂર છે. એમાં આવીને વિધવા તદ્દન સાદાઇથી રહે, ધાર્મિક અભ્યાસ કરે અને અનુષ્ઠાનો આચરવામાં જીવન નિર્ગમન કરે. આ આશ્રમમાં એવીજ એક ખાસ અધ્યાપિકા જોઇએ કે જે પોતાના સંસ્કાર અન્યોમાં રેડી શકે અને સદાય સંસારની અસારતા ને વિરાગની મહત્તા સમજાવ્યા કરે. ઉપરાન્ત કેટલીક કુલીન વિધવાઓ કે જે ખુલ્લી રીતે આશ્રમનો લાભ ન લઇ શકે તેમ હોય, ને નિર્વાહનાં સાધન વગરની હોય ત્હેમને તદ્દન ખાનગી રીતે જીવન નિર્વાહનો પ્રબંધ કરી આપવો અને ત્હેનું જીવન ઉન્નત માર્ગેજ વળે ત્હેની સીધી યા આડકતરી દેખરેખ રાખવી. આ માટે જો દશ લાખનું વ્યાજ એટલે કે ચાલીશ હજાર રૂપીયા વાર્ષિક ખર્ચવામાં આવે તો ક્રમશઃ આજની ન ઇચ્છવાજોગ સ્થિતિનું દફન થઇ શકે.

## અતિથિ ગૃહો : પંદર લાખનું વ્યાજ.

ઉપર જણાવેલા કમાતા શ્રાવકો અને વિધવાઓ માટે સારી વસ્તિવાળા દરેક ગામમાં અતિથિગૃહ ખોલવાની જરૂર છે. બહાર ગામથી યાત્રાર્થે આવનાર અથવા ધંધાર્થે તેજ ગામમાં રહેનાર સગવડ વગરનો દરેક ભાઇ અને દરેક બ્હેન, આ અતિથિગૃહમાં થોડા ખર્ચે જમી શકે તેવી વ્યવસ્થા થવાની જરૂર છે. જ્યારે ગરીબી વધતી જાય છે અને પગારો ટુંકા થતા જાય છે, ત્યારે આવી સંસ્થાઓ નિઃશંકપણે જનતાને આશિર્વાદ રૂપ થઇ પડે. વળી આર્થિક સ્થિતિ વગરના ભાઇઓ આ ગૃહમાં વગર પૈસે ભોજન મેળવી શકે, તેવી વ્યવસ્થા થવી ઘટે. આ એક જાતનું સાધાર્મિક વાત્સલ્યજ છે. આમ કરવાને માટે દરેક જમનાર ભાઇ પાસેથી ઉપલક ખર્ચ ન ગણતાં પડતર કીમત વસુલ કરવી અને ઉપલક ખર્ચની રકમનો

અડધો ભાગ તે ગામ ભોગવે અને અડધો ભાગ આ આપણી યોજનામાંથી અપાય. એટલે આવાં અતિથિગૃહો દરેક મુખ્ય શહેરોમાં સ્થાપવાને માટે જો પંદર લાખનું વ્યાજ એટલે કે વાર્ષિક સાઠ હજાર ખર્ચવામાં આવે તો આપણાં ગરીબ ભાઇબ્હેનોને અત્યન્ત રાહત મળે અને સાધાર્મિક વાત્સલ્યનું સુપુણ્ય ઉપાર્જી શકાય.

## તીર્થરક્ષા માટે : પંદર લાખનું વ્યાજ.

હવે આપણાં તીર્થોની સ્થિતિ વિચારીયે. તીર્થોને અંગે ત્રણ જાતની મુશ્કેલીયો આજે ઉપસ્થિત છે. જિર્ણોદ્ધારની જરૂર, વ્યવસ્થાનો અભાવ, ને દિગમ્બરોનો પ્રતિકાર: પહેલી મુશ્કેલીના નિવારણમાં નવા દ્રવ્યની કાંઇજ જરૂર નથી. આજે કેટલાંય મંદિરોમાં લાખ્ખો રૂપીયા ટ્રસ્ટીઓના મોહથી વિના ઉપયોગે પડયા છે અને જરૂર કરતાં તે વધારે રકમ હોય છે. દેવદ્રવ્યનો ઉપયોગ દેવસેવામાં થઇ શકે. જો ભારતનાં સર્વ જૈન મંદિરોના વહીવટદારો મોહના ચશ્મા ઉતારી દેવદ્રવ્યનો ઘટિત ઉપયોગ કરવા દે તો કદાચ એક પણ પાઇ નવી ઉમેર્યા વિનાજ આપણાં બધાં તીર્થોનો જિર્ણોદ્ધાર કરાવી શકીયે. બીજી મુશ્કેલી ટાળવાનો ઉપાય આપણી તીર્થપ્રીતિ છે. દેવ ને દેવમન્દિર પૂજારીને હવાલે કરી સંસારમાં મસ્ત બનીયે તો દેખીતી વાત છે છે કે આશાતનાઓ વધે ને વ્યવસ્થા ન રહે. ત્રીજી મુશ્કેલી દિગમ્બરોની. ઇચ્છવાજોગ તો એજ છે કે તેઓ સાથે બન્ધુભાવેજ વર્તી શકાય, પણ એનો અર્થ એવો નથી કે તીર્થોના સનાતન હકકોને જતા કરવા. એટલે તે પોતાનું ચાલુ વર્તન ન બદલે તો પ્રતિકાર કર્યેજ છૂટકો. આમાં ઘણું દ્રવ્ય આવશ્યક છેજ. પરન્તુ સમાજનાજ પૈસે તૈયાર થયેલા યાતો ધર્મપ્રેમ ધરાવતા કાયદાશાસ્ત્રીયો મ્હોટાં બીલ કરવાને બદલે સેવા અર્પે અને આ યોજનામાંથી બાકીનો ખર્ચ કરાય તો તેય મુશ્કેલી ટળી શકે. એટલે આ તીર્થરક્ષાના કાર્યમાં પંદર લાખનું વ્યાજ અર્થાત્ સાઠ હજાર રૂપીયા વાર્ષિક ખર્ચીએ તો તીર્થોની ચિન્તાજનક સ્થિતિ નષ્ટ થાય, એમ લાગે છે.

## જ્ઞાનભંડારોનો ઉદ્ધાર : પાંચ લાખનું વ્યાજ.

સાહિત્ય અને તીર્થ, સમાજની બે મહાન્ વિભૂતિયો છે. જેની પાસે વધારેમાં વધારે પ્રાચીન સાહિત્ય અને વધારેમાં વધારે પ્રાચીન તીર્થ, તે સમાજ વધારે ઉન્નત. જૈનસમાજ પાસે આજે સાહિત્યના અમૂલ્ય ગ્રંથો છે. સૂર્યનું એક કિરણ પણ ન સ્પર્શી શકે કે એક પણ મનુષ્યના કરમાં ન ચઢે ત્હેની જેટલી દરકાર રખાય છે, તેટલી તે કીડાના ભોગ ન બને તે માટે નથી રાખતી. જ્ઞાનભંડાર, એ સમાજની મહાન્ સમૃદ્ધિ છે. એટલે આજે જ્ઞાનભંડારોનો ઉદ્ધાર ન થાય તો કાલે આપણું સાહિત્ય દરિદ્ર બની જાય. માટે દરેક જ્ઞાન-ભંડારનાં પુસ્તકોને ત્હેના સંરક્ષણનાં બધાં સાધનો સાથે તૈયાર કરવો જોઇએ તથા જિર્ણ થઈ ગયેલાં પુસ્તકોનું લહીયાઓ પાસે પુનરાલેખન કરાવવું જોઇએ. અને એમાંથી એક પછી એક ઉપયોગી ગ્રંથનું કોઇ વિદ્વાન્ આચાર્ય મહારાજ પાસે સંપાદન કરાવી ત્હેને પ્રકાશિત કરવો જોઇએ. આ કાર્યને માટે પાંચ લાખ રૂપીયાનું વ્યાજ એટલે કે વીસ હજાર રૂપીયાનો વાર્ષિક વ્યય પાંચ વર્ષમાં જૈન ગ્રંથભંડારો અને ગ્રંથરત્નોને નવું તેજ અર્પશે અને એની ચિરંજીવતા વધારશે.

## સાહિત્યપ્રકાશક સંસ્થાઃ પાંચ લાખનું વ્યાજ.



વળી એક સાહિત્ય પ્રકાશક સંસ્થાની પણ આવશ્યકતા છે. અર્વાચિન સાહિત્યને પ્રગટ કરવું, ને સર્જાવવું એ એની ફરજ રહે. ઉત્તેજનથી પ્રગતિ થાય છે. એટલે આવી સંસ્થા લેખકોને ઉત્તેજન આપે. આનાથી આપણા સાહિત્યમાં વધારો થશે તેમજ જ્ઞાનનો પણ ફેલાવો થશે. લેખકો પારિતોષિક મેળવવાની અભિલાષાયે સંગીન સાહિત્યની રચના કરવા પૂરાતન સાહિત્યનો વધુ ને વધુ અભ્યાસ કરવા લલચાશે. જે ગ્રંથ બે હજાર રૂપીયે છપાવી શકાય તેજ ગ્રંથને તૈયાર કરવાને માટે લેખકોને બે હજાર રૂપીયા આપવા પડે તો પણ તે વધારે નથી. કારણ કે એ બહાને આપણે આપણા ધર્મના અભ્યાસીયો ને પ્રશંસકો ઉત્પન્ન કરવા ઉપરાન્ત સંગીન સાહિત્ય ઉત્પન્ન કરી શકીયે છીએ. વળી સંગીન સાહિત્ય લોકોની જિજ્ઞાસુવૃત્તિને ઉત્તેજી શકે છે, એટલે જનતા પણ આવી સંસ્થાથી પ્રતિદિન વધારે સાહિત્યરસિક બનતી જાય. આ માટે આવી સંસ્થાને પણ પાંચ લાખ રૂપીયાનું વ્યાજ એટલે કે વાર્ષિક વીસ હજાર રૂપીયા ખર્ચવાને આપવા અસ્થાને નથી જણાતા.

## ધર્મપ્રચારક સંસ્થાઃ પાંચ લાખનું વ્યાજ.

ઉપરાન્ત ઉક્ત સાહિત્ય પ્રકાશક સંસ્થાની માફક એક ધર્મ પ્રચારક સંસ્થા ઉભી કરવાની ખાસ જરૂર છે. આજે મ્હોટામાં મ્હોટું શસ્ત્ર પ્રચાર (Agitation) છે. એક દયાનન્દ સરસ્વતિની પાછળ આટલા આર્યસમાજિસ્ટો, એજ પ્રચારના પરિણામ રૂપ છે. નવા જૈનો વધારવાને માટે તથા છે તેમને સ્થિર કરવાને તેમજ દરેક જૈનને સમાજની દરેક જાતની પરિસ્થિતિથી જ્ઞાત રાખવાને સિદ્ધાન્ત મુજબ ચાલતું પત્ર અને ઉપદેશકોની જરૂર છે. પત્ર માત્ર ચર્ચાનું સ્થાન ન બને અને સાથે મૌલિક પ્રતિપાદક લેખો જનતા સમક્ષ મૂકે તો તેથી ફાયદો થાય. અને ઉપદેશકો પણ એવા હોવા જોઇએ કે જેઓએ પોતાનું જીવન સેવાભાવે આ સંસ્થાને અર્પ્યું હોય. તથા સંસ્થાએ પણ એમના આ-જીવન નિર્વાહની તથા ત્હેમની પ્રજાના પોષણની વ્યવસ્થા કરવીજ રહી. લેખન ને ઉપદેશથી ઘણુંજ સુન્દર પ્રચાર કાર્ય થઈ શકે. જે દેશમાં મુનિવરોનો વિહાર નથી થઇ શકે એમ યા બહુ મુશ્કેલ છે, તે ક્ષેત્રોને જૈનત્વની ભાવનાથી ઉપદેશકો જઇને રંગી શકે. એટલે સાધુવિહાર પણ વધે. વળી આનીજ સાથે આપણે ત્યાં એક અનાથાશ્રમની જરૂર છે. જાહેર જનતાને આપણી બાજુમાં લેવાનો આ ઘણો સુન્દર ઉપાય છે. નાનપણથી સંસ્કાર પાડી આપણે આ રીતે નવા જૈનો પણ ઉત્પન્ન કરી શકીએ તેમ છીએ. હવે આ ત્રણ વસ્તુ માટેના ખર્ચાની વ્યવસ્થા એમ થઇ શકે, કે પેપર પડતર કીંમતે આપવું. ઉપદેશકોને અંગે વાર્ષિક દશ હાજરનો ખર્ચ રાખવો, અને દશ હજાર વાર્ષિક અનાથાશ્રમ પાછળ ખર્ચવા. આમ આ સંસ્થાને વીસ હજારના વાર્ષિક વ્યય માટે પાંચ લાખનું વ્યાજ આપવું સ્થાને ભાસે છે.

## આજની કેળવણી ને આપણે—

અત્યાર સુધી આપણે વર્ત્તમાનની પ્રજા સંબંધી વિચાર કર્યા ગણી શકાય. વર્તમાનની પ્રજા અને ત્હેની આપત્તિઓના નિવારણાર્થે જેટલી દરકાર, ભોગ ને દ્રવ્યવ્યય આવશ્યક છે. તેથીય વિશેષ વિચારવાનું આવતી કાલે સામાજિક પ્રાણિ બનનાર માટે છે. જૈન સમાજનું

ભાવિ આજની પ્રજા કરતાં આવતી કાલની પ્રજા ઉપર વધારે આવલંબેલું છે. કોઇ પણ રાષ્ટ્ર કિંવા સમાજે પોતાની પ્રગતિસાધના માટે સૌથી પ્રથમ અને સૌથી વધારે પ્રબલ રીતિયે પોતાનાં બાળકોને સંસ્કારી બનાવવાં જરૂરી છે. આજે ઉછરતો બાળક ને ઘડાતો જુવાન આવતી કાલે જ્યારે સમાજની લગામ હાથમાં લે ત્યારે ત્હેનામાં ત્હેને દક્ષતાપૂર્વક નિભાવવાની અને સંરક્ષવાની તાકાત હોવી જોઇએ. મ્હોટા વ્યાપારીની ગાદીએ આવનાર પુત્રમાં એ પેઢીને સહીસલામત રાખવાનું જ માત્ર નહિં કિન્તુ ત્હેને વધારે વ્યાપક ને પ્રતિષ્ઠિત બનાવવાનું કૌવત હોવું જ જોઇએ. આમ ન થાય તો પેઢીએ મેળવેલી નામના તે ગુમાવે. એટલે ભાવિ પ્રજાના માનસના ચણતરને માટે આજે એ જાતની સામગ્રી અનિવાર્ય રીતે આવશ્યક છે કે જેથી તે પોતાના ધર્મ ને કુળ માટે અભિમાન લેતાં શીખે! જૈન તરીકે જીવવામાં પોતાનું ગૌરવ સમજે! સમાનતાને નામે ગમે ત્હેની જોડે ગમે તેમ વાત ન કરે! જ્યાં શાસ્ત્રકારો કહેતા હોય કે જિનભાષિત સત્યને અંશમાં પણ આશ્રદ્ધાની બુદ્ધિથી જોતા હોય ત્હેમનો સંસર્ગ ન કરવો, ત્હેની પ્રશંસા ન કરવી, અને ત્હેને સીધી કે આડકતરી રીતે ઉત્તેજન ન આપવું, ત્યાં જૈન કહેવડાવનારા મિથ્યાત્વીયો સાથે હરવાફરવામાં ગૌરવ સમજે, ધર્મવિરોધી ને ધર્મદ્રોહીને ઉચ્ચ આસને ગોઠવી પોતાનાજ ધર્મનું અપમાન કરાવે, ઠેક-ઠેકાણે ત્હેવા મિથ્યામતિયોનાં ગાણાં ગાય અને ઉપરથી 'વાહ. આપે બહુ ઠીક કર્યું!' એમ બોલીને પેલાને ઉત્તેજે એવી પ્રજા—અરે, એવો એક પણ જૈન કહેવડાવનારો શ્રી જિનેશ્વર દેવના શાસનને માટે શ્રાપરૂપ છે. બહારના શત્રુઓ કરતાંય ઘરના શત્રુઓ વધારે ભયંકર હોય છે. એટલે આવતી કાલની પ્રજાને તૈયાર કરવામાં જો આપણી ભૂલચાપ થાય તો, એ ભયંકર વસ્તુજ બને. પણ આ વિષયમાં આપણે આજે આટલું શા માટે વિચારવું પડે છે? જૈન સમાજે કેળવણીના નામ પાછળ આજ સુધી ઓછું દ્રવ્ય ખર્ચ્યું નથી. છતાં આજે કેળવણી માટે એટલીજ—બલ્કિ એથીય વધુ મુંઝવણ સમાજ સમક્ષ ખડી છે એનું કારણ શું?

## કેળવણીના ફળ સ્વરૂપે—

વર્ષો થયાં ધર્મ સમજી—સમજાવીને સમાજે કેળવણી પાછળ છુટે હાથે દાન દીધું. આજે એનું ફળ શું આવ્યું છે? ધાર્મિક સંસ્કારોથી પોતાના જીવનને રંગી, નિષ્કામ રીતે ધર્મસેવા બજાવી, પોતાના શ્રાવક ભાઇયોને પોતાની કેળવણી ઉપયોગી થાય તેમ વર્તનાર કેટલા પાકયા છે? બહુજ થોડા અપવાદ બાદ કરીયે તો સમાજે કાંઇજ મેળવવા જેવું મેળવ્યું નથી, એમ કહી શકાય. વળી સમાજે ધર્મના નામે આપેલા અને સમાજોદ્ધારનાં સુન્દર સ્વપ્નાં રજુ કરી લીધેલા પૈસાયે ધર્મપ્રેમી ન ઉત્પન્ન કર્યા હતે તો આપણને વધારે ફીકર નહિં હતી; કિન્તુ આપણને આજે જો સાલી રહ્યું હોય, આપણા હૃદયમાં જો કોઇ જાતનો આઘાત હોય અને આપણી એ કેળવણીમાંથી શ્રદ્ધા ઉઠી ગઇ હોય તો એનું કારણ એકજ છે કે તેઓમાંના કેટલાક આજે ધર્મના મિત્ર થવાને બદલે શત્રુની ગરજ સારી રહ્યા છે.

## બીજા પામ્યા ને આપણે નહિં?

ત્યારે કેટલાકો પૂછે છે કે તમને એકલાનેજ કેમ સોસવાનું કારણ મળ્યું છે? બીજા સમાજોએ કેળવણીથી કયી રીતે લાભ મેળવ્યો? આ પ્રશ્ન સાચોજ છે અને સ્થાને છે. પણ

બીજા સમાજોની સંસ્થાઓની આન્તર કાર્યવાહી, ઉપલક દેખરેખ અને ત્હેના અવૈતનિક ને વૈતનિક વ્યવસ્થાપકો તો જુઓ ! ત્હેમના દરેક કાર્યમાં તેઓ પોતાનું દષ્ટિબિન્દુ નથીજ ચૂકતા. આર્યસમાજમાંથી એક પણ દયાનંદ સરસ્વતિને ગાળ દેનાર કે ત્હેનાં તત્ત્વોને નિન્દનાર નથી પાકયો. અને આપણી સમક્ષ કેટલાક એવાય દયાપાત્ર જીવો છે કે જે ધર્મને હંબગ માને છે. સંવત્સરીનાં પ્રતિક્રમણ નહિ, તીથિયે પૂજા પણ નહિં, અને રોજ દેવદર્શન પણ કદાચ અનિયમિત, એવા ગૃહપતિની છાયામાં ઉછરેલા, જડવાદના પવનમાં ભાન ભૂલી અહંકારમાં બીજાને કોઇ ચીજ ન સમજનાર, અને ચેલેંજ ફેંકયે શૂરા અને ધંધાદારી ખાતર જાહેરમાં પડેલા નિરીક્ષક, તથા કેવળ લક્ષ્મી સંપન્નતા એજ જેમની યોગ્યતા એવા મેનેજીંગ કમીટીના મેમ્બરો જો કોઇ પણ સ્થળે હોય તો બીજું શું પરિણામ આવે ? અરે દિગમ્બરોનાં ગુરૂકુલો તો જુઓ ! કેટલી સાદાઇ શીખવાય છે ? કેટલી ધર્મભાવના કેળવાય છે ? કેટલી ક્રિયાભિરૂચિ જગાવાય છે ? ને કેટલી સેવાવૃત્તિ પોષાય છે ? જ્યારે આપણી સંસ્થાઓની સ્થિતિ આંખ સમક્ષ હોઇ સૌ જોઇ શકશે કે, ઉન્માદ, સ્વચ્છંદતા, અહંકાર, ક્રિયાહીનતા, ને ઉદરપૂર્તિની વૃત્તિ—એ સામાન્ય યોગ્યતાઓ રૂપ થઇ પડેલ છે. આમાં અમૂક અપવાદો હશે પણ કેટલીક બહારની વાતો તો આમજ મનાવે તેમ છે.

## કેળવણી તો જોઇએ જ ?

આ ઉપરાન્ત આજની કેળવણી, એ વિષય પણ ચર્ચાસ્પદ થઇ પડયો છે. લૉર્ડ મૅકોલેએ ઇ. સ. ૧૮૩૬ માં પોતાના પિતાના પત્રમાંજ લખ્યું હતું કેઃ—

"હિન્દુઓ ઉપર આ શિક્ષણની અસર અદ્દભૂત થશે. કોઇ પણ હિન્દુ જ્હેને અંગ્રેજી શિક્ષણ મળ્યું હશે, તે પોતાના ધર્મમાં ચુસ્ત રહેશે નહિં..."

અને આ શબ્દો આજે સાચા પડેલા જોઇ શકાય છે. આજે લોકોમાં ધર્મની ભાવના કેટલે અંશે છે, તે સ્હેજે કળી શકાય તેમ છે. ઉપરાન્ત આ કેળવણીયે માત્ર ધાર્મિક ભાવના ઉપરજ ઘા કર્યો છે એમ નથી. રાષ્ટ્રીય તત્ત્વ આપણામાં ન ખીલે, ત્હેની પૂરી દરકાર રખાઇ છે. આજે રાજકીય નેતાઓ લગભગ એકી મતે આજની કેળવણીની વિરૂદ્ધ છે. છતાં આપણે ત્યાં તો આશ્ચર્ય એ છે કે જે લોકો રાષ્ટ્રીયત્વ ખીલવવાની વાતો કરે છે અને આપણામાં રાષ્ટ્ર પ્રત્યેનું મમત્વ ખીલવવા ઇચ્છે છે, તે લોકોજ પોતાના હાથે આવી કેળવણીને ઉત્તેજે છે, પ્રચારે છે અને એમાં સમાજોદ્ધારનો ગુણ રહેલો મનાવે છે. એક તરફ પતન નિહાળી આંસુ સારવાં અને બીજી તરફ એજ પતનના સાધનને મજબૂત કરવું, એનો અર્થ શો ? પરંતુ આ કહેવાનો આશય એ નથી કે કેળવણી ન આપવી. કેળવણી વિના તો નભી શકાયજ નહિં. કેળવણી તો જોઇએ જ. કેળવણી, એ જીવનવિકાસનું સર્વશ્રેષ્ઠ અને અને અનિવાર્ય સાધન છે. કેળવણી વિનાની અવસ્થા, એ જંગલી અવસ્થા છે. એટલે આપણે આજે અપાતી કેળવણી નહિં તો બીજી માટે પણ પ્રયત્ન તો કરવોજ રહ્યો. ભાવિ પ્રજાને તાલીમ વગરની અણઘડ રાખવી, એ ભયંકર પાપ છે.

## કયી કેળવણી આપવી ?

ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે કયી જાતની કેળવણી આપવી ? કેવળ શાસ્ત્રની અપેક્ષાએ આપણે જોઇએ તો આપણે માત્ર ધાર્મિક કેળવણી આપી શકીએઃ પરન્તુ આજે

કેવલ ધર્મશિક્ષણ લેનારા બહુ ઓછા છે. જગત્‌માં જીવવા માટે વ્યવહારિક શિક્ષણ જ્યારે લૌકિક દૃષ્ટિએ ખાસ આવશ્યક હોય ત્યારે, સંયમમાં ન આવી શકે તેવા વ્યવહારિક કેળવણી લેવા મથે તે સ્વાભાવિક છે. એટલે એકલુંજ ધર્મશિક્ષણ ન લઈ શકાતું હોય તો હેના પ્રચારના સાધન રૂપે વ્યવહારિક શિક્ષણનો ઉપયોગ કરવો અસ્થાને જણાતો નથી. પરન્તુ વ્યવહારિક કેળવણી કયી જાતની આપવી કે જેથી એક જૈન પોતાના ધાર્મિક, સામાજિક ને રાષ્ટ્રીય જીવનમાં આગળ વધે? આ માટે આર્યસમાજીસ્ટોની પ્રથા અનુકરણીય ભાસે છે. ચીનને સ્વતંત્ર થવું હતું ત્યારે ત્યાંની શાળાઓમાં માસ્તરો એવા પાઠ શીખવતા કે જે રાજદ્રોહનો ગુન્હો લેખાય. છતાં દેશોદ્ધારની લગનીમાં હેમણે જાપાન વિરૂદ્ધ ચીનને કેળવ્યું, અને આજે ચીન દેશ જાપાનની સત્તાની સાંકળને તોડી રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય ભોગવી રહ્યો છે. બાલપણથી સંસ્કારો નાખવાનું જ એ પરિણામ છે કે આર્યસમાજીસ્ટોનાં ગુરૂકુલો આજે એમના સમાજને સ્થંભરૂપ ચીજો પકવી રહ્યા છે. એટલે આજે શિક્ષણને માટે આપણે સ્વતન્ત્ર વ્યવસ્થા કર્યેજ છુટકો છે. વર્તમાન શિક્ષણપ્રથામાં આપણે ધારીયે છીએ હેવો ફેરફાર ન કરાવી શકીએ. પ્રજાએ પોતાને જોઈતું તત્ત્વ મેળવવા માટે ભગીરથ પ્રયાસ ને છેલ્લામાં છેલ્લી કોટિનો ભોગ પણ આપવો પડે. અનેકોના બલિદાનમાંથી જ સ્વાતંત્ર્ય સર્જાય છે. મુક્તિ પણ કઠિણ કષ્ટો સહી કર્મક્ષય કર્યેજ મેળવી શકાય છેને?

## બાળકોનું શિક્ષણ : ૨૫ લાખનું વ્યાજ.

એટલે આ બધી પરિસ્થિતિ વિચારતાં એમ લાગે છે કે, બાળકોને ભાષાજ્ઞાન, વ્યવહાર જ્ઞાન, વિશ્વ સંબંધી ઉપલક જ્ઞાનના મિષે ધાર્મિક જ્ઞાન અપાય અને સંસ્કારો પડાય તો સારૂં ફલ આવે. ને તે માટે ગુરૂકુલો સ્થાપવાં જોઇએ. ગૂજરાત, ઉત્તર હિન્દુસ્થાન, પંજાબ ને દક્ષિણ એ ચાર ઠેકાણે એ દેશનાં કેન્દ્ર ગુરૂકુલો હોવાં જોઇએ અને આ ગુરૂકુલોને જેમ જેમ જરૂર જણાય તેમ તેમ તેઓ પોતાના દેશના વિભાગમાં નવાં ગુરૂકુલો સ્થાપે. સામાન્ય રીતે આ ગુરૂકુલોમાં બે જાતના Paid & unpaid—પૈસા આપનાર અને મફત વિદ્યાર્થીયો રાખવા. દરેક જૈનને ગુરૂકુલની મહત્તા સમજાવવી. શીક્ષકો અને મેનેજરો વિચાર ને આચાર-ઉભયમાં શુદ્ધ રાખવા. ધાર્મિક ક્રિયાઓ અને શિક્ષણ ફરજીયાત રાખવું. ચીન ને જાપાનની માફક દેવદારનાં પાટીયાંના મકાનથી સાદાઇ પૂર્વક જ રહેતાં શીખવવું. ગુરૂકુલોની યોગ્યતા મકાનોની ભવ્યતા નહિં, કિન્તુ વિદ્યાર્થીયોની સંસ્કારિતા છે. બને ત્યાં સુધી શિક્ષકો ઓછા પગારે સેવાભાવે કાર્ય કરનાર મેળવવા. ગુરૂકુલોમાં જૈનેતર વિદ્યાર્થીયોને દાખલ કરવા અને આર્યસમાજીસ્ટો જેમ હેમનામાં પોતાના સંસ્કાર રેડે છે તેમ આપણે એને જૈન બનાવી દેવા. વિદ્યાર્થીયોની જરૂરીયાતો જેમ ઓછી, હેનું રહનસહન જેમ સાદું, અને હેનું ભોજન જેમ સાત્વિક, તેમ તે વધારે સારો બને. વ્યાયામથી તેઓ પોતાનાં શરીર ખૂબ કસે તેમ કરવું. પ્રત્યેક કાર્યમાં ગુરૂકુલનો કોઇ પણ સીધો કે આડકતરો સંબંધી એના ઉદ્દેશને નજ વિસરી શકે. આમ કરવામાં તત્કાલ આપણી યોજનામાંથી એક ચતુર્થાંશ ભાગ એટલે કે પચીશ લાખનું વ્યાજ, અર્થાત્ દર વર્ષે એક લાખ રૂપીઆનો વ્યય કરવો જરૂરી જણાય છે. અને જ્યારે પ્રજા આ વસ્તુને સમજશે અને કેટલીક સંસ્થાઓએ ઉભી કરેલી માન્યતા હટશે, ત્યારે

પોતાની ભાવિ પ્રજાને સંગીન રીતે ધર્મ સંસ્કારોથી ઘડવા માટે ગુરૂકુલોને આવશ્યક મદદ કરશે જ.



## કુમારિકાઓનું શીક્ષણ : ૨૫ લાખનું વ્યાજ.

અને સ્રીશિક્ષણની આપણે ભલે કીંમત ન સમજતા હોઇએ, કિન્તુ નથીજ ભૂલવું જોઇતું કે શિવાજીને હિન્દુવટનો તારણહાર તૈયાર કરનાર એની માતાજ હતી. સંસારચક્રનાં બે પૈડાં: ૧ પુરૂષ–ર સ્રી. આજે આપણે આપણા ગૃહસંસારોમાં ઘણે ઠેકાણે કલેશ કંકાશ જોઇએ છીએ. કારણ કે બેમાંથી એક અજ્ઞાન હોય છે. આપણે ત્યાં કન્યાઓને યોગ્ય કેળવણી આપવા ખાસ પ્રબંધ જ નથી. એ સુન્દર ગૃહિણી, આદર્શ વિધવા અને પરિણત સાધ્વી થઇ શકે ત્હેવી ત્હેની તૈયારી હોવી જોઇએ. કદાચ કર્માધીન ભવિષ્યમાં યુવાવસ્થામાં વિધવા થતાં કેટલાંક અણછાજતાં પરિણામ આવે છે યા વિધવાવિવાહનો કેટલાક વિચાર કરે છે, ત્હેનું મુખ્ય કારણ કેળવણીનો અભાવ હોઇ શકે. જૈનના બાળકમાં બચપણથીજ ધર્મવાસના વિકસાએલી હોવી જોઇએ. આજે પુરૂષોની એ હાલત છે કે તેઓ ભલેને રાવણ જેવા હોય, તોય સ્રીને સતી સીતા બનવાનુંજ–ફરજીયાત રીતે બનવાનું કહેશે. પણ પોતાની સ્રીને સીતા બનાવવા ઇચ્છનારે પોતે રામ બનતાં શીખવું જોઇએ ! સ્રી, એક શિક્ષક છે, બીજા શિક્ષક કરતાં એનું સ્થાન ઉંચું છે. બીજાના પોપટીયા જ્ઞાન કરતાં એની વાતો અને એનું વર્તન બાળકના મગજ ઉપર સચોટ અસર કરે છે. આ માટે સ્રીયો કેળવાવી જોઇએ. પણ એમના શિક્ષણની પ્રથા એવી હોવી જોઇએ કે જેથી તે આજ્ઞાંકિત, દયાળુ, નમ્ર, સેવાભાવી અને ધર્મ–પ્રેમી બને ! આ માટે આપણે ઠેર ઠેર કન્યાશાળાઓ અને વનિતાવિશ્રામો સ્થાપવાં જોઇએ. પરન્તુ આ વ્યવસ્થા દરેક ગ્રામો તરફથી થાય તો ઠીક. એટલે અમૂક ગામ તરફથી ખર્ચો મળે અને બાકીનો આપણી યોજનામાંથી આપી શકાય. આ માટે તાત્કાલિક રૂા. ૧૫ લાખનું વ્યાજ એટલે કે વાર્ષિક સાઠ હજાર રૂપીયા ખર્ચી શકાય.

## નિરીક્ષક સમિતિઃ ૫ લાખનું વ્યાજ.

હવે આ બધી સંસ્થાઓ ઉપરાન્ત કેટલીક વસ્તુઓ જરૂરી બાકી રહે છે. વાંચનાલય, પુસ્તકાલય, ઉપાશ્રય, તપશ્ચર્યા કરવાનાં ખાતાં, તથા ત્હેવી બીજી ઘણી બાબતો જરૂરી છેજ. કિન્તુ જે દૃષ્ટિબિન્દુને લક્ષ્યમાં રાખીને આ યોજના ઘડાઇ છે, ત્હેને અંગે વિચરતાં તત્કાલ આ માર્ગોએ વિહરી, ત્હેમાંથી નવું નવું પામી, નવી નવી પ્રગતિની યોજના હાથ ધરવી વધારે ઠીક પડશે. છતાં એક સંસ્થા તો જરૂરી છેજ. આપણે એનું નામ નિરીક્ષક સમિતિ રાખીએ. એ સમિતિ પોતાના પગારદાર માણસો દ્વારા ઉપર જણાવેલી બધીય સંસ્થાઓની જાહેર ને છુપી દેખરેખ રાખે અને આ સમિતિના માનદ સભાસદો પણ પોતાના સમય ને દ્રવ્યનો ભોગ આપીને એની કાર્યવાહીનું નિરીક્ષણ કરે. આ ઉપરાન્ત આપણા સમાજમાં આજે અનેક જાતના ચર્ચાસ્પદ વિષયો વિના નિર્ણયે આપણી મુંઝવણ વધારી રહ્યા છે. આ સમિતિ એ કાર્ય હાથ ધરે. દરેક આચાર્ય મહારાજ પાસે જાય, તે તે વિષયના શાસ્રીય પૂરાવા મેળવે, એ સર્વને સંગૃહીત કરી છપાવી વિદ્વાનો પાસે એ આલોચનાર્થ મોકલે, અને ત્હેની સર્વ આલોચનાઓની બેઉ બાજુનાં પ્રમાણો સાથે પુનઃ આચાર્યો પાસે જઇ

શાસ્ત્રીય કથનાનુસાર નિર્ણય મેળવે અને આખાય સમાજ માટે એ છેલ્લો નિર્ણય ગણાય. વળી આજે કેટલાક એકલવિહારી અને ઉત્સૂત્રપ્રરૂપક સાધુઓ તરફથી સમાજને ભયંકર હાની થઇ રહી છે. આ સમિતિ તેઓ પાસે જાય. ત્હેમને વિનયપૂર્વક વિનવે. ત્હેમનાં કારણ સાંભળે, વિચારે, ને ઘટતી વ્યવસ્થા કરે. તથા તેઓને શાસ્ત્રીય પાઠોથી જે માન્યતા ધરાવતા હોય તે સિદ્ધ કરવા યા વિચારો ફેરવવાની વિનંતિ કરે. આમ છતાંય જો તેઓ નજ માને તો શાસ્ત્રમર્યાદામાં રહેનારા આચાર્ય મહારાજો ફરમાવે તે માર્ગે તે વિષે ઘટિત કરે. વળી આજે સંઘબંધારણ જે શિથિલતાને પામ્યું છે, ત્હેને પુનઃ પ્રબલ બનાવવા મથે. પરન્તુ આ કમીટીના સભ્યો કેવલ પ્રતિષ્ઠિત અને દૃષ્ટિરાગ વિનાના હોવા જોઇએ. તેઓ શાસ્ત્રાનુસારજ પોતાનું મન્તવ્ય રાખનારા જોઇએ. જો આ કમીટીનું અસ્તિત્વ થાય તો લેખક માને છે કે સમાજનો કેટલોક જાહેર કલેશ દફનાઇ જાય અને આપણી જે રહી સહી શક્તિયો પરસ્પરના પ્રતિકારમાં ખર્ચાય છે, તે સામાજિક ઉન્નતિ સાધવા તરફ વાળી શકાય. સમાજમાં આવી કમીટી ન હોય ત્યાંસુધી સુલેહ સ્થપાવી અશક્ય નહિં તો દુઃશક્ય તો છેજ. અને જ્યારે સ્વચ્છન્દ પ્રવૃત્તિયો ઉપર કાબુ નહિં મૂકાય ત્યારે સમાજ વધારે ને વધારે અવનત થતો જશે. આવી સમિતિની અનિવાર્ય આવશ્યકતા છે, એમ કહું તોય ચાલે. અને આ માટે આપણી યોજનામાંથી પાંચ લાખ રૂપીયાનું વ્યાજ એટલે કે વાર્ષિક વીસ હજાર રૂપીયા ખર્ચવા ઠીક લાગે છે. પછી તો આ સમિતિના સભ્યો પણ આનો ખર્ચ ઉઠાવી શકશે.

## શ્રાવકનો પૈસો ક્યાં ખર્ચાય ?

આમ આ રીતે "એક કરોડ હોય તો ?" ની યોજના પૂર્ણ થાય છે. આમાં સૌથી વધારે ધ્યેય એ રાખવાનું છે કે દુનિયામાં દર્શન, જ્ઞાન અને ચરિત્ર સિવાય કોઈ વસ્તુ ઉપાસનાને યોગ્ય નથી. એ ત્રણની વૃદ્ધિમાં સહાયક સાધનોમાંજ શ્રાવકના પૈસાનો ઉપયોગ થઇ શકે. ધર્મ તરીકે એક પાઇ પણ ખર્ચતાં પહેલાં શ્રાવક તરીકે તેણે વિચારવુંજ જોઇએ કે દર્શન—જ્ઞાન—ચારિત્ર એ રત્નત્રયીમાંથી કોઇ એકનું પણ પોષણ થાય છે કે નહિં ? આ વિચાર વિના પૈસો ખર્ચવો એ જોઇએ તેટલો લાભપ્રદ થાય નહિં. અને ઉપરની યોજનામાં સૂચવેલ દરેક વસ્તુની પાછલ આ ભાવના રહેલી હોવીજ જોઇએ. જ્યાં શ્રદ્ધા પરિપક્વ થતી હોય, જ્યાં વીતરાગભાષિત તત્ત્વનું જ્ઞાન અપાતું હોય, અને જ્યાં સંસારથી વિરક્તિ કેળવાતી હોય અથવા તો ઉપરિસૂચિત વસ્તુઓમાં સહાયરૂપ થવાનું હોય ત્યાંજ શ્રાવક ધર્મ સમજીને પૈસો ખર્ચે. અન્યથા તે પોતાનું પણ ગુમાવે ! શાસ્ત્રમાં સુપાત્રે દાન દેવાનું કહ્યું છે. એટલે કોઇ પણ સ્થળે દાન કરતાં પહેલાં એ વિચાર કરવો કે આ પૈસે ક્યાં રત્નો પેદા થશે ? આમ વિચાર કર્યા વિના અપાતાં દાનમાં કેટલીક વખત અણધારી રીતે મિથ્યાત્વના પોષાક બની જવાય છે. અને દાનનો નિર્જરાનો હેતુ સરતો નથી. માટે સમાજોદ્ધારના પ્રત્યેક કાર્યમાં સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન, કે સમ્યક્ ચારિત્રની આરાધના હોય ત્યાંજ મન સાથે ધન ને તનની પ્રત્યેક જૈનની મદદ હોઈ શકે. પાત્રાપાત્રનો વિવેક કર્યા વિના ખર્ચાતું દ્રવ્ય કેટલીક વખત તો સમાજને શ્રાપરૂપ થઇ પડે છે, અને ઉન્નતિને બદલે અવનતિનું સાધક બને છે. માટેજ રત્નત્રયીની આરાધનાનાં સાધન ને આરાધકોને શ્રાવકો મદદ રૂપ થઇ શકે, એ લક્ષ્યમાં રાખવાનું છે.

## ઉપસંહાર.

હવે યોજના પૂર્ણ થઇ હોઇ મ્હારે મ્હારા લેખને વિરામના માર્ગેજ દોરવો રહ્યો. આમાં અંગત આક્ષેપો ન થાય તે માટે સંભાળ રાખવા છતાંય બેસતી ટોપી પહેરી લેવા જેવું કોઇ કરશે તો પછી તેવાઓને માટે તો કહાઇ ગયેલું કથન યોગ્યજ લેખાશે. આજે સમાજની સર્વ દિશાઓમાં ભયંકર દાવાનળ ભભૂકી રહ્યો છે. શાસ્ત્રનાં વાકયોને કોરાણે મૂકી કપોલકલ્પિત બાબતો આગળ કરાય છે. અને અજ્ઞાન સમાજ તત્ત્વને ન સમજતાં સોનેરી જાળમાં ફસાઈ જાય છે. આ દશામાં સમાજની સ્થિતિ બહુજ વિચારીએ તો આપણું હૃદય હતાશ બની જાય છે. આ વિષય મ્હારે ખૂબ વિસ્તૃત રીતે ચર્ચવો હતો કિન્તુ '**સાહિત્ય અંક**' માં માત્ર એક ફરમામાં પૂર્ણ કરવા માટે સૂચવેલ લેખ હદ વટાવી ગયો છે. મ્હારી ઇચ્છા આજ વિષયને અંગે એક પુસ્તક તૈયાર કરવાની છે. અને શાસનદેવની સહાય હશે તો તેમ બનશે. શ્રાવક બન્ધુઓની દુર્દશા ઉપર આંસુ સારનારા ઘણા છે. પણ કેવળ રૂદન, એ રોગનિવારણનો ઉપાય નથી. આજે દરેક જૈન પેઢી જો જૈનનેજ કાર્યકર તરીકે રાખવાનો આગ્રહ લે, દરેક જૈન શ્રીમન્ત એકજ શ્રાવક કુટુમ્બનું વાત્સલ્ય માથે લે અને આ રીતે એક ફન્ડમાંથી જો શરાફી ખાતું ( Bank ) કાઢીને ત્હેના વ્યાજમાંથી સૂચિત માર્ગો સ્વીકારાય તો પચીશ વર્ષ પછીનો સમાજ એક કોઇ નોંધવા જેવો બને. સમાજના શ્રીમન્તો જો ધારે તો ત્હેમને માટે આ કાર્ય અસાધ્ય તો નથીજ. શાસનદેવ ત્હેમને એમ કરવા પ્રેરે, અને એ રીતે સમાજોદ્ધાર સધાય, એજ કાંક્ષા સાથે હાલ તો વાંચક ! ત્હારી રજા લઉં છું. લ્યો, ત્યારે હમણાં તો **જયવીર** !

# "સાહિત્ય-પ્રચાર અને જૈનો."



લેખકઃ "સાહિત્યપ્રેમી"

જૈન સાહિત્ય એટલા બધા વિપુલ પ્રમાણમાં છે કે યદિ ભારતીય સાહિત્યમાંથી જૈન સાહિત્યની ગણના બાદ કરવામાં આવે તો બાકીનું સાહિત્ય નહિ જેવું જ રહે. તેમાંયે સંસ્કૃત અને પ્રાકૃત જૈન સાહિત્ય બાદ કરવામાં આવે તો તો સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્ય જરૂર રડે તેમ છે. તેમજ ગૂજરાતી ભાષાના ઉદ્યાનને વિકસિત બનાવી સુંદર ફળોથી લચકતી બનાવવાનું મુખ્ય માન પણ જૈન સાહિત્યને ભાગેજ આવે છે. ભારતમાં એવી એક પણ ભાષા ભાગ્યેજ હશે કે જેમાં જૈન વિદ્વાનોએ પ્રયાસ સેવી સાહિત્ય ન સર્જ્યું હોય. અત્યારે જે જૈન સાહિત્ય પ્રકાશ પામ્યું છે, પ્રકાશ પામતું જાય છે, એ તો પાશેરામાં પુણી જેવું છે, એમ કહેવામાં હું લગારે અતિશયોક્તિ નથી કરતો. જેસલમેર, ખંભાત, પાટણ, લીંબડી, વડોદરા, પૂના ભાંડારકર ઇન્સ્ટીટયુટ આદિના ભંડારોમાં એટલું બધું અણખેડયું સાહિત્ય વિદ્યમાન છે કે તે જોનારને મારૂં કથન અક્ષરશઃ સત્ય ભાસશે, એમાં મને લગારે સંશય નથી. પણ આપણા દુર્ભાગ્યે તેમાંનાંયે અમૂલ્ય અને અપૂર્વ ગ્રંથ રત્નો વર્ષભરમાં એકાદવાર પણ ભાગ્યેજ દુનીયાનો પ્રકાશ ભાળતાં હશે. અમારો ભંડાર કેમ ખૂલે? એ પુસ્તકો દેખાડવાનાં નથી, એ જોવાનું તમારૂં કામ નથી. અમારાં પ્રાચિન પુસ્તકો તમને કેમ દેખાડાય? અરે એને તે બહાર કઢાય? એ તો પટારાના પેટમાં જ શોભે, વિગેરે વિગેરે જ્યાં આટલું મમત્વ હોય ત્યાં તે ગ્રંથો પ્રકાશ ન પામે-દુનિયાની નજરે ચઢે તેને તો હજી દશકા જોઇશે. ગ્રંથોના સંરક્ષણ માટે જેટલું મમત્વ અને પ્રેમ-ભક્તિ જોઇએ તે કરતાં તે સડે કે જીવો ખાઇ જાય તો પણ બહાર નજ કાઢવાની મનોદશા એ તો નર્યો અહંભાવ, અજ્ઞાનતા અને મમત્વ જ સૂચવે છે.

આ વીસમી સદી પ્રવર્તે છે. દરેક જાતિ, રાષ્ટ્ર અને ધર્મ આજે આગળ વધ્યે જાય છે, કુચકદમે પ્રગતિ સાધ્યે જ જાય છે. આવા સમયમાં આપણે જો મમત્વમાં, ખોટા હવાઇ ખ્યાલોમાં અને અજ્ઞાનમાં જ આકંઠ ડુબ્યાજ રહીએ તો ખરેખર આપણાં કમભાગ્યજ સમજવાં. માટે પહેલાં તો આપણે એજ કરવું જોઇએ કે જુના ગ્રંથભંડારોનું રક્ષણ કરવા સાથે વિનાશને માર્ગે ચાલી રહેલા અમૂલ્ય ગ્રંથરત્નોનો ઉદ્ધાર કરવો, તેની કૉપીઓ લખા-વવી અને પછી તે ગ્રંથો છપાવી જગત્ સન્મુખ રજુ કરી દેવા જોઇએ. શ્રી હરિભદ્રસૂરિના સેંકડો ગ્રંથો કાલિકાલસર્વજ્ઞ, પરમત્યાગમૂર્તિ શ્રી હેમચંદ્રાચાર્યના હજારો ગ્રંથો અને પરમતાર્કિક મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના અમૂલ્ય ગ્રંથો હજુ ઘણા ઓછા જ બહાર પડયા છે. તેમના ગ્રંથો એટલે ટંકશાળી સીકકો! આ સિવાય ગંધહસ્તિ મહા-ભાષ્ય, વસુદેવ ત્રેહિનિડી અને સ્યાદ્વાદરત્નાકર જેવા ગ્રંથમૌક્તિકોની ઉજ્વલ પ્રભા આજે તે તે ગ્રંથોના સપૂર્ણ ભાગોના અભાવે ઝાંખી પડતી જાય છે. તો જુના જ્ઞાનભંડારોમાં તપાસ કરી તેનો પત્તો લગાડી, તેની પ્રભાને વધુ ઉજવલ બનાવવી જોઇએ. પ્રાચિન સાહિ-ત્યને નિહાળીને તો અત્યારના વિદ્વાનો તે તે ધર્મની કદર કરતાં શીખ્યા છે. એટલે આપણા

ધર્મના પ્રચાર માટે આપણે આપણા પ્રાચિન સાહિત્યને પ્રકાશ આપવો એ અનિવાર્ય છે. એટલે એવા અપૂર્વ ગ્રંથમૌક્તિકો તપાસી કયાંયથી પત્તો લાગે તો જગત્ સનમુખ ધરી દેવા જરૂરી છે. આ સિવાય ભંડારોમાંથી દર વર્ષે ટોપલા બંધ પુસ્તકો કીટકોના ભોગ બની ચારણી જેવા થઇ નાની નાની કરચો થઇ સમુદ્ર દેવના ગર્ભમાં હોમાય છે. તો કીટકોના ભોગ ન બને તેનો યોગ્ય ઉપાય કરી જીર્ણ થતાં જતાં પુસ્તકોની કોપીઓ કરાવી જુદા જુદા ભંડારોમાં મોકલવામાં આવે તો પણ તેનું ઘણું રક્ષણ થાય. અને ભંડાર પણ સમૃદ્ધ થવા સાથે સુશોભિત બને. આગળ પણ આવું ઘણીવાર બનતું. પ્રાચિન પુસ્તક ભંડાર તપાસનારાઓનો એવો અનુભવ હોય છે કે એકજ ભંડારનાં અનેક પુસ્તકો એકજ હાથનાં લખાએલાં જુદા જુદા ગામોના ભંડારમાં મલે છે. આપણે વાંચીએ છીએ કે પરમાર્હત્ કુમારપાલ દેવે અમૂક જ્ઞાનભંડારો કરાવ્યા. મહામાત્ય વસ્તુપાલે આટલા સરસ્વતિ ભંડારો બનારાવ્યા. એટલે પ્રાચિન સાહિત્યના રક્ષણ અને ફેલાવામાં આ જ્ઞાન ભંડારો અનુપમ સરલ માર્ગ છે. આજે એવો એક પણ જૈનધર્મનો સમર્થ જ્ઞાન ભંડાર-લાયબ્રેરી નથી કે જેમાં વિશ્વમાં છપાયેલાં-છપાતાં જૈનધર્મ સંબંધીનાં સમસ્ત પુસ્તકોનો સંગ્રહ હોય અને જોઇએ ત્યારે દરેક જ્ઞાનપિપાસુ વિના કષ્ટે તેનો ઉપયોગ કરી શકે એવી સગવડતા હોય. આજે હિન્દમાં અને હિન્દ બહાર અનેક જૈન ગ્રંથો અનેક રીતે બહાર પડે છે. તેમ તેની સામે વિરોધના ગ્રંથો પણ બહાર પડે છે. છતાં એકજ સ્થાને આપણને તે મલે એ અસંભવિત છે. જૈન સમાજમાં આટઆટલા ધર્મપ્રેમી શ્રીમંતો વસવા છતાં, આટઆટલા જ્ઞાનપિપાસુ હોવા છતાં જૈનસમાજનું લક્ષ તે તરફ કેમ નથી ખેંચાયું એ આશ્ચર્ય છે.

તેમાંયે જૈનેતર વિદ્વાનોને તો આપણાં હસ્તલીખિત પ્રાચિન પુસ્તકો એકદમ નથી મળી શકતાં. મહામુશીબતે અનેક પ્રકારની લાગવગ અને ખુશામતને અંતે મલે છે. અને કેટલીક વાર તો તેને બીલકુલ નિરાશ થવું પડે છે. એમને આપણા જ્ઞાનભંડારના કીલીદારો સાથે પરિચય ન હોય; અજ્ઞાન કીલીદારને તેની વિદ્વત્તાનો લગારે ખ્યાલ ન હોય, ફક્ત અમારા ભંડારનાં પુસ્તકો સાચવવા શિવાય બીજી મહત્તા ન હોય એટલે પેલા વિદ્વાન્ ઘણીવાર એ પુસ્તકોની કીલીદાર પાસે માગણી કરે અને ન મળે એટલે નિરાશ થાય છે. કોઇ એમ તો નજ માની લે કે જૈનેતર વિદ્વાનોને જ આપણા ગ્રંથભંડારોના ગ્રંથો નથી મલતા, કિન્તુ જૈન વિદ્વાનોને સુદ્ધાં નથી મલતા, અને અનેક પ્રયાસ-લાગવગના અંતે, એરંડીયું પીધા જેવું મોંઢું કરી ન છુટકે તેને ગ્રંથનો ઉપયોગ કરવા આપે છે. પણ તેમાંયે સખ્ત ચોકી અને અવિશ્વાસનાં પૂર ઉભરાતાં હોય; આનો અનુભવ ચીમનલાલ દલાલને અને અત્યારે તેનો પરિચય મેળવવો હોય તો સાહિત્યપ્રેમી શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇના મુખથી ખાસ સાંભળવા જેવો છે. આ સિવાય કેટલાક વધારે પડતા ડાહ્યા ગૃહસ્થોના હાથમાં કીલીઓ છે કે એકવાર સારા સાધુ મહાત્માને પણ ગ્રંથ ભંડાર ન બતાવે: તેમને ગ્રંથની કૉપી ત્યાંને ત્યાં પણ ન કરવા દે! આટલી બધી સંકુચિતતા હોય છે. આમાં નથી જૈન સાહિત્યની સેવા, નથી વિકાસ, નથી પ્રચાર, કે નથી જૈન સાહિત્યની પ્રભાવના. આમાં છે નરી અજ્ઞાનતા, સંકુચિતતા અને અહંભાવ! આગળના જમાનામાં એક પુસ્તક તૈયાર થાય કે આખા હિંદભરમાં તેની નકલો ફેલાઇ જતી. તેના ઉપર ટીકા ટીપ્પણો થતાં, જૈનેતરો

આક્ષેપો કરતા અને તેના ઉત્તરો સુદ્ધાં અપાતા. અત્યારના જેવી સંકુચિત મનોદશા આપણા પૂર્વાચાર્યો અને ગ્રંથભંડારના રક્ષકોએ રાખી હોત તો આટલા વિપુલ પ્રમાણમાં સાહિત્ય વિકાસ–સાહિત્યનું સર્જન ન થાત. હા, એક સમય એવો કટોકટીનો હતો કે જેમાં સાહિત્ય અગ્નિદેવ કે જળમાં હોમાતાં. એ વખતે વિધર્મીઓથી બચાવવા માટે સખ્ત પગલાં લેવાં જરૂરી હશે, પણ અત્યારે તે પરિસ્થિતિ નથી.

હવે વાત રહી છપાયેલાં અને છપાતાં પુસ્તકોની. આપણું ઘણું સુન્દર મૌખિક સાહિત્ય છપાઇને બહાર પડયું છે. અને એ એક ગૌરવનો વિષય છે. પણ જે સ્વરૂપમાં તે છપાવું જોઇએ, તે સ્વરૂપમાં હજુ નથી છપાયું. આપણા પવિત્ર ગ્રંથો અશુદ્ધ છપાય એ તો બહુજ ખેદનો વિષય ગણાય. તેમાં પણ માત્ર છપાવવા એજ દૃષ્ટિએ છપાય, તેના કરતાં એક આદર્શ ગ્રંથ બહાર પડે, બીજાઓ તેમાંથી અનેક પ્રકારની વિગતો મેળવી જ્ઞાન વૃદ્ધિ કરે, એ દૃષ્ટિએ છપાય તો ઘણો ફેર પડે. ગ્રંથમાં સ્થળે સ્થળે ઉપયોગી વિષયની ફુટ નોટ આપવામાં આવે, પરિશિષ્ટ આપી બીજા ગ્રંથોની સાક્ષીઓના પાઠો કે–બીજી પ્રતોના પાઠો કે અન્ય સ્થલના આ ગ્રંથને લગતા ઉપયોગી વિષયો મૂકવામાં આવે, સુન્દર વિદ્વત્તાભરી પ્રસ્તાવના –ઉપોદ્ઘાત લખવામાં આવે, પ્રાચિન સાહિત્યની સાથે તુલના કરવામાં આવે, પ્રાકૃત કે માગધી ભાષાની મહત્તા સાથે ઇતિહાસ આપવામાં આવે, તેમાં રહેલી રસવાહકતા, મીઠાશ આદિનું ટુંક નિદર્શન કરાવવામાં આવે તો તેના અભ્યાસીઓને તે ગ્રંથ કેટલો બધો ઉપયોગી નીવડે! આને માટે પાશ્ચાત્ય ગ્રંથો જુઓ, હમણાં છપાએલ વેદ સાહિત્ય તરફ નજર કરો, અને છેવટે પૂનામાં આર્હત્મત પ્રભાકર તરફથી અને ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ તરફથી બહાર પડતા ગ્રંથોનાં દર્શન કરો. આપણા છપાતા ગ્રંથોમાંથી ઘણાં પુસ્તકો ઓછી કીંમતે અપાયાં છે, પણ અજૈન વિદ્વાનોને તે પૂરતા પ્રમાણમાં નથી અપાયાં. હિન્દ બહાર આપણી કૉન્ફરન્સ દ્વારા અમૂક ગ્રંથો–આગમો અપાયાં છે. યુનીવર્સીટીએ જ્યારે પ્રાકૃત અને માગધી સાહિત્યને સ્થાન આપ્યું છે, તો આપણી ફરજ છે કે તે તે ગ્રંથો તદ્દન ઓછામાં ઓછી કીંમતે પૂરા પાડવા જોઇએ. પણ તેને બદલે મને યાદ છે કે × × × × સૂત્ર અમૂક વર્ષના યુનીવર્સીટીના કોર્સમાં દાખલ થએલ હતું. કોઇક અજૈન વિદ્વાનને તેનો અભ્યાસ કરવો હતો. એમણે તે સૂત્ર માટે ઘણે સ્થળે તપાસ કરી પણ તે વિદ્વાનને તે ગ્રંથ પ્રાપ્ત ન થયો અને થાકીને શાંકરભાષ્ય લેવું પડયું. આપણા માટે આ બહુ શરમની વાત લેખાવી જોઇએ. કેટલીક વાર તો માગધી ભાષાના અધ્યાપકોજ મુશ્કેલીએ મળે છે. આપણા ન્યાયના ગ્રંથો માટે પણ આવુંજ બન્યું છે. તો જે જે ગ્રંથો યુનીવર્સીટીમાં દાખલ થાય તેને સુંદર રૂપમાં ટીપ્પણી, પરિશિષ્ટ, વિદ્વત્તાભરી પ્રસ્તાવના, ઉપોદ્ઘાત, કઠિન શબ્દોના અર્થો, પારિભાષિક શબ્દોનું વિવેચન, અન્ય દાર્શનિક ગ્રંથો સાથે તુલના, અન્ય ગ્રંથોમાંથી લેવાએલા પાઠોનાં સ્થાનો, ભાષાની દૃષ્ટિએ વિવેચન, ગ્રંથકારનો પરિચય, તેમનો સમય, તે વખતની ધાર્મિક પરિસ્થિતિ આદિના ઉમેરણ સાથે–ગ્રંથ છાપવામાં આવે તો કેટલી બધી સગવડતા વધે? વિદ્યાર્થી હોંશે ભણે અને અધ્યાપક આનંદથી ભણાવે. તેમજ આપણે પણ એવી એકાદિ સ્કૉલરશીપ રાખવી જોઇએ કે તત્ત્વાર્થ સૂત્ર, સ્યાદ્વાદમંજરી, પ્રમાણમીમાંસા, ન્યાયાવતાર કે પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર, રત્નાકરાવતારિકા–(સ્યાદ્વાદ રત્નાકર) વિશેષાવશ્યક

સૂત્ર, સમ્મતિતર્ક આદિ હરકોઇ એક ગ્રંથમાંથી ક્રમશઃ અભ્યાસ કરી પરીક્ષામાં સારામાં સારા માર્ક મેળવનારને અમૂક ઇનામ મળશે. મ્હેં એકવાર સાંભળ્યું હતું કે જર્મનીમાં એક એવી યોજના ઘડાઇ હતી કે, ભગવતી સૂત્રના અમૂક અધ્યાય મુખપાઠ કરી તેની પરીક્ષામાં સારામાં સારા માર્ક મેળવનારને અમૂક ડૉલર ઇનામ મળશે. અઢીસોથી ત્રણુસો ઉમેદવારોએ તેમાં ભાગ લીધો હતો, તેમાંથી પ્રથમના ત્રણુને ઇનામ મળ્યું પણ આમાં લાભ એટલો થયો કે તેમાં ત્રણુસો ઉમેદવારોએ ભાગ લઇ તેનો અભ્યાસ કર્યો-સૂત્રો મોંઢે કર્યાં. સાહિત્ય પ્રચારનો આ એક સુંદર શિષ્ટ માર્ગ છે. સારા અજૈન વિદ્વાનોને આપણા ગ્રંથો ભેટ અપાય તો પણ ઘણો લાભ થવાની સંભાવના છે. મારા નમ્ર મત પ્રમાણે તો આપણા દાર્શનિક ગ્રંથો ઉપર વિવેચન કરવા દરેક દરેક નિરભિમાની તટસ્થ વિદ્વાનને આમંત્રણ આપવું. તે ગ્રંથોના અભ્યાસ માટે તે ગ્રંથો પૂરા પાડવા અને સુંદરમાં સુંદર વિવેચન કરનારને અમૂક ઇનામ આપવાનું ઠરાવવું. આમાં ઘણો લાભ છે. એક તો જૈન સાહિત્ય પ્રત્યેનો અભાવ ઘટી તેના પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થશે. માનબુદ્ધિ થશે, અને તેમાં રસવૃત્તિ દાખલ થશે. બીજું તેમાંથી તે પોતાની દષ્ટિએ જુદું તારવશે, ગ્રંથકારનું હાર્દ જાણવા મથશે, સત્ય તારવતાં શીખશે. હા, તેમાં કદાચ ભૂલ પણ થશે. આડું અવળું વેતરાશે પણુ ખરૂં, કિન્તુ સત્ય સમજાવતાં-ખરૂં મર્મ બતલાવતાં તે ભૂલ સ્વીકારી સત્ય સ્વીકારશે. જૈન સાહિત્યનો શિષ્ટ સમાજમાં પ્રચાર થશે, તેની ખરી કીંમત અંકાશે, એમાં જૈન શાસનની અપૂર્વ પ્રભાવના છે.

### હવે છેલ્લે રહ્યાં ભાષાંતરો—

આપણા વિધિ વિધાનના-આચાર વિચારના, ધાર્મિક પ્રબોધક, સામાન્ય નીતિ-જીવન પ્રબોધનારા, દાર્શનિક-તાત્ત્વિક, કર્મ વિષયક અને બીજું શિષ્ટ સાહિત્ય, આ બધા વિષયના ગ્રંથોનું જુદી જુદી ભાષામાં ભાષાન્તર થાય, ટ્રાન્સલેશન કરાવી જૈન અને જૈનેતર સમાજને તદ્દન ઓછા મૂલ્યે અને સાધનસંપન્ન ન હોય તેવા જ્ઞાનપિપાસુને ભેટ આપીને આપણા સાહિત્યનો પ્રચાર કરવાની અનિવાર્ય આવશ્યક્તા છે. આપણા ઘણા સારા ગ્રંથોનું ભાષાન્તર ગૂજરાતીમાં થયું છે. તેમાંથી કેટલાંક ભાષાન્તરો તો સાહિત્યની ઉચ્ચ કોટીમાં આવી શકે તેવાં પણ છે. તેમજ હિંદી ભાષામાં પણ થોડા ગ્રંથોનું ભાષાન્તર થયું છે-થાય છે. અંબાલા-આત્માનંદ સભા, આગ્રા અને કલકત્તાથી સુંદર પુસ્તકો બહાર પડે છે. પણ તેમાંયે અંબાલાને બાદ કરતાં બીજે સ્થળેથી કથાનક ગ્રંથો વધારે બહાર પડે છે. કિન્તુ બંગાલી અને મરાઠીમાં તો આપણા ગ્રંથોનાં ભાષાન્તરો નથી થયાં. કોઇકિ છે પણ નહિ જેવાંજ. માટે તે તરફ હવે નજર દોડાવવી જરૂરી છે. બંગાળામાં સમર્થ વિદ્વાન્, પ્રોફેસરો, બુદ્ધિનિધાન પંડિતો આકર-વિદ્વાનો વસે છે. મહારાષ્ટ્રમાં પણ એજ સ્થિતિ છે. તોયે બન્ને દેશની ભાષામાં મેં ઉપર જણાવ્યા તે તે વિષયના ગ્રંથોનાં ભાષાન્તર થવાની જરૂર છે. અથવા તો વિદ્વાનોને સંસ્કૃત-પ્રાકૃત સાહિત્ય પહોંચાડવામાં આવે તો પણ ઘણું છે અને સામાન્ય જનતા માટે તો ભાષાન્તરો જરૂરી છેજ.

### સાહિત્ય સેવા સંઘ—

આ બધાં માટે એક સુંદર જૈન સાહિત્ય સેવા સંઘ સ્થાપવાની અનિવાર્ય આવશ્યકતા છે. જેનો ઉદ્દેશ ફકત વિશ્વમાં આજીવન જૈનસાહિત્ય પ્રચાર કરવાનો

જ હોય. એ સંસ્થા બીજી કોઇ જાતની ચર્ચામાં ન ઉતરે, બીજું પણ કાર્ય હાથ ન ધરે, માત્ર ધનાઢ્ય, ધર્મપ્રેમી, દાનવીરો પાસેથી દાન લઇ વિદ્વાન્ જૈન જૈનેતરોને રોકી પ્રાચિન જૈન સાહિત્યનું સંપાદન કાર્ય કરાવે. જુદી જુદી ભાષામાં જૈન સાહિત્યને ઉતરાવી હજારો પુસ્તકો તૈયાર કરી લાખો કોપીઓ વેગ પૂર્વક ફેલાવી જૈન સાહિત્યના રસિયા બનાવે, એકાદ વ્યકિત કે સામાન્ય સભા આ કામ સંગીનતાથી ન કરી શકે. આ ભગીરથ કાર્ય માટે તો વિપુલ સાહિત્ય સામગ્રી, પ્રચુર ધન સંપત્તિ અને માત્ર પેટ પૂરતું લઈ કામ કરનાર આત્મભોગી, પરમ ઉત્સાહી, જ્ઞાનભકત યુવાનોનું મંડળજ ઉપયોગી નિવડે-સુંદર, સંગીન, ફલપ્રદ, નીવડે તેમ છે. આપણામાં જ્ઞાન નિમિત્તે ઉદ્યપાન-ઉજમણાં થાય છે. સાથે સાથે આ તરફ પણ લક્ષ અપાય તો કેટલું બધું પુણ્ય ઉપાર્જન થાય. આ કલિકાલમાં ફકત જિનબીંબ અને જિનાગમ એજ આપણા શ્રેયસાધક છે, તેનો વિશ્વમાં ફેલાવો કરવો, જિનવચનામૃતનું જગતને રસીયું બનાવવું એ પણ અત્યારે આપણા માટે પરમ શ્રેયસાધક છે.

નિષ્કર્ષ—અંતમાં જૈન સાહિત્યનો પ્રચાર કરવાને ઇચ્છનારાઓ નિમ્ન લીખિત મુદ્દાઓ લક્ષમાં રાખશે તો તેમનો ઉદ્દેશ સારી રીતે પાર પાડી શકશે એવું મારૂં નમ્ર મન્તવ્ય છે.

૧ પ્રાચિન ભંડારોમાંથી અપ્રસિદ્ધ પુસ્તકો સારી રીતે નૂતન પદ્ધતિએ પ્રસિદ્ધ કરવાં.
- अ જીર્ણ થતાં હસ્તલિખિત પુસ્તકોની કોપીઓ કરાવી ઠેર ઠેર ભંડારમાં મોકલવાં.
- ब ઉધેઇનું ભક્ષ બનતાં અને સડતાં પુસ્તક ભંડારોનો કબજો મેળવી તેના રક્ષણ માટે સારા ઉપાયો યોજવા.
- क જૈન કે અજૈન વિદ્વાનને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે અમુક શરતે પણ સહેલાઇથી હસ્તલિખિત પુસ્તક મળી શકે અને તેનો સદુપયોગ કરે તેવો પ્રબંધ કરવો.
- ड યતિયો પાસેથી અન્ય સ્થળે વેચાતાં પુસ્તકો કિમ્મત આપીને પણ આપણેજ લેવાં. બીજે જવા ન દેવાં.

૨ સુંદર રીતે છપાયેલાં પુસ્તકો જૈન કે અજૈન વિદ્વાનને સસ્તામાં સસ્તા દરે મલે.
- अ બને તો નિષ્પક્ષપાતી તટસ્થ પ્રખર વિદ્વાનને સમાલોચનાર્થે અમૂક પદ્ધતિનાં પુસ્તકો મોકલવાં.
- ब જૈન સાહિત્ય પ્રત્યે પ્રેમી હોય છતાંયે પુસ્તક ખરીદવા અશક્ત હોય તેમને બને તો ભેટ, નહિ તો વાંચવા કે બીજા ઉપયોગ માટે તો પુસ્તકો પૂરાં પાડવાંજ.
- क બને તો સારા દાર્શનિક અને સાહિત્ય વિષયક ગ્રંથો ઉપર પ્રસ્તાવના-ઉપોદ્ઘાત, તટસ્થ, સમજુ અને સત્ય પ્રેમી વિદ્વાન્ પાસે લખાવવી.
- ड છપાયેલાં પુસ્તકો મોટાં મોટાં શહેરોનાં બુક ડેપોને ત્યાં મલી શકે તેવો પ્રબંધ કરવો.

૩ જુદા જુદા વિષયની નાની નાની ટેકસ્ટ બુકો છપાવી સ્કુલોમાં અને કોલેજોમાં વહેંચવી,
- अ જૈન સૂત્ર ગ્રંથોમાં આવેલાં કથાનકો, નાના પુસ્તકાકારે બાળકો પણ તેનો લાભ લઇ શકે તેવી સરલ ભાષામાં છપાવી વહેંચવાં.

ब અને તો આપણે ત્યાં પ્રભાવનામાં આવાં પુસ્તકોજ વ્હેંચાય તે તરફ બધાનું લક્ષ દોરવું.

૪ દર વર્ષે સારૂં નોબલ પ્રાઇઝ ગોઠવવું. જે અમૂક ગ્રંથની પરીક્ષામાં પ્રથમથી ત્રણ નંબર સુધીમાં ઉત્તાર્ણ થનારને આપવું.

अ સ્કૉલરશીપ આપી અમૂક મુદત સુધીમાં જૈન સાહિત્યના અભ્યાસ માટે વિદ્વાનોને રોકવા.

ब જૈન ધર્મ વિષયક સારામાં સારા અભ્યાસકો તૈયાર કરાવી અમૂક પગારે રોકી લેવા.

क દર વર્ષે જુદી જુદી યુનિવર્સીટીઓમાં કે ખાસ મોટા જાહેર મેળાવડામાં જૈન ધર્મ વિષયક–તેના તત્ત્વજ્ઞાન વિષયક ભાષણોની યોજના ઘડવી, તેમાં સર્વ શ્રેષ્ઠ વ્યાખ્યાતાને અમૂક ઈનામ રાખવું.

ड જૈન ધર્મના અમૂક અમક વિષયો ઉપર નિબંધો લખાવી સર્વ શ્રેષ્ઠ નિબંધને માટે અમૂક ઇનામ રાખવું,

૫ સારામાં સારા પુસ્તકોનું હિન્દની દરેક ભાષામાં ભાષાન્તર કરાવવું.

अ ઇંગ્લીશ ભાષામાં ઉત્તમ પુસ્તકોનું ભાષાંતર કરાવી પાશ્ચાત્ય વિદ્વાનોને મોકલવાં.

ब અમૂક ભાષામાં અમૂક ગ્રંથનું સરળ અને સારામાં સારૂં ભાષાન્તર કરનારને ઇનામ આપવું.

क અમૂક સ્કૉલરશીપ કે પગાર આપી આપણા અમૂક અમૂક ગ્રંથોના અભ્યાસ માટે વિદ્વાનોને રોકવા.

૬ જૈન અજૈન વિદ્વાનોને આપણા ગ્રંથો ઉપર નિબન્ધ લખવા આમંત્રણ કરવું: તેના ઉપર વિચારણા–વાદ ચલાવવા મોટી સભાઓ ગોઠવવી.

આ સિવાય બીજા પણ ઘણા ઉપાયો છે. જેવા કે હિન્દ કે હિન્દ બહારનાં મોટાં મોટાં શહેરોમાં દરમહીને ભાષણમાળા ગોઠવવી. ફરતી લાયબ્રેરીયો રાખવી, પ્રખર વક્તાઓ, ઉપદેશકો તૈયાર કરવા, એવું પ્રચાર માસિક કાઢવું, વગેરે વગેરે પણ લંબાણના ભયથી હું તેના વિવેચનમાં નથી ઉતરતો અને આ વિષય અહિંજ સમાપ્ત કરૂં છું. આ કાર્ય કાંઇ અશક્ય કે મુશ્કેલીવાળું નથી. હા, તેને માટે પરિશ્રમ તો જોઇએજ. હમણાં હિન્દી સાહિત્ય સંમેલને દશ વર્ષમાં મદ્રાસ તરફ હિન્દી ભાષાનો પ્રચાર કરી લાખ્ખો માણસોને તેના અભ્યાસી બનાવ્યા છે. અને તદ્દન થોડા ખર્ચે.

આ સિવાય × × × ની યુનીવર્સીટીને એક ગૃહસ્થે એવી રીતે દાન આપ્યું છે કે વેદાન્ત ઉપર સારામાં સારાં ઓગણીસ ભાષણો કરે તેને એ રકમ આપવી. એટલે કે આવું કાર્ય જરૂર થઇ શકે તેવું છે. પણ તે માટે સાહિત્ય સેવા સંઘ અને એક સમર્થ જ્ઞાનભંડાર બેની જરૂર છે. જૈનસમાજના નાયકો, જૈનશાસનના હિતસ્વીઓ, સાચા ધર્મ પ્રેમીઓ, અને જૈન સાહિત્યનો અંતઃકરણપૂર્વક વિશ્વમાં પ્રચાર થએલો જોવાને ઇચ્છનાર દરેક મારી નમ્ર વિનંતિ ઉપર લક્ષ આપશે, એ શુભેચ્છાપૂર્વક વિરમું છું.

# ગુજરાત જૈન તીર્થો.




મ્યપ્ર સમિતિ. ધી યંગમેન્સ જૈન સોસાયટી.
અમદાવાદ

આ નકશામાં નિર્દિષ્ટ કરેલ કેટલાંય તીર્થો આપણી બેદરકારીથી આજે જીર્ણ પ્રાયઃ અવસ્થામાં આવી ગયાં છે. અને આમાંનાં કેટલાંય તીર્થો એવાં પણ હશે કે જેનાં નામ પણ આપણે આજે જ જાણીએ છીયે. આ તીર્થોની સ્થિતિ અને ઉપાસના તરફ દરેક વાંચકનું લક્ષ્ય ખેંચીએ છીયે.

# ગૂજરાતમાં જૈનોની વસ્તી.



| ગામ. | પુરૂષો. | સ્ત્રીયો. | કુલ. |
|---|---|---|---|
| **અમદાવાદ જીલ્લો.** | **૧૨૭૩૯** | **૧૧૫૭૦** | **૨૪૩૦૯** |
| અમદાવાદ શહેર | ૯૨૨૧ | ૮૦૯૧ | ૧૭૩૧૨ |
| ધંધુકા | ૧૨૨ | ૧૧૧ | ૨૩૩ |
| ધોલેરા | ૧૭૩ | ૧૮૩ | ૩૫૬ |
| ધોળકા | ૧૭ | ૭ | ૨૪ |
| ઘોઘા | ૧૩૫ | ૧૪૬ | ૨૮૧ |
| માંડલ | ૪૩૦ | ૪૭૭ | ૯૦૭ |
| મોડાસા | ૨૦ | ૨૩ | ૪૩ |
| પ્રાંતિજ | ૨૬૭ | ૨૫૬ | ૫૨૩ |
| પાટડી | ૨૦૬ | ૧૯૫ | ૪૦૧ |
| રાણપુર | ૩૯૧ | ૩૮૯ | ૭૮૦ |
| સાણંદ મહાલ | ૫૦૪ | ૫૦૮ | ૧૦૧૨ |
| વીરમગામ મહાલ | ૧૨૫૩ | ૧૧૮૪ | ૨૪૩૭ |
| **ભરૂચ જીલ્લો.** | **૮૩૫** | **૭૮૪** | **૧૬૧૯** |
| આમોદ | ૨૧૯ | ૨૩૫ | ૪૫૪ |
| અંકલેશ્વર | ૧૩૧ | ૧૩૮ | ૨૬૯ |
| ભરૂચ | ૩૯૫ | ૩૩૧ | ૭૨૬ |
| જંબુસર | ૯૦ | ૮૦ | ૧૭૦ |
| **ખેડા જીલ્લો.** | **૧૭૦૫** | **૧૭૬૧** | **૩૪૬૬** |
| આણંદ | ૨૩ | ૧૪ | ૩૭ |
| બોરસદ મહાલ | ૫૦૧ | ૪૪૦ | ૯૪૧ |
| ડાકોર | ૫ | ૧ | ૬ |
| ખેડા | ૫૯૭ | ૬૭૯ | ૧૨૭૬ |
| કપડવંજ | ૩૬૩ | ૪૪૧ | ૮૦૪ |
| મહુધા મહાલ | ૮૧ | ૮૬ | ૧૬૭ |
| માતર | ૫૨ | ૪૬ | ૯૮ |
| મ્હેમદાવાદ મહાલ | ૨૮ | ૧૭ | ૪૫ |
| નડીયાદ મહાલ | ૫૪ | ૩૭ | ૯૧ |
| ઉમરેઠ | ૧ | ૦ | ૧ |
| **પંચમહાલ જીલ્લો.** | **૬૧૩** | **૫૩૭** | **૧૧૫૦** |
| દાહોદ મહાલ | ૧૯૯ | ૧૫૦ | ૩૪૯ |

| ગામ. | પુરૂષો. | સ્ત્રીયો. | કુલ. |
|---|---|---|---|
| ગોધરા મહાલ | ૩૮૮ | ૩૬૭ | ૭૫૫ |
| હાલોલ | ૯ | ૫ | ૧૪ |
| ઝાલોદ | ૧૭ | ૧૫ | ૩૨ |
| **સુરત જીલ્લો.** | **૨૫૭૩** | **૨૨૮૩** | **૪૮૫૬** |
| બારડોલી | ૧૨૮ | ૧૨૯ | ૨૫૭ |
| વલસાડ | ૧૬૭ | ૧૨૩ | ૨૯૦ |
| પારડી | ૨૮ | ૨૫ | ૫૩ |
| રાંદેર | ૧૬૮ | ૨૦૦ | ૩૬૮ |
| સુરત | ૨૦૮૨ | ૧૮૦૬ | ૩૮૮૮ |
| **ખંભાત રાજ્ય.** | **૧૨૩૯** | **૧૩૧૬** | **૨૫૫૫** |
| ખંભાત | ૧૨૧૦ | ૧૨૯૩ | ૨૫૦૩ |
| તારાપુર | ૨૯ | ૨૩ | ૫૨ |
| **કચ્છ રાજ્ય** | **૩૮૯૯** | **૪૩૯૦** | **૮૨૮૯** |
| અથોઇ | ૬૫૪ | ૬૩૦ | ૧૨૮૪ |
| અંજાર મહાલ | ૩૮૧ | ૪૭૬ | ૮૫૭ |
| ભચૌ મહાલ | ૫૭૬ | ૫૯૬ | ૧૧૭૨ |
| ભૂજ મહાલ | ૫૩૫ | ૬૨૨ | ૧૧૫૭ |
| જખઉ મહાલ | ૧૮૮ | ૨૪૪ | ૪૩૨ |
| માંડવી મહાલ | ૮૮૯ | ૧૧૧૧ | ૨૦૦૦ |
| નલીયા | ૧૩૪ | ૧૫૨ | ૨૮૬ |
| રાપર મહાલ | ૧૭૬ | ૧૪૫ | ૩૨૧ |
| **કાઠિયાવાડ.** | **૨૫૦૯૩** | **૨૭૫૨૦** | **૫૨૬૧૩** |
| બગસરા | ૨૬૩ | ૨૬૩ | ૫૨૬ |
| બાંટવા | ૩૦ | ૨૮ | ૫૮ |
| ભાવનગર મહાલ | ૨૫૬૭ | ૨૫૫૧ | ૫૧૧૮ |
| ભાયા વદર | ૫૦ | ૫૫ | ૧૦૫ |
| બીલખા | ૧૨૮ | ૧૩૯ | ૨૬૭ |
| બોટાદ મહાલ | ૭૭૯ | ૮૮૩ | ૧૬૬૨ |
| ચીતલ | ૮૧ | ૮૯ | ૧૭૦ |
| ચુડા મહાલ | ૩૧૯ | ૩૭૭ | ૬૯૬ |
| ધોરાજી મહાલ | ૬૪૫ | ૬૫૭ | ૧૩૪૨ |
| ધાંગધ્રા મહાલ | ૯૭૮ | ૯૯૦ | ૧૯૬૮ |
| ધ્રોલ | ૨૦૭ | ૨૪૨ | ૪૪૯ |
| ગઢડા | ૨૧૧ | ૨૩૨ | ૪૪૩ |
| ગોંડલ | ૯૦૨ | ૯૭૨ | ૧૮૭૪ |
| હલવદ મહાલ | ૧૪૯ | ૧૪૬ | ૨૯૫ |

| ગામ. | પુરૂષો. | સ્ત્રીયો. | કુલ. |
|---|---|---|---|
| જાફરાબાદ | ૨ | ૩ | ૫ |
| જામનગર | ૧૬૭૫ | ૧૭૭૫ | ૩૪૫૦ |
| જસદણુ મહાલ | ૨૫ | ૧૫ | ૪૦ |
| જેતપુર | ૭૧૮ | ૭૩૬ | ૧૪૫૪ |
| જોડીયા મહાલ | ૧૧૭ | ૧૨૯ | ૨૪૬ |
| જુનાગઢ | ૬૧૦ | ૬૩૩ | ૧૨૪૩ |
| ખંભાળીયા મહાલ | ૪૪ | ૩૬ | ૮૦ |
| કુંડલા મહાલ | ૬૦૬ | ૬૧૬ | ૧૨૨૨ |
| કુતીયાણુા | ૬૧ | ૪૮ | ૧૦૯ |
| લખતર મહાલ | ૨૨૪ | ૨૩૩ | ૪૫૭ |
| લાઠી મહાલ | ૧૯૬ | ૧૮૫ | ૩૮૧ |
| લીલીયા મહાલ | ૩૫ | ૩૫ | ૭૦ |
| લીંબડી મહાલ | ૧૨૨૪ | ૧૧૮૩ | ૨૪૦૭ |
| માંડુરડા | ૧૮૮ | ૨૨૫ | ૪૧૩ |
| માંગરોલ | ...... | ...... | ...... |
| મહુવા મહાલ | ૭૦૨ | ૬૩૩ | ૧૩૩૫ |
| મોરબી મહાલ | ૯૯૪ | ૧૧૪૮ | ૨૧૪૨ |
| મુળી મહાલ | ૩૧૦ | ૩૦૭ | ૬૧૭ |
| પાલીતાણુા | ૧૮૩[illegible] | ૨૦૯૫ | ૩૮૯૩ |
| પાટણુ ( સોમનાથ ) | ૧૫૨ | ૨૦૫ | ૩૫૭ |
| પોરબંદર | ૫૨૧ | ૫૬૭ | ૧૦૮૮ |
| રાજકોટ મહાલ | ૧૯૫૮ | ૧૨૯૩ | ૩૮૮૧ |
| રાજકોટ સી. સ્ટેશન | ૨૧૬ | ૨૦૦ | ૪૧૬ |
| રાજુલા મહાલ | ૨૧ | ૨૩ | ૪૪ |
| સવર સાવા પાદર મહાલ | ૯૪ | ૯૫ | ૧૮૯ |
| સાયલા મહાલ | ૨૯૨ | ૩૩૩ | ૬૨૫ |
| શેર સાઇ મહાલ | ૧૦૬ | ૧૧૭ | ૨૨૩ |
| શીહોર મહાલ | ૪૬૭ | ૪૮૨ | ૯૪૯ |
| તલાજા મહાલ | ૨૨૭ | ૨૧૦ | ૪૩૭ |
| ઉમરાવા મહાલ | ૧૮૮ | ૨૧૩ | ૪૦૧ |
| ઉના મહાલ | ૪૮ | ૫૬ | ૧૦૪ |
| ઉપલેટા મહાલ | ૧૪૯ | ૧૬૮ | ૩૧૭ |
| વળા મહાલ | ૨૦૮ | ૨૫૮ | ૪૬૬ |
| વેરાવળ | ૪૨૯ | ૫૪૦ | ૯૬૯ |
| વઢવાણુ શહેર મહાલ | ૧૫૬૧ | ૧૬૪૦ | ૩૨૦૧ |
| વઢવાણુ સી. સ્ટેશન | ૧૨૪૫ | ૧૦૮૭ | ૨૩૩૨ |
| વંથળી | ૧૪૧ | ૧૩૭ | ૨૭૮ |
| વાંકાનેર મહાલ | ૮૦૨ | ૭૯૭ | ૧૫૯૯ |
| **મહીકાંઠા એજન્સી.** | **૧૧૦૮** | **૧૪૧૨** | **૨૫૨૦** |
| હીંમતનગર મહાલ | ૬૭ | ૪૮ | ૧૧૫ |
| ઇડર મહાલ | ૨૮૭ | ૩૬૦ | ૬૪૭ |

| ગામ. | પુરૂષો. | સ્ત્રીયો. | કુલ. |
|---|---|---|---|
| જોટાણા મહાલ | ૧૬૫ | ૧૬૭ | ૩૩૨ |
| માણસા | ૨૭૬ | ૩૫૮ | ૬૩૪ |
| પેથાપુર | ૧૯૧ | ૨૬૨ | ૪૫૩ |
| સાદરા મહાલ | ૪૨ | ૪૧ | ૮૩ |
| વડાલી મહાલ | ૧૫૦ | ૧૭૬ | ૩૨૬ |
| **પાલણપુર એજન્સી.** | **૧૯૬૧** | **૨૦૯૩** | **૪૦૫૪** |
| ડીસા કેમ્પ | ૧૪૬ | ૯૪ | ૨૪૦ |
| ડીસા સ્ટેશન | ૧૪૦ | ૮૭ | ૨૨૭ |
| પાલણપુર | ૧૦૭૬ | ૧૧૪૫ | ૨૨૨૧ |
| રાધનપુર | ૭૩૯ | ૮૫૪ | ૧૫૯૩ |
| **રેવાકાંઠા એજન્સી.** | **૨૧૯** | **૨૩૫** | **૪૫૪** |
| વાડા શીનોર | ૨૧ | ૩૦ | ૫૧ |
| છોટા ઉદેપુર | ૫૮ | ૩૯ | ૯૭ |
| હવેલી (બારીઆ) | ૧ | ૦ | ૧ |
| લુણાવાડા | ૮૧ | ૧૦૧ | ૧૮૨ |
| નાંદોદ | ૨ | ૪ | ૬ |
| રામપુરા | ૫૬ | ૬૧ | ૧૧૭ |
| **સુરત એજન્સી** | **૫૬** | **૪૦** | **૯૬** |
| વાંસદા | ૪૭ | ૩૧ | ૭૮ |
| ધરમપુર | ૭ | ૪ | ૧૧ |
| સચીન | ૨ | ૫ | ૭ |
| | ૫૨૧૧૦ | ૫૩૯૪૧ | ૧૦૬૦૫૧ |
| **ગાયકવાડી રાજ્ય** | ... | ... | ૪૮૨૯૦ |
| કડી પ્રાત | ... | ... | ૩૧૪૨૨ |
| વડોદરા પ્રાંત | ... | ... | ૮૬૫૦ |
| વડોદરા શહેર | ... | ... | ૨૨૬૬ |
| નવસારી પ્રાંત | ... | ... | ૨૬૮૬ |
| અમરેલી પ્રાંત | ... | ... | ૩૨૬૭ |
| | | કુલટોટલ | ૧૫૪૩૪૧ |

ઉપરનું વસ્તિપત્રક મુંબઈ સરકાર તથા ગાયકવાડ સરકારની સને ૧૯૨૧ માં થયેલી વસ્તી ગણત્રીના આધારે તૈયાર કરવામાં આવ્યું છે. તે જોતાં જણાય છે કે કેટલાક ગામોમાં જૈનોની વસ્તી હોવા છતાં તેનો નિર્ણય નથી. આનું કારણ કેટલાક જૈનો પોતાની જાતને જૈન તરીકે જુદી જાણતા નથી. તેથી ગણત્રી વખતે પોતાને હિંદુ લખાવે છે. સને ૧૯૩૧ મા થનાર વસ્તિ ગણત્રી વખતે આવી ભૂલ ન થાય. અને આપણને જૈનોની સાચી સંખ્યા મળે તે માટે ઘટતા ઉપાયો યોજવાની જરૂર છે.

# THE CENTRAL BANK OF INDIA LTD.

Richy Road—**Ahmedabad.**

## અમો તમારે માટે શું કરી શકીશું?

**જ્યારે જ્યારે**

૧ તમને એક ચાલુ યા સેવીંગ્સ ખાતું ખોલવું હોય ત્યારે અમને યાદ કરશો, કારણ કે અમારા નિયમો ઘણાજ લાભકારક માલમ પડશે.

૨ તમને લાંબી યા ટુંકી મુદત માટેની બાંધી ડીપોઝીટ મૂકવી હોય, ત્યારે અમારા ભાવો બીજા સાથે સરખાવશો, તો તે તમને ઘણાજ ફાયદાકારક જણાશે.

૩ તમને સરકારી કાગળીયાં અને બોંડો જોઇતાં હોય ત્યારે અમને મલશો, કારણ કે તમને કીફાયત ભાવે આપીશું.

૪ તમો કોઈ જોઈન્ટ સ્ટોક કંપનીના શેરો લેવા માગતા હોવ, ત્યારે અમારી મારફતે લેશો; કારણ કે અમે અમારા ગ્રાહકોને જુજ કમીશનથી સારા ભાવે અપાવીએ છીએ.

૫ તમારે કોઇ પરદેશી બેંક સાથે ધંધાની આંટ ખોલવી હોય ત્યારે અમો તમને મદદ કરીશું કારણ કે જાણીતી પરદેશી બેન્કો સાથે અમો લેવડ દેવડનો સંબંધ ધરાવીએ છીએ.

૬ તમને ચોખ્ખા સોનાની જરૂર પડે ત્યારે હમારી પાંચ પાંચ અને દસ દસ તોલાની ચોખ્ખા સોનાની લગડીજ મંગાવશો, જે હવે જગજાહેર થઇ છે.

૭ તમને કાંઇ પણ નાણાં સંબંધી સલાહ જોઇતી હોય ત્યારે અમો તમારી સેવામાં હાજર છીએ. મહેરબાની કરીને યાદ રાખજો કે,

**"સેન્ટ્રલ બેન્ક" તમારી પોતાનીજ છે.**

## ધી સેન્ટ્રલ બેન્ક ઑફ ઈન્ડીઆ લી.

રીચીરોડ—અમદાવાદ.

# તમારી ગેરહાજરીમાં તમારાં દર્શન !

## તમારી સુંદર છબી ક્યાં પડાવશો ?

અમદાવાદમાં બીનહરીફ પૂરવાર થઈ ચૂકેલા—

# વીરચંદ હેમચંદ ઓઝાના

## સ્ટુડીયોમાં

ઑઇલ પેઇન્ટીંગ, એન્લાર્જીંગ, અને ફોટોગ્રાફીનું કામ

સુન્દર રીતે થાય છે.

જાતેજ કામ કરવું, એ અમારી નીતિ છે,

અને ગ્રાહકોને સંતોષ. એ અમારી કમાઇ.

ઠેકાણું નોંધી લેશોજી—

ગોલાની વાડીના મેડા ઉપર,

ઘી કાંટા રોડ—અમદાવાદ.

# ધી યુનાઇટેડ ઇન્ડિયા લાઈફ એસ્યુરન્સ

## કંપની લીમીટેડ.

સ્થાપના: ૧૯૦૬ હૅડ ઑફીસ : મદ્રાસ.

ચાલુ વીમા રૂા. ૧૨૫૦૦૦૦૦ થી વધારે

પૉલીસી હૉલ્ડરોનું ટ્રસ્ટ ફંડ રૂા. ૩૧૦૦૦૦૦ થી વધારે

વાર્ષિક આવક રૂા. ૭૦૦૦૦૦ થી વધારે.

**દવાની ઝડપી પતાવટ, કાબેલ કારોબાર, ભંડોળનું નિપૂણ સંરક્ષણ, ઉદાર અને પ્રમાણીક પૉલીસીની શરતો, પ્રીમીયમના સસ્તા દર વધારમાં.**

## વાર્ષિક સુંદર નફો.

| આખી જીંદગીના વીમા ઉપર | હયાતિના વીમા ઉપર |
|---|---|
| રૂા. ૨૨ ½ | રૂા. ૧૮ |

એ "યુનાઇટેડ ઇન્ડિયા"ના આકર્ષક અંગોમાંના મુખ્ય છે.

વીમાની અને એજન્સીની માહિતિ માટે મળો યા લખો.

મહાવીર સ્વામીના દેરા સામે.
રીચીરોડ--**અમદાવાદ.**

**સંઘવી એન્ડ કંપની**
ચીફ એજન્ટસ્.

## જાહેર ખબર.

ઉજમણુ, ઉદ્યાપનાં, અઠ્ઠાઇ મહોત્સવ તથા લગ્ન આદિ શુભ
મહોત્સવ પ્રસંગોમાં શોભાની વૃદ્ધિ થાય તેવા

# વાવટા ભાડે મલશે

તેમજ ધાર્મિક અભ્યાસને લગતાં પુસ્તકો
કીફાયત ભાવે મલશે.

પૂજાસંગ્રહ મોટો ભાગ ૧ થી ૪ : કીં. ૧-૧૨-૦

રૂબરૂ મલો:—

**શ્રીમદ્ પન્યાસજી શ્રી મુક્તિવિજયજી જૈન પાઠશાળા**

ઠે. હાજાપટેલની પોળ, રામજી મંદીરની પોળ,

**અમદાવાદ.**

ખસ, દાદર, અને
અળાઈઓ
માટે
## કોરોનેશન
## નીમ સોપ
રજીસ્ટર્ડ

હંમેશાં વાપરો.

નાહવામાટે સુગંધીથી ભરપુર
## કોરોનેશન
## સાબુ
નં.૧.અને.નં.૨.
વાપરતાની સાથેજ તન મનને પુરતી
શાંન્તી આપે છે તેની દીલપસંદ ખુશબો
ઉપરથી તમો હંમેશાં ઓળખી શકશો.

M.P.BATT

## ધી કોરોનેશન સોપ ફેક્ટરી, રજીષ્ટર્ડ

ત્રણ દરવાજા, પારસી અગીયારી સામે—**અમદાવાદ.**

**બજારમાંથી દરેક દવાવાળા તેમજ જાણીતા વેપારીઓને ત્યાંથી મળશે.**

CHEVROLET

દુનીઆમાં

સૌથી વધુ વખણાએલી

મોટરકાર અને મોટર ટ્રૂકસ્ (ખટારા)

૧૯૨૯ સીક્સસીલીન્ડર

મોડેલ્સ્.

કીંમત —અમદાવાદ ડીલીવરી.

| | | |
|---|---|---|
| ટુરીંગ કાર | રૂ. | ૨૭૦૦ |
| સીડન | રૂ. | ૩૪૮૦ |
| હાફટન ચેસીસ | રૂ. | ૧૮૮૦ |
| યુટીલીટી ટ્રૂક ચેસીસ | રૂ. | ૨૪૫૦ |



ખાત્રી કરવા માટે ટ્રાયલ રન તદ્દન મફત

પૂછો:—

લૅંડો રૂ. ૩૭૫૦

ટેલીગ્રામઃ "પાર્કચીન"

ટેલીફોન— ૨૨૪

ધી બૉમ્બે ગૅરેજ

મીરઝાપુર રોડ,—અમદાવાદ

# ધી યંગ મેન્સ જૈન સોસાયટી, અમદાવાદ

# જાહેર ખુલાસો.

આથી સર્વે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન ભાઈઓને જાહેર કરવામાં આવે છે કે, ધી યંગ મેન્સ જૈન સોસાયટી સાચા ત્યાગીઓની પૂજારી છે અને ત્યાગ સિવાય મુક્તિ નથી એવું સંપૂર્ણપણે માને છે. તો જે ભાઈઓ ઉપર પ્રમાણે માનતા ન હોય અથવા જે ભાઈઓએ ભાગવતી દીક્ષાને અંગે પૂજ્ય સાધુસંસ્થા વિરૂદ્ધ ઠરાવો કરવામાં સીધી યા આડકતરી રીતે સહાનુભૂતિ દર્શાવી હોય તેમણે મહેરબાની કરીને અમારી સંસ્થાના સભાસદ થવા તસ્દી લેવી નહિ. આમ છતાં આવો કોઇ ભાઇ સભાસદ તરીકે દાખલ થયો હશે તો પાછળથી માલૂમ પડતાં તેને તેમજ સોસાયટીના કોઇપણ સિદ્ધાંતનો ભંગ કરનાર વ્યકિતને સભાસદ તરીકે રદબાતલ કરવાની સત્તા વ્યવસ્થાપક સમિતિના હાથમાં રહેશે.

લી૰ સેવકો,
વિઠલદાસ મોહનલાલ પરીખ.
વાડીલાલ જીવાભાઈ ચોકશી.
સેક્રેટરીઓ,
ધી યંગ મેન્સ જૈન સોસાયટી.

# ઉ પ કા ર

જે જે સદ્ગૃહસ્થોએ પોતાની
સત્કમાઈ શાસન સેવાના કાર્યમાં
સાધનભૂત બનાવવા આ સોસા-
યટીના નિભાવ ફંડના સહાયક
સભ્ય અને પ્રચાર સમિતિના
સહાયક સભ્ય થઈ અથવા અન્ય
રીતે મદદ કરી છે, તેને માટે તે
સર્વનો ઉપકાર માનીયે છીયે.

ધી યંગ મૅન્સ જૈન સોસાયટી
અમદાવાદ.

## ધી યંગ મેન્સ જૈન સોસાયટી—અમદાવાદ.

# બંધારણ.

**ઉદ્દેશ.**

જૈન ધર્મ ઉપર થતા આક્ષેપોનો સચોટ પ્રતિકાર કરવો તથા શાસનની ઉન્નતિ થાય તેવાં કાર્યો કરવાં.

**સિદ્ધાંતો.**

૧. ચરમ તીર્થંકર પ્રભુશ્રી મહાવીરે સ્થાપેલા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપી ચતુર્વિધ સંઘના બંધારણને તથા આગમોને પંચાંગી સહિત સંપૂર્ણ માનવાં.

૨. શ્રી જૈન ધર્મના ભવ્ય સ્મારકો રૂપી તીર્થો અને ચૈત્યો આત્માને તારવાના પરમ સાધનરૂપ હોઇ તેમનું રક્ષણ કરવું.

૩. ધર્મની સાચી ઉન્નતિથીજ રાષ્ટ્રની ઉન્નતિ થાય છે.

૪. કોઇપણ સાધુ કે સાધ્વી ઉપરના આક્ષેપો જાત તપાસથી કે પત્રવ્યવહાર દ્વારા ખાત્રી કર્યા વિના સાચા માનવા નહિ. અને તે આક્ષેપો સત્ય જણાયે પણ તેમની જાહેર પત્રો દ્વારા વગોવણી કરવા કરતાં તેમને ખાનગી રીતે સમજાવવા પ્રયત્ન કરવો અને તે પ્રયત્નોમાં નિષ્ફળ ગયે મુખ્ય કાર્યાલયને ખબર આપવી.

નોટઃ—નં. ૪. ના સિદ્ધાંતમાં " સત્ય બીના દબાવવાનો સંસ્થાનો આશય નથી."

### સમજણ.

**સર્વ સામાન્ય સભા—**

અખીલ ભારતના સર્વ સભાસદોની સભા સર્વ સામાન્ય સભા ગણાશે.

**સામાન્ય સભા—**

જે જે સ્થળની ઓફીસના ચોપડે સભાસદોનાં નામો નોંધાયેલાં હશે તે સર્વ સભાસદોની મળેલી સભા સામાન્ય સભા ગણાશે.

**સ્થાનિક સભા—**

જે ગામમાં કે શહેરમાં સંસ્થાની ઓફીસ હશે, તે ગામ કે શહેરના સભાસદોની સભા સ્થાનિક સભા ગણાશે.

**સભાસદની લાયકાત—**

ઉપર જણાવેલા ઉદ્દેશ અને સિદ્ધાંતોને માનનાર અઢાર વર્ષની ઉપરની ઉંમરનો કોઇ પણ યુવક વાર્ષિક લવાજમ ચાર આના ભરવાથી આ સોસાયટીનો સભાસદ થઈ શકશે.

**ચુંટણી—**

૧. વ્યવસ્થાપક સમિતિની ચુંટણી મતપત્રદ્વારા થશે.

૨. સામાન્ય સભામાં હાજર રહેલા સભાસદોનેજ મત આપવાનો અધિકાર રહેશે.

૩. વ્ય. સ. માં ઉમેદવારી કરનારે પોતાનું ઉમેદવારી પત્ર બે સભાસદોની ભલામણ સાથે સંસ્થાના મંત્રીને નિયત ટાઇમ સુધીમાં મોકલાવી આપવું પડશે. નવી ચુંટણી થતાં સુધી જુની વ્ય. સ. કાયમ રહેશે.

વ્યવસ્થાપક સમિતિ —

૪. સામાન્ય સભાસદોમાંથી ૧૫ સભાસદોની એક વ્ય. સ. નીમાશે, જેમાંના ૧૩ ની ચુંટણી સામાન્ય સભા કરશે અને બે સભાસદોને મજકુર ચુંટાયેલા તેર સભાસદો પોતે ચુંટી કાઢશે.

૫. આ સમિતિ પોતાની બહુમતિથી પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, ઉપમંત્રી, અને બે ખજાનચીની ચુંટણી કરશે.

૬. આ સમિતિ સોસાયટીનું કામકાજ તેમજ દરેક પ્રવૃત્તિ નિયમિત ચલાવશે, સોસાયટીના ધ્યેયને પહોંચવા યોગ્ય પ્રવૃત્તિઓ શરૂ કરી શકશે, તથા તે બધાને માટે જોઇતું ખર્ચ મંજુર કરી શકશે.

૭. આ સમિતિનો અધિકાર ત્રણ વર્ષનો રહેશે.

૮. વ્ય. સ. ની સભા બોલાવવાની સત્તા મંત્રીની છે. પણ અસાધારણ સંજોગોમાં પ્રમુખની અનુમતિ મેળવવી પડશે.

૯. આ સમિતિનું કોરમ સાત સભાસદોનું રહેશે.

૧૦. આ સમિતિની સભામાં એક સાથે ચાર વખત ગેરહાજર રહેનાર સભાસદ આ સમિતિનો સભાસદ રહી શકશે નહિં.

૧૧. કોઈ સભાસદ દૂર થતાં બીજો સભાસદ નીમવાની સત્તા આ સમિતિનેજ રહેશે અને તે જગ્યા મોડામાં મોડી પંદર દિવસમાં પૂરી દેવી જોઇશે. કલમ સાતમાં જણાવ્યા મુજબ દૂર થયેલ સભાસદને ફરીથી ચુંટવાની સત્તા વ્ય. સમિતિને રહેશે.

૧૨. આ સમિતિના પાંચ સભાસદોની સભા ભરવાની માગણી થતાં મોડામાં મોડી પાંચ દિવસમાં વ્ય. સ. ની સભા ભરવી પડશે.

૧૩. વ્ય. સ. સોસાયટીના બંધારણને લગતો કોઇપણ ફેરફાર સામાન્ય સભાની અનુમતિ સિવાય કરી શકશે નહિં.

૧૪. પ્રચાર સમિતિના સભ્યોમાંથી તેના મંત્રીની ચુંટણી કરવાનો અધિકાર આ સમિતિને રહેશે.

૧૫. વ્ય. સ. ના ઓછામાં ઓછા ૨ અને વધુમાં વધુ ૪ સભાસદો પ્રચાર સમિતિમાં રહેશે. જેઓને દરરોજ ૦॥ કલાક પ્રચાર સમિતિના નિયત વખતે હાજરી આપવી પડશે.

**પ્રમુખની સત્તા—**

૧૬. પ્રમુખ સોસાયટીની કોઇપણ પેટા સમિતિમાં ચુંટાશે અથવા કેવળ સભાસદોની સભામાં હાજર હશે તો સમિતિના તથા તે સભાના પ્રમુખ પણ તેઓજ ગણાશે.

૧૭. કોઈપણ સભાસદ કે પેટા સમિતિને સોંપવામાં આવેલા કામનો સઘળો ખુલાસો પ્રમુખ કોઇપણ વખતે માંગી શકશે.

૧૮. રૂા. ૧૦૦) અંકે એક સો સુધીનું જરૂરી ખર્ચ કરવાની સત્તા પ્રમુખને રહેશે.

૧૯. કોઇપણ સભા બોલાવવાની સૂચના મંત્રીને કરી શકશે. મંત્રી બંધારણ મુજબ ખબર આપી સભા બોલાવશે —

**ઉપપ્રમુખની સત્તા—**

૨૦. પ્રમુખની ગેરહાજરીમાં પ્રમુખના સર્વ હક્ક તેઓ ભોગવશે.

**મંત્રીની સત્તા—**

૨૧. જરૂર લાગતાં રૂા. ૨૫) અંકે પચીશ સુધીનું ખર્ચ કરી શકશે. અને તે ખર્ચ મંજુર થયા બાદ બીજું ખર્ચ કરી શકશે.

૨૨. વ્ય. સ. ની સભા બોલાવી શકશે પણ અસાધારણ સંજોગોમાં પ્રમુખની અનુમતિ મેળવવી પડશે.

૨૩. વ્ય. સ. ની સભા બોલાવવા ૨૪ કલાક પહેલાં દરેક સભાસદોને ખબર આપવી પડશે.

૨૪. અસાધારણ સંજોગોમાં પ્રમુખની અનુમતિથી દરેક સભાસદને ખબર આપ્યાનો લેખિત પૂરાવો રાખી ગમે તેટલા ટુંક સમયમાં વ્ય. સ. ની સભા બોલાવી શકશે.

૨૫. પ્રમુખની અનુમતિથી મોડામાં મોડી ત્રણ દિવસ પહેલાં ખબર આપી સ્થાનિક, પાંચ દિવસ પહેલાં ખબર આપી સામાન્ય, અને સાત દિવસ પહેલાં ખબર આપી સર્વ સામાન્ય સભા બોલાવી શકશે.

૨૬. પ્રમુખના સૂચનથી બંધારણ મુજબ ખબર આપી કોઇપણ સભા બોલાવવી પડશે.

**મંત્રીની ફરજો—**

૨૮ સોસાયટીના નિયમ અનુસાર વ્યવસ્થાપક, સ્થાનિક, સામાન્ય, કે સર્વ સામાન્ય સભા બોલાવવી.

૨૯ વ્ય. સ. ની સભા ઓછામાં ઓછી દર માસે એક વખત બોલાવવી પડશે.

૩૦ સ્થાનિક સભા ઓછામાં ઓછી ચાર માસે એક વખત બોલાવવી પડશે.

૩૧ પોતાની પાસે વ્ય. સ. માં રજુ કરવાને આવેલા ઠરાવોથી દરેક સભાસદને વાકેફ કરવા પડશે.

૩૨ કોઇ પણ સભાસદ તરફથી સામાન્ય સભામાં રજુ કરવાનો ખરડો જે સભા મલવાના સમય અગાઉ ત્રણ દિવસ પહેલાં આવી ગયો હોય તે સભામાં રજુ કરવો.

૩૩ વ્ય. સ. ની સભામાં હાજર રહેલા સભ્યોની હાજરી રાખવી પડશે. તથા બધી સભાનો હેવાલ રાખવો પડશે.

૩૪ વ્ય. સ. ના સભ્ય સિવાય કોઇને પણ સોસાયટીનો પત્રવ્યવહાર તથા હેવાલ વ્ય. સ. ની રજા સિવાય જણાવી શકશે નહિ. પણ બીજાં દફતરો પોતાના કાર્યાલયને વખતે સર્વે સભાસદોને માટે ખુલ્લા મૂકી શકશે.

૩૫ સોસાયટીના આવક ખર્ચનો હિસાબ રાખવો અને વર્ષ પૂરૂં થયા પછી મોડામાં મોડા બે મહિના સુધીમાં સામાન્ય સભા સમક્ષ રજુ કરવો.

૩૬ એક રૂપીયો કે તે ઉપરાંતના ખર્ચનાં બીલ રાખવાં.

૩૭ વ્ય. સ. ના ઉમેદવારોનાં નામ સરક્યુલરથી મંગાવીને મત પત્રોમાં છપાવવાં.

૩૮ સોસાયટીના $\frac{1}{4}$ સભાસદોની અરજી આવ્યેથી સામાન્ય સભા બોલાવવી.

૩૯ વ્યવસ્થાપક સમિતિમાં ચુંટાવાની ઉમેદવારી કરવાનો સરક્યુલર દરેક સભાસદને ચુંટણીના એક માસ અગાઉ મોકલી આપવો.

**ઉપમંત્રીની ફરજ તથા સત્તા—**

૪૦ મુખ્ય મંત્રીની સાથે સહાયક તરીકે કામ કરવું.

૪૧ મુખ્ય મંત્રીની ગેરહાજરીમાં તેની સર્વ સત્તા તથા ફરજો અદા કરવી.

**નાણાંની વ્યવસ્થા—**

૪૨ સોસાયટીનાં નાણાં વ્ય. સ. ની સૂચના મુજબ ખજાનચીયોએ રાખવાં.

૪૩. નાણાં ઉપાડવાનો અધિકાર પ્રમુખ અને બે ખજાનચી, એ ત્રણમાંથી કોઇ પણ બે જણની સહીથી ખજાનચીયોને રહેશે.

૪૪. વ્ય. સ. માં પસાર થયેલા બજેટની રકમ પ્રમુખ અને મંત્રીની સહી આવ્યેથી ખજાનચીઓ આપશે.

૪૫. ખાસ પ્રસંગે પ્રચાર સમિતિના મંત્રીને પ્રમુખની લેખિત અનુમતિથી પ્રચાર સમિતિ ફંડમાંથી જોઇતી રકમ ખજાનચીયો આપશે.

**ઑડીટર્સ—**

૪૬. સામાન્ય સભા બે ઑડીટર્સને ચુંટી કાઢશે. જેઓ સોસાયટીનાં સઘળાં ખાતાંના હીસાબ તપાસી તેનું વૃત્તાંત વખતસર વ્ય. સ. આગળ પોતાની સહી સાથે રજુ કરશે.

**સામાન્ય સભાનું કોરમ—**

૪૭. ૫૦ સભાસદો અથવા સ્થાનિક સભાસદોના $\frac{1}{4}$ સભાસદોની હાજરીથી આ સભા સામાન્ય સભા ગણાશે. પણ જો પહેલી સભામાં જોઇતી હાજરી નહિં હોય તો બીજી સભામાં ગમે તે હાજરીથી ચાલી શકશે.

**સભાસદોની ફરજો—**

૪૮. સોસાયટી તરફથી જે જે પત્રો આવે તેનો વખતસર યોગ્ય ખુલાસો આપવો પડશે.

૪૯. સોસાયટીની દરેક પ્રવૃત્તિમાં પોતાનાથી બનતો ફાળો આપવો પડશે.

૫૦. સોસાયટીના સભાસદો વધારવા તથા ભંડોળ એકઠું કરવા પ્રયત્ન કરવો પડશે.

## સોસાયટીનો કાર્યપ્રદેશ—



૫૧. સંઘબળ વધારવું.

૫૨. ધાર્મિક કાર્યો ને ફરજો અદા કરવામાં અગ્ર ભાગ લેવો.

૫૩. જૈન ધર્મને લગતા દરેક નૈતિક અને સામાજિક પ્રશ્નો ચર્ચવા.

૫૪. ધાર્મિક કેળવણી લેનાર વિદ્યાર્થીને સોસાયટીની નક્કી કરેલી શરતો મુજબ વ્યવહારૂ કેળવણીમાં મદદ કરવી.

૫૫. જૈન ધર્મ પર થતા આક્ષેપોનો સચોટ પ્રતિકાર કરવો. આ પાંચમું કાર્ય કરવાને ખાસ **પ્રચારસમિતિ** નીમવામાં આવી છે.

(अ) જેની અંદર પ્રચાર સમિતિને યોગ્ય હંમેશાં એક કલાક સેવા આપનાર સભાસદ આવી શકશે.

(आ) જેનો અધિકાર એક વર્ષનો રહેશે.

(इ) જે પોતાની સંખ્યા જેટલા બીજા સભ્યો સોસાયટીના નિયમાનુસાર વધારી શકશે.

(ई) જેનો કોઇ પણ સભ્ય સામાન્ય સભાના $\frac{2}{3}$ મતથી દૂર થઇ શકશે.

(उ) જેને પોતાના કોઇ પણ સભ્ય વિષે ફરીયાદ કરવી હશે તો વ્ય. સ. આગળ રજુ કરી શકશે.

(ऊ) જે પ્રચલિત ધર્મક્રિયામાં કોઇ પણ ફેરફાર સૂચવવાના પ્રસંગે અથવા અસાધારણ ચર્ચાસ્પદ વિષયોમાં વ્ય. સ. ની સાથે બેસી બહુમતીથી નિર્ણય કરશે.

(ऋ) જેનું ફંડ જુદું રાખવામાં આવશે.

(ॠ) જેનો મંત્રી રૂા. ૧૦૦) અંકે સો સુધી રકમ સીલીકમાં રાખી શકશે.

(ऌ) જેને કોઇપણ સભાસદ લેખિત સૂચના કરી શકશે.

(ए) જે સમિતિનો કાર્યપ્રદેશ નીચે પ્રમાણે રહેશેઃ—

જૈનશાસનની વિરૂદ્ધના લેખોનો તથા કાર્યોનો લેખોદ્વારા તથા બીજાં સાધનોદ્વારા પ્રતિકાર કરશે.

જૈનધર્મની પ્રભાવના થાય તેવું સાહિત્ય બહાર પાડશે.

સંઘબળ વધારવા માટે પત્રોના તંત્રી તથા અગ્રગણ્ય વ્યક્તિયો સાથે પત્રવ્યવહાર કરશે, તથા જરૂર લાગતાં જાતે મલશે.

પોતાના કાર્યમાં જરૂર જણાયે કોઇ પણ સભાસદની સેવા માંગી શકશે.

**સમાપ્ત**

સ્વચ્છતા



સચ્ચાઈ

# BHOGILAL MULCHAND,

## SWEETMEAT-MERCHANT

**Maneckchok, Shop No. 5224,**

AHMEDABAD

ગ્રાહકોને સંતોષ એ અમારો મુદ્રાલેખ છે.

અમદાવાદની પ્રજામાં પ્રખ્યાત થએલા

ઉત્તમ મીઠાઇવાલા

# કંદોઈ ભોગીલાલ મુળચંદ.

દરેક જાતની મસાલાદાર ચોકખા ઘીની

મીઠાઇ અમારે ત્યાંથી મળશે.

ઠે. માણેકચોક, કંદોઈઓળ દુ. નં. ૫૨૨૪,

## અમદાવાદ

ફોર વ્હીલ　　ઓવરલેન્ડ—વ્હીપેટ　　ફોર

બ્રેક　　સીલીન્ડર

એક ગેલન ઓઇલમાં　　એક ગેલન પેટ્રોલમાં



૬૦૦થી ૧૦૦૦ માઇલ　　૨૮ થી ૩૨ માઇલ.

## પાંચ સીટર ટુરીંગકાર રૂ. ૨૪૦૦. મુંબાઇ ડીલીવરી

આ ગાડી સસ્તામાં સસ્તી તેમજ સારામાં સારી ઘણીજ મજબુત એન્જીનવાળી તેમજ દેખાવડી અને દરેક રીતે સંતોષ આપે તેવી છે. ચાલુ ખર્ચામાં પણ કોઈ પણ બીજી ગાડી કરતાં કરકસરવાળી છે. તેની ખાત્રી માટે ફક્ત એકવાર અમારી દુકાને પધારી ટ્રાયલ લેવા ખાસ ભલામણ કરીએ છીએ.

**સરવીસઃ**—વ્હીપેટ મોટરકાર ખરીદનારને પાર્ટસ તથા બીજી દરેક જરૂરીયાત માટે અમારા તરફથી પૂરતો સંતોષ આપવામાં આવશે.

**રીપેર્સઃ**—અમારા પોતાના ગેરેજમાં ખાસ જાતિ દેખરેખ નીચે ખાસ અનુભવી મીકેનીકો પાસે જુજ કિંમતે કોઈ પણ વખતે ગાડી રીપેર કરી આપવામાં આવશે.

વ્હીપેટ ટુરીંગ ઉપરાંત રોડસ્ટર, ફોરડોરસીડાન, છ સીલીન્ડરની ગાડી, વિગેરે આજ મેકરની ગાડીઓની વિગત માટે ફક્ત એકવાર ટેલીફોનથી ખબર આપશો તો અમારા રેપ્રીઝેન્ટેટીવ આપને રૂબરૂ મળશે.

ગુજરાત તથા કાઠીયાવાડના એજન્ટસ

ધી જનરલ મોટર્સ એજન્સી.

ટેલીફોન નં. ૪૪૧　　**પ્રોપાઈટર્સ—બી. એસ. શાહની કું.**

તારનું સરનામું. ઓટોમો-બાઇલ　　ભદ્ર—**અમદાવાદ.**

# વાવટા માટે

પૂછો:—ધી યંગમેન્સ જૈન સોસાયટી.

૧ રતનપોળ પાંજરા સ્હામે

૨ માણેકચોકની ઑફીસમાં

અમદાવાદ.

સ્વદેશીમાં સ્વરાજ્ય

## ધી રાજનગર વીવીંગ વર્કસ.

પ્રોપ્રાઈટર

## શા. કાન્તિલાલ ચીનુભાઇ.

અમારે ત્યાં બનતા હાઈકલાસ સીલ્ક, કોટીંગ, શર્ટીંગ, ટસાસીલ્ક, સુટીંગ્સ, તથા દરેક જાતની ખાદી વાપરો.

વહેપારીઓને ખાસ લાભ આપવામાં આવે છે.

કારખાનું

સ્વામીનારાયણના મંદીર સામે—ખોડી આંબલી.

દુકાન પાંચકુવા નં. ૧૯૦૫.

અમદાવાદ.

## કબાટ



**કબાટના ભાવ.**

| ઉંચાઈ. | પહોળાઈ. | ઉંડાઇ. | |
|---|---|---|---|
| ઈંચ ૬૬ | ૩૨ | ૧૮ | દર ૧ ઇંચ |
| ,, ૭૨ | ૨૩ | ૧૮ | ઉંચાઇના |
| ,, ૬૦ | ૩૨ | ૧૮ | રૂ. ૧—૮—૦ |

| ઉંચાઇ | પહોળાઈ | ઉંડાઇ | |
|---|---|---|---|
| | | | દર ૧ ઇંચ |
| ઈંચ ૬૬ | ૩૮ | ૨૦ | ઉંચાઇના |
| ,, ૭૨ | ૩૮ | ૨૦ | રૂ.૧-૧૨-૦ |

**એકસ્ટ્રા ચાર્જ પડશે.**

નંગ ૧ ફ્રેમ દર રૂ. ૫-૦-૦
નંગ ૧ કપ સર દર રૂ. ૫-૦-૦
નંગ ૨ કાચ અડધા દર ૧૫-૦-૦ } કાચ
નંગ ૧ કાચ મોટો દર ૧૫-૦-૦ } નાખવાના
નંગ ૨ દરાઓ દર ૧૦-૦-૦
નંગ ૧ દંહભારીયું દર ૧૦-૦-૦

## તીજોરી.



તીજોરીના ભાવ રૂબરૂ મળવાથી આપવામાં આ...

કેસ બોકસ ખાના વગર



ઈંચ ૧ની લંબાઇ દ. ૧-૪

સાઇઝ ૧૪-૧૦-૬

,, ૧૨-૯-૬

,, ૧૦-૭-૫

**ઉંદર અને ઉધઈથી પોતાની ચીજો બચાવવી હોય તો અમારી બનાવટના માઇલ્ડ સ્ટીલના કબાટો ખરીદો.**

**ચોર અને આગ પોતાના માલનું રક્ષ કરવું હોય તો અમા બનાવટની તીજોરીઓ વાપરો.**

# ગોપાળદાસ ખેમચંદ.

કારખાનું:—પીરમશાના રોજાની સામે.
ઓફીસ—પાનકોરનાકા—અમદાવાદ.

## શાસન
## રસિક યુવક રત્નને!

એક લઘુ કર્મી ભવ્ય આત્માની ભાવનાને
વ્યક્ત કરતાં કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્ર
સુરીશ્વરજી મહારાજા ફરમાવે છે કેઃ—

**“ यौवने विषयेभ्योऽसौ, यथा ह्युत्तिष्टते भवी ।**
**तथोत्तिष्टेत चेन्मुक्त्यै, किं हि न्युनं तदा भवेत् ॥१॥**

અર્થાત્-જેવી રીતિએ આ ભવી આત્મા યુવાવસ્થામાં વિષયો
માટે ઉદ્યત થાય છે, તેવી રીતિએ જો મુક્તિ માટે ઉદ્યત
થાય તો ન્યૂનતા શી રહે? અર્થાત્ કશીજ નહિ.
તો હે યુવકરત્ન! ઉપરની હિતશિક્ષા દેતી ટકોરને ત્હારા સ્વચ્છ
હૃદયપટ ઉપર કોતરી રાખી, મુક્તિની સાધના ખાતર તું
એકદમ તૈયાર થા, અને શ્રદ્ધાપૂર્વકની શાસનસેવા
માટે આમંત્રણ કરતી આ સોસાયટીમાં
ત્હારા જીવનપ્રવાહને રેલાવ, અને
આ દુર્લભ માનવ-જીવનની
સફળતા સાધી લે.

ભાનાર્ક પ્રિન્ટરી.